વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૭મું
માર્ચ - ૨૦૨૨
અંક - ૫૨૬

મંગલ મંદિર ● માર્ચ-૨૦૨૨ ● ૧
(કુલ પાના : ૮૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

**માસ્ક પહેરો ● હાથને વારંવાર સાફ કરો ● પરસ્પરનું અંતર જાળવો ● કોરોના વેક્સિન અભિયાનને સફળ બનાવો**






લતાદીદી
૧૯૨૯ - ૨૦૨૨

## વૈશ્વિક મહિલા દિવસના પ્રસંગે
## 'મા' વિશેષાંક

મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6001, 4890 6002, 4890 6003, 4890 6004
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kutchijainahd.org

તંત્રી મંડળ :
પ્રતાપ નારાણજી દંડ - મુખ્ય તંત્રી
દિનેશ આર. મહેતા - સહતંત્રી

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

સંચાલિત

# NAVNEET® નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

અને

## કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ O.P.D. સેન્ટર

તથા

## દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર

૨જો અને ૩જો માળ, ગાલા હબ એનેક્ષ, બસંત બહાર-૧ની બાજુમાં, ગાલા જીમખાના રોડ, બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮
ફોન નં. : ૯૮૨૪ ૮૮ ૦૩૦૩, ૯૮૨૪ ૮૮ ૦૪૦૪ | Email: kjssmedicalbopal@gmail.com
















છેલ્લા ૪૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**સહ તંત્રી**

**દિનેશ આર. મહેતા**
**મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

## સંપુટ-૧

**તંત્રી લેખ :**

- ઈનોવેશન ક્ષેત્રે ભારત દ્વારા આગે કદમ... **દિનેશ આર. મહેતા** ....... ૫

**દીપશીખા**

- જીવનમાં 'તણાવ'નો ચેલેન્જથી સામનો કરો ● જ્ઞાનનું સ્થાન જીવનમાં સર્વોચ્ચ છે
- કેળવણી અને શિક્ષણ ... **ડૉ. પૂજા કોટક** ....... ૬

**સ્મરણાંજલી - વિશેષ**

- 'એ મેરે વતન કે લોગોં... જરા આંખ મેં ભર લો પાની...', 'રહે ના રહે હમ, મહેકા કરેંગે...' સ્વર સામ્રાજ્ઞી લતાજીની વિદાય... **દિનેશ આર. મહેતા** ....... ૭
- મુખપત્ર 'મંગલ મંદિર'ના તંત્રી મંડળમાં એક અગત્યનું પરિવર્તન ... ૯
- વિશેષાંકના 'થીમ' સંબંધી ... ૧૧

**જનની**

- "કચ્છના લોક સાહિત્યમાં મા-દીકરીના ભાવનાત્મક સંબંધો" ... **ડૉ. દિનેશ જોશી** ..... ૧૨
- માતા : પ્રેમની ગંગા ... **ડૉ. ભાવેશ જેતપરિયા** ..... ૧૫
- મા તે મા, બીજા બધા વગડાના વા ... **પ્રા. ડૉ. મધુસૂદન વ્યાસ** ..... ૧૭
- 'હજારો આચાર્યો કરતા એક માતા શ્રેષ્ઠ છે' ... **બાલેન્દુશેખર જાની, પત્રકાર, કોલમિસ્ટ** ..... ૧૮
- મા નો કોઈ પર્યાય નથી ... **ડૉ. કાલિન્દી પરીખ** ..... ૧૯
- હે મા! તેરે આગે ભગવાનકી સૂરત ક્યા હોગી!! ... **સુષ્મા શેઠ** ..... ૨૦
- માતા-પિતા એટલે ઘરશાળા ... **ભીખુભાઈ પટેલ,** પત્રકાર, સહતંત્રી, આરટીઆઈ એક્ટિવિસ્ટ ..... ૨૨
- મા ની પારખુ નજર ... **ડૉ. એમ.પી. કાકડિયા** ..... ૨૫
- જગતનું 'આધારકાર્ડ' : મા ... **નિર્ઝરી મહેતા** ..... ૨૭
- મમ્મી (વાર્તા) ... **યામિની વ્યાસ,** કવયિત્રી, લેખિકા, અભિનેત્રી ..... ૨૮
- મમતાની મૂર્તિ : માતા ... **પ્રો. અજય ભરતકુમાર રાવલ** ..... ૨૯
- વાત્સલ્યની અનુપમ મૂર્તિ : લક્ષ્મી બા! ... **રમેશ પટેલ,** રાષ્ટ્રીય શિક્ષક એવોર્ડ પ્રાપ્ત ..... ૩૧
- મા નો પર્યાય કહું તો... મરી ફીટવું ... **ગિરા પિનાકીન ભટ્ટ** ..... ૩૨
- "મા" (લઘુ કથા) ... **આરતીબા ગોહિલ 'શ્રી'** ..... ૩૪
- મા તે મા... ... **વિપિન પંડ્યા** ..... ૩૫
- 'મા' – મમતાની મૂરત ... **નવીન વી. વાછાણી** ..... ૩૭
- ઈશ્વરદત્ત વરદાન – માતૃપ્રેમ ... **મહેશ ઉપાધ્યાય** ..... ૩૯
- પશ્ચાત્તાપ ... **રેખા જોષી** ..... ૪૦
- મા બચ્ચોં કી જાન હોતી હૈ ... **ડૉ. સ્નેહલ એન. ત્રિવેદી - અબુધાબી** ..... ૪૨
- "ઓઢણું" ... **વાસુદેવ સોઢા** ..... ૪૩
- પૃથ્વીની કવિતા "મા" ... **સુભાષ પટેલ 'એકાંત'** ..... ૪૫
- – એટલે મા મહાન છે ... **ઉમેશ જોશી** ..... ૪૬
- 'મા...' – એકાક્ષરી મંત્ર ... **નયના ગોહિલ (મકવાણા)** ..... ૪૭
- "મા" ... **મનીષા રાઠોડ** ..... ૪૮
- વાત્સલ્યમૂર્તિ ... **કેતન જોષી** ..... ૪૯
- ખરી મા (લઘુ કથા) ... **હરીશ પંડ્યા** ..... ૫૦
- ઈશ્વરનું બીજું નામ – "મા" ... **કિશોર આર. ટંડેલ** ..... ૫૧
- લિ. તારી મા ... **રવજીભાઈ કાચા** ..... ૫૨
- માતૃ શક્તિ ... **પારૂલ દેસાઇ** ..... ૫૩
- મમતાની મૂરત 'મા' ... **મીનાક્ષી વખારિયા** ..... ૫૪
- મારી બા... (લઘુ કથા) ... **ફિરોઝ હસ્નાણી** ..... ૫૬
- 'મૃત્યુ 'મા' જેવું મધુર હાસ્ય કરે!' ... **રમેશ પટેલ** ..... ૫૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હીરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## ગઝલ / કાવ્ય સૃષ્ટિ


- પડઘાય મા : **અઝીઝ ટંકારવી** ............ ૫૭
- એક બાનો સાડલો : **રાજેશ વ્યાસ 'મિસ્કીન'** ● અવતાર મા : **આબિદ ભટ્ટ** ............ ૫૮
- પાલનહાર મા : **હરીશ ધોબી** ● માતા નાથીબાઈના આત્માને અદરભેર અર્પણ : **મુસાફિર પાલનપુરી** ...... ૫૮
- બાનું રસોડું : **ડૉ. મનોજ એલ. જોષી 'મન'** ● મારું જીવન બા : **દિનેશ ડોંગરે 'નાદાન'** .......... ૫૯
- ઓઈ મા! બોલી જવાશે : **ભરત ભટ્ટ 'પવન'** ● ગીતા સમજાઈ ગઈ : **ગૌરાંગ ઠાકર** ............ ૫૯
- બા : **સાહિલ** ● મા નો વિકલ્પ ક્યાં છે? : **નીતિન વડગામા** ............ ૬૦
- મા તે મા : **બકુલેશ દેસાઇ** ● મા બોલું ત્યાં તો : **ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા** ............ ૬૦
- મા (ગઝલ) : **ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'** ● બા ગયા પછી : **જયેશ ઠક્કર** ............ ૬૧
- ફળે છે મા (ગઝલ) : **પીયૂષ ચાવડા** ● મને તું યાદ આવે મા : **કુસુમ કુંડારિયા** ............ ૬૧
- જનેતાની હથેળી : **શીતલ ગઢવી** ............ ૬૧


## સંપુટ-૨

## સુમિરે... બલબીરા (સ્મૃતિપટ પર સંભારણા) (સંકલન : બલવીરસિંહ જાડેજા)


- મારી મમ્મી (સંભારણા) ............ **સંધ્યા ભટ્ટ** ..... ૬૨
- આનું નામ માતૃત્વ (સત્ય ઘટના) ............ **ચંદ્રકાંત પટેલ 'સરલ'** ..... ૬૪


## ગુલશન (ચાલુ શ્રેણી) (મણકો-૧૬)


- વિદ્વાન સાક્ષર કવયિત્રી : ડૉ. કાલિન્દી પરીખ ............ **ચંદ્રકાંત પટેલ 'સરલ', સાહિત્યકાર** ..... ૬૬


## નારી ગૌરવગાથા (ચાલુ શ્રેણી) (મણકો-૧૨)


- "નારી તું ના હારી : રક્ષાબેન ચોટલિયા" ............ **ડૉ. શીલા વ્યાસ** ..... ૭૦


## સ્વાસ્થ્ય


- મારા હૃદયના ધબકારા વારંવાર વધી જાય છે ............ **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૭૨
  PANIC DISORDER ............ **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**


## YOUTH CLUB


- Some Golden Thoughts ............ Presentation : Dinesh R. Mehta ....... ૭૪


## વૈવિધ્ય


- અન્ય સંસ્થાઓના સમાચાર ............ ૭૫
- આંજો કાગર ............ ૭૬


## કચ્છ દર્શન


- સમાચાર (સંક્ષિપ્તમાં) ............ **સંકલન : દિનેશ આર. મહેતા** ..... ૭૭


## નોલેજ બેંક


- ગુજરાતી સાહિત્ય નોલેજ બેંક – (૧૦) : વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી **રમેશ પટેલ** ..... ૭૯


## કારકિર્દી


- સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ડિપ્રેશનથી બચવા શું કરશો? ............ **હીરેન દવે** ..... ૮૦


## નિયમિત વિભાગો


- *Nano Nine* શબ્દ રમત-૧૮૦ ● *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૩૮) ...... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૮૧
- ગેમ્સ ગેલેરી : રંગો સે ભરે રંગીન ગીતોં કી ગેમ ............ **ભાવના એ. ઝવેરી** ..... ૮૨
- માહિતી ............ ૮૪


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


- સમાજ દર્પણ / સાભાર સ્વીકાર / સંસ્થા સમાચાર ............ ૮૫


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**



તંત્રી લેખ

# ઇનોવેશન ક્ષેત્રે ભારત દ્વારા આગે કદમ...



દિનેશ આર. મહેતા

વર્લ્ડ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી સંસ્થા વિશ્વના દેશોમાં ઇનોવેશનની ક્ષમતા કેટલી છે તેનો અભ્યાસ તથા સર્વે કરીને તેના સંબંધિત દેશોનો ક્રમ નક્કી કરે છે. ૨૦૨૦માં ભારતનો ક્રમ ૪૮મો હતો, જે તાજેતરમાં સુધરીને ૪૬મો નંબર આવ્યો છે. અત્યારે ભલે આપણે આ બાબતમાં બે ક્રમ જ આગળ વધ્યા છીએ પરંતુ તે સાબિત કરે છે કે ભારત ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીમાં (નવી શોધો અને તેની પેટન્ટ્સ મેળવીને વિશ્વને ઉપયોગી બને તેવી શોધોમાં) ધીરે ધીરે પ્રગતિ તરફ આગળ વધી રહ્યું છે. **બીજા અર્થમાં જોઈએતો ભારતમાં આર એન્ડ ડી એટલે કે રીસર્ચ અને ડેવલપમેન્ટનું કલ્ચર વિકાસ પામી રહ્યું છે.** આ માટે ભારતે અત્યારે સ્ટાર્ટ-અપની જે વાયબ્રન્ટ પધ્ધતિ વિકસાવી છે, તે પણ એક કારણરૂપ માની શકાય. **પશ્ચિમ વિશ્વની જેમ ભારતમાં સંશોધકોની ઉણપ નથી પરંતુ જરૂર છે તેમને સંશોધન કરવા અર્થે સંપૂર્ણ સગવડો આપવાની.** આજે કોમ્પ્યુટર્સએ જ્ઞાનની, ટેકનોલોજીની, વિકાસની, સંશોધનની અનેક દિશાઓ ખોલી નાંખી છે. તેના થકી ઇલેક્ટ્રિક કાર અને અનેક પ્રકારની દવાઓની શોધ શક્ય બની છે. એટલું જ નહીં પરંતુ હવે દર્દીના શરીરમાં અન્ય માનવીના અંગોનું આરોપણ પણ થઈ રહ્યું છે. આ પ્રકારનું જ્ઞાન હવે નવી શોધો અને નવી ટેકનોલોજીમાં ઝડપથી ફેરવાઈ રહ્યું છે. જે રાષ્ટ્ર માટે ખૂબ જ અગત્યની બાબત છે.

**હવે સ્માર્ટ સિટી અને ઓટોમેશનનો યુગ આવી રહ્યો છે. ત્યારે આગામી થોડા સમયમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગનું ચલણ પણ વધશે.** એટલું જ નહીં પરંતુ ભવિષ્યમાં એ આપણા જીવનનું અવિભાજ્ય અંગ બની જશે. તેનો ઉપયોગ વેબ સર્ચથી લઈને ઈ-કોમર્સ, અવકાશને લગતી બાબતો, રોબોટિક્સ જેવા અનેક ક્ષેત્રોમાં થવાનો છે.

**ઉપરના સંદર્ભમાં ભારતની યુનિવર્સિટીઓમાં હવે માત્ર ટીચિંગ નહીં પરંતુ પ્રાધ્યાપકો પાસે સંશોધનનું જ્ઞાન હોવાનું અનિવાર્ય થઈ ગયું છે. જે સંસ્થા ઇનોવેશન તરફ ફોકસ નહીં કરે તે હવે પાછળ રહી જશે.** આ બાબત કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને તમામ પ્રકારના વહીવટના ક્ષેત્રને પણ લાગુ પડે છે. નોંધનીય છે કે, માહિતી અને પ્રસારણના ક્ષેત્રમાં ભારત વિશ્વમાં આગળ પડતું સ્થાન ધરાવે છે. તે રીતે સાયન્સ અને એન્જિનિયરીંગના સ્નાતકોની કુલ સંખ્યામાં પણ ભારતનો ક્રમ અગ્ર ક્રમાંકે છે અને વિશ્વમાં તેની ડિમાન્ડ રહે છે. આટલી પ્રગતિથી સંતોષ માની શકાય નહીં કારણકે વિશ્વના અમુક દેશો આ દિશામાં વધુ ઝડપથી આગળ વધી રહ્યા છે. **એટલે ભારતે તેની એજ્યુકેશનલ પોલીસીમાં સંશોધનને હજુ વધારે મહત્ત્વ આપવું પડશે.** જેથી નજીકના ભવિષ્યમાં ભારત પણ જ્ઞાન આધારિત સંશોધન ક્ષેત્રે વિશ્વનું નેતૃત્વ કરી શકશે.

*૩૦૨, મર્લિન અર્હમ્, ૧૧, વિશ્વકુંજ સોસાયટી, નારાયણનગર રોડ,*
*પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ● મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮*

*દુ:ખ અને દર્દ પામો ત્યારે એમ માનો કે વિધાતાએ તેના માટે તમને ખાસ પસંદ કર્યા છે. પાનખરની વિદાય પછી વસંત આવવાની જ છે. તમારાં સ્વપ્નોની માવજત કરો, તેમને મરવા ના દો.*

*'આવું શા માટે? હું જ શા માટે? કયા પાપે?' – આવું બધું વિચારીને સંતાપ ના કરો.*

*બધા સવાલોના જવાબ મળી જ રહેશે.*

## જીવનમાં 'તણાવ'નો ચેલેન્જથી સામનો કરો...

મનુષ્યનું જીવન 'કોમ્પ્લિકેટેડ' છે, સરળ નથી. તેની પ્રક્રિયામાં 'તણાવ' અવારનવાર જોવા મળે છે. પણ માણસ જો તેને સરળતાથી વહન કરે તો તેનાં દરેક કાર્યો સારી રીતે થાય છે. દબાણ (પ્રેશર) એ સ્વાભાવિક છે પણ તેના કારણે તાણ (ટેન્શન) આવે તે યોગ્ય નથી. પ્રેશર અને ટેન્શન વચ્ચેની લક્ષ્મણરેખા સમજવી પડે છે. તણાવ આધ્યાત્મિક દૃષ્ટિએ સકારાત્મકતાનો સંકેત આપે છે. તાણ એ વ્યક્તિની અયોગ્ય ક્ષમતા વધારી દે છે. વાસ્તવમાં તણાવ એ સકારાત્મક બનાવતું નકારાત્મક નામ છે. **જીવનમાં જ્યારે તાણ આવે ત્યારે તેને એક 'ચેલેન્જ' ગણીને કે સ્વીકારીને આગળ વધીએ તો તે તાણનું પરાવર્તન દબાણમાં આવે છે.** દબાણની કાર્યશૈલી યોગ્યતાને વધારે છે.

તજજ્ઞો આ માટે એક પ્રયોગ સૂચવે છે. જ્યારે તાણ આવે ત્યારે વ્યક્તિએ પોતાની ઇન્દ્રિયોનો સહારો લેવો જોઈએ. ઉદાહરણ તરીકે મનુષ્યની આંખો બંધ કરીએ અને એકાગ્રતા કેળવીએ તો અંદરની શારીરિક વ્યવસ્થા મુજબ દરેક ઇન્દ્રિયો પરિણામલક્ષી આંતરિક જોડાણ ધરાવે છે. તેથી આંખ ઉપરનું એકાગ્ર નિયંત્રણ સાથોસાથ કાન ઉપર પણ આવે છે. આંખથી જે દિવ્યદર્શન આધ્યાત્મિક દૃષ્ટિએ થાય તેનો દિવ્ય ધ્વનિ પણ વ્યક્તિને સંભળાતો હોય છે. આ પ્રકારની પ્રક્રિયા બાહ્ય તાણથી વ્યક્તિને મુક્ત રાખે છે. આ પ્રયોગ નિષ્ણાતની મદદથી થઈ શકે. **જે કામ તમે તાણથી કરો તેમાં સફળતા ન મળે. આ કાર્ય અન્ય વ્યક્તિ તનાવરહિત કરી શકે તો 'તનાવ' શા માટે? જો દિવ્ય સફળતા કે કાર્યશાંતિ જોઈતી હોય તો તનાવમુક્ત બનો. જીવનની દરેક પરીક્ષા પહેલાં મનની એકાગ્રતા કેળવો.** પ્રાણયુક્ત સ્થિતિમાં પડકારો ઝીલવા પ્રયત્નો કરશો તો કોઈ ક્ષેત્રમાં પાછા પડાતું નથી તે યાદ રાખવા જેવું છે.

## જ્ઞાનનું સ્થાન જીવનમાં સર્વોચ્ચ છે

દીપાવલીથી શરૂ થતા નવા વર્ષનો પાંચમો દિવસ એટલે "લાભ પાંચમ." "લાભ પાંચમ એટલે કે જ્ઞાન પંચમી." લાભ પાંચમના મહત્ત્વ જેટલું જ સ્થાન જ્ઞાનનું મનુષ્યના જીવનમાં છે. 'જ્ઞાન' શબ્દ એ 'વિદ્' એટલે કે જાણવું તે ધાતુ ઉપરથી બન્યો છે. સરળ ભાષામાં તેનો અર્થ થાય છે : કોઈપણ વસ્તુને તેના મૂળ સ્વરૂપમાં જાણવી કે ઓળખવી. જે 'Knowledge' શબ્દથી ઓળખાય છે. આ પ્રકારે આપણે જિંદગીમાં ઘણી વસ્તુ જાણવી પડે છે. પણ તેમાં મર્યાદા છે. તેથી એક ઉક્તિ યાદ કરીએ : 'જાણ્યા કરતાં જોયું ભલું.' આમ, આપણી આસપાસ જેટલું મર્યાદામાં જોવાય છે તેને આપણે શક્ય તે રીતે સાધીએ છીએ. ઉપનિષદમાં જણાવવામાં આવેલ છે કે, 'આત્માનં વિદ્ધિ.' અર્થાત્ **આપણા આત્માના મૂળ સ્વરૂપને જાણો.** આ રીતે આપણને જે આત્મ દર્શન કરાવે તે જ સત્ય જ્ઞાન. સોક્રેટીસે આ વાત જરા જુદી રીતે કહી છે : "Know Thy-self." એટલે કે તમારી જાતને ઓળખો. મૂળ વાત આપણા સાચા સ્વરૂપને જાણવાની છે. આદિ શંકરાચાર્યજીએ નિત્ય અને અનિત્યનો વિવેક કરી તે પરમ તત્ત્વની સાથે અદ્વૈત દર્શન દ્વારા આપણું તત્ત્વાનુંસંધાન કરવાની વાત કરી છે. આ જ્ઞાન આત્મસાત્ ની પ્રક્રિયા છે. 'નહિ જ્ઞાનેન સદશં, પવિત્રમિહ વિદ્યતે' શ્રીમદ્ ભાગવદ્ ગીતામાં કહ્યું છે તે આ છે : **'આ પૃથ્વી ઉપર જ્ઞાનની તોલે કોઈ ન આવી શકે. તે પવિત્ર છે, તે અમૂલ્ય છે, તે સર્વોચ્ચ છે.'**

આપણે પણ યોગ્ય અને સચોટ જ્ઞાન પ્રાપ્તિનો સંકલ્પ કરીએ અને જીવનને પ્રગતિમય બનાવીએ. 'જ્ઞાન'ને આત્મસાત્ કરવાથી જ જીવન ઉચ્ચતા પ્રાપ્ત કરે છે.

## કેળવણી અને શિક્ષણ

સ્વામી વિવેકાનંદના જીવનકથનના અનેક પ્રસંગોને ચરિતાર્થ કરાયા છે. વિવેકાનંદે ક્યાંય 'શિક્ષણ' શબ્દ પ્રયોજ્યો નથી. તેઓએ ફક્ત 'કેળવણી'ને જ સ્વીકારેલ છે. તેઓના મતે 'મનુષ્યમાં રહેલ પૂર્ણત્વનું પ્રકટીકરણ એટલે કે કેળવણી.' કેળવે તે કેળવણી. પછી તેની પદ્ધતિ ગમે તે હોય એમ તાત્પર્ય સાંપ્રત યુગમાં થાય છે. તેમાંથી લગોલગ 'શિક્ષણ' આવ્યું. **શીખવે તે શિક્ષણ અને કેળવે તે કેળવણી.** આ સદીમાં જ્ઞાનપ્રાપ્તિના પશ્ચાતમાં શિક્ષણના અનેક વિભાગો થયા. ઉપરાંત પ્રશિક્ષણ પણ ઉમેરાયું.

વિનોબાજીના મતે **'જીવતા જીવતા શીખવાનું છે, શીખતા શીખતા જીવવાનું ના હોય!** જીવનના એક ડગલે શીખી બીજા ડગલામાં તેને ચકાસવાનું અદકેરું મૂલ્ય છે. આ નિરંતર પ્રક્રિયા થાય તો 'શિક્ષણ' 'કેળવણી' બની શકે છે. To learn and how to learn – એ જીવનનો રાજમાર્ગ છે. જીવનના આ રાજપથ ઉપર માનવી શીખતા શીખતા બહુવિધ અનુભવે ઘડાય તે ખાસ મહત્ત્વનું છે. અહીં ચણતર, ઘડતરનું મહત્ત્વ ખૂબ છે. સામાજિક વિવિધ પ્રોસેસ જેમાં ગમા-અણગમા, રાગ-દ્વેષ, ગુણદોષ, ક્રોધ, અહમને ઓગાળે તે અહીં 'કેળવણી'માં ગણાશે. આ તો તેનું સૌંદર્ય છે. આવો, માનવ ઘડતરમાં આ બંનેનું સહજીકરણ કરીએ.

***– ડૉ. પૂજા કોટક***

## 'એ મેરે વતન કે લોગોં... જરા આંખમેં ભર લો પાની...' ★ 'રહે ના રહે હમ... મહેકા કરેંગે...' સ્વર સામ્રાજ્ઞી લતાજીની વિદાય...

*– દિનેશ આર. મહેતા*



સંગીતની દુનિયામાં સાત દાયકા સુધી એકચક્રી શાસન કરી સંગીતના ચાહકોના દિલમાં કાયમી સ્થાન જમાવનારા ભારતરત્ન ૯૨ વર્ષીય લતા મંગેશકરે તા. ૦૬-૦૨-૨૦૨૨ના રોજ વસમી વિદાય લીધી હતી. મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં તેમનો જીવનદીપ બુઝાઈ ગયો હતો. સદીના મહાન ગાયિકાના નિધનના સમાચાર વીજળી વેગે દુનિયાભરમાં ફરી વળતા ઘેરા શોકની લાગણી સર્વત્ર છવાઈ ગઈ હતી.

મુંબઈમાં પેડર રોડ પર આવેલા તેમના નિવાસ સ્થાન પ્રભુકુંજથી શિવાજી પાર્ક સુધી તેમની અંતિમયાત્રા યોજાઈ હતી. આ અંતિમ યાત્રામાં સંખ્યાબંધ કલાકારો, નેતાઓ અને બહોળા પ્રમાણમાં નાગરિકો જોડાયા હતા અને લતાજીને શ્રદ્ધાંજલિ આપી હતી. વડાપ્રધાન પણ લતાજીના અંતિમ દર્શન માટે દિલ્હીથી મુંબઈ આવ્યા હતા. શિવાજી પાર્ક ખાતે લતાજીને ફુલ સ્ટેટ ઓફ ઓનર્સ સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. **અસ્ત થતા સૂર્યની જેમ સંગીતના એક સુવર્ણ યુગનો આમ અસ્ત થયો હતો.**

મંગેશકર પરિવારમાં લતા દીદી સૌથી મોટા હતા. દીનાનાથ મંગેશકરના તમામ પાંચ સંતાનો ફિલ્મી સંગીત સાથે જોડાયેલા રહ્યા હતા. લતા, મીના, આશા, ઉષા એમ ચારેય બહેનોએ હિંદી - મરાઠી - ગુજરાતી સહિતની અનેક ભાષાના ફિલ્મી ગીતોને કંઠ આપ્યો હતો. લતાજીએ હિંદી - મરાઠી - ગુજરાતી સહિતની ૩૬ ભાષાઓના ૨૫,૦૦૦થી વધુ ગીતોમાં પોતાનો કંઠ આપ્યો છે. આ ચારેય બહેનોના સૌથી નાના ભાઈ હૃદયનાથ મંગેશકરે ઘણી ફિલ્મોમાં સંગીત આપ્યું છે.

લતાજીની પ્રથમ સફળતા... અશોકકુમારે કમાલ અમરોહીના નિર્દેશનમાં એક રહસ્ય ફિલ્મ બનાવેલી. એ ફિલ્મ હતી 'મહલ.' એ ફિલ્મનું 'આયેગા આનેવાલા...' ગીત જબરદસ્ત હિટ નીવડ્યું હતું. પિતાના અવસાન પછી દસ જ દિવસમાં માસ્ટર વિનાયકની ફિલ્મ પહિલી મંગળા ગૌર (૧૯૪૨)માં લતાજીએ અભિનય પણ કર્યો હતો. ત્યારબાદ પાંચ ફિલ્મોમાં તેમણે અભિનય કર્યો હતો. તે દરમિયાન એમને ગાયિકા તરીકે ઘણું કામ મળ્યું હોવાના કારણે એમને અભિનયમાં રસ રહ્યો નહોતો. બીજી તરફ આનંદઘન નામે લતાજીએ થોડીક ફિલ્મોમાં સંગીત પણ આપ્યું હતું. એકમાત્ર રામ રામ રાહુણે નામની મરાઠી ફિલ્મમાં એમણે પોતાના નામથી સંગીત પીરસ્યું હતું. લતાજી નિર્માત્રી તરીકે પણ આવ્યા હતા. એમણે ૧૯૫૩માં પહેલીવાર મરાઠી ફિલ્મ વાડલ બનાવી હતી. ત્યારબાદ સંગીતકાર સી. રામચંદ્ર સાથે ઝાંઝર, ૧૯૫૫માં કંચન અને ૧૯૯૦માં લેકિન ફિલ્મો તેમણે બનાવી હતી.

શરૂઆતમાં ફિલ્મોની રજૂઆતના સમયે પડદા પર ગાયક કલાકારોના નામ આવતા નહોતા. રાજ કપૂરની બરસાત ફિલ્મ વખતે પડદા પર આવતા કલાકાર - કસબીઓના નામ સાથે લતાજીનું નામ પણ ચમક્યું હતું. એ રીતે લતાને વધુ લોકપ્રિય બનાવવાનો યશ રાજ કપૂરને ઘટે છે.

કહેવાય છે કે લતા પાસે સૌથી પહેલા ગુજરાતી ગીત સંગીતકાર પુરુષોત્તમ ઉપાધ્યાયે ગવડાવ્યું હતું. ૧૯૬૦થી ૨૦૦૪ સુધીમાં લતાએ આશરે ૭૦ ગુજરાતી ગીતો ગાયા હતા. **ભારતરત્ન લતા મંગેશકર દેશનાં ખરા અર્થમાં સૂર સામ્રાજ્ઞી હતા.** તેમને પદ્મભૂષણ, પદ્મ વિભૂષણ ઍવોર્ડ મળ્યાને ઘણા દશક વીતી ગયા છે. ફિલ્મ ક્ષેત્રનો સર્વોચ્ચ 'દાદા સાહેબ ફાળકે ઍવોર્ડ' પણ ક્યારનોય તેમને અપાઈ ચૂક્યો હતો. ત્યારબાદ દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારતરત્ન' આપ્યાને પણ વીસેક વર્ષ થઇ ગયા છે. લતાજીને ૫૧ વરસમાં ૭૫થી પણ વધુ વિવિધ પ્રકારના ઍવોર્ડસ મળ્યા હતા. ૩૦ વરસની વયે તેમને પ્રથમ ઍવોર્ડ મળ્યો હતો. ત્યારબાદ તો અનેક પુરસ્કાર અને સમ્માન તેમને પ્રદાન થયા હતા. દેશના સૌથી સફળ પ્લેબેક સિંગર તરીકેની તેમની સફર પ્રેરણાત્મક રહી છે.

લતાજીનો જન્મ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૨૯ના રોજ ઇંદોરમાં થયો હતો. તેમના પિતા દીનાનાથ મંગેશકર મરાઠી કોંકણીના જાણીતા સંગીતકાર હતા. પિતા સંગીતકાર હોવાથી લતાજીએ પાંચ-સાત વર્ષની વયે જ સંગીતની તાલીમ મેળવી લીધી હતી. ૧૯૪૨માં હાર્ટ એટેકથી પિતાનું નિધન થયું હતું. તેમના નિધન બાદ પરિવાર આર્થિક સંકડામણમાં મૂકાઈ ગયો હતો. તે કારણે લતાજીએ ૧૩-૧૪ વર્ષે મરાઠી ફિલ્મોમાં ગાવાનું શરૂ કર્યું હતું. મહલ ફિલ્મનું 'આયેગા આનેવાલા...' ગીત લતાજીનું પ્રથમ

હિટ સોંગ બન્યું. ત્યારબાદ અનેક સંગીતકારોએ તેમની પાસે ગીતો ગવડાવ્યાં. પછી તો પુરસ્કારોની વર્ષા થઇ. દર વર્ષે એક પછી એક હિટ, સુપરહિટ ગીતો આવતા ગયા અને લતાજી લોકપ્રિયતાના નવા શિખરો સર કરતા ગયા. ભારતીય અભિનેત્રીઓની ત્રણ-ચાર જનરેશન સુધી તેમણે પોતાનો અવાજ આપ્યો છે. **લતાજી ૧૯-૨૦ વર્ષની વયે ૩૦થી ૩૫ વર્ષની અભિનેત્રીઓ માટે કંઠ આપતા હતા. એ જ લતા દીદીએ ૭૫ વર્ષની વયે ૧૯-૨૦ વર્ષની અભિનેત્રીઓ માટેય કંઠ આપ્યો છે. આ તેમના કંઠની ખૂબી રહી હતી.** ભજનો, પદો, ગીતો, ડાન્સ, કવ્વાલી, ગઝલો, ગરબા જેવા કેટલાય સ્વરૂપોને તેમનો મીઠો અવાજ મળ્યો છે. 'એ મેરે વતન કે લોગોં...' જેવું દેશ ભક્તિથી છલકાતું ગીત સાંભળીને દેશનાં પ્રથમ વડા પ્રધાનની આંખમાં આંસુ છલકાયા હતા. તે જમાનાના ત્રણ સર્વાધિક લોકપ્રિય ગાયકો મુકેશ, રફી અને કિશોરકુમાર સાથે તેમણે અનેક ગીતોમાં કંઠ આપ્યો હતો. લતાજીની સાદગી અને સરળતાએ બધાને પ્રભાવિત કર્યા હતા. જ્યાં સુધી શ્રેષ્ઠ પરફોર્મન્સ આપ્યાનો સંતોષ ન થાય ત્યાં સુધી લતાજી રિયાજ કરતા હતા. લતાજીમાં એક મહત્ત્વનો ગુણ એ હતો કે **તેઓ અભિનેત્રી અને ગીત જે વાતાવરણમાં રજૂ થવાનું છે, એ પરિસ્થિતિનું પોતાના અવાજમાં અદ્‌ભુત રીતે ધ્યાનમાં રાખતા હતા.** એને કારણે એમના તમામ ગીતોનું ફિલ્માંકન એક અદ્વિતીય ઊંચાઇને સ્પર્શી શકતું હતું. આ તેમની ખાસ વિશિષ્ટતા હતી.

## લતા દીદીના જીવન સાથે જોડાયેલી રસપ્રદ ઘટનાઓ....

- લતા મંગેશકરની સરનેમ ગોવાના મંગેશી ગામ પરથી પડી હતી.
- ૧૯૬૨માં ગોવાની આઝાદીમાં લતા મંગેશકરે પણ ફાળો આપ્યો હતો.
- 'ભારતરત્ન' અને 'દાદા સાહેબ ફાળકે' ઍવોર્ડ મેળવનારા પ્રથમ મહિલા.
- આનંદ બક્ષીએ રચેલા ૭૦૦ ગીત લતા મંગેશકરે ગાયા હતા.
- સંગીતકાર લક્ષ્મીકાંત પ્યારેલાલ સાથે ૬૯૮, શંકર જયકિશન સાથે ૪૫૩, આર.ડી. બર્મન સાથે ૩૪૩ અને કલ્યાણજી આણંદજીના સંગીત નિર્દેશનમાં ૩૦૦ જેટલા ગીતો લતા મંગેશકરે ગાયા હતા.
- કાગળ પર કંઈપણ લખતા પહેલાં 'શ્રીકૃષ્ણ' લખતા હતા.
- તેઓ ૧૯૫૩-૫૪ના અરસામાં 'ચિત્રલોક સિને સર્કલ'ના એક કાર્યક્રમમાં મહેમાન તરીકે અમદાવાદ આવ્યા હતા.
- લતાજીના માતુશ્રી ગુજરાતી હતા. ગુજરાતી નાનીમા પાસેથી લતા દીદી બાળપણમાં ગરબા ગાતા શીખ્યા હતા.
- તેઓ સ્ટેજ શો ની શરૂઆત દેવ આનંદની ફિલ્મ 'હમ દોનોં'ના ભજનથી કરતા હતા.
- રેકોર્ડિંગમાં જતા ત્યારે મોટેભાગે શ્વેત સાડી જ પહેરતા હતા.
- માત્ર પાંચ કે છ વર્ષની વયે લતાએ એક ગીત સ્પર્ધામાં કે.એલ. સાયગલનું ગીત ગાઈને પ્રથમ ઈનામ મેળવેલું.
- તેઓ સાયગલ અને નૂરજહાંથી પ્રભાવિત હતા.
- તેમણે ઘણા ગુજરાતી ગીતો ગાયા છે. તેમાં હરીન્દ્ર દવેની રચના **એક રજકણ સૂરજ થવાને શમણે** પોતાની આગવી અદાથી ગાઇને યાદગાર બનાવ્યું છે.
- દિવંગત લતાજીએ છેલ્લે તા. ૨૨-૧૨-૨૦૨૧ના રોજ આઝાદીના અમૃત મહોત્સવની દ્વિતીય બેઠકની ઝૂમ બેઠકમાં ભગવદ્ ગીતાના શ્લોકનું પઠન કર્યું હતું.
- વિશ્વપ્રસિદ્ધ ટાઈમ મેગેઝિને તેમને ૧૯૫૯માં પ્રથમ વખત વોઇસ ક્વિન એટલે કે સ્વર સામ્રાજ્ઞી કહ્યા હતા.
- લતાજીએ ૧૯૭૪માં લંડનના રોયલ આલ્બર્ટ હોલમાં પોતાના ગાયનની સૌપ્રથમ પ્રસ્તુતિ કરી હતી.
- લતાજીએ ઓક્ટોબર ૨૦૦૫માં વડોદરા ખાતેની એમ.એસ. યુનિવર્સિટી દ્વારા યોજાયેલ એક પદવીદાન સમારોહમાં કહ્યું હતું કે, સંગીતની દુનિયામાં જેટલી પણ મહેનત કરો, તે ઓછી છે. તે સમયે લતાજીની સાદગી અને સરળતાએ બધાને પ્રભાવિત કર્યા હતા. વધુમાં તેમણે કહ્યું હતું કે, જ્યાં સુધી હું મારું શ્રેષ્ઠ પરફોર્મન્સ આપી શકીશ તેવો સંતોષ ના થાય ત્યાં સુધી હું કાર્યક્રમની પહેલાં રિયાઝ કરતી હોઉં છું.
- આશરે બાર વર્ષ પહેલાં તેમણે ગુજરાતી ફિલ્મમાં વૈષ્ણવજન તો... ભજન ગાયું હતું. આ છેલ્લું ગુજરાતી ગીત હતું.
- છેલ્લે લતાજી ખૂબ નબળા પડી ગયા હતા અને લગભગ ત્રણ મહિના પથારીવશ રહ્યા હતા.
- નવી પેઢી લતા દીદીને ભારતીય સંસ્કૃતિની એક દંતકથા તરીકે યાદ કરશે. ■

# મુખપત્ર "મંગલ મંદિર"ના તંત્રી મંડળમાં એક અગત્યનું પરિવર્તન...

## દીર્ઘકાળ સુધી તંત્રી મંડળના મુખ્ય સંચાલક તરીકે સેવા પ્રદાન કરીને 'મંગલ મંદિર'ને આજની ઊંચાઈએ પહોંચાડનાર દિનેશ આર. મહેતા તેમની જવાબદારીમાંથી મુક્ત થઈ રહ્યા છે...

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'ને વિકસાવવામાં છેલ્લા ૪૬ વરસોથી તેના સંચાલનના તજજ્ઞ સૂત્રધારોએ યથાયોગ્ય પ્રયાસ કરીને ક્રમબદ્ધ એક અનોખા લેવલે પહોંચાડેલ છે. 'મંગલ મંદિર'ની પ્રગતિ પાછળ તેઓશ્રીની નિષ્ઠા તથા યોગદાન ખૂબ મહત્ત્વના રહ્યા છે.

કહેવાય છે કે, કોઈપણ સ્થાને થતું પરિવર્તન, એ પ્રગતિ અને આધુનિક સંશોધનનું એક મોટું સ્રોત છે. તેને અનુલક્ષીને દીર્ઘકાળ સુધી તંત્રી મંડળના મુખ્ય સંચાલક તરીકે સેવા પ્રદાન કરનાર દિનેશ આર. મહેતા માસ એપ્રિલ-૨૦૨૨થી તેમની અન્ય જવાબદારીઓના કારણે 'મંગલ મંદિર'ના તંત્રી મંડળમાંથી મુક્ત થઈ રહ્યા છે...

દિનેશ મહેતા, 'મંગલ મંદિર'ના અંક ૩૯૦, માસ ઓક્ટોબર ૨૦૧૦થી તંત્રી મંડળમાં જોડાયા હતા અને અંક ૪૪૯, માસ સપ્ટેમ્બર ૨૦૧૫ સુધી તેઓ તે કામગીરી સાથે સતત સંકળાયેલા રહ્યા હતા.

★ આ સમય દરમિયાન 'મંગલ મંદિર' સામયિકના કુલ ૬૦ અંકો પ્રકાશિત કરવામાં તેમનું યોગદાન વિશિષ્ટ સ્વરૂપે રહ્યું હતું.

★ જેમાં સમાજની સુવર્ણ જયંતીના સમયની અન્યોન્ય કામગીરી તથા અંદાજે પંદર જેટલા વિશેષાંકોની વિશેષ જવાબદારી અદા કરી હતી.

**ત્યારબાદ ફરી અંક ૪૮૫, માસ ઓક્ટોબર ૨૦૧૮થી અંક ૫૨૬, માર્ચ ૨૦૨૨ સુધી 'મંગલ મંદિર' પ્રકાશનની સમગ્ર જવાબદારી તેમણે એકલે હાથે વહન કરી છે.**

★ સામયિક પ્રકાશનના પાર્ટ-૨ના સમય દરમિયાન બીજા કુલ ૪૧ અંકોનું એ-ટુ-ઝેડ સંચાલન તેમણે એકલે હાથે કર્યું છે.

★ જેમાં સામયિકના કુલ બાર જેટલા વિશેષાંકો વિશેષ રૂપે હતા.

★ **આમ પાર્ટ-૧ અને પાર્ટ-૨ ના સમય દરમિયાન કુલ ૧૦૧ અંકો, જેમાં વિવિધ 'થીમ' હેઠળના લગભગ ૨૭ વિશેષાંકો પ્રકાશિત થયા છે. આ બધા અંકો દિનેશ મહેતાની વિશેષ તથા સ્વતંત્ર જવાબદારીથી તૈયાર થયા હતા.**

આજના સમયમાં ૨૦/૨૫ પાનાનું એક ચોપાનિયું એક-બે વરસ સુધી એકલે હાથે બહાર પાડવું ખૂબ કઠિન છે ત્યારે દિનેશ મહેતાએ પાર્ટ-૨ના સમય દરમિયાન સામયિકનું એકલે હાથે સંચાલન કર્યું છે, એ ખરેખર કાબિલેદાદ સમાન છે.

'મંગલ મંદિર' સામયિકની પ્રકાશન પ્રક્રિયામાં જોઈએ તો... ગુજરાતભરના તથા રાષ્ટ્રીય સ્તરના જાણીતા કલમકારોના સંપર્કમાં રહેવું, આવેલ લેખન-સામગ્રીઓમાંથી તેની પસંદગી કરવી, જરૂરી એડિટ વર્ક કરવું, ભાષાંતર કરવું, સંસ્થાના અહેવાલો તૈયાર કરવા, બે વખત પ્રૂફ રીડિંગ કરવું, નક્કી કર્યા મુજબ પૃષ્ઠ મર્યાદામાં લેખન-સામગ્રીઓ - તસવીરોનું પ્રસારણ કરવું, કચ્છના સમાચારોનું સંકલન કરવું, સામયિકના મુખપૃષ્ઠ ઉપરના ચિત્ર - લખાણની ઈમેજ ડિઝાઇન તૈયાર કરવી વગેરે કામગીરી એકલે હાથે નિભાવવી, એ ખરેખર અઘરું છે.

### 'મંગલ મંદિર'ની સિદ્ધિ

★ અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૫માં મુંબઈ ખાતેના શૈલજા નાયર ફાઉન્ડેશન તરફથી ભારતભરના પ્રતિષ્ઠિત 'ઇનહાઉસ' સામયિકોની એક હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ભારતમાંથી લગભગ ૪૦૦૦ સામયિકોએ ભાગ લીધો હતો. હરીફાઈના જ્યુરી મંડળએ વિવિધ સામયિકોની ચકાસણી કરીને ૧૦૦ સામયિકો અલગ તારવ્યા હતા. તેમની તારવણીના સમયે જાહેર કર્યું હતું કે, આ ૧૦૦ સામયિકો તેના વાચકવર્ગને વૈવિધ્યપૂર્ણ અને ઉત્કૃષ્ટ પ્રકારના લેખો તથા અન્ય લેખન સામગ્રીઓ નિયમિત રીતે પીરસે છે. **આ ૧૦૦ સામયિકોમાં તેઓએ 'મંગલ મંદિર'ને પણ પસંદ કર્યું હતું અને 'મંગલ મંદિર'ને ICE Award – 2015 રૂપે 'સર્ટિફિકેટ ઓફ મેરિટ' એનાયત થયું હતું.**

★ તેવી રીતે મુંબઈ સ્થિત શ્રી હેમરાજભાઈ છેડાની આગેવાની હેઠળ કાર્યરત સામાજિક સંસ્થા દ્વારા છેલ્લા ૪૦ વર્ષથી સમાજ માટે વિવિધ ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરતા લોકોને પ્રતિ વર્ષ ઍવોર્ડથી નવાજવામાં આવે છે. **તે યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦માં અષાઢી બીજ (કચ્છી નવા વર્ષ)ના અવસરે 'મંગલ મંદિર'નો ૫૦૦મો દળદાર અંક પ્રસિદ્ધ કરવા માટે તેમની સંસ્થાનો 'કચ્છ શક્તિ એવોર્ડ' શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખશ્રીને એનાયત થયો હતો.**

*આ છે સમાજની પ્રતિષ્ઠા.... આ છે 'મંગલ મંદિર'ની ઊર્ધ્વગતિ, સિદ્ધિ....*

આજે 'મંગલ મંદિર' કોઈ જ્ઞાતિ, ધર્મ, જાત કે સમાજ પૂરતા સીમિત વાડામાં ના રહેતા એક ''રાષ્ટ્રીય સામયિક''નું રૂપ ધારણ કર્યું છે. જેમાં દરેક સમાજ, જ્ઞાતિ, ધર્મનું પ્રતિબિંબ જોવા મળે છે. વિશાળ વ્યોમમાં પોતાની પાંખ પ્રસરાવતા સામયિકે એક અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. એટલું જ નહીં, પરંતુ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન કરવામાં અગ્રીમ ભૂમિકા ભજવી છે. સામયિકની અત્યારની લેવલની સમીક્ષા કરતાં, અનેક વાચકવર્ગે ત્યાં સુધી જણાવ્યું છે કે, આ મેગેઝીનને બુક સ્ટોર્સના માધ્યમથી લોકોને ઉપલબ્ધ કરાવવું જોઈએ.

**અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા બે વર્ષ દરમિયાન સામયિક 'મંગલ મંદિર'ની સંપૂર્ણપણે કાયાપલટ થઇ છે.** જેમાં સમગ્ર ગુજરાતના તજજ્ઞ લેખકો, કવિશ્રીઓની શ્રેષ્ઠ લેખન-સામગ્રીઓ, ઉત્તમ પ્રકારના તંત્રીલેખ, વિવિધ પ્રકારના નૂતન વિભાગો, દરેક વયના માટે અલગ અલગ વાંચન સામગ્રી તેમાં ઉપલબ્ધ હોય છે. જે કેટલી ઉપયોગી અને રસપ્રદ હોય છે, તેની પ્રતીતિ વાચકવર્ગ તરફથી આવતા પ્રતિભાવોથી થઈ શકે છે. છેલ્લા બે વર્ષ દરમિયાન સામયિક 'મંગલ મંદિર'ના કલેવરમાં ધરમૂળથી બદલાવ કરવામાં આવ્યો છે. તેનાં પ્રત્યેક મુખપૃષ્ઠની ડિઝાઈન અને રૂપ-રંગ આકર્ષક રાખવા પ્રયત્નો થયા છે. તેની સજાવટ, પ્રૂફ રીડિંગ, સ્પષ્ટ કમ્પોઝિશન અને પ્રિન્ટિંગ વર્ક પ્રશંસનીય હોય છે. આ રીતે 'મંગલ મંદિર'ને આકર્ષક બનાવવામાં તેમનો હિસ્સો મહત્ત્વનો છે. તે ઉપરાંત સમગ્ર ગુજરાત રાજ્યના તજજ્ઞ લેખકશ્રીઓ, કવિશ્રીઓ તેમજ અન્ય પ્રતિષ્ઠિત કલમકારોની કૃતિઓ 'મંગલ મંદિર'ની પ્રતિષ્ઠા અને શોભામાં અભિવૃધ્ધિ કરતા રહ્યા છે. **આ રીતે 'મંગલ મંદિર'ને આટલી ઊંચાઈએ લઇ જવામાં તેઓશ્રીઓનો ફાળો નોંધનીય છે. હકીકતમાં શ્રેયના ખરા અધિકારી તેઓ છે.** સામયિક પ્રત્યેની લાગણી અને પ્રેમ માટે તેમને ધન્યવાદ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યકરો, પરિવારના સભ્યો, વિવિધ વિભાગોના સંચાલકો, ગ્રાહકવર્ગ, વાચકવર્ગે 'મંગલ મંદિર' પ્રત્યે જે ચાહના અને વિશ્વાસ પ્રસ્થાપિત કરેલ છે, તે સાર્થક થયેલ દેખાય છે.

આ રીતે દિનેશ આર. મહેતાની 'મંગલ મંદિર' સામયિકના તંત્રી તરીકેની નિઃસ્વાર્થ ઉત્કૃષ્ટ સેવાની નોંધ લઈને બિરદાવીએ છીએ અને **વાચકવર્ગ પણ તેમની પરિશ્રમયુક્ત કામગીરીને બિરદાવશે તેવી આશા છે.**

*મુખ્યતંત્રી 'મંગલ મંદિર'*

*તથા પ્રમુખશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## 'મંગલ મંદિર' સામયિકની બાગડોર સંભાળનાર નવા આગંતુકને મીઠડો આવકાર...

*'મંગલ મંદિર' સામયિકના તંત્રી મંડળમાંથી મુક્ત થતા દિનેશ આર. મહેતાના સ્થાને સમાજ પરિવારના સભ્ય, પીઢ કેળવણીકાર તથા કચ્છી ભાષાના ઊંડા અભ્યાસી શ્રી મહેન્દ્ર સાકરચંદ દોશીએ 'મંગલ મંદિર'ના માસ એપ્રિલ-૨૦૨૨ના અંકથી તેની બાગડોર સંભાળવા સંમતિ આપી છે. જેને વધાવતા 'મંગલ મંદિર' તેમને મીઠડો આવકાર આપે છે.*

## "મંગલ મંદિર" એપ્રિલ - ૨૦૨૨ અંક : "કચ્છી ભાષા વિશેષાંક"

*'મંગલ મંદિર'નો માસ એપ્રિલ-૨૦૨૨નો અંક માતૃભાષા નિમિત્તે ''કચ્છી ભાષા વિશેષાંક'' તરીકે પ્રકાશિત કરવાનું નિરધારેલ છે. કચ્છી ભાષા વિષયક લેખ (વિગત, જાણી-અજાણી વિગતો)નો સમાવેશ થતા હોય તેવા લેખો 'મંગલ મંદિર'માં પ્રકાશિત કરવા સૂચિત અંક માટે આવકાર્ય છે. જેઓ આ વિષયક લેખો પ્રકાશિત કરવા ઈચ્છા ધરાવતા હોય તેઓએ પોતાના લેખ મોડામાં મોડા તા. ૨૦મી માર્ચ, ૨૦૨૨ પહેલા મળી જાય તે રીતે 'મંગલ મંદિર' કાર્યાલયમાં મોકલાવી આપી આભારી કરશો.*

*– તંત્રી મંડળ*

# સંપુટ – ૧

## વિશેષાંકના 'થીમ' સંબંધી....

હાલના સમયે આંતરરાષ્ટ્રીય સ્તરની સંસ્થાના નેજા હેઠળ વિવિધ 'થીમ' સાથે કેટલાક અગત્યના દિવસો – પ્રસંગોને યાદ કરીને તેની ઉજવણી રાષ્ટ્રીય - વૈશ્વિક સ્વરૂપે થતી હોય છે. આ સંબંધી પ્રસંગોપાત જરૂરી યાદી પણ બહાર પાડવામાં આવે છે. વૈશ્વિક / રાષ્ટ્રીય પ્રસંગોની ઉજવણી દરેક દેશમાં સ્થાનિક રીતે થતી હોય છે. કેટલાક અગત્યના દિન - પ્રસંગો રાષ્ટ્રીય કક્ષાના હોય છે જ્યારે કેટલાક વૈશ્વિક ધોરણે હોય છે. વળી કેટલાક દિન-પ્રસંગોની ઉજવણી રાષ્ટ્રીય અને વૈશ્વિક બંને સ્તરે થતી હોય છે. કોઈ સમયે કેટલાક પ્રસંગોની ઉજવણીના દિવસોમાં ફેરફારની શક્યતા પણ હોય છે કારણકે આવી યાદીઓ વૈશ્વિક ધોરણે અલગ અલગ સંસ્થાઓ દ્વારા બહાર પાડવામાં આવતી હોય છે.

અમેરિકન સમાજવાદી પાર્ટીએ ફેબ્રુઆરી ૨૫, ૧૯૦૯માં ન્યુયોર્ક શહેરમાં મહિલા દિવસનું આયોજન કર્યું હતું. જર્મન ક્રાંતિકારી દ્વારા ૧૯૧૦માં, સોવિયેટ રશિયામાં ૧૯૧૭માં તથા અન્ય સામ્યવાદી દેશોમાં ૧૯૬૭માં આ ચળવળ દ્વારા એને અપનાવવામાં આવેલ. યુનાઈટેડ નેશન્સે પ્રથમ વખત ૮મી માર્ચ, ૧૯૭૫ના દિવસને આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવવાનું નક્કી કર્યું હતું. ખાસ કરીને મહિલાઓના અધિકારો અને વિશ્વશાંતિ માટે આ 'થીમ' જાહેર કરાયું. તેને અનુલક્ષીને ભારતમાં પણ મહિલા દિવસ એક વિશેષ સ્વરૂપે સ્થાન ધરાવે છે.

'મંગલ મંદિર'નો આ અંક માર્ચ-૮ : વૈશ્વિક મહિલા દિવસના સંદર્ભમાં ''મા'' વિશેષાંક તરીકે ખાસ પ્રગટ થઈ રહ્યો છે. આ વિશેષાંકમાં પ્રકાશિત તમામ લેખો, ગઝલો, કાવ્યો વગેરે લેખન સામગ્રીના દરેક તજજ્ઞ લેખકશ્રીઓ, કવિશ્રીઓના અમે ખાસ આભારી છીએ.

ઈશ્વરે પ્રેમનું સર્જન કર્યું હશે ત્યારે સૌપ્રથમ માતા બનાવવાનું વિચાર્યું હશે. અનન્ય અલંકારમાં કહીએ તો... વાત્સલ્યનો ખજાનો એટલે મા. એના જેવી વ્યક્તિ આ જગતમાં ક્યાંય મળે એમ નથી! બાળકને જન્મ આપનારી અને એનું લાલન-પાલન કરી જીવનનું સુયોગ્ય ઘડતર કરનારી માતાની મૂલ્યવાન સેવાનો બદલો કોઈનાથી વાળી શકાય એમ છે?

આ જગતની કોઈપણ ચીજવસ્તુ માતાના સાચા પ્રેમ અને કાળજીની તુલના કરી શકતા નથી. સાચે જ, જગતમાં સર્વપ્રથમ બાળકના મુખમાંથી નીકળતો જો કોઈ શબ્દ હોય તો તે છે... ''મા.''

આ રીતે જોવા જઈએ તો, મા, બા, મમ્મી અને હવે શરૂઆત થઈ મોમ. માતાના સંબોધનમાં ભલે અલગ અલગ પરિવર્તનો આવતા રહે પરંતુ 'માતૃદેવો ભવ'ની સંસ્કૃતિ ધરાવતા આપણા ભારત દેશમાં મે મહિનાના બીજા રવિવારે મધર્સ-ડે ની ખૂબ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવતી હોય છે.

કવિઓએ માતૃપ્રેમનો મહિમા ગાતા કહ્યું છે કે, 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ' માતા એ માતા જ છે. બાળકના સુખે સુખી અને બાળકના દુઃખે દુઃખી થનારી, રાત-દિવસ તેના હિતની પ્રાર્થના કરનારી માતા જેવી ત્યાગમૂર્તિ જગતમાં બીજી કોઈ છે ખરી? જીવન નૈયાનું સુકાન માતા છે. મા વિનાના બાળકોની સ્થિતિ અત્યંત દયાજનક હોય છે. આથી જીવનનું સબરસ એ 'મા' છે. એનો ત્યાગ, એનું વાત્સલ્ય, એનું માધુર્ય એ તો સંતાનના જીવનની અણમોલ અદ્વિતીય મૂડી છે. આખા જગતનો આધાર માતની આંગળી છે. એની આંગળીમાં અભય છૂપાયેલો હોય છે. જો સામે વાઘ આવીને ઊભો હોય પણ બાળકે મા ની આંગળી ઝાલી હશે તો એને બીક નહીં લાગે! એની આંગળી નિર્ભયતા પ્રદાન કરે છે.

દરેક મહાન પુરુષોના જીવન ઘડતરમાં તેમની માતાનો ફાળો અનન્ય અને અણમોલ રહ્યો છે. તે બાળકની પ્રેરણાદાયિની છે. આથી કહેવાય છે કે... 'એક માતા સો શિક્ષકની ગરજ સારે છે.'

માતા સંતાનોના ચારિત્રનું ઘડતર કરે છે. તે થકી સમાજનું અને રાષ્ટ્રનું ઘડતર થાય છે. આ 'મા' બનવું પણ સહેલું નથી કારણકે તે અસહ્ય પીડા અને બલિદાન માંગી લે છે. તે વ્યક્તિને સારા નરસાની પરખ કરાવે છે.

જેમ આગળ 'મા'ના સંબોધન વિશે વાત કરી, તો તેના અર્થ વિશે પણ જાણીએ. બા - અનુભવી, મા - જનની, માતા - પ્રેરણા, મમ્મી - પ્રેમાળ, મોમ - માયાળુ, મમા - સંસ્કારી – હકીકતમાં મા ની વ્યાખ્યા આપવી એ તો અસંભવ છે પરંતુ આ રીતે મા ના ગુણોને જરૂર સમજાવી શકાય.

બીજા અર્થમાં... આ બધા ગુણોનો સરવાળો એટલે ''મા.''

ભારતીય સંસ્કૃતિ અનુસાર જોઈએ તો, દરેક દિવસ, એ મધર્સ ડે અને ફાધર્સ ડે હોય છે. કુટુંબને એક અને આનંદમયી રાખનારી 'મા'ને હંમેશાં આનંદ આપીને ખુશ કરીએ એ આપણી નૈતિક ફરજ છે.

ઉપરોક્ત સંદર્ભમાં આ વિશિષ્ટ સ્વરૂપનો વિશેષાંક એક નૂતન અભિગમ છે. સૌ વાચકવર્ગને તે ગમશે તેવી આશા છે. આ વિશેષાંક સંબંધી પ્રતિભાવો ખાસ આવકારપાત્ર છે.

*– દિનેશ આર. મહેતા*



જનની

# કચ્છના લોક સાહિત્યમાં મા-દીકરીના ભાવનાત્મક સંબંધો....



ડૉ. દિનેશ જોશી
M.A. (I Division), B.Ed., Ph.D.



"ગોળ વિના મોળો કંસાર, મા વિના સૂનો સંસાર" જેવા શબ્દો પ્રેમાનંદે નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈના મુખમાં મૂક્યા છે; જે સમાજમાં મા-દીકરીના ભાવનાત્મક સંબંધોનું નિરૂપણ કરે છે. અલબત્ત, નારીના આંતર જગતમાં ડોકિયું કરવું અઘરૂં છે. **દરેક પરિવારને આર્થિકથી માંડીને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ કરવામાં સિંહફાળો માતા-પુત્રીનો જ રહેલો હોય છે...** પણ માતા-પુત્રી વિશે લખવું સહજ નથી. આ નાનકડા લેખમાં કચ્છના લોક સાહિત્યની દૃષ્ટિએ મા-દીકરીના સાયુજ્યને સમજવા પ્રયત્ન કરીશું.

કચ્છના લોક સાહિત્યને પુષ્ટ કરવામાં માતા-પુત્રીનું પ્રદાન મહત્ત્વનું પરિબળ બનીને ઉપસી આવે છે. કચ્છના લોક સમાજની અભણ માતાઓએ પુત્રીઓને ગળથૂથીથી માંડીને જીવનના છેલ્લા શ્વાસ સુધી આર્થિક, સામાજિક, નૈતિક અને ધાર્મિક શિક્ષણ જે વૈજ્ઞાનિક ઢબે સાહજિકપણે આપ્યું છે, એ અદ્યતન યુગના કેળવણીકારો માટે સંશોધનનો વિષય બની રહે છે અને તેથી જ અભણ માતા પાસે ઔપચારિક શિક્ષણનો એકડોય ન ભણેલી કચ્છની લોકજાતિઓની દીકરીઓ "બે કુળ તાર્યાં"નું બહુમાન મેળવતી હોય છે. આવો, તમામ વિગતો સંક્ષિપ્તમાં નિહાળીએ.

કચ્છની કેટલીય લોકજાતિઓમાં દીકરીના જન્મને શુકનવંતો ગણી વિશેષ વધાવવામાં આવે છે.

***"જાઈ રૂડી રે જાઈ રૂડી, ઈનજે હથમેં ચાર ચૂડી,***
***અંગણેં રમે ત અધાકે ગમે, બાયણે રમે ત બાપા કે ગમે,***
***ફરિયે મેં રમે ત ફૂઈ કે ગમે, ડેલીએ રમે ત ડાડા કે ગમે,***
***શેરીએ રમે ત સૈયર કે ગમે..."***

***ભાવાર્થ :*** દીકરી રૂડી રે દીકરી રૂડી, એના હાથમાં ચાર ચૂડી. આંગણામાં રમે તો અધા (પિતા)ને ગમે, બારણે રમે ત બાપા (પિતાના મોટા ભાઈ)ને ગમે, ફળિયે રમે ત ફઈ, ડેલીએ રમે ત દાદા, શેરીએ રમે તો સખીઓને ગમે.

કચ્છના મોટાભાગની લોકજાતિઓ શ્રમકાર્ય પર નભતી જાતિઓ છે. દુષ્કાળના કપરા વરસોમાં બાવળિયાના ખૂંટે પછેડીનું છાંટિયું (ખોઇ) બનાવી, બાળકીને અંદર પોઢાડી માતા માટી ખોદવા મંડી પડે છે. સાથે હાલરડું ગાતા એનું ગળુ ગહેકી ઊઠે છે :

***"કાંભિયે સે લોડ પાણી ભર રે છોરી ડાહ્યલી,***
***કડલે સે લોડ પાણી ભર રે છોરી ડાહ્યલી... હાં.. હાં.. હાં..."***

***ભાવાર્થ :*** હે ડાહી દીકરી, કાંભિયા અને કડલા (કચ્છી ઘરેણા)નો ભાર ઉપાડી ગાગરથી પાણી ભરવા માંડ (ઘરેણા ભારરૂપ છે, ઉપયોગી ગાગર થશે. માટે ગાગરથી પાણી ભર.) વાસ્તવમાં સાચો વૈભવ માણી ન શકનાર લોકજાતિઓ કડલા અને કાંબીના લોક વૈભવમાં હિંચોડતી કન્યાને ગરીબી અને દુષ્કાળની કઠણાઈ કેટલી સહજતાથી સમજાવી દે છે! જાણે ઉલ્લાસમય ઉપહાસ!!!

કન્યા સહેજ મોટી થવા લાગતાં એની માતા પોતાની પુત્રીના બદલાતા મનોવલણને આનુષંગિક બુદ્ધિમત્તા અને તર્કશક્તિ ખીલે એવી રમતો પ્રત્યે પ્રેરે છે. પુત્રીની જેડલ (સખીઓ)ને ઘરે બોલાવી રમત રમાડે છે. એક કાંકરી લઈને કન્યાઓનું વૃંદ ગોળ કુંડાળુ કરી બેસે. જેના પર દાવ આવે એ કન્યા થોડે દૂર જઈ પીઠ વાળી આંખો મીંચી ઊભી રહે. એટલે કાંકરીને કોઈક કન્યા મુઠ્ઠીમાં સંતાડી દે. પછી સમૂહ સ્વરમાં ગવાય:

***"પો પો પૈયા કાગડો અપાર,***
***કાગડે જે મોંમેં કારા કપાસિયા,***
***હલ રે કાગડા કઢી બરે...***

પીઠ વળેલી કન્યા આંખો ખોલી વર્તુળાકાર સહિયરો પાસે આવે, તર્કનો ઉપયોગ કરી જે કન્યાની મુઠ્ઠીમાં કાંકરા હોય એના પર હાથ મૂકે. હવે કન્યા સહેજ મોટી થતાં માતા એને રસોઈથી માંડીને વણાટકામ, ગૃહ વ્યવસ્થા, ગૃહ સુશોભન, ભરત-ગૂંથણ

જેવા કાર્યોમાં પલોટવા માંડે છે, જે ક્રમશઃ નિહાળીઓ તો "ગજિયો તી ગાઈયાં, અમ્મા ગજિયો તી ગાઈયાં" ઉપરાંત "ધ્રાબો કૂટ્યો ત ભેણ, ભલે કૂટ્યો, નેં ધ્રાબો સીલમેં સીલાય..." જેવા શ્રમગીતો પ્રમુખ છે.

તો કચ્છની સૂકી ધરા પર વિચરતી કચ્છી નારીઓના વસ્ત્રો પર એમણે અનેક રંગીન ભાતો ઉપસાવી જીવનમાં કદી શુષ્કતા આણી નથી. માતાને પોતાની પુત્રીના પહેરવેશ પ્રત્યે બહુ જ ગર્વ છે. તેથી એ ગાઈ ઊઠે છે :

*"મુંજી ધીયલ જો લૂગડો, ઝળાંહળાં થીયે,*
*ખોંભી ફૂલદાર, કંજરી કોણીદાર,*
*ચણિયો ચટાકદાર... હલો ધીયારુ કચ્છડે..."*
*(ધીયારુ = દીકરી)*

વસ્ત્રોના રંગોની ઓળખ, ભરત-ગૂંથણ, લીંપણકામ જેવા કાર્યોમાં માતા અને પુત્રીના કર અને કંઠ વચ્ચે હરીફાઈ જામે છે. આ સાથે દીકરી યુવાનીમાં પગ માંડતા એનો અવાજ તીણો અને મીઠો થવા લાગતા જ માતા એને લીલી ઓઢણી ઓઢાડી દે છે. લોકજાતિમાં લીલો રંગ ફળદ્રુપતા અને માતૃત્વનું સૂચન કરે છે. તેથી જે તે જાતિના વડીલો જાણી જાય છે કે કન્યા પરણવા યોગ્ય થઈ ચૂકી છે. પરણવા લાયક દીકરીને માતાએ નાનપણથી જ ગૃહવ્યવસ્થા - સુશોભનની કેળવણી આપી અને તેથી પુત્રી દરરોજ સવારના નાહીને પાણિયારાને શુકન તરીકે લીંપે છે અને ગાય છે : "મુંજો પાણિયારો, સોનથી મઢેલો...." આમ, પાણિયારાથી માતાએ શરૂ કરેલી કેળવણી લોક ભરત દ્વારા વિશેષ પુષ્ટ બને છે. ભરત ભરતા દીકરી હોંશથી ગાઈ ઉઠે છે :

*"હું તો હોના હુરુખો ભરત બનાવસ રે*
*માંહે પૂતળીઓ રમેસ રાસ રે... હોના હુરુખો...*
*હું તો હોના હુરુખો કેડિયો બનાવસ રે,*
*માંહે નવલખાનો અજ્વાસ રે... હોના હુરુખો..."*

તો ચોમાસામાં લોક મેળાઓને ઉજવી કચ્છની લોકજાતિની સ્ત્રીઓ ખરા અર્થમાં "ઉત્સવપ્રિયા કચ્છી માતા-પુત્રી"ની યથાર્થતા સિધ્ધ કરે છે. રોજિંદા નીરસ કામમાંથી મુક્તિ મેળવીને કચ્છી નારી વ્રતો અને પર્વો ઉજવી એમાં માતા-પુત્રીના સ્નેહસભર સંબંધોની મિષ્ટતા ભેળવે છે.

**લોક મેળાઓની શરૂઆત કચ્છી નવું વર્ષ અષાઢી બીજથી થાય છે. માંડવીના દરિયા કિનારે મોટો મેળો ભરાય છે.** માંડવી શહેરની વિશિષ્ટતા છે કે શહેરની નારીઓ સવારના દરિયા કિનારે 'ઓરગ' કરવા જતી હોય છે (ઓરગ એટલે નાનકડી કળશ દૂધથી ભરીને સમુદ્રમાં રેડીને કરવામાં આવતી પૂજા). ત્યારે પુત્રી માતાને ધ્યાનથી નિહાળી રહે છે. માતા ગાઈ ઊઠે છે :

*"કુંજલિયું હાણે હલો પાંજે ઘરે,*
*કુંજ વિઠી આય ધરિયાજે બેટમેં,*
*હાણે ઘરે વિનીં માની ઘડિયું,*
*તોકે ત હિત ચૂણે જો નાંય પાર... કુંજલિયું..."*

પુત્રીને કુંજ (દરિયાઈ પક્ષી)ની ઉપમા આપી, ઘરે જઈ રસોઈ કરવાની ઉતાવળ હોવાનો ભાવાર્થ રહેલો છે કારણકે દીકરી તો મેળામાં ખાઈને પેટ ભરી લેશે.

મોળાકતના વ્રત દરમિયાન પુત્રી ગોરમાના પૂજન વખતે આ રીતે પોતાના સાસરા પક્ષની કલ્પના કરે છે :

*"ગોરમા રે, સોરો ડીજા સવાદિયા,*
*ગોરમા રે, સસ ત ડીજા ભૂખડિયા...!"*

આવા ગીતો દ્વારા કન્યા વયની બાલીશતા સાથે ભાવિ સંસારની કલ્પના થતી હોય છે. આમ રંગેચંગે ઉજવાલા લોક મેળાઓમાં અનૌપચારિકપણે કચ્છના લોકદેવો - દેવીઓ પ્રત્યેની નારી સહજ "લોકશ્રદ્ધા" પણ વણાઈ જતી હોય છે. અલબત્ત, લોકશ્રદ્ધા દુર્દમ્ય સંશોધન માંગી લે છે. કચ્છની નારીઓએ આ દેવો-દેવીઓને રોગોના રક્ષણ પૂરતા સીમિત ન રાખતાં, બારેમાસ વાર-તહેવારે, ઘર-કુટુંબ, ગામથી માંડીને જળના રક્ષણાર્થે માતૃપૂજા, શક્તિ પૂજા, પિતૃપૂજા, નાગ, ગાયથી તુલસી, વડ, પીપળા પૂજાથી પણ આગળ વધતી જ જાય છે...! સ્થળ સંકોચને લીધે આપણે એક જ ઉદાહરણ "લોકમાતા રાંદલ"નું જોઈએ.

નારીપ્રધાન લોક સંસ્કૃતિમાં 'રાંદલ' કુટુંબના દુઃખો દૂર કરનારી, માતૃત્વ પ્રદાતા, ફળદ્રુપતાની દેવી ગણવામાં આવી છે. ઘરની વહુઆરુની સીમંતવિધિ વખતે માતા પોતાની પુત્રીને પણ બાજુમાં બેસાડી ઉપરોક્ત 'રાંદલ પૂજા'ની વિધિનું જ્ઞાન આપે છે :

*"પેલે મેણે પેલો કાગર મોકલે ભવાની મા,*
*બે મેણે બ્યો કાગર મોકલે ભવાની મા...*

*આમ, નવ માસના અંતે....*

*"નોં એ મેણે કાનકુંવર જનમેઆ ભવાની મા*
*પુતર પીંગે લુઠે*
*નીલો નારિયલ ઝુલે..."*

આમ, નાનકડી દીકરીને પોતાના ભાવિ માતૃત્વ અંગેનો ખ્યાલ મળી રહે છે. તો લગ્ન અને ગૃહસ્થાશ્રમના ઓરતા પણ પુત્રીમાં માતા આ જ રીતે અનૌપચારિકપણે રોપે છે. "ઉકડી કે વધધે વાર ન લગે" (ઉકરડીને વધતા વાર ન લાગે. ઉકરડી = દીકરી) એ કહેવત અનુસાર દીકરી પુષ્પવય પ્રાપ્ત કરતા જ સગાઈ, લગ્નના પ્રસંગે ગવાતા ગીતોમાં માતા-પુત્રીના સાયુજ્યનું પ્રતિબિંબ મળી રહે છે. સગાઈ પ્રસંગે દીકરીને સાસરા પક્ષ તરફથી દાગીના પહેરાવતા જ મુસ્લિમ સમાજની માતા ગર્વભેર ગાઈ ઊઠે છે :

*"હેડા હેડા કડલા ત મુંજી ધી પેરે,*
*અસાં ત વટ્ટ ખાણું હો જાની અલ્લા..."*

(આવા ધીંગા કડલા મારી પુત્રી પહેરે છે. અમે વટ્ટ લઇએ છીએ. – મુસ્લિમ સમાજનું ગીત છે.)

કચ્છની લોક સંસ્કૃતિમાં નક્કર આભૂષણની અપેક્ષાએ સોનામાં સંબંધરૂપી સુગંધ પણ ભેળવવામાં આવી છે. એક લગ્નગીતમાં પુત્રીની માતા પુત્રીને "કસ્તુરી"ની ઉપમા આપી તેને વહેંચવાની કલ્પના કરે છે.

*"કસ્તૂરી કાંટેરી, તોળાઈ, કસ્તૂરી મોંઘેરી વહેંચાઈ,*
*સે તાં મુંજી ધીયલજે વિંયાંમેં વેચાણી... હોજી...*

*કન્યા વિદાયના પ્રસંગે માતાનું હૈયું હાથ નથી રહેતું :*

*"જાયું પરાયો ધન, મુંજી આઈયલ માં,*
*ધિલગીર મ થી... જાયું...*
*જાયું પરાયું કજે... મુંજી..."*

'દીકરી પરાયો ધન છે કે દિલ, તું દિલગીર ન થા. દીકરી પારકા કાજે છે' નો ભાવાર્થ છે અને અંતે માતા સોનેરી સલાહ આપે છે :

*"ઘરજી ગાલ્યું ઘરમેં રખજા, કઢીજા મ બાર રે..."*

અર્થાત્ ઘરની વાતો ઘરમાં રાખજો. ક્યાંય બહાર ન કાઢજો.

આમ, પરણ્યા બાદ સાસરાના સંયુક્ત કુટુંબમાં દીકરી ઠરીઠામ થાય એવો માતાનો અંતર્ભાવ કચ્છી લગ્નગીતોમાં છલકાય છે. તો પુત્રી પણ 'દૂધમાં સાકર' પેઠે ભળી જાય છે. સાસરા પક્ષના તમામ સભ્યો એને 'નવલખા હાર' જેવા લાગે છે.

*"નોં-નોં હીરે સે શોભે મુંજી સોહાગટીલી,*
*પેલો હીરો તાં મુંજો સોરો સોહાગી, પંજમેં પૂછાય...*
*નોં નોં...."*

મારી સૌભાગ્ય ટીલડી નવ-નવ હીરાથી શોભે છે. પહેલો હીરો મારા સસરા છે, જે પાંચમાં પૂછાય છે. આમ, નાજુકડી નણદલ, ભાભીઘેલો દેવરિયો, ભાવ ભરેલી ભાભી, માં-ઘેલો (પોતાનો) બાલુડો અને છેલ્લે... "મુંજે હૈયે જો નવલખો હાર" આવે છે.

અલબત્ત, વિદાય હંમેશાં વસમી હોય છે. પછીએ 'કન્યા વિદાય' હોય કે 'ચીર વિદાય.' કચ્છના લોક સાહિત્યમાં 'મરસીયા'માં મા-પુત્રીના વિલાપમાં પ્રેમનો કેવો પડઘો પડે છે એ નિહાળીએ...

જે કન્યાના હાથ પીળા કરવાના હોય, એનું ભરજોબનમાં મૃત્યુ થાય એ વખતની માતાની વેદના...

*"મુંજી ધીયલ હલઈ વઈ, દુખી માં કે છડી વઈ,*
*વાલીજા વીંયાં ગણાધા વા, વાલી કોડ છડી વઈ..."*

અર્થાત્ મારી દીકરી ચાલી ગઈ. દુઃખી માને મૂકી ગઈ. દીકરીના લગ્ન (ની ઘડીઓ) ગણાતી હતી, વ્હાલી કોડ મૂકીને ચાલી ગઈ.

પુત્રી સાસરામાં હોય છતાં માતાની કેળવણી એના કોઠે જ હોય. અને આ પરિસ્થિતિમાં પોતે પ્રૌઢ બની ચૂકી હોવા છતાં વૃદ્ધ માતાના સમાચાર મળતાં આ રીતે વિલાપ કરે છે...

*'જૂનો પંજરો છડી વઈ, વડી પોપટ ઊડી વઈ,*
*ઊડી વઈ પોપટી, ઈન જો વધી હિતે નાંય.'*

***અર્થાત્ :*** વૃદ્ધ પોપટી જૂનું પાંજરું છોડી ઊડી ગઈ. હવે એનું વતન અહીં નથી.'

આમ, માતા-પુત્રીનું સાયુજ્ય હાલરડાંથી મરશિયા સુધી અનંત વિસ્તરેલું છે. અરે, કચ્છી કહેવતો પણ માતા-પુત્રીના સંબંધને દર્શાવે છે. જે પૈકી : 'ઉકેડી કે વધધે વાર ન લગે' (કન્યા જલ્દી મોટી થઈ જાય), 'આઈ રુએ અટે કે, નેં ધી રુએ ઢીંગલે કે' (માતા લોટ માટે રડે છે, દીકરી પૈસા માટે), 'કાણી કીકી આઈ વખાણે' (કાણી પુત્રીને માતા વખાણે) જેવી કહેવતો માતા-પુત્રીના પ્રતીક કે અન્યોક્તિ દ્વારા સહેજ નકારાત્મક પણ સનાતન સત્ય કહી જાય છે.

*C/o. ધર્મેશ પટેલ, ૬/બી ગોકુલધામ સોસાયટી,*
*નલિયા - માંડવી હાઈવે, નલિયા, કચ્છ. ● મો. ૯૮૭૯૩ ૨૧૬૫૬*

## 'હજારો આચાર્યો કરતા એક માતા શ્રેષ્ઠ છે'

**(અનુસંધાન : પાના નં. – ૧૮ ઉપરથી ચાલુ)**

**આપણી પણ ફરજ બને છે કે જન્મદાત્રી માટે કંઈક કરી છૂટીએ.** તેને ધનદૌલત, મેવા મીઠાઈ કે ગાડી બંગલાની ઈચ્છા નથી. તેના સંતાન બે ઘડી તેની પાસે બેસે, 'બા, તને કેમ છે?' બસ આટલું પૂછે તો પણ તેના કરચલી મઢેલા વદન ઉપર સ્મિતની લકીરો અંકાઈ જશે. તેને ફોરેન ટુરની અપેક્ષા નથી પણ દીકરો આંગળી પકડી બાજુના મંદિર સુધી લઈ જાય તો પણ રાજીના રેડ થઈ જશે. અને હા, સાંપ્રત ભાગદોડના સમયમાં આજે કોઈ પાસે એટલો સમય નથી કે તપસ્યા કરી ભગવાનને પ્રસન્ન કરી શકે. **પણ એટલે જ ઉપરવાળાએ મા ને મોકલી છે ને? તેને ખુશ કર. એટલે ઇશ્વર પણ રાજી થશે.**

મા વિશે અસંખ્ય વાર્તાઓ, ગીત-કવિતા કે પ્રસંગો લખાયા છે. માતાના પ્રેમ માટે ઉમાશંકર જોશીએ લખેલ પંક્તિઓથી આપણે વાત પૂરી કરીએ.

"યૌવન ચાલી જાય છે, પ્રેમ ઓસરી જાય છે, મિત્રતા ખરી પડે છે પરંતુ માતાનો પ્રેમ સદા વધતો ને વધતો જ રહે છે.

*બાળકને જોઈને જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,*
*વત્સલ મૂરત સ્નેહલ સુરત, હૃદય હૃદયના વંદન તેને.*

*નંદભૂમિ એપાર્ટમેન્ટ, ફ્લેટ નં. - ૮૩૪,*
*ટી.એન. રાવ કોલેજ સામે, યુનિવર્સિટી કેમ્પસ પાસે,*
*રાજકોટ-૩૬૦ ૦૦૫. ● મો. ૯૭૧૨૧ ૭૭૯૯૯*



જનની

# માતા : પ્રેમની ગંગા



ડૉ. ભાવેશ જેતપરિયા



'મા' વિશે લખવા બેસીએ તો ભીતરનું શબ્દ ઝરણું અખૂટ વહ્યાં કરે. 'મા' એટલે વાત્સલ્યની સરિતા, પ્રેરણાની મૂરત, ભીની માટીની મ્હેક, વાસંતી લહેર, આશાઓનું ઝરણું. માતાનો મહિમા કરતા કહેવાયું છે કે જે કર ઝુલાવે પારણું, તે જગ પર શાસન કરે. માતા પ્રેમની ગંગા છે, સાક્ષાત્ પ્રેમની મૂરત છે. પહેલા મરઘી કે ઇંડું? એ રહસ્ય પોતાની પાસે રાખીને ઇશ્વરે પ્રેમનું સર્જન કરવા માટે જ જનેતાનું સર્જન કર્યું કેમકે માતા સુખનો સાગર છે.

*મુકુલ ચોક્સી સરસ કહે છે :*

*મનમાં જે રૂવે છે તે મા હોય છે,*
*ડાઘ જે ધૂએ છે તે મા હોય છે.*

*આવનાર કોઈ ન હોય તે છતાં,*
*રાહ જે જુએ છે તે મા હોય છે.*

*આખા ઘરને પ્રેમથી ઉઠાડ્યા બાદ,*
*અંતે જે સૂવે છે તે મા હોય છે.*

**માતૃત્વ નારીમાં જન્મજાત હોય છે. એની પાઠશાળા ખોલવાની જરૂર નથી.** ઢીંગલીને રમાડતી, સાચવતી બાળકીમાં અનાયાસ પ્રગટ થતું માતૃત્વ દેખાશે. માતા હોવું એ અનન્ય અનુભવ છે. પરિવારમાં માતાનું સ્થાન સૌથી શ્રેષ્ઠ છે. સવારમાં ઊઠે અને બાળક સ્કૂલે જવા બારણે ટાટા કરે ત્યાં સુધીમાં કરેલા કામને જુઓ તો વીસભુજાળી જોગમાયા લાગે છે. **વિધવા અભણ મા પણ પોતાના સંતાનને દુનિયાનું સર્વશ્રેષ્ઠ મનુષ્ય બનાવવા સંસ્કારોનું સિંચન કરે છે.** માના ખોળામાં બેસનારના ચહેરાની ચમક અલગ હોય છે. એટલે જ શાસ્ત્રોમાં જો કોઈને પ્રથમ ગુરૂ કહ્યા હોય તો એ માતા છે. માતાની આંગળી અભય છે. સામે સિંહ આવતો હોય અને મા પાસે હોય તો માનો પાલવ કવચ બની જાય છે. માના હૈયે મમતાના અખૂટ કુંભ ભરેલ હોય છે.

**માતાને ખરા દિલથી વંદન કરી, ચરણરજ લઇ માની દુવા સાથે કોઈ કામ આદરો એટલે ફતેહ નિશ્ચિત જ છે.** માના આશિષ રક્ષાકવચ બનીને સતત ચોકીપહેરો કરે છે. એક ઉર્દુ શાયર અઝીઝ માની દુવા વિશે યોગ્ય જ કહે છે :

*નદી કે પાસ ઘર હૈ ગમોં કો પાલા હૈ,*
*ખબર મિલી હૈ કિ સૈલાબ આનેવાલા હૈ.*

*કોઈ બલા ભી મેરે પાસ આ નહીં સકતી,*
*કે મેરી માને બલાઓમેં મુઝકો પાલા હૈ.*

*મૈં બચ ગયા તો કોઈ હૈરતકી બાત હી નહીં,*
*એ મેરી મા કી દુવા હૈ કિ હાદસે ટલ જાતે હૈ.*

'મા' એટલે ભાવની ચરણસીમા, મમતાનો ઝુલો, હૃદયનું સંગીત, વડલાની છાયા, અમૃતકુંભ, પરિવારની માળાનો દોર અને મેર, સંસારની સૂત્રધાર, જીવનનું સંગીત, વહાલનું અદ્ભુત ઊર્જાનો ખજાનો, સુવાસિત ફૂલનો ગજરો, ત્યાગની મૂર્તિ, સમર્પણનું સંગીત છે એટલે 'મા' બોલતા જ મોઢું ભરાઈ આવે અને આંખમાં અનેરા નૂર આવવા લાગે છે. **'મા' જનની છે. જનેતાનું ઋણ ક્યારેય ચૂકવી શકાય તેમ નથી. સંસારમાં માતા અજોડ છે.**

મા જનેતા છે. નવ નવ માસ ગર્ભધારણ કરનારી, જન્મ-મરણરૂપી તલવારની ધાર પાર કરનારી, જણતા જોર કરનારી મા છે. એ બાળકને જન્મ આપીને છૂટી નથી જતી. એને પોતાનું સર્વસ્વ નિચોવીને, અમિયલ ઘૂંટ પાઇને લાલનપાલન કરે છે. જીવનનું સુયોગ્ય ઘડતર કરનારી, સાચી સમજ આપનારી, પોતાના સુખનો ભોગ આપનારી, કષ્ટો વેઠીને બાળકની માવજત કરનારી જનેતા વિશે કવિ દલપતરામે યોગ્ય જ કહ્યું છે :

*મને દુ:ખી દેખી દુ:ખી કોણ થાતું*
*મહા હેતવાળી દયાળી જ મા તું*

*સૂકામાં સુવાડે ભીને પોઢી પોતે*
*પીડા પામું પંડે તજે સ્વાદ તો તે.*

જગતમાં વ્યાપકરૂપે જોઈએ તો માતૃત્વ જીવસૃષ્ટિમાં વ્યાપક રૂપે છવાયેલું જોવા મળે છે. ચકલીના માળામાં રહેલા બચ્ચાઓને

મોમાંથી ચણ આપતી કે કાગડાની નજરથી બચાવતી ચકલી હોય, તાજા અવતરેલા મઢુલીમાં રહેતા કુરકુરિયાનું જીવથી જતન કરતી કે બધા જ આંચળને વળગી રહેલા બચ્ચાઓને પયપાન કરાવીને રખેવાળી કરતી કૂતરી હોય, ભીખારણે પોતાની કૂણી કાંખે તેડેલ બાળકને માટે ભીખ માંગતી, પ્રથમ ભીખનું બટકું લઈ બાળક તરફ વાળતી ભીખારણ હોય – તમામના સંતાનો સમાન વાત્સલ્ય મેળવે છે.

'મા'નો મહિમા કરતી કેટલી કહેવતો અને સુવિચારો મળે છે. એમાં ખરેખર માનું યથાર્થ દર્શન મળે છે. 'મા તે મા, બીજા બધા વગડાના વા', 'એક મા સો શિક્ષકની ગરજ સારે', 'ગોળ વિના સૂનો કંસાર, મા વિના સૂનો સંસાર', 'માતાનું હૃદય બાળકની પાઠશાળા છે', **'માતા એ એવી ઋતુ છે જેને કદી પાનખર ન આવે', 'માતા જીવનરૂપી યુનિવર્સિટીની કુલગુરુ છે', 'માતા એ ઇશ્વરની અમૂલ્ય ભેટ'**, 'માતા વગરનું બાળક એટલે સાંકળ વગરનો દરવાજો' – એ વાક્યમાં જરાય અતિરેક નથી. માનો મહિમા યોગ્ય રીતે જ કર્યો છે.

માતા પાસે સંતાનના જન્મનું અને જીવાડવાનું રહસ્ય છે. બાળક બગલમાં સૂતું હોય અને ઊંઘ લેતી માતા પોતાના આંતરચક્ષુથી બાળકને જોયા કરે છે. જીવનરૂપી હાલરડાંની દોરી કે આયુષ્યની દોરી માતા પાસે છે. શાસ્ત્રોનો સાર, સંસારનો સાર, જીવતરનો સાર માતા છે. કવિએ માતાનો મહિમા બતાવતા તો એમ કહ્યું કે –

***મા હશે તો સો વરસ જીવી જવાશે,***
***અન્યથા વચ્ચે કશે અટકી જવાશે.***

***ધ્યાનથી માનો ચહેરો જોઈ લેજે,***
***સાર ગીતાનો તરત સમજી જવાશે.***

*(– ભરત ભટ્ટ)*

પોતાના અસ્તિત્વનું સર્વસ્વ અર્પણ કરનાર માની વાત કરવાની હોય ત્યારે આધુનિક મોડર્ન મોમને યાદ કરવી અસ્થાને છે. ડે સ્કૂલ અને ટ્યુશનમાં ધકેલી દેવામાં, યુનિફોર્મથી જ સપના આંજવામાં, બજારુ વસ્તુ તરફ વાળવામાં, પારણિયામાં ઓડિયો વગાડીને હાલરડાંથી બાળકને સુવાડવામાં બહુ મોટું જોખમ છે. બાળકનો ભાવકોષ સમૃદ્ધ કરવા માટે માતામાં કાબેલિયત હોય છે. ટી.વી. જોવામાં, મોબાઈલ પર સમય પસાર કરવામાં, શરીર સૌષ્ઠવ જાળવી રાખવામાં, ચહેરાનો રંગ જાળવી રાખવામાં, પ્રેમનું ઝરણું ઠીંગરાઈ ન જાય.

પિતાની ગેરહાજરીમાં માતા નાનાં બાળકોને જતનથી ઉછેરીને ડાળે વળગાડવા કાળી મજૂરી કરવા તત્પર રહેશે. બાળકને શિવાજી કે લવકુશ બનાવવાની ક્ષમતા માતામાં છે. માતાના અવસાન સમયે બાળકો નાના હોય તો વિધુર પુરુષ બીજું ઘર કરી લે તે સ્વાભાવિક છે. એટલે 'કોઈની મા ના મરજો' એવું કહેવાયું છે. પિતા પાસેથી પિતૃત્વની અપેક્ષા ફળીભૂત થાય પણ માતા મા-બાપ ઊભયનું વાત્સલ્ય છલકાવે છે. કપાતર પુત્રના મા-બાપ વૃદ્ધાશ્રમમાં રહેતા હોય. બાપ દીકરા પ્રત્યે આક્રોશ ઠાલવશે પણ માતા કદી બુરું બોલશે નહીં, વિચારશે પણ નહીં.

**માતા ત્યાગ અને સૌજન્યની મૂરત છે.** આઠ બાળકોની માતા હોય કે એકના એક સંતાનની! માતાને મન એનું પ્રત્યેક બાળક કાળજાનો કટકો જ હોય છે. માતા ગરીબ ઘરની હોય કે શ્રીમંત ઘરની, એના વાત્સલ્યનું ઝરણું તો અખૂટપણે વહે છે. બાળક બુદ્ધિશાળી હોય કે મંદબુદ્ધિ, માતાને મન કોઈ ભેદ હોતો નથી. મા એક એવી બેંક છે જ્યાં તમે બધા દુઃખ દૂર કરાવી શકો છો. બાળકનાં સુખે સુખી અને દુઃખે દુઃખી થનારી મા અણમોલ સંજીવની મૂડી છે. માતા પ્રેમની પૂતળી છે અને ઈશ્વરનું બીજું રૂપ છે.

*એક કવિએ યોગ્ય જ કહ્યું છે :*

***જજબાત અલગ છે પણ***
***વાત તો એક જ છે ને!***
***તેને મા કહું કે ભગવાન***
***વાત તો એક જ છે ને!***

'માતૃદેવો ભ્યો નમઃ' એ આપણો આદર્શ છે. વૈભવ વધારવામાં, પારિવારિક ઝઘડાઓમાં, બંગલાના રૂમ વધારવામાં માતા એક ખૂણે ન આવી જાય. માતાના અવસાન પછી ભગવત કથા કરવી, તક્તી પર નામ કોતરાવવું, માના નામે ઊંચા સાદે નામ બોલાવીને સમારોહમાં માનમોભો મેળવવાની ચેષ્ટામાં માનું મૂળ રૂપ ભૂલાઈ ન જાય. જીવતા જાણી લેવાનો, પૂજી લેવાનો, પામી જવાનો, સેવા કરીને આશિષ મેળવવાનો અવસર વહી ન જાય. અંતિમ વેળાએ સેવા કરી લેવી એ જ સાચું તર્પણ છે. મા પૂજનીય દેવી છે. માતૃ ભક્તોએ બીજા કોઈ વિધિવિધાન કરવાની જરૂર નથી.

માના હૈયે મમતાના અખુટ કુંભ ભરેલા હોય છે. આ સૃષ્ટિનું સર્જન કર્યા બાદ જ્યારે ઈશ્વરે બધી જગ્યાએ ન પહોંચી શકે ત્યારે તેણે માનું સર્જન કર્યું છે. **એક પલ્લામાં માની મમતા હોય અને બીજા પલ્લામાં જગતનું સર્વસ્વ હોય તો પણ માનું પલ્લું ઉંચકવું કઠિન.** ધરતીનો છેડો ઘર અને ઘરનો છેડો મા. મા અતુલીત, અજોડ, બેનમૂન છે.

***શ્રીમતી જે.એ. પટેલ મહિલા કોલેજ***
***મોરબી.***
***મો. ૯૮૭૯૮ ૩૫૭૧૭***

*જે પોતાને પ્રતિકૂળ છે, તેવું વર્તન બીજા પ્રત્યે કરવું નહીં.*



જનની

# મા તે મા, બીજા વગડાના વા



પ્રા. ડૉ. મધુસુદન વ્યાસ
અધ્યક્ષ : સંસ્કૃત વિભાગ

આપણી કહેવતો, આપણી લાગણીઓને સુંદર રીતે માતૃભાષામાં વ્યાખ્યાયિત કરે છે. તેમાં ઉપર દર્શાવેલ, શીર્ષકમાં દર્શાવેલ છે તે ‘‘મા તે મા, બીજા વગડાના વા’’ અનન્વય અલંકારનું ઉદાહરણ છે. જેનો અન્વય ન થઇ શકે, જેની તુલના ન થઇ શકે તે અતુલનીય. એ વાતને કહેવા રૂપે ‘મા તે મા...’નો રૂઢી પ્રયોગ કહે છે, દૈનિક બોલચાલની ભાષામાં વપરાય છે. એની અભિવ્યક્તિ પણ સચોટ છે. ‘મા’નું સ્વરૂપ કે તત્ત્વ કેવું છે તેને સંક્ષિપ્તમાં આ કહેવતમાં તે દર્શાવાયું છે.

પ્રાચીન સંસ્કૃત સાહિત્યના નાટ્યકારોમાં આદિપૂર્વજ ભાસ નામે નાટકકારનું નામ લઇ શકાય. તેમણે પોતાનાં તેર જેટલા સંસ્કૃત નાટકોમાં અવારનવાર શ્લોકોમાં અને ગદ્યમાં માતાનો ઉલ્લેખ કર્યો છે. માતાનો મહિમા અવાંતરે ભાસે એકવાર કર્યો છે. એક વાક્ય તત્કાલ એમના લેખનમાંથી સ્મરણમાં આવે છે – ‘‘माता किल मनुष्याणां देवतानां च दैवतम् ।’’ અર્થાત્ ખરેખર માતા, એ મનુષ્યો માટે અને દેવદેવીઓને માટેનું પણ દૈવત છે. આમ, અહીં મનુષ્યો ઉપરાંત દેવો માટે પણ માતાનું મહાત્મ્ય અવાંતરે વર્ણિત છે, દ્રઢાવેલ છે. માતાની દિવ્યતા જાણે કે વ્યક્ત કરી છે.

ખરેખર સાચો જીવનનો સમય એ જ કહેવાય કે માતાની સંગાથે આપણે જે સમય વિતાવ્યો હોય, એને જ સુવર્ણકાળ કહેવાય. માતાનો સ્નેહ નિર્વ્યાજ હોય છે, નિરપેક્ષ હોય છે. માટે જ ભાસ જેવા નાટ્યકારો અવારનવાર માતાના પ્રેમને, માતાના મહિમાને સ્વકીય શબ્દોમાં અભિવ્યક્ત કરે છે.

ગુજરાતી કાવ્યોમાં અવારનવાર માતાનો મહિમા વિવિધ કવિઓએ અભિવ્યક્ત કરેલ છે. ‘માતૃમુદ્રા’ નામે શીર્ષકની એક કવિતા - અછાંદસમાં યજ્ઞેશ દવએ ભરેલા ભીંડાનું શાક ખવડાવતી અને ઘર જુદા થયે પોતાનું માનીતું મેજ (ટેબલ) કવિને આપે છે એવું વર્ણવેલ છે કારણકે, એ ટેબલ પર અનેક કાવ્યોનું આલેખન યજ્ઞેશ કવિએ કરેલ છે. આમ, માતા નાની નાની બાબતોમાં પોતાના પુત્રનું હિત કે સુખ કે સગવડ જુએ છે. સમગ્ર કાવ્ય પણ રમણીય છે. માતા વિષયક કાવ્ય કેવું સાધી શકે? એની સત્ય ઘટના નીચે મુજબ છે.

જિતેન્દ્ર પ્રજાપતિ નામે કવિની એક કવિતા - મુક્તક વાંચીને એક ભાઈ ખૂબ રડેલા અને પોતાની માતાને ઘરડા ઘરમાંથી પાછી લઇને પોતાને ઘેર લાવે છે અને કવિને ફોન કરીને કહે છે કે તમારી કવિતાએ આવો ચમત્કાર કરેલ છે.

*જુઓ એ કાવ્ય :*

*ગઈ છે દૂર દુનિયાથી છતાં, સામે ખડી છે મા.*
*અમારે મન સદા ઈશ્વર તણી ખૂટતી કડી છે મા.*
*નિહાળું છું કદી ઘરડાંઘરો તો થાય છે મનમાં*
*ઉછેર્યો હેત આપી, એ જ દીકરાને નડી છે મા.*

માતા વિશેની વાત વિચારતા થાય છે કે કરુણ વાસ્તવ એ છે કે માતાનું દેહાવસાન થયા બાદ જ આપણી પ્રજામાં માતાનો મહિમા જાગી ઊઠે છે. **માતા જ્યારે જીવંત હોય ત્યારે જ એની સેવા-ચાકરી કરી લેવી ઘટે.** એને માટે અખૂટ ધીરજ જોઈએ. ઘણીવાર અતિ વૃધ્ધ બની ગયેલ માતાની દેહધાર્મિક ક્રિયાઓ પણ પુત્ર કે પુત્રીએ કરવાની આવે છે. પુત્રવધૂઓને માટે પણ આ કસોટી હોય છે. ઘણા કુટુંબોમાં સારી રીતે સહુ માતાની શરીરસેવા કરે છે. માનસિક રીતે પણ એમને સાચવતા હોય છે. પરંતુ ઘણા ઘરોમાં આવું નથી હોતું. એવા લોકોને જોઈને ઘણીવાર હૈયું ભરાઈ આવે છે, દુઃખ થાય છે, અશ્રુપાત કરવાનું બને છે. પરંતુ કોઈના કુટુંબમાં માતાની ઉપેક્ષા જોઈને આપણે કશું ન કરી શકવાનો અફસોસ થાય છે, ગ્લાનિ થઇ આવે છે.

દરેક પુત્ર કે પુત્રીને માતાને વિશે સ્નેહ તો હોય જ છે. ત્યારે પોતાની માતાની સેવા ન કરી શકનારે સમાજમાં જોવા મળતાં અન્ય વડીલો, માતાઓ, પિતાઓ, દાદાઓને જોઈને યથાશક્ય સેવા ચાકરી તન-મન-ધનથી કરવી ઘટે.

છેલ્લે ભગવાન રામે લક્ષ્મણને જે કહ્યું હતું તે શ્લોક સુંદર હોઈ રજૂ કરું છું :

*अपि स्वर्णमयि लंका न मे लक्ष्मण रोचते ।*
*जननि जन्मभूमिः च स्वर्गादपि गरियसि ॥*

*અનુવાદ* : ‘‘હે લક્ષ્મણ! સુવર્ણમયી લંકા હોવા છતાં મને નથી ગમતી. (કારણકે) મારી માતા અને જન્મભૂમિ સ્વર્ગાત્ - સ્વર્ગથી પણ મહાન છે.’’ આમ, સ્વમાતાનો મહિમા ભગવાન રામ કહે છે. એ વાત આપણને સહુને માતૃસેવાની પ્રેરણા આપે છે.

***ચાલો, આપણે સહુ માતાઓ, બહેનો, પુત્રીઓનો આદર કરીએ.***

*૯૭, જલદર્શન સોસાયટી, માલપુર રોડ,*
*મોડાસા-૩૮૩ ૩૧૫. ● મો. ૯૪૨૭૬ ૯૩૫૫૪, ૯૫૮૬૫ ૨૮૮૨૭*



જનની

# ‘હજારો આચાર્યો કરતા એક માતા શ્રેષ્ઠ છે’




બાલેન્દુશેખર જાની

*“મોહબ્બતના દુઃખની એ અંતિમ હદ છે,*
*મને મારી પ્રેમાળ ‘મા’ યાદ આવી.”*

*– મરીઝ*

મા, આમ તો એક અક્ષર. પણ એવું જરૂર કહી શકાય કે આ એકાક્ષરમાં સમગ્ર જગત સમાઈ ગયું છે. કારણકે જો મા ન હોત તો આપણે કદાચ આ જગત જોઈ શકત ખરા? **અને હા, બાળકને જન્મ આપી દીધો એટલે વાત પૂરી નથી થઈ જતી પરંતુ શરૂ થાય છે એક સફર.** જેમાં બાળ ઉછેરથી લઈ સંસ્કાર સિંચન, વિદ્યાભ્યાસ, ગુણ અને સભ્યતાથી લઈ તમામ પાઠનો સમાવેશ થાય છે. એટલે જ તો કહેવાય છે ને કે, ‘એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે.’



ખલીલ જીબ્રાને એક સરસ વાત લખી છે કે : “પ્રકૃતિની દરેક વસ્તુમાં માતૃત્વ છે. સૂર્ય પૃથ્વીની માતા છે અને તેને ગરમીથી પોષણ આપે છે. સાગરના સંગીત અને પંખીઓ અને ઝરણાના ગાન વડે તે પૃથ્વીને ઊંઘાડી ન દે ત્યાં સુધી જગતને છોડી જતો નથી અને આ ધરતી વૃક્ષોની ને ફૂલોની માતા છે. તે તેને જન્મ આપે છે, ઉછેરે છે અને આ વૃક્ષો અને ફૂલો તેમના મહાન ફળો અને બીજની માતાઓ છે. અને મા જે સઘળા અસ્તિત્વોનું પ્રારંભિક ફળ છે, તે અનંત આત્મા છે. સૌંદર્ય અને પ્રેમથી પૂર્ણ.” **ખલીલ જીબ્રાન**ની આ વાત માતૃત્વનો મહિમા ઉજાગર કરે છે.

જેમ લોહીનો કોઈ પર્યાય નથી તેમ મા નો પણ કોઈ વિકલ્પ નથી. કદાચ એટલે જ તો કહેવાતું હશે ને કે, “મા તે મા, બાકી બધા વગડાના વા.”

**કવિવર રવીન્દ્રનાથ ટાગોરે** પણ લખ્યું છે કે : ‘મા નો અર્થ દુનિયાની બધી જ ભાષાઓમાં ‘મા’ થાય છે.’

નવજાત શિશુ પ્રથમ બોલતા શીખે તો મા શબ્દ બોલે છે. આપણને ઠેસ વાગે તો મુખેથી ‘ઓ મા’ તેવું બોલાઈ જાય છે. માતાના આપણી ઉપર અનેક ઉપકારો હોવા છતાં એ કદી આભારની ઉઘરાણી નથી કરતી. અનેક ઋણ હોવા છતાં મા નિર્વ્યાજ સ્નેહ વરસાવતી રહી છે.

**બરકત વીરાણી** લખે છે ને... ‘માતા કદી મરતી નથી અને બાળક કદી મોટો થતો નથી.’

આપણે જે કાંઈ છીએ તે આપણી માતાના આશીર્વાદથી છીએ. ક્યારેક એવો વિચાર આવે કે, મા આટલું આટલું કરે છે, તો લાવ હું તેનું વટક વાળી દઉં! પણ એ શક્ય છે ખરું? તેનો જવાબ **ઉમાશંકર જોશી**એ લખેલા આ શબ્દોથી મળી જશે. તેમણે લખ્યું છે કે... **“માતાનું ઋણ અનેકવિધ હોય છે. માતાનું ઋણ કોણ ચૂકવી શક્યું છે?** ખરું જોતા એ ઋણ નથી. ઋણ ગણીને એને રૂપિયા પૈસામાં હિસાબ માંડવામાં આવે અને જગતની માતાઓના ઋણ ચૂકવવાનો સ્વયં ભગવાન હવાલો લે તો ભગવાનનું પણ દેવાળું નીકળે.’

ઉમાશંકર જોશીએ લખેલી આ વાત પ્રમાણે માની મમતાનું ઋણ ચૂકવવાની આપણી હેસિયત નથી. તો સામા પક્ષે મા બદલાની આશા રાખતી નથી.

**એક યહૂદી કહેવત છે કે... “ઇશ્વર સદેહે બધે પહોંચી શકે નહીં, માટે એણે માતાનું સર્જન કર્યું.”**

વાત સાચી છે. કેમકે આપણા માટે માતા ઈશ્વરનું સ્વરૂપ જ છે ને! પાશ્ચાત્ય સંસ્કૃતિની બદૌલત આજકાલ વિવિધ ડે ઉજવાય છે. જેમાં એક મધર્સ ડે પણ છે. એ દિવસે સોશિયલ મીડિયા ઉપર માતાની તસવીર અને કોટેશન્સની ભરમાર જોવા મળે છે. પણ બીજે દિવસે જાણે ઉભરો શમી જાય છે! પરંતુ મા ને કદી આવો દિવસ ઉજવવો નથી પડતો કેમકે **તેના હૃદયમાં તો સંતાનો માટે ૨૪ X ૭ વાત્સલ્યનું ઝરણું અવિરત વહેતું જ રહે છે.** કારણકે તે મા છે. કાળું ધોળું, લૂલું કે લંગડું કે ગમે તેવું બાળક હોય, માતા માટે તે કલેજાનો ટુકડો હોય છે.

**હેલન કેલરે** પણ લખ્યું છે ને કે... “માતા ધન સંપત્તિ, પ્રતિષ્ઠા, સુખ સગવડ આપી દેવા તૈયાર થશે પરંતુ પુત્ર કદી નહીં આપે.”

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૪ ઉપર)



જનની

# મા નો કોઈ પર્યાય નથી



ડૉ. કાલિન્દી પરીખ

*જનની જન્મભૂમિશ્ચ જાહનવી ચ જનાર્દન ।*
*જનકઃ પઞ્ચશ્ચૈવ જકારાઃ પઞ્ચ દુર્લભઃ ॥*

જનની (માતા), જન્મભૂમિ (માતૃભૂમિ), જાહન્વી (ગંગા), જનાર્દન (ભગવાન) અને જનક (પિતા) એ પાંચ 'જ'કારવાળા પદાર્થો દુર્લભ હોય છે.

આ બધામાંય 'મા' અતિ દુર્લભ છે. તેથી જ તો પ્રથમ 'જનની' શબ્દ મૂકવામાં આવ્યો છે. જગત પર શ્વાસ લેતો પ્રત્યેક જીવ પ્રથમ માનો જ ચહેરો જુએ છે. અરે, જન્મ પહેલાથી જ માને શ્વસતો હોય છે, સાંભળતો હોય છે. તેના જ લોહી-માંસથી તેનો પિંડ આકારાય છે. પ્રથમ અક્ષર 'મા' જ ઉચ્ચારાય છે. જગતની સર્વ ભાષાઓમાં 'મા'નો અર્થ 'મા' જ થાય છે. જેને કોઈ ઉપમા ન આપી શકાય એનું નામ છે — 'મા.' **જેના પ્રેમને ક્યારેય પાનખર નથી આવતી, એનું નામ છે 'મા.' સંસારની બે કરુણતા છે : મા વિનાનું ઘર અને ઘર વિનાની મા.** કરોડોની સંપત્તિ હોય, વિશ્વવ્યાપી ધંધો-કારોબાર હોય, પ્રધાનો અને નેતાઓ પણ જેના કદમ ચૂમતા હોય તેવો માંધાતા પણ મા વિનાનો તો એકડા વિનાના મીંડા જેવો જ છે. તેની બધી જ સંપત્તિ શૂન્ય છે.



જે મસ્તક પર માનો હાથ ફરે છે તે જ મસ્તક ઉન્નતશિર કહેવાય અને **જે માના હૈયાને ઠારે તેને જ ઉન્નત શિરે જીવવાનો હક્ક છે. જે જીવ નાનો હતો ત્યારે માની પથારી ભીની રાખતો અને મોટો થઈ માની આંખડી ભીની રાખે છે તેને ધિક્કાર છે. અગણિત ઉપકાર છે એના.** તેના સ્નેહનું - વાત્સલ્યનું મૂલ્ય કોઈ રીતે ચૂકવ્યું ચૂકવાય તેમ નથી. તેણે કરાવેલા નિઃશુલ્ક, નિર્વ્યાજ સ્તનપાનનું મૂલ્ય તેની અંતિમ વેળાએ તેના મુખમાં ગંગાપાન કરાવીને પણ ચૂકવી શકાતું નથી. સ્નેહમયી, મમતામયી એ મા ઝંખે છે — કેવળ બે મીઠા બોલ. એને પોતાના સંતાનો પાસેથી કાંઈ જોઈતું નથી. જેણે આપણને બોલતા શીખવ્યું, ભાષાનો પ્રથમ પરિચય કરાવ્યો, તે જ મા પોતાના સંતાનોના બે બોલ સાંભળવા તલસતી રહે એ કેવી ક્રૂરતા! કેવી કરુણતા!

**'મા' ને 'ક્ષમા' બંને એક છે કેમકે બંન માફી આપવામાં નેક છે. મા તો ગુરુ કરતાં પણ શ્રેષ્ઠ છે.** તે 'ગુરુણામ્ ગુરુ' છે. પિતા ગમે તેટલા મહાન હોય તોય તેની પાસે વામણા છે, એવી વિરાટ છે મા. હિમાલયની ઊંચાઈ, આકાશની અનંતતા, સમુદ્રની અગાધતા એ સઘળાથીય ઊંચી, અનંત અને અગાધ છે મા. મા એ ધરતી છે. સહનશીલતા અને ધૈર્યની મૂર્તિ છે, જે હંમેશાં વાટ જુએ છે તે મા છે. **કહેવાય છે ને કે જે આપીને રાજી થાય તે મા અને લઇને રાજી થાય તે પત્ની.**

મા ની નજરમાં કશુંક એવું દિવ્ય, અલૌકિક છે. એક કાળા, કુબડા બાળકને માની નજરે જોઈ જુઓ. તમને એમાં કૃષ્ણ - કનૈયાના દર્શન થશે. માની એ બે અમૃતમયી આંખડીમાંથી ઝરતા નેહ પાસે તો ખુદ ઈશ્વરને પણ ઝુકી જવું પડે છે. અરે, દોરડે બંધાવું પડે છે. એટલે જ સાક્ષાત્ પરબ્રહ્મ યોગેશ્વર શ્રીકૃષ્ણને યશોદાનો છૈયો થઈને એના હાથે નંદાલયના પ્રાંગણમાં દોરડે બંધાવું પડ્યું હતું.

મા તો દેવોનેય દુર્લભ છે. બસ મા તે મા છે, બીજા વગડાના વા છે. તેથી જ કવિ બોટાદકર કહે છે : "જનનીની જોડ સખી નહીં જડે રે લોલ." જગથી અનોખી એની રીત છે. જગતના જોવાના કાટલા જુદા હોય છે અને મા પોતાના સંતાનોને કોઈ કાટલાથી માપતી નથી હોતી. તે તો કાળજડે, પાલવડે સાચવતી હોય છે. એટલે જ તો પોતાનું કાળજુ માગતા પુત્રને ઠેસ વાગતા, "બેટા, તને વાગ્યું તો નથી ને?" એમ પૂછી તેની ચિંતા કરે છે.

જગતને માની દૃષ્ટિ મળી જાય તો જગતમાં ક્યાંય યુધ્ધ ન રહે. મંદિર - મસ્જિદ, ગંગા-જમના સઘળું કંઈ માના ચરણોમાં છે. એક કવિએ કહ્યું છે : **"બા! પહેલા આંસુ આવતા ત્યારે તું યાદ આવતી અને આજે તું યાદ આવે છે અને આંસુ આવે છે."** કારણકે તે સર્વ કારણોથી ઉપર

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૪ ઉપર)



જનની

# હે મા! તેરે આગે ભગવાનકી સૂરત ક્યા હોગી!!



સુષ્મા શેઠ

'મા' — નાનકડા એકાક્ષરી શબ્દમાં જાણે આખેઆખો દળદાર શબ્દકોશ સમાઈ જાય છે. નજર સમક્ષ કરુણાસભર લાગણી નીતરતી વ્યક્તિ તરવરવા માંડે. દરેકને પૃથ્વી પર લાવનાર વ્યક્તિ એટલે મા. બાળક જન્મે એ પહેલાં માનો જન્મ થતો હોય છે. સમગ્ર બ્રહ્માંડમાં જો સૌથી અજાયબ અને અદ્‌ભુત ઘટના બનતી હોય, તો તે એક માદા શરીરમાં ગર્ભનો વિકાસ થવો અને તેના દ્વારા બીજા શરીરને જન્મ આપવો તે છે. માણસજાત ગમે તેટલી પ્રગતિ કરે, **આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના આ યુગમાં માનવ-રોબોટ પેદા કરે પરંતુ એક મા અથવા માની લાગણીઓ તે ક્યારેય પેદા નહીં કરી શકે.** એક સ્ત્રીને જ્યારે ખબર પડે કે એ ગર્ભવતી છે ત્યારથી જ કેટલીયે લાગણીઓ અને મમતાથી એ છલોછલ બની જતી હોય છે. તો સામે બાળક માટે મા એટલે તેની દુનિયા, તેનું સર્વસ્વ. બહુ જાણીતી ઉક્તિ છે : "મા તે મા, બીજા બધા વગડાના વા."

મા એટલે માથે ફરતો સુંવાળો હાથ. મા એટલે છાતીમાં ભરાયેલા ધાવણમાં ભરપૂર સ્નેહ ઘૂંટીને અમૃત પીવડાવતી વ્યક્તિ. મા એટલે ગમે તેવું દર્દ સહીનેય બાળકને જન્મ આપતી જનેતા. પછી તે માનવની હોય કે પછી પશુ-પંખીની અબોલ માતા હોય. મા એટલે પોતાના બચ્ચાનું રૂદન સાંભળી દુઃખી થતી એવી વ્યક્તિ જે પોતાની જાતને ભૂલી બાળકમાં ઓતપ્રોત થઇ જાય છે. નવ માસ ગર્ભને ઉદરમાં પાળી પોષીને જન્મ આપનાર જનેતા એ અંગે ભાગ્યે જ ફરિયાદ કરે. માતા માટે નવજાત શિશુનું મોઢું નીરખવાનો હરખ પ્રસુતિની અસહ્ય પીડાનેય ભૂલાવી દે છે.

કહ્યું છે ને કે દરેક સ્થળે ઈશ્વર હાજર નથી રહી શકતો માટે તેણે મા બનાવી. માનું સમગ્ર ધ્યાન, તેનું સમગ્ર ચિત્ત, પોતાના બાળકમાં રોકાયેલું હોય છે. પછી તે ગ્રામ્ય માતા હોય કે શહેરમાં વસતી આધુનિક નારી. આ દેશની વતની હોય કે વિદેશમાં વસનારી. ઘરરખ્ખુ ગૃહિણી હોય કે નોકરી કરતી નારી, મા એટલે મા. લાડ કરી જમાડનાર, મુખમાં કોળિયા ભરાવનાર મા છે અને સમય આવ્યે બાળકને વઢીને, કાન પકડીને સાચો માર્ગ બતાવનાર પણ એક મા જ છે. ઈશ્વરે કોમળ નારીના હૃદયમાં લાગણીનો ભંડાર મૂકી દીધો છે અને તેમાંય માની બાળક પ્રત્યેની લાગણીઓ અસ્ખલિતપણે વહ્યા કરતી હોય છે. **મા પોતે ભૂખી રહી શકે છે પરંતુ પોતાના વહાલસોયા બાળકને કદાપિ ભૂખ્યું ન જોઈ શકે.** મોહ માયાના તાંતણા ગૂંથી, નિઃસ્વાર્થ સ્નેહના રંગે રંગાયેલ હેતાળ હર્યુંભર્યું પોત પહેરનાર માની તોલે કોઈ ન આવે. મા એટલે વાત્સલ્યનો અણમોલ ખજાનો. એને ગુમાવનાર કમભાગી જ કહેવાય. વિદેશોમાં વર્ષે એક દિવસ "મધર્સ ડે" ઉજવાય છે. આપણે ત્યાં તો એ બારેમાસ! **માએ હોંશે હોંશે બનાવેલું અથાણું બારેમાસ રહે છે. તેમાં કેરી, તેલ, મરચું, મીઠું, મસાલો તો ઠીક, મૂળ તો મા ની આંગળીઓમાંથી નીતરતું વહાલ અને કાળજી તેને બગડવા નથી દેતું.**

પ્રાણીઓ, પંખીઓમાં પણ મહત્ત્વની ભાવના ઊડીને આંખે વળગે તેવી હોય છે. ગલુડિયાંને ચાટતી માદા કે પછી ધાવતા વાછરડાને હેતે નવડાવતી ગાયનું અદ્‌ભુત દૃશ્ય જોઈએ ત્યારે ખ્યાલ આવે કે દરેક માતાની ભીતર મમતા નામની એક સહજ વૃત્તિ હોય છે, જે કુદરતી છે. પક્ષીઓય બચ્ચાંઓની ખૂબ કાળજી લેતા જોવા મળે છે. કોઈપણ મા પોતાના બાળકને મમતાથી વંચિત ભાગ્યે જ રાખી શકે.

સામાન્યતઃ બાળક સૌથી પહેલો અક્ષર બોલે છે તે છે : મમ, મા, મમ્મી, મૉમ, અમ્મી, બા વગેરે. એટલે કે બાળક માને સૌ પ્રથમ ઓળખે છે, તેની સાથે નિકટતા અનુભવે છે અને સૌપ્રથમ તેનું જ ઉચ્ચારણ કરે છે. લાગણીનો તંતુ જનેતા સાથે જોડાય તે સ્વાભાવિક છે. નાળ વિચ્છેદ થાય પણ જનેતા સાથે લોહીનું સગપણ કાયમ રહે છે.

**મા એટલે મુલાયમ પાલવ હેઠળ ધરબાયેલી લાગણીનો ધોધ. મા એટલે બાળક ઊંઘી જાય ત્યાં સુધી જાગતી વ્યક્તિ.** મા એટલે ઘરની બહાર ગયેલ બાળકની રાહ જોતી, કદી ન થાકતી સ્ત્રી. 'મા' શબ્દ સાથે જ નજર સમક્ષ બાળકને છાતીએ વળગાડી વહાલ વરસાવતી સ્ત્રી દેખાય કે પછી બાળકને આંગળીએ વળગાડી રસ્તો ક્રોસ કરાવતી નારી નજરે પડે. **બાપ કુટુંબનું મગજ છે તો મા એ પરિવારનું હૃદય છે.** મીઠા મધુરા હાલરડાં ગાઈ બાળકને પોઢાડવું જાણે મા નો જન્મસિદ્ધ હક્ક અને ધર્મ. અભાનપણે કે સભાનપણે નિરંતર બાળકનું ધ્યાન રાખનાર, તેની કાળજી લેનાર કે ચિંતા કરનાર મા સિવાય કોણ હોઈ શકે?

એક સશક્ત માતા બાળકનું મજબૂત ઘડતર કરવા સક્ષમ છે. કેટલીયે સ્ત્રીઓ ઘર બહાર કામ કરવા, નોકરી કે રોજીરોટી રળવા જાય ત્યારે તેનું મન તો તેનું ઘરે મૂકીને આવેલ બાળકમાં જ હોય છે. પોતાનું બાળક બરોબર હશે ને? એવી ફિકર તેને સતાવતી રહેતી હોય છે અને બાપનેય પોતાના બાળક પાસે તેની મા છે એ વિચારે મોટી રાહત હોય છે. એ નિશ્ચિંત હોય છે. ગામડું ગામ હોય કે અમેરિકા જેવો વિકસિત દેશ હોય, બાળકના ઉછેરની જવાબદારી મોટાભાગે તેની માતાને માથે જ હોય છે. એય ખરું કે જે તકેદારી અને કાળજીપૂર્વક એક મા બાળકને ઉછરે તેવું બીજું કોઈ ન કરી શકે. **બાળકના ઘડતર અને ભણતરનો ઘણો બધો આધાર તેની માતા પર હોય છે.** કહ્યું છે ને, એક મા બરાબર સો શિક્ષક. જીજાબાઈ જેવી માતાએ દેશને વીર શિવાજી આપ્યા. પુતળીબાઈએ ગાંધીજી આપ્યા. સમાજની સેવામાં જીવન સમર્પિત કરનાર સ્ત્રીને મધર ટેરેસાનો ખિતાબ અપાય છે.

એવા તો અસંખ્ય દાખલાઓ છે કે માતાઓએ એકલે હાથે હિંમતપૂર્વક બાળકોને ભણાવ્યાં, મોટા કર્યા અને પરણાવ્યાં હોય. માની ખોટ કોઈ કદીયે પૂરી ન શકે. માના ત્યાગ અને સમર્પણની અનેક ગાથાઓ મળી આવશે. આપણે આપણા દેશને પણ ભારતમાતાનો દરજ્જો આપીએ છીએ તે માતા પરત્વે પ્રેમ અને અભિમાન દર્શાવે છે. આપણી સંસ્કૃતિમાં તો નદીઓનેય માતા કહેવાઇ છે કારણ એ જ કે નદીઓ ધરતીને સીંચે છે, તેને હરિયાળી બક્ષે છે અને ખેતરમાં ઉગતાં પાક, ધન-ધાન્યને લહેરાતા રાખે છે. બરાબર એ જ રીતે જે રીતે માતા પોતાના સંતાનોને ઉછેરે છે, મોટા કરે છે.

થાળીમાં ભાણા સાથે જે સ્નેહ પીરસે, તે છે મા. **દરેક માતા એક સ્ત્રી છે અને સ્ત્રી જ મકાનને ઘર બનાવે છે. સ્ત્રી ઘરનાને એકસૂત્રે બાંધે છે.** ઘર આખામાં ફરી વળતી સ્ત્રીનો હાથ જ્યાં ફરે છે તે સ્થાન મંદિર બની જાય. વળી ઘરમાં જ્યાં જ્યાં નજર ઠરે ત્યાં માની યાદી ભરેલી દેખાય. જીવનમાં જો કોઈ ઉત્તમોત્તમ અનુભવ હોય તો એ માનો સ્પર્શ જ હોઈ શકે. માતાનો લહેરાતો પાલવ જે શાતા અર્પે છે તે હિમાચ્છાદિત પર્વતોય નથી આપી શકતા. અરે ભાઈ, **આખો સંસાર નાનો લાગે છે જ્યારે 'મ'ને કાનો લાગે છે.**

પિતાના કડપ સામે ધરાતું કવચ એટલે મા. આંખે ઉજાગરા આંજીને સતત જાગતી વ્યક્તિ મા સિવાય બીજું કોઈ હોઈ શકે? ધગધગતા તાવમાં કપાળે મૂકાતા પોતા અને પોતાની માંદગીની ફિકર કર્યા વગર બાળકોના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરતી વ્યક્તિ એટલે મા.

**ભાષાઓનેય માતૃભાષા અથવા મધર ટંગ કહેવાય છે.** કારણ મા સરસ્વતી છે, લક્ષ્મી છે, અંબા છે, જશોદા અને જાનકી છે. બાળકમાં સંસ્કાર રેડવાનું કામ મા કરે છે. ખરી રીતે તો દરેક મનુષ્યનું અવતરણ માતાના ઉદરમાંથી જ થાય છે. **માટે જ મા છે તો માણસજાત છે અને માણસજાત છે તો દુનિયા છે.**

ભગવાન શ્રીકૃષ્ણને દેવકીએ જન્મ આપ્યો, જ્યારે ઉછેરનાર માતા જશોદા હતી. આથી તેનો મહિમા ગવાયો છે. બાળકને ઉછેરીને મોટું કરનાર મહાત્મ્ય જન્મ આપનાર કરતાં અનેકગણું વધી જાય છે. વિજ્ઞાન એટલું બધું આગળ વધ્યું છે કે આઈ.વી.એફ. ટ્રીટમેન્ટ, સરોગસી (કૂખ ભાડે આપવી) અને ટેસ્ટ ટ્યુબ બેબી જેવી શોધખોળો સફળ નીવડી છે. માટે કોઈ સ્ત્રી ઈચ્છે તો બાળક વિહોણી ન રહે. સાથે જ બાળકને દત્તક પણ લઈ શકાય છે. એટલે હું તો ઇચ્છું કે કોઈ બાળક પણ માતા વિહોણું ન રહે. અનાથાલયોમાં દેખરેખ રાખનારી સ્ત્રી પણ ગૃહમાતા જ કહેવાય છે.

આપણા ધાર્મિક ગ્રંથોમાં, ઇતિહાસમાં તેમજ સાહિત્યમાં પણ માતાનો મહિમા ગવાયો છે. આંધળી માનો પત્ર કે પછી લોહીની સગાઇના અમરતકાકી – આવા અનેક પાત્રો માતાની પોતાના બાળક માટેની પીડા અને વ્યથાની ચરમસીમાનું ચિત્ર રજૂ કરે છે. ક્યારેક હિંમત ગુમાવી દેતી માતા જ પોતાના હતાશ થયેલા બાળકોને હિંમત આપી આગળ વધવા પ્રેરે છે. એક પિતાને એકલપંડે બાળક ઉછેરવું અઘરું હોય છે પરંતુ મા તે કાર્ય સુપેરે પાર પાડી શકે છે. **પિતા, એ બાળકોના માથે છત્ર સમાન છે તો મા તેમના પગ તળેની જમીન સમાન છે.** માતા ભર તડકામાં છાંયડા સમાન છે.

એક હિંદી ફિલ્મનો બહુ જાણીતો સંવાદ. એક ભાઈ બીજા ભાઈને પૂછે છે, **"મેરે પાસ ગાડી હૈ, બંગલા હૈ, દૌલત હૈ... તેરે પાસ ક્યા હૈ?" ત્યારે તેનો જવાબ, "મેરે પાસ મા હૈ..." સાંભળી રુંવાડા ઊભાં થઈ જાય.** એ બતાવે છે કે ગમે તેટલા ધનદોલત સામે ફક્ત એક માનું પલડું ભારી થઈ જાય છે. બાળકના ઉછેર માટે જાત અર્પણ કરી દેનાર અને સમાજ સામે ઝઝુમનાર અનેક માતાઓને શત શત વંદન.

સંસ્કૃતમાં જાણીતો શ્લોક છે : "માતૃદેવો ભવઃ" એટલે કે માતાને દેવ સમાન દરજ્જો અપાયો છે. દરેક માતાઓ પૂજનીય છે, આદરણીય છે. હું તો માનું છું કે **માની કાળજી લેનાર, તેની સેવા ચાકરી કરનારને મંદિર જઇ ભગવાનના દર્શન કરવાની જરૂર નથી.** માતાની ઉપાસના કરવી એ એક પ્રકારે આચરણમાં મૂકાયેલ ધર્મ જ છે.

*છેલ્લે સારાંશમાં એટલું જ કે, "મા તે મા."*

*૮૦૧, પ્રકૃતિ ટાવર્સ, ૮મા માળે,*
*આઇનોક્સ મલ્ટીપ્લેક્સ સામે,*
*રેસકોર્સ સર્કલ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૮૨૪૫ ૨૨૨૪૩*




જનની

# માતા-પિતા એટલે ઘરશાળા



ભીખુભાઈ પટેલ
(પત્રકાર, સહતંત્રી, આર.ટી.આઈ. એક્ટિવિસ્ટ)

ગુજરાતમાં કહેવત છે કે, ''એક માતા સો શિક્ષકની ગરજ સારે છે.'' આ ઉક્તિને હવે પુરવાર કરવી પડશે. ભૂતકાળમાં માતા-પિતા શિક્ષિત નહોતા છતાં બાળકોને (સંતાનને) સુસંસ્કારી બનાવવા માટે હૃદયપૂર્વક પ્રયત્ન કરતા હતા. કન્યા કેળવણીનો વ્યાપ ઓછો હતો. સમાજમાં દીકરીઓને શાળાએ ભણવા માટે માતા-પિતા મોકલતા ન હતા. તેથી મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ નહિવત્ હતું. **પરંતુ ૧૯૮૦ના સમય બાદ કન્યા કેળવણી માટે જાગૃતિ આવી અને ધીરે ધીરે દીકરીઓ ભણતી થઈ.** ધોરણ-૧૦ (SSC)થી આગળ વધી ધોરણ-૧૨ (HSC)માં બેસતી થઈ. ધોરણ-૧૨ પછી ઉચ્ચ અભ્યાસક્રમોમાં જોડાઈને સ્નાતક અને અનુસ્નાતક સુધી પહોંચી. આમ, ગુજરાતમાં ગામે ગામ અને શહેરની અંદર દરેક પરિવારોમાં વહુ-દીકરી શિક્ષિત જોવા મળે છે.



દરેક માતા-પિતા શિક્ષિત હોવાને લીધે પોતાના સંતાનો ઉચ્ચ શિક્ષણ સારા ટકા મેળવી પ્રાપ્ત કરે તેવી ખેવના રાખે છે. હવે સમય પછાતપણાનો નથી. મોબાઈલ ફોન, ટી.વી., લેપટોપ, કોમ્પ્યુટર, આઈ પેડ, ફેસબુક વગેરેનો તીવ્ર હરીફાઈવાળો યુગ ચાલી રહ્યો છે. ત્યારે માતા-પિતાએ પોતાના ઘરમાં શાળા શરૂ કરવી પડશે. જેને આપણે ઘરશાળા કહીશું અથવા તો પરિવાર શાળા કહીશું. દરેકના મનમાં પ્રશ્ન એ થશે કે બાળકો શાળામાં જાય છે તો ખરા, પછી ઘરશાળા કે પરિવાર શાળા શું કામ ઊભી કરવી પડે? **ગુજરાતમાં રાષ્ટ્રીય કક્ષાએ જોઈએ તો શિક્ષણનું સ્તર નીચે ઉતરતું જાય છે. તેના માટે ઘણા પરિબળો જવાબદાર છે.** છતાં હવે શાળામાં થતા શિક્ષણ કાર્ય અને શિક્ષકો ઉપર ભરોસો રાખી બેસી રહેવાય તેમ નથી. **તમારા બાળકનો સર્વાંગી વિકાસ કરવો હશે તો શિક્ષણ કાર્યમાં માતા-પિતાની સહભાગીદારી કરવી જ પડશે.** જો તેમ નહીં થાય તો તમારા સંતાનનું ભવિષ્ય સંતોષજનક નહીં હોય. તે પણ વાતને સ્વીકારવી પડશે.

તમારા પરિવારની ઘરશાળા બાળક માટે નવી શાળા હશે. તેમાં તમારે એ પણ જાણી લેવું જોઈએ કે તમારું બાળક નિયમિત શાળામાં જાય છે. શાળાના નિયમો, શિક્ષણની વિવિધતા વગેરેની જાણકારી મેળવે છે, સમજે છે, જ્યારે યુવાન વયે શારીરિક અને ભાવનાત્મક રીતે થતા પરિવર્તન સાથે તાલમેલ મેળવવાનો થતો હોય છે. શાળામાં દરેક શિક્ષક બધા જ વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવી શકે એવું બનતું નથી. આ સંજોગોમાં માતા-પિતા તરીકે તમારી ફરજ ઘરશાળાના શિક્ષકની જેમ બજાવવાની છે. માતા-પિતા જેટલો વધારે રસ બાળકના શિક્ષણમાં લે છે, એટલું જ સારું કામ બાળક શાળામાં કરી બતાવે છે. ૨૪ કલાકમાં માતા-પિતાએ પોતાના સંતાન માટે નિયમિત સમય ફાળવીને સહાયક તરીકેની ભૂમિકા અદા કરવાની છે. તમારું બાળક શાળામાં અન્ય સહાધ્યાયીઓ સાથે મિત્રતા કેળવે, તેમજ ભવિષ્યમાં કોઈ પ્રશ્ન કે સમસ્યા આવે તો પોતે જ તે સમસ્યાનો ઉકેલ લાવી શકે માટે ઘરમાં પણ આવું વાતાવરણ શરૂથી જ ઊભું કરો.

તમે તમારા બળકોને શાળામાં થતી તમામ સહઅભ્યાસ પ્રવૃત્તિમાં શિક્ષણ ઉપરાંત વિશેષ સહભાગી થવા પ્રોત્સાહન આપો. શાળામાં સ્કાઉટ, ગર્લ ગાઈડ્સ, લીઓ કે રોટરેક્ટ, ખેલકૂદ, બેન્ડ, રાષ્ટ્રીય તહેવાર ઉજવણી, વૈજ્ઞાનિક પ્રવૃત્તિ વગેરે જેવા કાર્યક્રમોમાં જોડાવા મદદગાર બનો. તેને નવા મિત્રો બનાવવા માટે સુરૂચિ માર્ગદર્શન આપો. **તમે જેટલો આ અંગે રસ લેશો તેટલો તેનો ઉત્સાહ વધશે. તમે તમારા સંતાન મારફતે શાળાના કાર્યોની જાણકારી રાખો.** વાલી મિલન કે શાળાના અન્ય કાર્યક્રમોમાં હાજર રહી, એ અંગે જાત માહિતી રાખો અને પ્રક્રિયામાં સામેલ થઈ જાવ તો તમને ખબર પડશે

કે તમારા બાળકોને તમારા માર્ગદર્શન અને સહાયની ક્યારે જરૂર છે. તમારા બાળકના શિક્ષણમાં તમારી સક્રિયતા અને રસ લેવાની આવડતનો પ્રભાવ ખૂબ જ અસરકારક હોય છે. માતા-પિતા આમાં જેટલો ઊંડો રસ લેશે તેટલું બાળક સારી રીતે ભણશે. બાળક સંસ્કારી, ગુણવત્તાસભર બનશે. આ માટે માતા-પિતાની આવક કે શિક્ષણનો દરજ્જો મહત્ત્વના નથી.

માતા-પિતા બાળકને સાચે જ ઘરશાળા બનાવે. ૧૯૮૦ પછીથી હાલના વર્તમાન સમય સુધીમાં દરેક માતા-પિતા ધોરણ-૧૨થી આગળ વધી સ્નાતક - અનુસ્નાતક સુધી ભણેલા છે. ધોરણ-૧૨ સુધીના માધ્યમિક - ઉચ્ચ માધ્યમિક સુધીના બાળકોને તમારે તમારા ઘરે જ પૂર્વ તૈયારીરૂપી વાંચન કરીને ભણાવવા જોઈએ. શા માટે બાળકને વધારાનો ખર્ચ કરીને ટ્યુશનમાં મોકલવા પડે? તમારા ઘરમાં માતા-પિતા ઉપરાંત શિક્ષક તરીકેની ભૂમિકા ભજવવા માટે કાયમી ધોરણે સમયની ફાળવણી કરીને અભ્યાસક્રમમાં આગળ વધો. કેટલાક માતા-પિતા એમ પણ કહે છે કે અમારા છોકરા અમારી પાસે ભણવા બેસતા નથી. કેમ? તમારા બાળક પ્રત્યેનો અભિગમ બદલો અને તમારા આશીર્વાદરૂપ હાથ માથે ફેરવીને કહો, 'ચાલ બેટા, તું અને હું ભણીએ. લાવ, તારા બધા વિષયના પુસ્તકો મને બતાવ. હું પણ ભણું. તું કેવી રીતે આ બધું ભણવાનો છે, મને તો ખબર પડે.' **જે માતા-પિતા પોતાના બાળકોની યોગ્યતા ઓળખે છે અને તેમને સહાયભૂત બને છે તે બાળકનો સર્વાંગી વિકાસ સારી રીતે થાય છે.** તમારા બાળકની સરખામણી અન્ય બાળક સાથે ન કરવી. દરેક બાળકના માતા-પિતા, ઘર, પરિવાર, કુટેવો - સુટેવો અલગ અલગ હોય છે. દરેક બાળક એક પ્રકૃતિ મુજબના નથી હોતા. બાળકનું ઘડતર કઈ રીતે કરવું અથવા તો થવું જોઈએ તેની અજ્ઞાનતાને કારણે મા-બાપ બાળકના ઉછેરમાં થાપ ખાઈ જાય છે. માટે તમારા બાળકને સંપૂર્ણ રીતે સમજો.

**દેખાદેખી કરીને ટ્યુશન ક્લાસીસ અથવા ખાનગી ટ્યુશનમાં ન મોકલો.** શાળામાં શિક્ષક નથી ભણાવતા એવી બૂમો પાડીએ છીએ. જ્યારે એ જ શિક્ષક ઘેર ખાનગી ટ્યુશન કરે ત્યાં બાળક ખૂબ હોંશિયાર થઈ જાય છે તેવું માનવું અતિશયોક્તિ ગણી શકાય. દેખાદેખી કરીને બાળકને ટ્યુશનમાં ધકેલવાનું બંધ કરી દો. દરેક માતા-પિતા પોતાના ઘરે જ શાળાની જેમ બાળકને ભણાવે. બાળકના કાર્યની પ્રશંસા કરવાથી તેના આત્મવિશ્વાસમાં વધારો થશે. **જે માતા-પિતા પોતાના બાળકો સાથે વિચારોની આપ-લે કરતા હોય છે, તેમના તેમની સાથેના સંબંધ મજબૂત અને સ્વસ્થ હોય છે.**

બાળક ધોરણ-૧૦ SSC અને ધોરણ-૧૨ HSC માં હોય ત્યારે શરૂઆતથી જ (જૂનથી) પરીક્ષાના અંત સુધી માતા-પિતાએ ટેન્શન મુક્ત રહેવું જોઈએ. આ વર્ષ દરમિયાન દૈનિક સમય પત્રક બનાવીને બાળકને વાંચવા, લખવા, રમવા વગેરે માટે યોગ્ય ફાળવણી કરી આપવી. ઉજાગરા કરાવી સયમ બગડે નહીં તેનું ધ્યાન માતા-પિતાએ રાખવાનું છે. પોતાના નિવાસ સ્થાનમાં બાળકને અડચણ ન પડે તેવી રીતે અભ્યાસની વ્યવસ્થા કરી આપવી. જેના બાળકો ધોરણ ૧૦-૧૨માં હોય તેવા માતા-પિતા સતત ટેન્શનમાં જીવતા હોય છે. આવું શા માટે બને? ઘરમાં બાળકને શાળાનું વાતાવરણ મળી રહે, **વાસ્તવિક ઘરશાળા બની જાય તો આવી કોઈ સમસ્યા નડતી જ નથી. ધારો તેવા સંતાનો બનાવી શકો.**

**તમારા બાળકો સાથે વિચારવાની વાત :**

★ તમારા બાળકને એ બાબત સમજાવો કે શિક્ષણ તેના માટે કેટલું મહત્ત્વનું છે. ગૃહકાર્ય અને શાળાના કાર્ય માટે વાત કરવા દિવસમાં ૧૫ મિનિટ ફાળવો.

★ તમે તેના ગૃહકાર્ય પર નજર રાખો. જરૂર પડે મદદ પણ કરો. પરંતુ તેનું ગૃહકાર્ય તમારે નહીં કરવાનું. તે માટે તો માર્ગદર્શન જ આપવું. બાળકો માટે તમે કંઈ વાંચો અથવા તેમની સાથે વાંચો અને તેઓ વાંચે તે ધ્યાનથી સાંભળો, તેને પ્રોત્સાહિત કરો. ઈત્તર વાંચન ખૂબ જ જરૂરી છે.

★ તેઓ શિક્ષકોને ઓળખે અને જરૂર પડે પોતાના માટે કાંઈ ખાસ સહાયની જરૂર પડે તો મેળવે.

★ શિક્ષકો સાથેની મુલાકાતમાં માતા-પિતાએ અવશ્ય ભાગ લેવો અને તેના પાઠ્યપુસ્તકો અંગે પણ જાણકારી મેળવો.

★ બાળકો શાળાએ જાય તે વખતે વ્યવસ્થિત નજર રાખો. શિક્ષકો કહે છે કે બાળકની શાળાની સમસ્યાનું પહેલું કારણ છે કે શાળાએ પહોંચે તે પહેલા અને પછી તેમને એકલા છોડી દેવાય છે. પરિણામે બાળકોમાં એકલતાનો, બેસહારાનો ભાવ જાગે છે. પરિણામે બાળક હતાશા અને નિરાશાની લાગણી અનુભવે છે.

★ **સ્વાભિમાની બાળકો જ સારા વિદ્યાર્થી બને છે તેમજ આગળ જતાં સ્વસ્થ અને જવાબદાર નાગરિક બને છે.** પોતાની ફરજ અને જવાબદારી અદા કરવા તત્પર રહે છે.

**સાચે જ માતા-પિતા એટલે ઘરશાળા જ. દરેક માતા-પિતા ઘરશાળા બનાવે તો શિક્ષણ સાથે ઉત્તમ નાગરિકનું નિર્માણ થઈ શકે છે.** ઉપરાંત બાળકમાં સારા-ખોટાનો ભેદ સમજાય. કોઈ પણ કૃત્ય કરતા પહેલા માતા-પિતાએ આપેલું માર્ગદર્શન યાદ કરે. સમય પણ બદલાયો છે. દરેક માતા-પિતા બાળકને સારું ભણાવવામાં તૈયારી બતાવે છે. વસતિ વધી છે, રોજગારીની તકો ઓછી છે. ત્યારે ગુણવત્તાસભર શિક્ષણ બાળક

પ્રાપ્ત કરે તો તેને નજીકના ભવિષ્યમાં રોજગારી મેળવવામાં મુશ્કેલી ન પડે.

ગુજરાતના આદિવાસી જિલ્લામાં પણ માતા-પિતા સજાગ બન્યા છે. બાળક નિયમિત શાળાએ જાય, શાળામાંથી આપેલું ઘરકામ દરરોજ પૂર્ણ કરે, અભ્યાસક્રમના પુસ્તકો વાંચે અને આગળ વધે. આવા વિસ્તારમાં સંસાધનો ઓછા છતાં મા-બાપ ખૂબ જ જાગૃત બન્યા છે. હવે અમારે છોકરાને મજુર નથી બનાવવા, વધુ ભણાવવા છે.

હજી પણ કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં બાળકો ઘેરથી શાળાએ જવા નીકળે છે પરંતુ શાળામાં જતા નથી. અધવચ્ચે ક્યાંક સંતાઈ જાય છે. છુટવાના સમયે બાળકો ઘેર આવે છે. મા-બાપ સમજે કે બાળક શાળાએ તો હવે નિયમિત જાય છે. શાળામાંથી સતત ગેરહાજરીની નોટીસ આવે અને વાલી શાળામાં જાય ત્યારે ભાંડો ફૂટી જાય છે. ગ્રામ્ય વિસ્તારોની પ્રત્યેક પ્રાથમિક - માધ્યમિક - ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં આ સમસ્યા જોવા મળે છે. તેના ઉપાય તરીકે માતા-પિતા જાગૃત બની મોનિટરિંગ કરે તો જ તેમાં સફળ થવાય. શાળાને સોંપવાથી બધું પતી જતું નથી. આ માટે માતા-પિતા જેટલા સજાગ, તેટલું પરિણામ સારું મળશે.

**સારા - સંસ્કારી નાગરિક તરીકે બાળકને તૈયાર કરવામાં માતા-પિતાની ભૂમિકા ખૂબ જ અગત્યની છે.** હવે દરેક ઘરમાં શિક્ષિત માતા-પિતા છે. શાણા માતા-પિતા એ છે કે જેઓ બાળકોને તૈયાર કરવામાં મદદરૂપ થાય. ધીમે ધીમે બાળકની શક્તિ જોઈ જવાબદારી સોંપતા જાય. જેમ જેમ તેઓનો વિકાસ થાય અને પરિપક્વતા આવે તેમ તેમ તેઓ માટે ઢીલ મૂકતા જાવ. બાળકને તેની ચીજવસ્તુ - પુસ્તકો, નોટબુકો, શૈક્ષણિક સામગ્રી વ્યવસ્થિત ગોઠવવામાં મદદરૂપ થાવ. આમ બાળકના વિકાસનું સુંદર સુરમ્ય વાતાવરણ ઘરમાં પેદા થશે ત્યારે બાળકમાં નવા અંકુર ફૂટશે. કંઈ સારું શોધવાની વાતમાં રસ લઈ આગળ વધશે. માતા-પિતાની ભૂમિકા અઘરી છતાં સમયપત્રક મુજબ ચાલો, તો એટલી સરળ છે જેમાં જીવવાની ઓર મજા આવે. માટે જ માસ્તર એટલે પંતુજી નહીં પણ જેનું સ્તર... મા જેવું હોય તેને 'માસ્તર' કહેવાય છે. ગરવા ગુણિયલ ગૂર્જર માતા-પિતા એટલે ઘરશાળા.

*૨૮, વૃંદાવન સોસાયટી, નેશનલ હાઈવે નં. ૮ (૪૮),*
*જેતલપુર, તા. દસક્રોઇ, જિ. અમદાવાદ.*
*મો. ૭૦૪૬૨ ૧૫૪૭૦, ૯૪૨૯૯ ૧૪૪૪૮*

## મા નો કોઈ પર્યાય નથી

**(અનુસંધાન : પાના નં. – ૧૯ ઉપરથી ચાલુ)**

છે. એક તરફ આખું જગત અને એક તરફ માની મમતા. તો માતાની મમતાનું પલ્લું ઝૂકી જશે. આ ઝુકવાની તેની ઊંચાઈ આકાશથીય ઊંચી છે. માણસ આખા વિશ્વમાં ઘૂમી વળે, અરે, ચંદ્ર પર જઈ આવે તોય માની ગોદમાં જ સાચું સુખ મળે છે. હિમાલયમાં એ શીતળતા નથી હોતી અને ચંદનમાં એ ઠંડક નથી હોતી, જે માના પ્રેમભર્યા સ્પર્શમાં હોય છે. **તેની આંખલડીમાંથી નીતરતા વાત્સલ્યમાં જે શીતળતા હોય છે, તે શરદ પૂનમની ચાંદનીમાં પણ નથી હોતી.**

*એક કવિ કહે છે :*

*જે મસ્તી હોય આંખોમાં, સુરાલયોમાં નથી હોતી,*
*શીતળતા પામવાને માનવી તું દોટ કાં મૂકે?*
*જે માની ગોદમાં છે એ હિમાલયમાં નથી હોતી.*

*આથી જ રતિલાલ સોલંકી તેમના કાવ્યમાં કહે છે :*

*તું હતી તો ઘર ખરેખર ઘર હતું, મા!*
*એક મીઠું આંગણે સરવર હતું, મા!*
*ધોમધખતા તાપ સામે ઢાલ જેવું*
*એક માથે વાદળું ઝરમર હતું, મા!*

યહુદી કહેવત મુજબ 'ઈશ્વર બધે સંભાળ લઈ શકતો ન હોઈ, તેણે માનું સર્જન કર્યું.' આમ, મા એ ઈશ્વરની પ્રતિનિધિ છે. મા એ ઈશ્વર છે. માટે જ 'માતૃદેવો ભવ' એમ પ્રથમ કહેવાયું છે.

હાલરડાંમાંથી જ શિવાજીને શૂરવીરતાના પાઠ ભણાવતી માતા જીજાબાઈ, વનમાં જયેષ્ઠ બંધુ શ્રી રામની સેવા કરવાનો ધર્મ સમજાવતી સુમિત્રા, વિલાયત જતી વેળા દારૂ, માંસ અને પરસ્ત્રીથી દૂર રહેવાનું કહી, શીલના પાઠ ભણાવતી પૂતળીબાઈ ઈત્યાદિ માતાઓએ મહા માનવોની ભેટ ધરી છે. પોતાનું જે કંઈ ઉત્તમ છે તે બધું જ મા પોતાના સંતાનોને આપી દે છે. સર્વસ્વની ન્યોચ્છાવરી એટલે મા.

*आस्तां तावदियं प्रसूति समये दुर्वार शूलव्यथा*
*नैरुच्ये तनुशोषणं मलमयी शय्या च सांवत्सरी*
*एकस्यापि न गर्भभारमरण क्लेशस्य यस्यां क्षमा*
*यातुं निष्कृति मुन्नतोऽपि तनयः तस्यै जन्यै नमः ॥*

*– आदि शंकराचार्य*

*મા તે દુઃસહ વેદના પ્રસવની જે ભોગવી ના ગણું,*
*કાયા દીધ નિચોવી ના કહું ભલે તેં ધોઈ બાળોતિયા,*
*આ જે'ક જ ભાર માસ નવ તે વેઠ્યો હું તેનું ઋણ*
*પામ્યો ઉન્નતિ તોય ના ભરી શકું તે માતને હું નમું*

*(અનુવાદ : મકરંદ દવે)*

*૩, દેના બેન્ક સોસાયટી, અમરેલી-૩૬૫ ૬૦૧.*
*મો. ૯૪૨૯૧ ૩૯૧૪૫*



જનની

# મા ની પારખુ નજર...



ડૉ. એમ.પી. કાકડિયા

ન્યાયાલયમાં આજે ચુકાદો સંભળાવવાનો દિવસ. લાંબી દલીલો અને પુરાવા ન્યાયાધીશ સામે. કોના પક્ષમાં ચુકાદો આવે છે તે જાણવા શારદાબેન ન્યાયાલયના દરવાજે વહેલી સવારથી જ બેસી ગયા. ચુકાદો આવે ત્યાં સુધી અન્નજળનો ત્યાગ. મનમાં ઈષ્ટદેવનું સતત રટણ. આખો પરિવાર તેની પડખે. બધા સાથે કેમ ન હોય? આ તો શારદાબેનના માતૃત્વનો સવાલ હતો. દોઢ દાયકા પછી ઘરમાં પારણું બંધાવાનો રૂડો અવસર આવ્યો હતો. બે કસુવાવડ પછી શારદાબેનને ફરી સારા દિવસો રહ્યા. પૂરા મહિને શહેરની જાણીતી એક ખાનગી મેટરનિટિ હોમમાં દાખલ કરાયા. ખાલી કુખ ભરાવાની આશા. ચાનકીનો માંગનાર અવતરવાનો હૈયે હામ. તમે દેવના દીધેલ છો એવા રૂડા હાલરડાં ગાવાના અવસરની વાટ. વાંઝિયા મેણું ભાંગવાનો હરખો. માનેલી માનતા ઉતારવાને ગણતરીનું છેટું. ડોક્ટરે પણ તપાસ કરી શારદાબેનની કુખે તંદુરસ્ત બાળક અવતરવાનો પૂરો વિશ્વાસ આપ્યો. બાજુના બેડ ઉપર પણ શારદાબેન જેવી પૂરા મહિનાવાળી બહેન. એક દિવસમાં જ બાજુબાજુની બેડ પર રહેવામાં બહેનપણા બંધાયા. વાતોએ ચડે. બેમાંથી કોણ આગળ નીકળી જશે, દીકરો જન્મશે કે દીકરી? સિઝેરિયન થશે કે નોર્મલ ડિલીવરી? – એવી વાતોએ સમય કાઢે. એવામાં લેબર રૂમમાંથી પહેલાં શારદાબેનને તેડું આવ્યું. એ લેબર રૂમમાંથી બહાર આવે ત્યાં તો બાજુના બેડવાળા બહેનને પણ વેણ ઉપડી. નર્સ તેને લેબર રૂમમાં લઇ ગઇ. નજીવા અંતરે બંને પ્રસુતાઓ પુત્રવતીના સૌભાગ્યને વરી. બંને પરિવારમાં આનંદ છવાયો. ખુશીના સમાચાર લઇ આવેલી નર્સને રૂપિયાની સોગાત મળી.

નવજાત બાળકની સુશ્રુસા માટે નર્સ બંને પ્રસુતાના બાળકોને લેવા આવી. નર્સને સોંપતા પહેલા શારદાબેને વાલુડા દીકરાને એક નજરથી જાણે આખેઆખો આંખોમાં ભરી લીધો. હેતનું અમૃત વરસાવી નવડાવી મૂક્યો. માતૃત્વસભર ચુંબનથી વધાવી લીધો. લાગણીના દોરથી છાતી સરસો ચાંપી લીધો. અમીભરી દૃષ્ટિ નાખી નજર ઉતારી લીધી. નર્સ સાચવીને બંને પ્રસુતાના નવજાતને સુશ્રુસા માટે લઇ ગઈ. પરંતુ અફસોસ, એક બાળકની જીવનલીલા સંકેલાઈ ગઈ. શ્વાસ રૂંધાયો અને સંસારમાં ડગ ભરે તે પહેલાં તેણે અનંતની વાટ પકડી. એક માતાનું માતૃત્વ છીનવાઈ ગયું. એક નવજાત જીવિત, બીજું મૃત. વોર્ડમાં આવેલી એક નર્સના હાથમાં જીવિત નવજાત તો બીજી નર્સના હાથમાં મૃત. શોકનો માહોલ સર્જાયો. નર્સો મુંઝાણી. કઇ માને જીવિત અને કોને મૃત બાળક સોંપવું એ બાબતે અવઢવમાં પડી. પોતાના લાલને તેડવા બંને પ્રસુતા વ્યાકુળ અને અધીરી. એવામાં ડોક્ટર આવી ગયા.



બંને પ્રસુતાઓને કહેવા માટે તેની પાસે શબ્દો ખૂટ્યા. શું કહેવું એ જ તેની સમજ બહારનું હતું. પોતાની વાત કેમ મૂકવી એ જ સમજાતું નહોતું. **ડોક્ટરની મુંઝવણ તેના ચહેરા ઉપર સ્પષ્ટ દેખાવા માંડી. વાત એમ હતી કે સુશ્રુસા માટે બંને નવજાતને નર્સ એક સાથે લઇ ગઇ પણ તેમના હાથે ઓળખ માટેની ટેગ મારવાનું ભૂલાયું.** કોનું નવજાત મર્યું એ નક્કી કરવાનો માપદંડ ટેગના અભાવે મુશ્કેલ. નર્સની એક ભૂલે જીવિત બાળક કઇ માને સોંપવું અને મૃત કોને, એમાં હોસ્પિટલ તંત્ર મૂંઝાયું. ડોક્ટરે ભાર મૂકી ફોડ પાડ્યો. સમસ્યા મોટી. ઉકેલ કઠિન. જીવિત બાળક એક અને માતા બે. કોના ખોળે જીવતું અને કોના પડખે મૃત બાળક સુવડાવવું એ ડોક્ટર સામે મોટો સવાલ. ડોક્ટરે બધાની વચ્ચે નર્સને ખખડાવી નાખી પણ એનાથી વાત તો બને એમ નહોતી. એ કાળે ડી.એન.એ. ટેસ્ટ તો હજુ ભવિષ્યની કોખમાં સૂતેલો. જીવિત નવજાતને લઇ ઊભેલી નર્સ પાસેથી શારદાબેને તેને લેવા હાથ લંબાવ્યા તો બાજુના બેડવાળા બેન, એ તો મારું છે એમ કહી નર્સ પાસે પહોંચી ગઈ. ડોક્ટર મુંઝાણા. નર્સ મોઢું નીચું ઢાળી ગઈ. બંને માતાઓ જીવિત બાળક લેવા અધીરી. કોઈ એકને સોંપવાની ઉતાવળ કરવી એટલે ભૂલ ઉપર બીજી ભૂલ. સમજાવટનો પ્રશ્ન તો હતો નહીં. સામે ચાલીને કોણ જતું કરે! ઉજડતી કુખ કોને ગમે? કઇ મા માને કે મારો દીકરો ભગવાનને વહાલો થઈ ગયો! જીવિત દીકરો એ જ પોતાનો, એવું બેય માતાનું કહેવું. પણ અફસોસ, એક માતાને જ જીવતો મળી શકે એવી કશમકશ.

હોસ્પિટલ તંત્ર લાચાર. બંને માતાઓ સામે હાથ જોડી નર્સે કરેલી ભૂલની માફી માંગતા રહ્યા. પરંતુ એમ તે કંઈ કોઈ પોતાના જણ્યાને બીજાને થોડું સોંપી દે. બેમાંથી એકેય માતા સ્વીકારવા તૈયાર નથી કે પોતાનું બાળક મૃત્યુ પામ્યું છે. જે જીવતું છે એ જ પોતાનું. ઘણી રકઝક થઈ. કોઈ માતા નમતું ન જોખે. 'એ મારો પુત્ર છે, મને આપી દો'નું એકમાત્ર રટણ. પુત્રપ્રેમ ઝંખતી બંને માતાની જીદ પરાકાષ્ઠાએ. વાત બનવાનો અણસાર સાવ ધૂંધળો. છેવટે ન્યાયાલયના દ્વાર ખખડાવવા સુધી વાત પહોંચી. ન્યાયાલયમાં પણ ક્યારેય લડાયો ન હોય તેવો પેચીદો કેસ આવી પડ્યો. વકીલોએ દલીલો, આધાર અને પુરાવાઓનો અંબાર રચ્યો. દલીલો પૂરી થઈ. ન્યાયાધીશે ચુકાદો સંભળાવતા પહેલા ભૂમિકા બાંધી. "બંને પક્ષની દલીલો કોઈ નિર્ણય ઉપર લાવવામાં નિષ્ફળ રહી છે. કોઈ નક્કર પુરાવા રજૂ થયા નથી. પરંતુ બાળક કઈ માતાને સોંપવું એ ન્યાયાલય સામે સવાલ છે. બેમાંથી એક માતા આ બાળકને મેળવવા હક્કદાર છે પરંતુ એ કઈ માતા, તે નક્કી કરવા માટે ન્યાયાલય પાસે કોઈ આધાર કે પુરાવા રજૂ થયા નથી. આવા સંજોગોમાં ન્યાયાલય એવા નિર્ણય ઉપર આવે છે કે બાળકનું ધડ એક માતાને અને માથું બીજી માતાને સોંપવું. આ માટે જલ્લાદની સેવા લેવામાં આવે." ચુકાદો આવતા ન્યાયાલયમાં સન્નાટો! માતૃત્વ ઝંખતી બંને માતાના ભાગે વહાલસોયાના અંગનો એક એક ભાગ અને તે પણ મૃત મળવાનો ચુકાદો. શારદાબેન બેભાન. બીજા બહેન અવાચક બની ચુકાદાને જાણે મૌન સંમતિ આપતા હોય તેમ તેણે મનોમન ગણિત માંડ્યું. મને નહીં તો એનેય નહીં. બે માતાઓને ચુકાદાએ બે સામા છેડે મૂકી દીધી. પરિવારની સાંત્વના પછી શારદાબેન માંડ ભાનમાં આવ્યા. ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. થોડી હોશ સંભાળતા ન્યાયાધીશને કહેવા લાગ્યા, "**સાહેબ, દીકરો એને જ સોંપી દો. એના બે ટુકડા થશે તો મારા કાળજાના પણ બે ટુકડા થઇ જશે. મારાથી એ નહીં જોવાય.** મેં એને જણ્યો ત્યારે મારી સ્નેહભરી મીઠી નજરમાં એ આખેઆખો સમાઈ ગયો હતો. આ એજ મારો લાડકવાયો છે. સાહેબ, દીકરાને ઓળખવામાં માની નજર ક્યારેય ઉણી ન ઉતરે. મારા લાડલાને મરતો જોવાની મારામાં હામ નથી. એને મારશો મા. એને આખેઆખો જીવતો એને આપી દો." ન્યાયાધીશે શારદાબેનનો વલોપાત સાંભળ્યો અને અંતિમ ચુકાદો આપતા કહ્યું, "**હું એવો કઠોર નથી કે બાળકના બે ટુકડા થાય. પણ મારે તેની ખરેખરી માતાને ઓળખવી હતી અને મેં ઓળખી પણ લીધી.** મારો પહેલો ચુકાદો એ માટે જ હતો અને તે વખતે મેં જોયું કે અવાચક બની ગયેલા બહેન કેવળ દીકરાની મા બનવા તલસતી હતી. બાળકના બે ભાગ કરવાના મારા નિર્ણય વખતે તેના ચહેરા ઉપર કોઈ ગમ કે શોકના ભાવ દેખાયા નહીં. એ મરે કે જીવે એનાથી તેને કોઈ ફરક પડે તેમ નહોતો. આનાથી મને ચુકાદો બદલવા પૂરતું કારણ મળ્યું અને બાળકના બે ભાગ કરવાના મારા પહેલાના હુકમને રદ કરી, દીકરાને તેની અસલી માને સોંપવાનો હુકમ કરું છું." કસોટી કરે તેવા કેસનો ન્યાયપૂર્વક ચુકાદો અપાયો અને દીકરો શારદાબેનના ખોળે. સાચું તો એ હતું કે ન્યાયાધીશે ચુકાદો ફેરવી સાચી માને ઓળખી અને માની પારખુ નજરે તો દીકરાને ઓળખી જ લીધો હતો.

*"માતરમ", ૧, શિવમ સોસાયટી,*
*સત્યમ કોલોની પાસે, જામનગર-૩૬૧ ૦૦૪.*
*મો. ૯૮૨૪૦ ૩૦૨૦૩*

## જગતનું 'આધારકાર્ડ' : મા

**(અનુસંધાન : પાના નં. – ૨૭ ઉપરથી ચાલુ)**

મા શું છે – તે વિશે વિશ્વમાં માને સમજનાર સંવેદનશીલ કવિ, લેખકો, ચિત્રકારો, શિલ્પકારોએ ઘણું સુંદર સર્જન કરેલ છે. તેને હૃદય ભરીને સન્માની છે.

*એક લઘુકાવ્ય રજૂ કરું :*

*"વાયુ સમ સ્પર્શમયી તું,*
*અગન સમ જ્યોતિર્મયી તું,*
*વારિ સમ સ્પર્શમયી તું*
*ધરતી સમ ક્ષમામયી તું*
*આકાશ સમ ગહનગંભીરા તું.*

*પંચમહાભૂતના અંશ સમી*
*પંચમેળ કંકાવટી તું!*

*– નિર્ઝરી મહેતા*

**માતૃત્વ તો આ સૃષ્ટિનો – આપણી ધરતીનો જ ચમત્કાર કહી શકાય.** આવડા મોટા બ્રહ્માંડમાં ક્યાંય મળી છે હજી કોઈ આવું વિપુલ નવસર્જન કરતી બીજી પૃથ્વી?

**સ્ત્રીના માતૃ સ્વરૂપને સન્માનથી સ્વીકારીએ.** પુરુષમાં પણ આ સૃષ્ટિના આધારકાર્ડ સમાન માતૃસ્વરૂપ પ્રત્યે મનમાં કુમાશભરી ઋજુ સંવેદના વિકસે એવું ઇચ્છીએ. માનવજાતની આવનારી સદીઓનો એ આધારસ્તંભ ખૂબ આવશ્યક છે.

*બી-૨૦૧/૨૦૨, શિખર-૧,*
*અરુણાચલ ચાર રસ્તા પાસે, ગોરવા વર્કશોપ પાસે,*
*સુભાનપુરા, વડોદરા-૩૯૦ ૦૨૩.*
*મો. ૯૩૭૭૬ ૯૦૯૧૦*

*અગ્નિ, સ્ત્રી, દેવી, દેવતા, ગુરુ અને મા-બાપનું*
*કદી અપમાન કરશો નહીં.*



જનની

# જગતનું ‘આધારકાર્ડ’ : મા



નિર્ઝરી મહેતા

*સમસ્ત વિશ્વ*
*મા નામના શબ્દને ટેકે ઊભું છે.*
**– રમેશ પારેખ**

મા – માતા – જનની આપણા વિશ્વના ‘અસ્તિત્વ’નો મૂળભૂત પિંડ કહી શકાય. નિયતિએ, સૃષ્ટાએ નારીની કુખને ગર્ભધારિણી - ધરિત્રી બનાવી. આ વિશ્વનો પ્રજાતંતુ આગળ ચલાવનાર નવજીવનું આગમન, અવતરણ તેની કૂખમાંથી થાય છે. કહો કે વિશ્વને આગળ ધપાવનાર મા આ જગતનું આધારકાર્ડ છે. તેને માટે નિર્માયેલ આ કાર્ય માટે તે જીવ રોપીને, પોતાની જાતને ભૂલીને જીવી જતી હોય છે. **કવિવર દલપતરામ**ની બાળસહજ સાદાઇથી લખાયેલ પંક્તિ જુઓ :

*“સૂકામાં સુવાડે, ભીને સુતી પોતે*
*મહાહેતવાળી દયાળી જ મા તું.”*

ગર્ભસ્થ બાળકની કૂખમાં થતી પહેલવહેલી હલચલનો, નવાંકુરના અસ્તિત્વનો માને થતો અનુભવ, સંવેદન વર્ણવવા અશક્ય છે. બાળજન્મ, તેનું પાલન માનવ માતા માટે અન્ય જીવો (પ્રાણી, પંખી, જંતુ વગેરે) કરતાં ઘણું વધું ધ્યાન માંગે છે. આદિ માનવના આદિકાળમાં તો માતા જ બાળકની બધી જ જવાબદારી - કાળજી લેતી. પછીથી પુરુષે આ નવજીવના હોવામાં પોતે સહભાગી હોવાનું અનુભવ્યું હશે. બાળકની કાળજીમાં તેય પોતાનો ફાળો આપવાનો પ્રયત્ન કરવા લાગ્યો હશે. સહિયારા નવસર્જનના થયેલ ભાને - જ્ઞાને - સ્ત્રી-પુરુષને માતા-પિતા તરીકે સાથે રહેતા કર્યા હશે! એમાંથી લાંબાગાળાનું સહજીવન લગ્ન અસ્તિત્વમાં આવ્યું હશે. એમ સ્ત્રીના માતૃ સ્વરૂપે સામાજિક રચનાને જન્મ આપ્યો :

*“या देवी सर्वभूतेषु मातृरुपेण संस्थिता”*

આ ગાળો સ્વાભાવિક છે કે માતૃકેન્દ્રી હશે. સહિયારા સંગાથમાં બાળક - ઘર સાથે વધુ ભાગે જોડાયેલ મા ત્યાંજ બંધાયેલ રહી. બહારથી જરૂરિયાતો ભેગી કરવાના દોરમાં પુરુષ છુટ્ટો રહ્યો. શક્ય છે કે આ પરિસ્થિતિએ માતૃકેન્દ્રી જીવનરચના તરફથી પિતૃકેન્દ્રી અને ક્રમેક્રમે પુરુષસત્તાક જીવનરીતિએ આકાર લીધો.

મા તો મા છે. તે તો કુદરતે નિર્મેલ બાળજન્મ, તેના લાલન-પાલનમાં ડૂબેલી રહી. સમાજ રચનાની વ્યવસ્થાના દોરમાં તેને માટે ઘણી થાંભલીઓ, સરહદો રચાઈ. ઘણીવાર એવું થવા લાગ્યું કે તે માત્ર મા-સંતાન પેદા કરનાર ‘કૂખ’ બનીને રહી ગઈ.

એક યહુદી કવિનું કાવ્ય વર્ષો પહેલાં ડાયરીમાં ટપકાવી રાખેલ તે યાદ આવે છે :

*“મા એ હોય છે જે સદા રાહ જુએ છે!*
*માતાના આંગળાં જગતના સ્વયં સંચાલિત બારણામાં*
*ચગદાઈ ગયા છે*

*એની બધી ઈચ્છાઓ*
*ટાંકણી જડેલ સગર્ભ પતંગિયા જેમ*
*જકડાઈ ગઈ છે.”*

માતા પરની આ હૃદય હલાવી દે તેવી રચના જગતે યાદ રાખવી જ રહી! ઓટોમેટિક બારણા જેવી આ જગતની જીવનરીતિએ માતાને ક્ષતવિક્ષત કરી છે. તેની ઇચ્છાઓ, તેના આંગળા માતાના કર્તવ્ય સંભાળવામાં હોમાઈ જાય છે, ચગદાઈ જાય છે.

અપાર પરિતોષ આપનાર માતૃત્વને લગ્નના માળખામાં માનવે સંરક્ષિત કર્યું. પણ... એ માળખું તેનું માતૃત્વ પણ ખૂંચવી લે તેવા સ્વરૂપનું થઈ ગયું. માતા તો માતા હોય – પણ આપણે તો કુંવારી માતા, કલંકિની માતા કહીને કુંવારી માતા, કોઈના દગાનો ભોગ બનેલ પાસેથી ‘માતાના કાળજાનો કટકો’ કહેવાતા સંતાનને જ ઝુંટવી લઈએ છીએ. આ સૃષ્ટિનું અદ્‌ભુત સર્જન બાળક વળી અવાંછિત, અનૌરસ ક્યાંથી થઈ જાય? માતૃત્વની બલિહારી કરતા, છાબડાં ભરીને ફૂલ વરસાવતા સમાજે માતાની કૂખને જ તેની પાસેથી ખૂંચવી! ને... હવે પુરુષપ્રધાન સમાજ માતાની કૂખમાં પાંગરતી ‘ભાવિ માતા’નો, ગર્ભબાલિકાનો ગર્ભમાં જ ‘અસ્તિત્વ લોપ’ કરાવવા માટે મજબૂર કરે છે – તેની જ માતાને! માનવજાતિના કોમળ-ઋજુ અંશ સ્ત્રીને, માતાને માનવ તરીકે, પોતાની ઇચ્છાથી જીવવાનો અધિકાર શું આમ છીનવી લેવાય?

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૬ ઉપર)**



જનની

# મમ્મી (વાર્તા)



યામિની વ્યાસ



સૂરજ ઉગતા જ મેઘનાની દોડાદોડ શરૂ. 'મમ્મી... કર્ટેઈન ખસેડી જા ને, બહુ લાઈટ આવે છે...' દીકરા રાજે અડધી ઊંઘમાં કહ્યું.

એટલામાં પિંકીની બૂમ : 'મમ્મી, ટોવેલ...'

નાની ડોલીએ પૂછ્યું : 'આજે બ્રેકફાસ્ટમાં શું છે?'

મોટો કરણ જતા જતા, 'જો મમ્મી, આપણી ગાડીની ચાવી લેવા આવશે સર્વિસ માટે, તો આપી દેજે. ગાડીનો નંબર તો યાદ છે ને?'

ને પછી તો...

'મમ્મી સાંભળ, આજે મારું કુરિયર આવવાનું છે. સાઈન કરી લઈ લેજે ને, પ્લીઝ...'

'મેં ઈલેકટ્રિશિયનને ફોન કર્યો છે. અહીં બે પોઈન્ટ નંખાવવાના છે.'

'મમ્મી, આ નોટબુકમાં પેઈજ મૂક્યા છે ને, એની ઝેરોક્ષ કરાવતી આવજે. જો ભૂલી નહીં જતી.'

'મમ્મી મારો દુપટ્ટો નથી મળતો. અરે, એ ઈસ્ત્રીમાં નહોતો આપવાનો! પૂછ તો ખરી!'

'રિંગ વાગે છે ને તો મમ્મી ઊંચકી લેને. કહી દે ને કે નીકળી ગયો છે. રસ્તામાં જ હશે!'

'મમ્મી મારું ડ્રોઅર તેં ગોઠવેલું ને? એટલે જ કંઈ નથી મળતું. બધું જેમ હોય એમ રહેવા દેને.'

'હેલો, મમ્મી... જો કબાટના નીચેનાં ખાનામાં ચેકબુક છે એના ફોટા પાડીને વોટ્સએપ કરી દેને.'

'અરે આ શું બનાવ્યું, દાળઢોકળી? મમ્મી પ્લીઝ, મેગી બનાવી આપને...'

'અરે મમ્મી, મારો મોબાઈલ ચાર્જમાં મૂકી દેને.'

'તું અહીં જ છે તો જરા એ.સી....'

આખા દિવસની આવી ભાગદોડ પછી સાંજે મેઘના બારી બંધ કરવા ગઈ. આકાશમાં જોયું તો ઢળતો સૂરજ પણ જાણે ખો આપતો ગયો. પછી બારણું બંધ કરવા ગઈ અને જોયું તો સામે મેઘનાની મમ્મી. એ હરખાતા બોલી, 'અરે આટલી મોડી તું કેમ આવી મમ્મી?'

ચંપલ કાઢતાં મેઘનાની મમ્મી બોલી, 'અરે બેટા, આ કપુરિયા બનાવ્યા હતાને એ તારે માટે લેતી આવી. તને બહુ ભાવે છે ને! અને દસ દિવસ પહેલાની નારી પૂર્તિમાં તારે સાતમું પાનું જોઈતું હતું ને? એ પસ્તીમાંથી શોધી કાઢ્યું તારા માટે. ને તારી સાડીને ફોલ ટાંકવાનો હતો ને? ને આ તારો ચાંદીનો ઝુડો પોલીશ કરાવવા મૂકી ગઈ હતી ને? ને...રૂ ની દીવેટ બનાવી દીધી છે. તને તૈયાર નથી ફાવતી ને?'

હજુ તો જાણે કેટકેટલું કહેવાનું હતું. મેઘનાનાં બાળકોને મેઘનાને, મેઘનાએ એની મમ્મીને અને એની મમ્મીએ કદાચ એમની મમ્મીને... પેઢી દર પેઢી. આમ વિચારતો આભનો ચાંદ મરક મરક હસતો હતો.

*ઈ-૬/બી, પામ એવન્યુ, નંદનવન-૨ પાસે,*
*વ્હાઈટ હાઉસ સામે, વી.આઈ.પી. રોડ,*
*સુરત-૩૯૫ ૦૦૭.*
*મો. ૯૯૨૫૧ ૯૫૨૩૯*



She can't cook, but knows how to order online



જનની

# મમતાની મૂર્તિ : માતા



અજય ભરતકુમાર રાવલ

*પેટ શિશુ પાંગરે ને ઝળહળે છે મા*
*એક સ્ત્રીમાં એમ ઊગી નીકળે મા*

*દર્દ સઘળા ગૌણ જાણી એ સપન સેવે*
*બાળ મુખ દર્શનને કાજે ટળવળે છે મા*

*મોતના મોઢા મહીંથી આવવું પાછું*
*બાળને લઈ ગોદ કેવી સળવળે છે મા*


*ખુદનું રૂપ બાળમાં જોઈને રાજીપે*
*બાળ ઉપર અર્ઘ્ય થઈને ખળખળે છે મા*

*પાડતા પગલી લથડતા બાળને દેખે*
*માતૃ હૈયાનો હિમાલય ખળભળે છે મા.*

**– શીલા મહેતા 'શબ્દશિલ્પી'**

સ્વામી વિવેકાનંદ કહે છે કે વ્યક્તિની કેળવણીનું લક્ષ્ય તેના વ્યક્તિત્વના પૂર્ણ પ્રગટીકરણનું છે. વ્યક્તિ માત્ર પોતાના વ્યક્તિત્વના પૂર્ણ પ્રગટીકરણ માટે પ્રયત્નશીલ રહે છે. સ્ત્રી જ્યારે મા બને છે ત્યારે તેનું સ્ત્રીત્વ સોળે કળાએ ખીલી ઉઠે છે. મા બનવાની, બાળકને પોતાના ઉદરમાં રાખી પોષિત કરી જન્મ આપવાની ક્ષમતા સમગ્ર વિશ્વમાં માત્ર સ્ત્રીની પાસે જ છે. ટેકનોલોજીના ગમે તેટલા વિકાસ પછી પણ પ્રભુની આ પ્રાકૃતિક વ્યવસ્થામાં હજુ પણ કંઇ ખાસ અને સફળ સંશોધન થઈ શક્યું નથી. બાળકના જન્મની પ્રક્રિયા જ અદ્‌ભુત છે. એક આખો જીવ પોતાનામાંથી પ્રગટે એ કંઈ નાનીસૂની વાત તો ના જ કહેવાય! માની આ જ અનુભૂતિને ગઝલકારે ખૂબ સુપેરે ગઝલમાં વર્ણવી છે. ખૂબ સુંદર કાફિયા - રદીફ દ્વારા માતાની ભાવોક્તિ પ્રસ્તુત કરી છે. પ્રત્યેક શેર આસ્વાદ્ય અને ભાવથી સભર છે. ગઝલકાર પોતે પણ એક મા છે. કદાચ એટલે જ ગઝલકાર પ્રત્યેક શેરમાં હર્ષ અને પીડાની લાગણીના સામંજસને સરખી રીતે શબ્દબધ્ધ કરી શક્યા હશે.

મત્લાના શેરમાં ગઝલકાર જણાવે છે કે શિશુના પેટમાં પાંગરવાથી મા ઝળહળી ઉઠે છે. અહીં પાંગરવું શબ્દપ્રયોગ ખૂબ જ હૃદયસ્પર્શી જણાય છે. પાંગરવું એટલે અંકુર ફૂટવા. આપણે છોડમાં ક્રમશઃ થતાં વિકાસને અનુભવી શકીએ છીએ. તેની માવજતને લીધે પ્રત્યેક દિવસે તેમાં ફેરફાર આવે છે જે વિકાસાત્મક છે. બીજ રોપાયા બાદ ધીમે ધીમે તેમાં અંકુર ફૂટે છે. આમ અંકુર ફૂટવાની પ્રક્રિયા સર્વપ્રથમ થાય છે. તેમાં હજુ સુધી પાંદડા, ફૂલ કે ફળ આવ્યા નથી. પણ માળી, જેણે બીજ રોપ્યું છે તે તો માત્ર અંકુર ફૂટવાથી જ આનંદિત થઈ જાય છે. માતા પણ શિશુના પાંગરવાના સમાચાર અને અનુભૂતિથી ચળકવા લાગે છે. માતાના મુખ ઉપર આપણે એક પ્રકાશ અને આભાને જોઈ શકતા હોઈએ છીએ. પેટમાં શિશુના પાંગરવાની ક્રિયા માતાના મુખ પરની આભામાં પરિણમે છે અને આ રીતે સ્ત્રીની ભીતર મા ઊગી નીકળે છે. અગાઉ કહેવાયું તે મુજબ **સ્ત્રીત્વનું માતૃત્વમાં રૂપાંતરણ આપણને તેના પૂર્ણત્વના ભાવના સૂચવે છે.** સ્ત્રીમાં માતાનું ઊગી નીકળવાનું ગઝલકારનું ખૂબ સુંદર કલ્પન અહીં જોઈ શકાય છે.



બીજા શેરને માણીએ. ગર્ભવતી સ્ત્રીની પ્રસુતિ સુધીની યાત્રા કંઈ સાવ સરળ હોતી નથી. ગર્ભવતી મહિલાને ઊલટી, ઉબકા, સતત થાક લાગવો, પગમાં સોજા આવી જવા, ચહેરો બગડી જવો વગેરે અનેક પીડાઓ થાય છે. પ્રસુતિની અસહ્ય પીડા તો અવર્ણનીય છે જ! અને પ્રસવ પછી પણ કેટલીય સાવધાની રાખવી પડે છે. કેટલીક વખત જિંદગીભરની શારીરિક તકલીફ રહી જાય છે. પેટમાં રહેલા બાળક માટે પણ કેટલીય સાવધાની રાખવી પડે છે. બહુ તીખું-તળેલું નહીં ખાવાનું વગેરે અનેક બાબતોનું ધ્યાન રાખવું પડે છે. આ સઘળી પીડાઓને મા ગૌણ ગણી લે છે અને એ માત્ર પોતાના બાળકનું મુખ જોવા માટે! માતાની આ અતુલનીય

તપસ્યા જ છે! મા પોતાના બાળકને કાજે સઘળું સહન કરે છે. અરે, બાળકના જન્મ સુધી જ નહીં, ત્યારબાદ પણ તેના પાલન અને પોષણ માટે રાત્રિના ઉજાગરા અને તેની પાછળનો પરિશ્રમ કાંઈ ઓછો હોતો નથી. માત્ર પોતાના બાળક કાજે સહન કરેલી આ પીડાનું પરિણામ મા એટલું જ ઇચ્છે છે કે બાળક સ્વસ્થ રહે. અહીં ગઝલકારે પ્રયોજેલ શબ્દ ટળવળવું એ ધ્યાન આકર્ષે છે. ટળવળવું એટલે આતુરતાથી ઝંખવું; વલખા - તરફડિયા મારવા. આટલી પીડાના પરિણામે માતા પોતાના બાળકના મુખને જોવા આતુરતાથી ઝંખે છે. અહો અદ્‌ભુત! જનનીની જોડ સખી નહીં જડે રે લોલ! – આમ કવિ બોટાદકરે કદાચ એટલે જ કહ્યું હશે.

ત્રીજા શેરનો ઉઘાડ જોઈએ. પ્રસુતિની પીડા ક્યારેક પ્રાણઘાતક સાબિત થઈ જાય છે. પ્રસુતિ, એ માતા અને બાળક બંને માટે ખૂબ જ કપરો સમય હોય છે. વિશેષ ધ્યાન રાખવામાં ન આવે તો મા કે બાળકનું મૃત્યુ નીપજી શકે છે. **પ્રસુતિ બાદ જીવિત મા સાચા અર્થમાં મોતનાં મુખમાંથી પાછી આવી છે તેમ કહી શકાય.** બાળકને ગોદમાં લેવા માટે માનો ખોળો કેવો સળવળે છે. ગઝલકારના પ્રત્યેક શેરના કાફિયા અદ્‌ભુત સૌંદર્ય અને ભાવનિરૂપણ સર્જે છે. સળવળવું એટલે કશું કરવા તત્પર થઈ રહેવું. અહીં માની ગોદ સળવળે છે તેમ કહી ગઝલકાર સજીવારોપણ અલંકાર પણ ખૂબ સરસ રીતે પ્રયોજી રહ્યા છે. મોતના મુખમાંથી પરત આવેલ અને જે બાળકને લીધે તે સ્થિતિમાં મૂકાઈ છે તેવી મા બાળને ગોદમાં લેવા કેટલી તત્પર છે કે જાણે તેનો ખોળો જ થનગની રહી ન હોય!

ચોથા શેરને જોઈએ. એક માતા જેણે અસહ્ય પીડા સહન કરી છે, અનેકાનેક અંકુશો સાથે પોતાના જીવનના નવ મહિના વિતાવ્યા છે, હંમેશાં બાળકને જ કેન્દ્રમાં રાખીને ચિંતન અને વિચાર કર્યો છે તેવી માતાને નવ માસની તપશ્ચર્યાને અંતે પ્રભુ પાસેથી બાળરૂપ વરદાન મળે છે તેને જોઈને મા અત્યંત રાજી થાય છે. બાળક, કે જે પોતાના ઉદરમાં મોટો થઈ રહ્યો હતો, તેના મોઢાને તો માએ જોયો જ નથી. નિરાકાર બ્રહ્મની પેઠે જેને આરાધ્યો છે તે સાકાર થઇને જ્યારે પોતાને ખોળે આવે છે ત્યારે તેમાં પોતાનું પ્રતિબિંબ જોઈ, તેમાં પોતાનું રૂપ જોઈ મા અત્યંત રાજી થાય છે. **આપણે ત્યાં પ્રાચીન ભારતીય પરંપરા અનુસાર ઘરે આવેલ વડીલ, સંત-ઋષિમુનિ કે અતિથિનો સત્કાર અવશ્ય કરવો જોઇએ.** અતિથિના સત્કારની વિધિના ભાગરૂપે તેને અર્ધ્ય આપવામાં આવતો હતો. તે તેના પ્રત્યેના આદરનું પ્રતીક છે. મા પણ પોતાના બાળક પર પોતે જ અર્ધ્ય બની ખળખળે છે. પોતાના પ્રેમને ઉલેચનારી માતા તે થકી જ બાળકનો સત્કાર કરે છે. માતાનો પ્રેમ પણ બાળક પ્રત્યે અવાજ કરતો સતત વહેતો રહે છે.

અંતિમ શેરમાં ગઝલકાર એક અલગ જ ઊંચાઈએ પહોંચેલ છે અને પોતાના વાચકોને પણ ત્યાં લઇ જવા પ્રેરે છે. બાળક સહેજ મોટું થાય એટલે ચાલતા શીખે. આંગણામાં પગલી પાડે. મા રાંદલના એક ગરબામાં આવે છે – પગલીનો પાડનાર દેજે રે રન્નાદે! પ્રત્યેક સ્ત્રીની એ પરમ શક્તિ પાસે આ જ માંગ હોય છે. એ નાનું બાળ જ્યારે ચાલતો હોય છે અને એના પગ જ્યારે લથડે છે, ડગે છે ત્યારે માતાનો હૈયારૂપી હિમાલય પણ ખળભળી જાય છે. હિમાલય, એ અડગતાનું પ્રતીક છે. પર્વતને એટલે જ નગ કહેવાય છે. (ન ગમ્યતે ઇતિ નગઃ) અને હિમાલયને પર્વતોનો રાજા એટલે નગાધિરાજ કહેવાય છે. માના હૈયાને હિમાલયનું રૂપક આપેલ છે. એ મક્કમ મનવાળી માને પણ પોતાનું બાળ લથડે ત્યારે ચિંતા થઇ જાય છે. મેં અગાઉ કહ્યું તેમ ગઝલકારની કાફિયાની પસંદગી અફલાતુન છે! ખળભળવું એટલે મનનો અજંપો, ગભરાટ. પોતાના બાળકને માટે માતાનું હૃદય હંમેશાં તેને મુશ્કેલીમાં જોઈને ગભરાટ અનુભવી જાય છે. પ્રાચીન પ્રસંગ અતિ પ્રસિદ્ધ છે – મા પાર્વતી પોતાના પુત્રના મસ્તકને ધડથી અલગ જોઈને ખળભળી ઊઠે છે. હવે પરામ્બા પણ જ્યારે માતા બને છે ત્યારે સાહજિક રીતે પોતાના સંતાન માટે તેના ક્યાંકથી લથડવાથી અજંપો અનુભવે છે તો પૃથ્વીલોકની માતા તે અનુભવે એમાં શી નવાઈ! સમગ્ર ગઝલમાં ભાવ અને લાગણી ખૂબ જોવા મળે છે. માતાની આંતરિક લાગણીને ઉજાગર કરવાનો ખૂબ જ સફળ અને સુંદર પ્રયત્ન ગઝલકારે કર્યો છે. ગઝલના પ્રત્યેક શેર ખૂબ જ ચોટદાર અને આસ્વાદ્ય છે. ■






જનની

# વાત્સલ્યની અનુપમ મૂર્તિ : લક્ષ્મી બા!

(લલિત નિબંધ)



રમેશ પટેલ
રાષ્ટ્રીય શિક્ષક એવોર્ડ પ્રાપ્ત

ચોર્યાસી તાલુકાનું વસ્તીની દૃષ્ટિએ તાપી તટે આવેલું ગામ મારું : અડાજણ (હાલમાં સુરત-૯). માતાની ટેકરી પર દેશી નળિયાનું ઝુંપડી જેવું ઘર મારું.

મારી બા – નામ : લક્ષ્મીબેન. માત્ર ચાર ચોપડી ભણેલા પણ અત્યંત વ્યવહાર કુશળ અને કલાકાર!

બાને ઈનામમાં મળેલો રેંટિયો આજ દિન સુધી સચવાયેલ પણ એ ઊધઈને ભાવી ગયો એટલે...! ઘરનું જ રૂ પીંજી પૂણી બનાવી, સુતરની આંટી બનાવી, તાણા-વાણાની ગુંથણી કરી ખાદીનું કાપડ વણવું. સીવણ કામમાં પણ પ્રવીણ. અમારા પેન્ટ શર્ટ અને બહેનોના ફ્રોક હાથ સિલાઈથી તૈયાર કરે. ફાટેલા પેન્ટ શર્ટને અમીબા જેવું થીગડું કરે!

ઘરમાં ચૂલો અને સગડી કાળી માટી - ગોરમટીથી તૈયાર કરે. સગડી મહોલ્લાવાળાને પણ બનાવી આપે (નિઃશુલ્ક). દિવાળીમાં ઘર આંગણે ઓટલી લીંપી, ગેરૂથી રંગી, કલાત્મક મૌલિક રંગોળીનું સર્જન કરે. કાળી રેતી, ઇંટનો ભૂકો (બારીક), કોલસાનો ભૂકો અને હળદરના ઉપયોગથી રંગોળીને રંગે!

સ્લેટમાં પેનથી મૌલિક ભજનો અને ગરબા - ગીતો લખે. વંચાવે, પણ અમને સમજ ન પડે!

રાત પડે ત્યારે મને, લઘુબંધુ કાંતિ અને મારી બે બહેનો નંદન - મધુને સુંદર મજાની પરીકથાઓ કહે! બાની પરીકથાએ જ કદાચ મને સર્જક - કવિ - લેખક બનાવ્યો હશે!

કલાત્મક વસ્તુઓનું સર્જન કરે. રસોઈમાં પણ વિવિધ પ્રયોગો કરે. દા.ત. ગુવાર સિંગ, ભીંડા, ચીભડામાં મીઠું નાખી સૂકવણી કરે, એ લુણયુક્ત શાક હજી જીભને ટેરવે છે.

ભલે બા ઓછું ભણેલા, પણ વાંચનનો અજીબ શોખ. ગામની 'ઉર્ધ્વગમન' પુસ્તકાલયના લગભગ ૮૦ ટકા પુસ્તકો વાંચી નાખેલ. બાળ સાહિત્યના પુસ્તકો અમને વાંચવા આપે પણ અમને એ બધું નહીં ગમતું! અમારી જૂની નોટમાંથી નાનકડી ડાયરી સોય દોરાથી બનાવે. એમાં ગમતાં અવતરણોની સુંદર અક્ષરે નોંધ કરે.

નાત-જાતના ભેદભાવ વિના મારા બધા જ મિત્રો હરિજન, દુભળા, મુસ્લિમ, કોળી, ભંડારી, પારસીને હોંશભેર ગલકાના ભજિયા, ગોળપાપડી, શીરો-પૂરી જમાડે.

કડવા પાલનું ઉબડિયું અને કતારગામની પાપડીનું ઊંધિયું મસાલેદાર બનાવે. આજુબાજુમાં પણ મોકલાવે. લક્ષ્મી બા અથાણા બનાવવામાં માહીર.

પાડી કે પાડાના જન્મ પછી ભેંસના દૂધની 'બળી' બનાવે. અમને બધાને એ બહુ જ ભાવતી. ઘરની 'છાશ' કદી પણ વેચી નથી. બિલાડી અને શેરી કૂતરાઓને ય દૂધ ગાયનું પાતી.

બા પિતાજીને ખેતીકામમાં પણ મદદ કરતી. નીંદણ કામ, કપાસ છાણવા, જુવાર ઓરવી... વગેરે કામ પણ સુઝબુઝથી કરે. આ બધું જ કામ અમનેય શીખવેલું. ઘાસ (લીલું) કાપતા મારા ડાબા હાથની આંગળી મેં વાઢી કાઢેલી. બાએ શેઢા પરથી તપખીર જેવો પાવડર લગાવી આપેલો (હજી એ દાતરડીનું નિશાન તમને મારી આંગળી ઉપર જોવા મળશે!)

લાલ જુવારની દાણી માટલું કાણું કરી, વેલણ પર શુધ્ધ કટકો બાંધી ચૂલા પર બનાવતી. બા રોટલા ઘડે ત્યારે બાને જોઈ તાવડી હસતી! બા વાર-તહેવારે શ્રીખંડ પણ ઘરનો જ બનાવતી. 'કરકસર' જીવનમાં બાએ વણી લીધી હતી. મહેનત, સાચું બોલવું, બીજાને મદદ કરવી, સમભાવ રાખવો, પ્રાણી-પંખીઓ પ્રત્યે અનુકંપા જેવા સદ્‌ગુણોનું વાવેતર એમના ચારેય સંતાનોમાં કરેલું!

ઘરના મસાલા જ બાએ ઔષધ તરીકે ઉપયોગેલા. **કપુર + કાળા મરીના ભૂકાનું પાણીમાં બનાવેલ દ્રાવણ જ્યારે અમને પેટમાં દુઃખતું ત્યારે સવાર-સાંજ બે ત્રણ ચમચીનું આચમન કરાવતી** બા અને અમે સાજા થઇ જતા!

અમને મિત્રો જોડે શેરી રમત રમતાય કદી અટકાવ્યા કે ટોક્યા નથી! બાએ જીવનભર અણથાક કામ કર્યું છે. બાના હાથનો 'મેથીપાક' (જ્યારે ગુસ્સે થાય ત્યારે) અમને કોઈકવાર આરોગવા મળતો.

બા નથી પણ અમને બાના હાથનો બનાવેલ જુવારનો સૂકો રોટલો અને ગાયનું દૂધ અમને યાદ આવે છે.

'કાળી માટી' બા માટેનું શેમ્પુ. અમારા વાળ કાળી માટી જ સાફ-સુંદર રાખતી. ફાનસની કાચની ચીમનીઓ ચૂલાની રાખથી સાફ કરવાની તાલીમ અમને આપેલી.

'ચા' મને બાળપણથી જ પ્રિય. હું 'ચા' ને 'ખા' કહેતો એવું બાએ મને કહેલું. **'કરેલું કાર્ય ફોગટ જતું નથી' એવું અમે બાની કાર્યશૈલીમાંથી શીખેલા!**

– અમે ભગવાનને તો નથી જોયા પણ અમે બા ના નિર્દોષ ચહેરામાં ઈશ્વરને જોયા જ છે.

*'પ્રાંજલ', ૩૦, આનંદ વાટીકા સોસાયટી, સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫ ૦૦૯. મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*



જનની

# મા નો પર્યાય કહું તો... મરી ફીટવું



ગિરા પિનાકીન ભટ્ટ

મા, માતા, મૈયા, માડી, માવડી, મમ્મી, જનની કહો કે જનેતા... એ સઘળું એક. મા વિશે ઘણું ઘણું લખાયું, ગવાયું ને લોકજીભે રમતું પણ થયું. પરંતુ અહીં જુદા સ્વરૂપે માને પ્રસ્તુત કરવી છે. આજની ટીન એજરની વાતો આ કાને અથડાણી જ નહીં, જોરદાર વાગી અને આખેઆખી હલી ગઈ હું. એ વાક્યોને અહીં એટલા માટે ટાંકવા પડ્યા કે માને સમજવામાં કેવી ભૂલ આપણે કરી બેસીએ છીએ... અને વાસ્તવમાં મા એટલે શું? એ સમય વહી જાય પછી સમજાય એના કરતાં તો...

'જવા દે યાર, મારી મમ્મી તો સાવ બુદ્ધુ જ છે.'

'મારી મમ્મીને અંગ્રેજીનો 'અ' પણ આવડતો નથી એ કેમ ચાલે? પપ્પા શું જોઈને આવી મમ્મી લાવ્યા હશે?'

'અરે, મારી મોમને ટુ વ્હીલર પણ નથી આવડતું બોલ, ને મારી આગળ વાતો કરે છે મોટી મોટી...'

'અલી... મારી મમ્મીને સ્માર્ટફોન વાપરતાં પણ ન આવડે. શું નું શું મચડી નાખે. એટલુંય ન આવડે એ કેમ ચાલે?'

'કયા કપડાં ક્યારે પહેરવા એવું જો મારી મમ્મીને આવડતું હોત ને તો ભયો ભયો...'

'મારી મમ્મી મને જરાય ગમતી નથી. કાશ! મમ્મી બદલી શકાતી હોત તો...'

આવી વાતો અને ફરિયાદો ક્યાં નથી? સમય સાથે ચાલવું એ સારી વાત છે પરંતુ બધા સ્માર્ટ હોય એવું બને ખરું? વળી, બે પેઢીઓ વચ્ચેનું અંતર એ તો આદિ-અનાદિકાળથી જ ચાલ્યું આવે છે અને રહેશે.

મા... મમ્મી માટે આવું વિચારતા હોવ તો એટલું સમજવાનું કે એ તમારા સમયની છે? તમારી પાસે જે સાધનો ઉપલબ્ધ છે તે એ સમયે એની પાસે હતા? તમારી પાછળ એ સર્વસ્વ ન્યોચ્છાવર કરી દેવા તત્પર છે તો એને ક્યારેક પૂછો તો ખરા કે... તારી મમ્મી, મતલબ મારી નાની તારી પાછળ આટલો સમય લેતી હતી ખરી? પિયરમાં ત્રણ-ચાર બહેનો, બે-એક ભાઈ, તો વળી સાસરીમાં સાસુ-સસરા, દિયર-જેઠ ને નણંદ. તો વળી દાદા સસરા અને દાદી સાસુની ખડેપગે સેવા. કોઈ કામવાળા નહીં. બધું જાત મહેનત ઝીંદાબાદ! તેવે ટાણે અપૂરતી સગવડો ને મર્યાદિત આવક, સંયુક્ત પરિવાર અને સમાજની જવાબદારીઓ... મા કેટલા વિશે સો કરતી હશે એ પણ જરા પૂછવા જેવું અને જાણવા જેવું ખરું હોં...

માનો ખોળો ખૂંદવાને નટવર નાનડિયો અવતરણ કરે આ અવનિ પર. માના ગુણગાન ગાવા ખુદ ઈશ્વર પ્રતીક્ષા કરતા બેઠા હોય. દેવાધિદેવ મહાદેવને પણ વસવસો થતો હશે કે મમતાળી માની લાગણીથી જગ આખું તરબોળ જ્યારે હું એક સાવ કોરોધાકોર! કદાચ એ અભાવને પૂર્ણ કરવા સારું ગંગામૈયાની ગોદમાં વસ્યા હશે કે શું?

**મા નો મહિમા અપાર છે.** સ્ત્રી ગર્ભધારણ કરે, બીજાંકુર હજુ દોઢ માસનું માંડ હોય ત્યાં માનો હાથ વારંવાર પોતાના ઉદરે પહોંચી જાય. યાસે-અનાયાસે એનામાં હેતનું ઝરણું કેવું ફૂટી નીકળતું હશે? કુદરત કેવી રીતે એનામાં મમતાનો સંચાર કરતી હશે? એ નાનકડાં બીજના સંરક્ષણ માટે શું કરવું ને શું ના કરવું? એ કાળજી માટે એ એલર્ટ બની જાય છે. તો વળી એના પોષણ માટે શું ખાવું, શું ન ખાવાનું... એ બધા પ્રત્યે જાગૃત થઈ જાય છે. હજી તો કો'ક પિતાની એ પારેવડી ને માતાની લાડકડી પિયર છોડીને સાસરે આવી છે. સાવ થોડાક સમયમાં જ એ જાણે મોટી થઈ જાય છે. એમાંય માતૃત્વ ધારણ કરીને એનામાં સમજણના સાતે કોઠા ઉતરી આવે છે. મને જરા એ કોઈ કહેશો કે એ ક્યાંથી આવે છે? એક, બે, ત્રણ... એમ કરતા સાત-સાત મહિના પસાર થાય છે. એના નાજુક નમણા પેટનો ઉભાર એની સુંદરતામાં અવરોધરૂપ બને છે. પરંતુ સાવ સાચું કહેવું હોય તો... સુંદર દેખાવ પાછળ ગાંડી ને હરખઘેલી થતી નારી સગર્ભાવસ્થા ટાણે કેવું સહજ અને સહર્ષ સ્વિકારી લે છે. આનંદનો આવકાર, મીઠપનો લલકાર, ઉમંગનો અણસાર, પોતાના થકી કંઈક સર્જનનો શણગાર, નિજ ઉદરમાં નાનકડાં જીવના ધબકાર... કેટકેટલી ધન્યતા એની જાતમાં અનુભવે છે, એ તો મા ને જ સમજાય. મા બન્યા પછી સમજાય.

મા એટલે શું? હું તો એક જ વાક્યમાં કહું... મરી ફીટવા માટે જે સરજાઈ તે મા. મારા લાલને આ ગમે છે, મારા બાળકને આ ભાવે છે. જીવનપર્યંત એ એની ખુશી, આનંદને ભૂલી, જાત નિચોવીને પોતાના બાળકના લાલન-પાલન, પોષણ, રક્ષણ ને અમૂલ્ય સંસ્કારોનું ભાથું ભરવા કાજે જીવે છે, ઝઝુમે છે તે મા

છે. મહાત્મા ગાંધીનું જીવન જગજાહેર છે, ખુલ્લી કિતાબ જેવું છે. તેઓ પોતાની માતાને યાદ કરતા લખે છે કે : **"મારામાં કશી પવિત્રતા જોતા હો તો તે મારા પિતાની નથી, પણ મારી દિવ્ય માતાની છે."**

મમ્મીને શું નથી આવડતું કે નથી સમજાતું એના કરતાં એને શું આવડે છે અને શું સમજાય છે એટલું જાણો તો પણ બેડો પાર! હું મારા સ્વબળે અહીં પહોંચ્યો છું એવું ગૌરવ હોવું ઘટે પરંતુ ગર્વ ખોટો. સહેજ પાછું વળીને જોતાં સમજાશે કે... આપણા પગ જ્યારે ડગમગતા હતા ત્યારે આંગળી ઝાલીને ડગલું ભરાવનાર કોણ હતું? ભૂતકાળમાં ડોકિયું કરવાની ત્રેવડ અહીં કોને છે, ખરું ને? પરંતુ એક જ પ્રશ્ન આપણી જાતને પૂછવા જેવો ખરો, જો જીવનમાં મારી સાથે મારી મા ન હોત તો? (મિત્રો, મા વિનાનું જીવન કેવું વિત્યું એ પૂછવા કાંઈ કુંવરબાઈ પાસે ના જવાય. **જીવનમાં સાચી દિશા, દશા અને સમયનું સાચું ભાન મા જ કરાવે છે.** જે જીવનભર માને સમજી શક્યા નહીં એમને માના મૃત્યુ પછી સમજાય છે કે મા એટલે શું, કે મા એટલે કોણ... ને મા નું મહત્ત્વ.)

બાળકના જન્મ સમયે અસહ્ય પીડા વેઠી એ પોતાના બાળકનું રૂદન સાંભળીને કેવી હરખઘેલી બની જાય છે. અમાપ આનંદની લાગણી અનુભવે છે, જેનું વર્ણન કરવા કાજે કાલીદાસની કલમ પણ વામણી થઈ પડે. બાળકનો જન્મ, ઉછેર ને એના પગલે-પગલે એ ખપી જતી હોય છે, ખૂંપી જતી હોય છે. **એક લીલું પાન માંગો ને વસંત ધરી દે તે મા.** એક કોળિયો ખાવા આતુર હોવ ત્યારે છપ્પનભોગ જેટલા અને જેવા ભાવ સાથે જે હોય તે ભાવથી જમાડે તે મા. તમારી એક સફળતા પછી તમારા રુંવે રુંવે વહાલપનો વરસાદ વરસાવે તે મા. તમારી એક ભૂલ સાંભળીને, તમારા એક નઠારા વર્તનને જોઈને ખુદનો જન્મારો એળે ગયો એવી ભીતરની વેદનાથી રાત-દિવસ કણસતી રહે તે મા.

**સૂર્ય નારાયણના પહેલા કિરણ જેવી સમગ્ર સૃષ્ટિની લાલાશ બાળકને જોતાં એના મુખડે ફરી વળે છે.** તો બાળકની પ્રગતિ જોઈને હિમાલયનું ઊંચું શિખર એવરેસ્ટ ચડવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હોય તેવો ગર્વ એના મુખડે ડોયાકા વિના ન રહે. માના અંતરનું આંગણું સો વરસે પણ એટલું જ નિર્મળ ને હેત ભરેલું.

**માની મમતાને ગાવા જગતના કવિઓ ઓછા પડે. એની મધુરતાને માપવા દુનિયાના માપદંડ વામણા સાબિત થાય.** સો શિક્ષક પણ ન શીખવી શકે એટલું શિક્ષણ એક મા પોતાની ગોદમાં રાખીને ઘડીકમાં પીરસી દે છે. મા વામન દેહે પણ વિરાટ વ્યક્તિત્વ છે. માના ખોળાની આગળ વસુંધરા પણ વામણી... મા એ મા, અને એનો બીજો પર્યાય તે મરી ફીટવું.

આરંભે જે તરુણાવસ્થાના મૂખે બોલાયેલા અવતરણો છે તે... જે તે વ્યક્તિ એની ઉંમરે કે અંત તરફ જતા યુ ટર્ન લઈ લે છે. બાળકોની નાદાનિયતને માફ કરે તે મા. માને મન એનું બાળક / બાળકી કૃષ્ણ છે તો... આપણી જનેતામાં જશોદાનું હૈયું આપણે અનુભવવું જ રહ્યું. એની લાગણીની લીલીછમ વેલને ભાવથી ભીંજવવી રહી.

દેખા-દેખી તો વળી આ યાંત્રિક યુગમાં અન્યની તોલે માની લાગણીને મૂકીને આપણે એક ભયંકર ભૂલ નથી કરતા? યુગ પ્રાચીન હોય કે અર્વાચીન, મા એ મા જ રહી છે અને રહેશે. સૃષ્ટિના સર્જનહારે એનામાં વ્હાલપનું બીજ એના જન્મ પહેલાંનું સાચવીને મૂક્યું હોય છે. એ બીજાંકુર બાગબાગ બની આપણું જીવન પુલકિત કરી દે છે. એના ગુસ્સામાં પણ આપણું ભલું ઈચ્છે છે. ને એના કંટાળામાં પણ બાળક માટે કોમળતા વર્તાય છે. મા પણ એક માણસ છે. ભૂલ એની પણ થાય. ભલા માણસ, ભૂલ ન કરે તે ભગવાન... એટલે કોઈ એક ગ્રંથિ રાખીને મા સાથે ના રહેવાય કે જીવાય. માને સમજવા કાજે સાત-સાત ભવ પણ વામણા સાબિત થાય. જેને મા સમજાઈ જાય એના માટે જગતમાં બીજું કશું સમજવાની જરૂરિયાત રહેતી નથી. **કવિશ્રી બોટાદકરે તો માને "મીઠા મધ અને મીઠા મેહુલા કરતાંય માને વધારે મીઠી કહી છે"** — ત્યારે એક વાત હું પણ વહેતી મૂકું... "મિત્રો, મા માટે બે-ચાર સારા વાક્યો બોલતાં તોતડી જીભ ચલાવી લેવાય, એની સામે કોઈ હાસ્ય કે કોઈ વાંધો ન હોય ને ન હોવો જોઈએ. પરંતુ મા સામે વાત કરતાં જીભ જરાય તોછડી હોય તો... એ હિમાલયે હાડ ગાળવા જાવ તો પણ અક્ષમ્ય અપરાધ ગણાય."

અંતે... હાલરડાં જેના મુખેથી હેત સાંભળ્યા છે એની સાથે હેતપૂર્ણ વર્તજો. પછી એ મુખેથી ગવાયા હોય કે ટેપથી સંભળાવ્યા હોય. તમારા પગની સ્થિરતા નહોતી ત્યારે તમને ચાલણ ગાડીમાં બેસાડ્યા હોય કે વૉકરમાં... પરંતુ મા તે મા છે. હાથ પકડીને બાળ મંદિરમાં મૂકવા આવતી મા ની કલ્પના કરો કે ટુ વ્હીલર પર મૂકવા જતી મમ્મી... એના ઉરના ઉમળકામાં રતિભાર પણ લાગણીની ઓછપ ક્યાં? સ્નેહના સરવાળામાં તલભાર પણ ઉણપ ક્યાં? એ ઉણપ અને ઓછપ હશે તો એ કદાચ સમયની... સંજોગોની.

*શ્રી કરશનદાસ લુહારની પંક્તિ ટાંકીને વાત સમેટી લઉં...*

***"સંકટોને મોજ થૈ ગૈ : બા હજુ થાક્યા નથી!***
***જિંદગી છો બોજ થૈ ગૈ : બા હજુ થાક્યાં નથી!"***

***'શિવસ્ય', ઉર્જા નગર, વિભાગ-૧,***
***સિટી પલ્સ થિયેટરના ખાંચામાં,***
***ગાંધીનગર-૩૮૨ ૪૨૬. • મો. ૯૯૦૯૬ ૪૧૨૬૨***



## જનની

# “મા...” (લઘુકથા)



આરતીબા ગોહિલ ‘શ્રી’

‘જય શ્રીકૃષ્ણ, મનુકાકા...’ ખુશખુશાલ મુદ્રામાં બે હાથ જોડી આસ્થાએ પોતાના ડ્રાઈવરને સૂચના આપી. ‘કાકા, પવન સાહેબને લઈ આવો, હું તૈયાર છું.’

આસ્થા દેસાઈ ટોચની ઇલેક્ટ્રોનિક્સ કંપનીની સી.ઈ.ઓ. તરીકે કામ કરતી હતી. સૌંદર્ય અને આગવી બુદ્ધિ પ્રતિભાનું અદ્ભુત મિશ્રણ. પવન મિશ્રા તેનો સેક્રેટરી હતો. આસ્થાના બંગલાની બાજુના ફ્લેટમાં તે રહેતો હતો. દરરોજ બંને સાથે ઓફિસ જતા. પવન આસ્થાની કાર્યશૈલી તથા સ્ફૂર્તિ જોઈ હંમેશાં વિસ્મિત થતો.



બંને વચ્ચે ભાગ્યે જ વાતચીત થતી. છતાં તેમની પરસ્પરની પસંદ-નાપસંદ જાણતા હતા. કોર્પોરેટ જગતમાં તેમની ‘Working Pair’ ચર્ચાનો વિષય હતી.

આસ્થા લાગણીની બાબતમાં નટખટ ટીન એજ જેવી, કામની વ્યસ્તતા વચ્ચે પણ હળવીફુલ! ખુશમિજાજ, હકારાત્મક અભિગમ એની આગવી આભા. એટલે સ્તો... પવન તેને ચાહતો.

સેન્ડલના અવાજે પવન ચોંક્યો. ગુલાબી જ્યોર્જેટની સાડી સાથે કેસરી લોંગ સ્લીવનું બ્લાઉઝ આસ્થાની ચામડીના રંગ સાથે અદ્ભુત રીતે ભળી જતું હતું. તે પોર્ચની બહાર આવી બંગલાની સામેના બગીચામાં વળી ગઈ. ત્યાં ઉભેલા વડલાના એક ઘેઘૂર વૃક્ષ સામે જઈ ઊભી. વૃક્ષ સામે માથું નમાવી ચરણસ્પર્શ કરતી હોય તેમ વાંકી વળી. માથું નમાવી પ્રાર્થના કરી. વળતી મિનિટે ગાડીમાં ગોઠવાઈ.

‘ગુડ મોર્નિંગ પવન!’ તેને એકીટસે જોઈ રહેલો પવન સ્વસ્થ થયો. આસ્થા ફાઈલ ચેક કરવા લાગી.

સાત માળનું બિલ્ડિંગ એ આસ્થાનું સામ્રાજ્ય. સવારથી સાંજ કામથી ધમધમતું. કમ્પ્યુટર ડેટા, સ્ટાફ મીટિંગ, ડિપાર્ટમેન્ટ અપડેટ્સ – આ બધા વચ્ચે ટી-ટાઈમ અને હળવી ક્ષણોથી આસ્થા હંમેશાં તરોતાજા રહેતી.

દિવસભરની દોડધામ અને ધારેલા કામ સમયસર થયાના સંતોષ સાથે આસ્થા ઘરે જવા કારમાં ગોઠવાઈ. તેની સાથે બેઠેલો પવન ઓફિસના કામની ચર્ચા કરી રહ્યો હતો. તે સાંભળી, જરૂરી સુચના આપી પવનને કહ્યું, ‘પવન, આજે સાંજે આપણે સાથે ડીનર લઈશું. પપ્પા તને મળવા માંગે છે.’ પવનને થોડું આશ્ચર્ય તો થયું, છતાં તેણે માથું હલાવી હા પાડી.

ઘરે પહોંચી આસ્થા ફ્રેશ થઈ. ડાઈનિંગ ટેબલ પર પવન અને તેના પપ્પા હળવી વાતોનો આનંદ લઈ રહ્યા હતા. તેને જોતા જ પવન પૂછી જ બેઠો, ‘આસ્થા, બગીચામાં પેલા વૃક્ષને તું....’

‘ઓહ... તે વૃક્ષ? એ તો મારા માટે ખાસમખાસ! સવારે જાઉં તેને મળવા, આશીર્વાદ લઈ નીકળી પડું ઓફિસ જવા.’

‘પણ... સાંજે? મેં આજે જોયું. ઓફિસથી આવીને તરત... તું તો વળગી પડી હતી તે વૃક્ષને...!’

‘પવન, સાંજે તે હાથ ફેલાવી ઊભું હોય...’

‘પણ...’

**એ વૃક્ષ મારી મા છે, સમજ્યો? મા એટલે સમજે છે ને? મમ્મી, મધર, મા...’**

પવન અચરજભર્યો આસ્થાને જોઈ રહ્યો. તેની નજરમાં ભરાઈ આવ્યા વૃક્ષ અને મા...

*“સુધાતા”, ૯૫/એ, રૂપાલી સોસાયટી,*
*હિલ ડ્રાઇવ, ભાવનગર-૩૬૪ ૦૦૨.*
*મો. ૯૪૨૭૭ ૫૪૨૦૭*


## ‘મંગલ મંદિર’ ગત અંક અંગે....

*‘મંગલ મંદિર’ – ગત અંકના પાનાની ઉપરના ભાગમાં માસ ફેબ્રુઆરી-૨૦૨૨ને બદલે “જાન્યુઆરી-૨૦૨૨” છપાયું છે. આ યાંત્રિક ક્ષતિની સૌએ નોંધ લેવી.*



જનની

# મા તે મા....



વિપિન પંડ્યા

ગુજરાતીમાં મા નો મહિમા ઉજાગર કરતી સુંદર કહેવત છે, 'મા તે મા, બીજા બધા વગડાના વા.' આમ મા માટે અનન્વય અલંકારનો પ્રસંગ જ માની મહત્તાને સ્પષ્ટ કરે છે. અંગ્રેજીમાં મા માટે મધર (Mother) શબ્દ છે. આ મધરમાંથી પ્રથમ અક્ષર M લઈ લઈએ તો બાકી Other – બીજા જ ગણાય ને!

કવિ બોટાદકરે પણ માનું જીવનમાં શું મહત્ત્વ છે, તે પોતાના કાવ્યમાં સુપેરે વ્યક્ત કર્યું છે :

*જનનીની જોડ સખી નહીં જડે રે લોલ*
*મીઠાં મધુને મીઠા મેહુલા રે લોલ,*
*એથી મીઠી તો મોરી માત રે...*
*જનનીની જોડ...*

*વર એ ઘડીક વ્યોમ વાદળી રે લોલ,*
*માડીનો મેઘ બારે માસ રે... જનનીની જોડ...*

*ગંગામાં નીર તો વધે ઘટે રે લોલ,*
*સરખો એ પ્રેમનો જુવાર રે... જનનીની જોડ...*



મા ૯ મહિના પોતાના ઉદરમાં બાળકને રાખી, તેને ઊની આંચ ન આવે તે માટે પોતાના મનભાવન ભોજન છોડે છે, મનપસંદ સ્થળોએ જવાનું ટાળે છે, સમારંભોનો આનંદ માણવાનું ત્યજે છે, પોતાના જીવની જેમ જેને જોયો નથી એવા ઉદરમાં રહેલા બાળકનું હરખભેર જતન કરે છે અને આમ પોતાના અંગત સુખોનો ત્યાગ કરીને, અનેક કષ્ટ વેઠીને બાળકને જન્મ આપી આ અણમોલ જીવન જીવવાની અતિ સોનેરી તક આપે છે. તેથી જ માતા દેવ સમાન ગણાય છે ને!

પ્રાચીનકાળમાં ગુરુકુળમાં જ્યારે છાત્રોનો દીક્ષાંત સમારોહ યોજાતો ત્યારે સ્વયં ગુરુ છાત્રોને **'માતૃદેવો ભવ' – 'માતાને દેવ માનજો'** એમ ઉપદેશ આપતા. જે મા નું છાત્રના જીવમાં શું મહત્ત્વ છે તે સ્પષ્ટ જ કરે છે ને! માતા નિ:સ્વાર્થ પ્રેમની મૂર્તિ છે. તેથી 'ત્વમેવ માતા...' શ્લોકમાં પ્રથમ માતાને મૂકી છે કારણકે મા એટલે જ મા, ખરું ને!

**પૂ. રવિશંકર મહારાજે** મા ની અગત્ય સમજાવતા કહેતા કે, વાઘ આવે તોય બાળક નહીં ડરે કારણકે 'મા' છે ને! જાણીતા **ચિંતક જ્યોર્જ હર્બર્ટ** સાચું જ કહે છે કે એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. આમ માતા એટલે જ ગુરુણામ્ ગુરુ! સો શિક્ષક ભેગા મળીને એક બાળકને જે ન આપી શકે, તે એક 'મા' આપી શકે છે.

જાણીતા **ચિંતક એડિસન** પણ 'મા' વિશે સ્પષ્ટ જણાવે છે કે, 'પોતે સર્જેલી સૃષ્ટિમાં દરેક ઠેકાણે પહોંચી વળવું ઈશ્વર માટે અશક્ય છે. તેથી 'મા'નું સર્જન ઈશ્વરે કર્યું છે.'

એક વખત કોઈએ નદીને કહ્યું, 'આ કાંઠે ઉગેલા વૃક્ષો જોને, તને કેવા પજવે છે? તારા પાણીમાં પાંદડા નાખીને તને ગંદા કરે છે, વૃક્ષો પર બેઠેલા પંખી તારી ઉપર જાતજાતનો કચરો નાખે છે. તું એમને ઉખેડીને ફેંકી દે ને!' નદીએ કહ્યું, 'એવું કેવી રીતે થાય? **મારા પાણીથી પોષી મેં તેમને ઉછેર્યા છે. હું તેમની મા છું.** આમ લાગણીનું ઝીણું ઝીણું જતન કરે તે મા.

માગ્યા વિના મા પણ ન પીરસે એ કહેવતમાં માની ટીખળ છે. આ જગતમાં જો કોઈ માગ્યા વિના પીરસતું હોય તો તે માત્ર ને માત્ર મા જ છે. દુ:ખના સમયે રડવું હશે તો ખભા કોઈના મળશે, પણ ખોળો તો 'મા'નો જ મળશે.

હિંદી ફિલ્મના ગીતમાં માનું મહત્ત્વ ગીતકારે સાચકલા હૃદયથી વ્યક્ત કર્યું છે :

*ઉસકો નહીં દેખા હમને કભી,*
*પર ઉસકી જરૂરત ક્યા હોગી,*
*એ મા... એ મા... તેરી સુરત સે અલગ*
*ભગવાનકી સુરત ક્યા હોગી... ક્યા હોગી...?*

*આરાધનામાં સ્મરું રૂપ શાનું?*
*ને બા સ્મરીને પ્રભુરૂપ પામું.*

સંસ્કૃતમાં પણ **મહાકવિ વાલ્મિકી**એ સાચું જ કહ્યું છે કે, "जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी ।" મા અને માતૃભૂમિ તો સ્વર્ગથી પણ મહાન છે.

***દુલાભાઈ કાગ*** *સાચું જ ગાય છે કે :*

***મુખથી બોલું મા ત્યારે સાચે જ બચપણ સાંભરે,***
***પછી મોટપણની મજા કડવી લાગે કાગડા.***

**કવિ દલપતરામે** પણ કરુણામૂર્તિ મા વિશે ગાતા ગાયું છે કે :

*'હતો હું સૂતો પારણે પુત્ર નાનો,*
*રડું છેક તો રાખતું કોણ છાનો?*
*મને દેખી દુઃખી કોણ થાતું?*
*મહાહેતવાળી દયાળી જ મા તું.'*

**કવિ પ્રેમાનંદે** પણ સાચું જ ગાયું છે કે : 'ગોળ વિના મોળો કંસાર, મા વિના સૂનો સંસાર.'

છોરુ કછોરુ થાય પણ માવતર કમાવતર કદી ન થાય. એટલે જ સંસ્કૃતમાં કહ્યું છે કે : "कुपुत्रा जायते कवचिदपि कुमाता न भवति ।"

એકવાર મા દીકરા વચ્ચે ઝઘડો થયો. દીકરાએ કહ્યું, 'તેં મને મોટો કર્યો, એ તારો ઉપકાર. પણ એમાં તેં જે કર્યું, એ બધાનો બદલો હું ચૂકવી દઈશ. બોલ, મારી પાછળ તેં કેટલો ખર્ચ કર્યો? કેટલા મારા કપડા પાછળ ખર્ચ્યાં? કેટલા જમવા પાછળ, કેટલા દવા... વગેરેમાં? બધું જ લખાવ, હું વ્યાજ સાથે તને ચૂકતે કરી દઈશ. લખાવ...'

'લખાવું તો ખરી દીકરા, પણ ક્યાંથી લખાવું?'

'કેમ? જનમ્યો ત્યારથી... પહેલા દિવસથી...'

'પહેલા દિવસે તને મેં છાતીએ વળગાડી દૂધ પાયું તું અને પછી તને ખોળામાં લઈ તારી સામે જોઈ હરખના આંસુ વહાવ્યા હતા. બોલ... એ દૂધ કેટલા રૂપિયે લીટર લખીશ? અને એ આંસુના ટીપાની કયા કોમ્પ્યુટર પર ગણતરી કરીશ અને પ્રત્યેક ટીપા માટે કેટલા સિક્કા આપીશ?'

માનો જવાબ સાંભળી પુત્રનો બધો રોષ ઉતરી ગયો. એણે માતાના ખભે માથું મૂકી દીધું અને ધ્રૂસકે ધ્રૂસકે રડતા બોલ્યો, 'મને માફ કર મા... મારાથી ગુસ્સામાં બોલાઈ ગયું.'

આમ, માનો ઉપકાર અસીમ જ છે ને!

મા એટલે વહાલ ભરેલ વીરડો, મા એટલે જ મંદિર કેરો દીવડો. માતાનો ખોળો એટલે જ દુનિયાની સહુથી સલામત જગ્યા.

જાણીતા સાહિત્યકાર **પદ્મશ્રી ગુણવંત શાહ** પણ સાચું જ કહે છે કે, **'માતા વ્યક્તિ વિશેષ જ નહીં, વાત્સલ્ય વિશેષ છે.'** ઘરમાં પાંચ જણ જમવા બેસીએ અને રોટલીના ડબ્બામાં ફક્ત ચાર જ રોટલી હોય તેવી ખબર પડે ત્યારે જે વ્યક્તિ એમ કહે કે, 'મને તો આજે જરાય ભૂખ નથી, એ મા...'

એક દીકરાની કાર વૃદ્ધાશ્રમ પાસે ઊભી રહી. દીકરો મા પાસે પહોંચ્યો. એ બેઠી'તી ડોસીઓની વચ્ચે... દીકરાએ કહ્યું, 'મા...' બોખા મોઢે પણ એ હસી. દીકરાએ કહ્યું, 'આજે બર્થ ડે છે તારો. તારે શું જોઈએ છે?'

મા મલકાણી, ને કહ્યું, 'બેટા... તારી ખુશી!'

પૃથ્વી પર જન્મ લીધા બાદ બાળક સૌપ્રથમ 'મા' બોલતા શીખે છે. **માવડીનો ખોળો, હાલરડો ને હેતના મોલ અણમોલ છે. બાળક સૌપ્રથમ પોતાની માતાને જ ઓળખતો શીખે છે.** મા પ્રત્યેક નારીમાં હોય છે. આ કુદરતનો ક્રમ છે. સ્ત્રીત્વનું શ્રેષ્ઠ રૂપ એટલે જ મા! **સ્વથી સર્વમાં વહેંચાય તે મા.** આમ સ્વને બદલે સર્વનો ખ્યાલ રાખનાર તમામ માતાઓને કોટિ કોટિ વંદન.

*"નિર્મળ સ્મિત", ૧૧, શિવશક્તિ સોસાયટી,*
*મંગળપુરા રોડ, ગણેશ સર્કલ પાસે, આણંદ.*
*મો. ૯૪૨૬૪ ૬૭૭૯૦*

## ઇશ્વરદત્ત વરદાન – માતૃપ્રેમ

**(અનુસંધાન : પાના નં. – ૩૯ ઉપરથી ચાલુ)**

હોય ત્યારે મા કરતી હોય છે. આ સેવા એ જ ઈશ્વરનું વરદાન છે. સૌ કોઈના નસીબે માતૃસેવા નથી હોતી પણ માની સેવા સૌના નસીબે હોય છે. માટે જ તે અણમોલ છે, ન ચૂકવી શકાય તેવું ઋણ છે. મા આવી અપેક્ષા રાખતી નથી. તેનો પ્રેમ નિરાસક્ત છે.

માનો આ પ્રેમ અતૂટ હોય છે. પોતાના રક્તથી નિર્મિત પિંડ પ્રત્યે માને ક્યારેય અપેક્ષા હોતી નથી. આ સ્થિતિ જ પ્રેમની શુદ્ધિનું પ્રમાણ છે. પોતાના સંતાનના વિયોગમાં માતાના દુઃખનો કોઈ પાર નથી હોતો. ગોપીઓ કૃષ્ણ વિયોગમાં જેમ મરણાસન્ન સ્થિતિએ પહોંચી જાય છે, તેવી જ સ્થિતિ માતાની પોતાના સંતાનના વિયોગમાં થતી હોય છે. બલકે એથીય આગળ આ વિયોગ પ્રાણઘાતક પણ પુરવાર થાય છે.

**પ્રભુ પ્રાર્થનામાં પણ મા પોતાના માટે કંઈ જ ઇશ્વર પાસે માંગતી નથી. માંગે છે તો માત્ર પોતાના સંતાનોનું કલ્યાણ અને મંગળ કામના.** આ જ સાચા પ્રેમની સાબિતી છે. એના મનમાં સંતાનનો પ્રેમ કોઈ સમય મર્યાદામાં નથી હોતો પરંતુ જન્મોજન્મનો હોય છે. આવતા જન્મમાં પણ મને આ જ સંતાન આપજે પ્રભુ...! એવા આર્તનાદ સાથેની પ્રાર્થનામાં જ માતા સંતાનના પ્રેમની પરિપૂર્ણતા રહેલી છે. અરસપરસનું આ સ્નેહબંધન જ માતૃપ્રેમનું શુદ્ધ સ્વરૂપ છે, ઈશ્વરત્વ છે, પ્રભુત્વ છે, વરદાન છે.

*હાર્મની, એફ/૮, મણિનગર સોસાયટી,*
*વિભાગ-૨, સહયોગ, ગોરવા, રીફાઈનરી રોડ,*
*વડોદરા.*



જનની

# 'મા' – મમતાની મૂરત



નવીન વી. વાછાણી

આ જગતમાં સૌથી પવિત્ર શબ્દ 'મા' છે. ઈશ્વર છે કે નહીં એ અટકળનો વિષય છે, પણ માતા પરમ સત્ય છે. પિતા આ સત્યના સાક્ષી છે. માનવજાતિ મા ના પેટે જન્મે છે અને તેના ખોળામાં ઉછરે છે, પાંગરે છે ને વિકસિત થાય છે. કોઈકે કહ્યું છે કે : 'ઈશ્વર બધા ઘરે પહોંચી શકતા નથી એટલે તેણે માતાનું સર્જન કર્યું છે.' આ સત્ય છે. આપણે જ્યારે મુશ્કેલીમાં હોઈએ, બીમાર હોઈએ કે પડી જઈએ ત્યારે સહજ રીતે એક ઉદ્‌ગાર સરી પડે છે : હે મા... માતા વિશેના અનેક વિધાનો છે. આપણે વાંચીએ છીએ, જે હિમાલય જેટલા મહાન છે. માતાનું હૃદય પર્વત જેવું અવિચળ છે, પુષ્પ જેવું કોમળ છે. કહેવાય છે કે જગતની મોટાભાગની ભાષાઓમાં મા માટેનો શબ્દ 'મ'થી શરૂ થાય છે. દા.ત. મોમ, મમ્મી, મા, મધર. મા એક એવી વ્યક્તિ છે કે જ્યારે કોઈ આપણી સાથે ન ઊભું હોય ત્યારે એ તો ઊભી જ હોય છે. એટલે તો તેને અડીખમ પહાડ સાથે સરખાવી છે.



'મા' – આ એકાક્ષરી શબ્દ આનંદના સ્ત્રોત સમો છે. તે સુખનું ધામ છે. **જુઓ 'બાપા' શબ્દ 'બા નો પા ભાગ' એમ જ સૂચવે છે અને તે શબ્દમાં પણ મહત્ત્વની દૃષ્ટિએ બા શબ્દ પ્રથમ અને પા શબ્દ પછી આવે છે.** માની મમતા અમૂલ્ય હોય છે. તેને કોઈ બેરોમીટરથી માપી શકાતી નથી. માનવી માત્ર એની માતાને ક્યારેય કેવી રીતે ભૂલી શકે? તે મનુષ્યના શ્વાસમાં સદાય જીવંત હોય છે. આ દુનિયામાં આવ્યા પછી બાળક સર્વપ્રથમ એની માતાનું મુખ જુએ છે. તેની સોડમાં સૂઈને સ્નેહ અને સહારાની હૂંફથી જીવન ઉષ્મા પામે છે. આ સ્નેહ અને લાગણી સાવ નિઃસ્વાર્થ હોય છે. કંઈ જ વળતર મેળવવાની તેને અપેક્ષા હોતી નથી. માનું વાત્સલ્ય કવિ બોટાદકરે ગાયું છે તેમ કાયમ સદાબહાર હોય છે.

*"વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ*
*માડીનો મેઘ બારેમાસ રે...*
*જનનીની જોડ સખી નહીં જડે રે લોલ."*

સાચે જ પ્રેમ અને લાગણીના અતૂટ સંબંધમાં માતા શબ્દ જ પ્રમાણભૂત અને વિશ્વસનીય છે. **માતા એટલે નર્યો સ્નેહ અને નરી અમિવર્ષા.** જે આપણી રાહ જોતી હોય, ચિંતા કરતી હોય અને પ્રેમથી ભોજન કરાવતી હોય છે, એ મા છે. માતા આપણાથી કદીય છૂટી પડતી નથી. તેના છુપા આશીર્વાદ આપણને પ્રેરણા અને બળ આપે છે. માતા જેવું મનુષ્યને મળેલું વરદાન કોઈ નથી. આપણા હાસ્યમાં તેનો રણકો હોય છે. આપણા આંસુમાં તેની ભીનાશ હોય છે. એના પ્રેમની કોઈ સીમા નથી. એના પ્રેમથી આપણું બાળપણ મહેકે છે. એની શ્રદ્ધાના કારણે આપણા યૌવનને ગરિમા મળે છે. આપણને લોહી-માંસ માતાના મળે છે, હાડકાં પિતાના હોય છે. **માતા જેવી કોઈ છાયા નથી, ને માતા જેવી કોઈ પરબ નથી.**

માનવ જીવનને દિવ્ય અને સદૈવ ખીલેલું નંદનવન બનાવવું હોય તો હંમેશાં મા ના સ્નેહામૃતનું સિંચન કરવું પડે છે. 'એક માતા સો શિક્ષકની ગરજ સારે છે.' આ વિધાન સંપૂર્ણ સાચું છે.

ડૉ. જહોન્સને કહ્યું છે, 'મારા સૂક્ષ્મ વિચારોનું મૂળ મારી માતાના પ્રેમભર્યા હાલરડામાં છે.' **સંતાનના શિક્ષણ અને ચારિત્ર્ય ઘડતર દ્વારા સમાજ અને દેશનું ઘડતર કરનાર પણ માતા જ છે.** વનરાજને ગુણસુંદરીએ, સિધ્ધરાજને મીનળદેવીએ, શિવાજીને જીજીબાઈએ અને ગાંધીજીને પૂતળીબાઈએ જ મહામાનવો બનાવ્યા છે. મહાન વિચારક એમર્સનનું મા અંગે જે ચિંતન છે તે સર્વથા યોગ્ય છે : "માણસો તે જ હોય છે જે તેમની માતાઓએ બનાવ્યા હોય છે." અબ્રાહમ લિંકને પણ મા વિશે લખ્યું છે કે : "હું જે કંઈ છું તે અને જે બનવા માગું છું તે સઘળું મારી દેવી માતાને આભારી છે." સાચે જ મા ની મહાનતા શબ્દો વડે ક્યારેય પૂર્ણપણે ન વર્ણવી શકાય.

માતા સ્નેહમૂર્તિ છે અને સંસ્કારધાત્રી છે. ત્યાગ, સેવા, સમર્પણ અને મધુરતા તેના શ્વાસમાં હોય છે. માનો રતિભર પ્રેમ હજારો ધર્મગ્રંથોના ઉપદેશ કરતાં પણ ચડિયાતો બની જાય છે.

માતા, એ માનવતા અને સંસ્કૃતિનું મહાવિદ્યાલય છે. એક ધર્મગ્રંથમાં કહેવાયું છે કે : "ગુરુ, આચાર્ય, ઉપાધ્યાય અને ઋષિમુનિઓ પૂજ્ય છે. પરંતુ માતા એ બધા કરતાં પૂજ્ય છે." તમારે દેવીના દર્શન કરવા છે? તમે ક્યાં જશો? એક કવિએ ખૂબ શોધખોળના અંતે સ્થાન શોધી કાઢ્યું છે :

*"મંદિર મંદિર દોડ્યો, સાક્ષાત દેવી ન ક્યાંય દીઠી,*
*ગૃહમંદિર ગયો ત્યાં મા રૂપે મળી ગઈ મીઠી!"*

આપણા પૂજ્ય સંત મોરારિબાપુએ પણ લખ્યું છે : "મા ના બે ચરણ છે – સમતા અને મમતા. માની બે આંખ છે – ક્ષમા અને કરુણા. બે હાથ છે – અભય અને વરદાન. માનું હૃદય તો પ્રેમ મંદિર છે. આપણે બધા તેના સહારે સુખમય જીવીએ છીએ."

માતા ઘરને સ્વર્ગ બનાવી દે છે. તેના નિર્વ્યાજ પ્રેમથી કુટુંબ પવિત્ર, ઉન્નત અને પ્રસન્ન બને છે. વિચારક પામ બ્રાઉન તો ત્યાં સુધી કહે છે કે : "મા પોતાનું જીવન અને સંતાનનું જીવન બંને એક સાથે જીવે છે." આપણા કોઈપણ પ્રકારના દુઃખને કહ્યા વગર સૌપ્રથમ જાણી જનાર જો કોઈ વ્યક્તિ હોય તો તે મા છે. એ અર્થમાં તે અંતર્યામી છે. આપણા ઘરમાં જે અજવાળું છે તે માતાનું છે. ઘરની સ્વચ્છતા, સુંદરતા, સમૃદ્ધિ અને પ્રસન્નતા કોના કારણે છે? ઘરને સ્વર્ગસમું બનાવનાર એક જ તત્ત્વ છે, જે માતાનો નિર્વ્યાજ પ્રેમ. માતાના હાથ કેવા મુલાયમ હોય છે કે બાળક ઉપર હળવો હાથ મૂકે ત્યાં બાળકને મીઠી નીંદર આવી જાય છે. **જગતમાં કોઈ માતા કદી ગરીબ કે કદરૂપી હોતી નથી. દરેક માતા તેની મમતાથી ધનિક અને સુંદર હોય છે.** તેને મન સંતાન કાળું કે ગોરું હોય, પુત્ર કે પુત્રી હોય તેની લાગણીમાં, પ્રેમમાં કોઈ ફેર પડતો નથી. તેને મન તેનું બાળક કાયમ સુંદર અને સારું હોય છે. માતા જ્યારે એના બાળકને પ્રેમ કરે છે ત્યારે એ સૌથી વધુ શ્રીમંત, સુંદર અને પ્રસન્ન લાગતી હોય છે.

માતા પવિત્રતાની પરબ છે, વિશ્વાસની વીરડી છે, ત્યાગની તટિની છે, સ્નેહની સરિતા છે અને સુખની સાગર છે. આટવેના શબ્દપુષ્પો વડે આપણે એના ચરણ કમળ પર સ્નેહ સમર્પણ કરીએ:

*"હે મા! વિધાતાએ તને માનવજાતને સુખી કરવા બનાવી છે.*
*તું ન હોત તો અમે પશુ જેવા હોત!*
*સ્વર્ગમાં પણ એવું શું છે કે જે તારામાં નથી?*
*અદ્‌ભુત તેજ, પવિત્રતા, સત્ય, આનંદ*
*અને અમરપ્રેમ સર્વ કંઈ તારામાં છે."*

★

*માતા એટલે બાળકના હોઠ અને હૃદય પર ઈશ્વરનું નામ.*
*– વિલિયમ જોકર*

*ગોળ વિના મોળો કંસાર, માતા વિના સૂનો સંસાર.*
*– પ્રેમાનંદ*

*મા એ મહાલક્ષ્મી, મહા સરસ્વતી અને જગતજનની છે.*
*– મહર્ષિ અરવિંદ*

*૩૦૧, સિધ્ધિ વિનાયક એપાર્ટમેન્ટ, આસ્થા રેસિ. પાછળ,*
*મવડી, રાજકોટ-૩૬૦ ૦૦૪.*
*મો. ૯૯૭૯૪ ૬૯૯૧૭*

## પૃથ્વીની કવિતા "મા"

**(અનુસંધાન : પાના નં. – ૪૫ ઉપરથી ચાલુ)**

દુન્યવી ગણિતમાં એકનું સવાયું હોય પરંતુ પૂર્ણનું સવાયું હોય? પૂર્ણ એક પ્રભુ છે અને બીજું કોઈ પૂર્ણ હોય તો તે 'મા' છે. આવી માતાના ગુણગાન ગાતા ચંદ્રકાંત મહેતા લખે છે :

*'મોંઘી માડી! જીવન-ભરતી-ઓટમાં તું જ ઈન્દુ,*
*તારી આણે મુજ ઉર ચડે ઊતરે ઊર્મિ સિંધુ.'*

માતાના બે ચરણ છે : એક સમતા અને બીજું મમતા. એવી જ રીતે બે બાહુ છે : અભય અને બીજું વરદાન. બે આંખોમાં એકમા ક્ષમા અને બીજીમાં કરુણા. આવી મહાન માતા સ્નેહને કારણે સંતાન માટે રક્ત, દૂધ અને ક્યારેક આંસુ પણ વહાવતી હોય છે. આજ માતા જગદંબા બની આખા જગતને નેહથી ભીંજવતી હોય છે. સ્નેહ એ માતૃ હૃદયનો ગુરુત્તમ સાધારણ અવયવ છે. આવા મહાન ગુણોના ભંડાર સમી માતાને વંદન કરતા કવિશ્રી બરકત વિરાણીના શબ્દો યાદ આવે છેઃ

*'કવિ કવિતાની નીચે પોતાનું નામ લખે છે,*
*ચિત્રકાર કલાકૃતિની નીચે પોતાનું નામ લખે છે,*
*પણ ઈશ્વર?*
*ઈશ્વર જેવો મહાન કલાકાર નથી –*
*એ માનવીને સર્જે છે, પણ માનવીની નીચે પોતાનું નામ નથી લખતો*
*અને લખે છે, ત્યારે એ માતાનું નામ લખે છે.*
*પણ માતા એ ઈશ્વરની મહાનતાનું પ્રતીક છે.*
*એ બાળકને એના પિતાનું નામ આપી દે છે.*

આવી પૃથ્વીની કવિતા માતાને વંદન.

*કવિશ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીના શબ્દોમાં...*

*'આરાધનામાં સ્મરું રૂપ બાનું!*
*ને બા સ્મરીને પ્રભુરૂપ પામું.'*

*"ગાયત્રીકુંજ", અમીયાપુર, તા. બાયડ,*
*જિ. અરવલ્લી - ૩૮૩ ૩૨૫. • મો. ૭૯૮૪૭ ૩૫૫૫૧*



જનની

# ઈશ્વરદત્ત વરદાન – માતૃપ્રેમ

મહેશ ઉપાધ્યાય

માતૃપ્રેમ એટલે ગંગોત્રીની એવી પાવન, શીતલ, શુદ્ધ અવિરત ધારા જે ઈશ્વરાનુભૂતિનું બીજું નામ. 'સત્યમ, શિવમ, સુંદરમ'નો સાક્ષાત્કાર. માની મમતા એટલે પ્રત્યેક જીવને શિવત્વનો શ્રેષ્ઠ ઉપહાર. ગર્ભધાનથી પ્રારંભ થતી અવિરત વહેતી સ્નેહ-ગંગા. મા ને કોઈ ઉપમા આપી શકાય તેમ ન હોવાથી એમ કહેવાય છે કે – 'મા એટલે મા.' પોતાની ગોદમાં સંતાનને લઈને પયપાન કરાવતી માતાનું દશ્ય કેટલું પાવનકારી હોય છે. માથા પર ફરતો માનો હાથ સંતાનને સ્વર્ગીય આનંદ બક્ષે છે.

માના ચરણોમાં બેસીને માથું એની ગોદમાં મૂક્યું એટલે તરત જ મમતાની સરવાણી હાથમાંથી આંગળીઓ દ્વારા સમગ્ર ચેતનાને પ્રેમાર્દ્રતાથી સંતૃપ્ત કરવા લાગે. મુખમાંથી આશીર્વાદોનો ધોધ વહેવા લાગે. ઈશ્વરીય ચેતનાનો અનુભવ આનાથી ભિન્ન કેવી રીતે હોય? બત્રીસ કોઠે દીવા કરાવતી આ અનુભૂતિ વિરલ છે. છતાં સુલભ છે માના ચરણોમાં. નિર્લેપ, નિરપેક્ષ, નિર્મળ પ્રેમ માતૃત્વની પૂર્ણતાનું પ્રતિબિંબ છે. માની મમતા તથા ઈશ્વરમાં કોઈ ભિન્નતા નથી. ઈશ્વર સર્વવ્યાપી, અનંત, અનાદિ, અદશ્ય, સર્વશક્તિમાન (પ્રબળ), પોષક, રક્ષણહાર છે... એ જ પ્રમાણેના બધા જ લક્ષણો માતૃપ્રેમના છે. માનો પ્રેમ સર્વવ્યાપી છે. પ્રત્યેક જીવમાં છે. ખેચર, જળચર, ભૂચર, પશુ-પંખી, પ્રાણી... અરે! જીવમાત્રમાં વ્યાપ્ત છે. જે અવિરત વહેતો રહે છે. તે અનુભવનો વિષય છે. અદષ્ટા છે. બિલકુલ ઈશ્વરની જેમ. પોતાના સંતાન માટે મા શક્તિનો અવતાર છે. પોતાના બચ્ચા માટે હરણી, સિંહ સામે બાથ ભીડવા તૈયાર થઈ જાય છે. બિલાડી પોતાના બચ્ચાને તીક્ષ્ણ દાંત વડે પણ કેવી સુરક્ષિત રીતે પકડે છે. કોઈપણ માતા પોતાના સંતાન માટે જીવ સટોસટનો ખેલ ખેલવા તૈયાર થઈ જાય છે. એ સર્વશક્તિમાન સ્વરૂપ શું ઈશ્વરીય નથી? મા સદાય રક્ષણહાર છે. પોતાના સંતાનના સુખ ખાતર પોતાની જાતનું સમર્પણ કરતાં મા ક્યારેય અચકાતી નથી.



ગર્ભથી જ મા પોતાના સંતાનનું સતત ચિંતન કર્યા કરે છે. **સંતાન અને માતા વચ્ચેનું આ જોડાણ ભક્ત અને ભગવાનના જોડાણ જેવું જ હોય છે.** પ્રેમનો આ તંતુ ક્યારેય અલગ થતો નથી. આ એક અલૌકિક ભક્તિ જ છે. ભક્તિ એટલે જ અનોખું જોડાણ. જે વિભક્ત થતું નથી. બંને એકબીજામાં ઓતપ્રોત હોય છે. માની પ્રત્યેક ક્રિયા બાળકના સંસ્કાર સિંચન માટે હોય છે. ચારિત્ર્ય ઘડતર કરે છે. સાથે સાથે પ્રત્યેક ક્ષણે તેના રક્ષણની ચિંતા કરે છે. બાળક ખોડખાંપણવાળું હોય તો...!! તો માનો પ્રેમ અનેકઘણો વધી જાય છે. મંગુ માટે અમરતકાકીનો પ્રેમ – લેખકે પોતાની વાર્તામાં કેવો અદ્‌ભુત વર્ણવ્યો છે?

બાળક માટે મા એટલે એની ખુશીઓનો ખજાનો. માનું મુખ જોતાં જ બાળક એટલું પ્રસન્ન થઈ જાય છે કે પોતાના બધા જ દુઃખો ભૂલી જાય છે. એનું મુખારવિંદ કૃષ્ણત્વ પામે છે. આંખોમાં વિશ્વાસ અને હળવાશ જાણે ફૂલોનો અહેસાસ! આ ઈશ્વરની સંપૂર્ણ વ્યવસ્તા છે. યશોદા અને કૃષ્ણનો સ્નેહ પણ અદ્‌ભુત દૃષ્ટાંત છે. માની ખીજ હોય ને પોતાના સંતાનને બાંધવો હોય તોય મા યશોદા હીર-રેશમની દોરી લાવે, કાથીની નહીં. ખરેખર મા, એ પ્રેમનું મૂર્તિમંત સ્વરૂપ છે.

માના ચહેરા પર પોતાના સંતાન માટે સદૈવ સ્નેહ જ દશ્યમાન હોય છે. ભલે ને ગુસ્સો કરે? અને મન મસ્તિષ્ક તથા મુખ પર પોતાના લાડલા સંતાન માટે હંમેશાં આશીર્વાદ જ હોય. એના પ્રેમમાં ક્યારેય ઓટ નથી આવતી. સતત વહેતી વાદળી જેવો એનો પ્રેમ સૌની અનુભૂતિ છે. પ્રેમનો આ વરસાદ માના મૃત્યુની અંતિમ ક્ષણ સુધી બરકરાર રહે છે. પુત્ર કપુત્ર થાય, માવતર કદી કમાવતર ન થાય.

માના પ્રેમનું મૂલ્ય સો જન્મોમાં પણ ચૂકવી ન શકાય એવો અણમોલ પ્રેમ માનું નજરાણું છે – પ્રત્યેક સંતાન માટે. માના ઘડપણમાં સંતાન તેની સેવા એવી રીતે જ કરે, જેવી તે નાસમજ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૬ ઉપર)



જનની

# પશ્ચાત્તાપ



રેખા જોષી

ઓરડો પરોઢિયાના પથરાયેલા ધૂંધળા પ્રકાશથી વધુ સ્તબ્ધ જણાતો હતો. ફોનની ઘંટડીનો અવાજ સ્તબ્ધતાને ચીરીને ફેલાઈ રહ્યો હતો. ફોન ઉપાડવાની આજે કોઈને ઉતાવળ નહોતી.

વરસાદી સવાર આરતીને શીતળ લાગવાને બદલે દઝાડી રહી હતી. દૂરથી સંભળાતા મોરલાનાં ટહુકા કાનને કર્કશ લાગતા હતા. સવારે ૬નાં ટકોરે ઉઠી જનારી આરતીને આજે પથારી છોડવાની ઈચ્છા જ થતી નહોતી. હંમેશાં ગરમ મસાલાવાળી ચા સાથે ટ્રેમાં છાપું આપનારી આરતીને આદિત્ય ઉઠાડી રહ્યો હતો.

આદિત્ય બોલ્યો : 'આરતી ઉઠવું નથી?'

'હું' કહી આરતીએ પડખું ફેરવી લીધું.

આદિત્યે પૂછ્યું : 'તબિયત બરાબર નથી?'

આરતીએ ધીમા અવાજે વળતો પ્રશ્ન કર્યો : 'આદિત્ય, આજનો દિવસ તને યાદ છે?'

આદિત્ય મજાક કરતાં બોલ્યો : 'તારી પીડા અને આનંદને મેં તારીખ - વાર પ્રમાણે યાદ રાખ્યા છે ડિયર...'



'આજે મજાકનો દિવસ નથી આદિત્ય' એવું બોલતા તે ઊભી થઇ અને પોતાની જાત સાથે વાતે વળગી...

આજે ૯ ઓગસ્ટ ને શનિવાર કેવો જોગાનુજોગ? પાંચ વરસે તારીખ ને વાર બંને સરખા આવ્યા.

આજથી પાંચ વરસ પહેલા લગભગ... સવારના ૭ વાગ્યા હશે ને ફોનની ઘંટડી વાગી... ખબર નહીં એકાએક અમંગળ એંધાણ આવ્યા... ને વાસ્તવિક્તામાં પાછી આવી ત્યાં જ સામેથી અવાજ આવ્યો – "બા ગયા..." થોડી ક્ષણો માટે તો જડ જેવી બની ગઈ. પછી ભાંગી પડી. જાણે કોઈએ આસમાનમાં અસહાય છોડી દીધી ન હોય! આરતી આગળ વિચારી ન શકી અથવા વિચારવા માંગતી નહોતી.

ઊભી થઈ સીંક પાસે ગઇ ને આંખો પર પાણીની ઉપરા-ઉપરી છાલક મારવા લાગી. જાણે પોતાના આંસુઓ છુપાવી લેવા માંગતી ન હોય? કે ભૂતકાળને પાણી વડે જાણે ધોવા માંગતી ન હોય? છતાં વણથંભી વિચારધારા આરતીનાં માતૃહૃદયમાં વલોપાત કરતી રહી.

સમય જતાં આરતીને લાગવા લાગ્યું હતું કે – **'મા'નું સાચું સ્વરૂપ કદાચ માતા બન્યા પછી જ સમજાતું હોય છે.** સમયસર સવાલોનાં જવાબ નથી મળતાં. સમય પસાર થઈ ગયા પછી જ અમુક સવાલોના જવાબ મળતા હોય છે.

આરતી રસોડામાં ગઈ. આર્જવ માટે દૂધ બનાવ્યું. લંચ-બોક્સ તૈયાર કર્યું. પરંતુ મન ક્યાંય લાગતું નહોતું... નાનપણની એક પછી એક સ્મૃતિ નજર સામે તરવરતી હતી. આર્થિક રીતે એકદમ સાધારણ કહી શકાય એવું પોતાનું કુટુંબ હતું. આર્થિક સંકડામણ વચ્ચે પાંચ ભાઈ-બહેન, **બા બિચારી વસ્તુની સાથે સાથે પ્રેમ પણ સરખા ભાગે વહેંચતી.** નામ પણ કેવું જાજરમાન અને અર્થસભર હતું : 'ભાગીરથી.' ગંગા જેટલી જ પવિત્ર અને એક હૃદયમાં એક સાથે બધા સંતાનોના પ્રેમને સિંચતી, બોલાવતી એકને, છતાં બધાના નામ જીભનાં ટેરવે આવી જતા જેમ કે હસુ... બટુક... જીતુ... ધનુ અને સંતાનો પણ એની આ ભાષાને સમજી જતા.

દૂધવાળાના અવાજથી આરતીની વિચારધારામાં જાણે ખલેલ પહોંચી હોય તેમ છણકો કરતા એ બોલી, 'આવું છું.' આદિત્ય પણ આજે વધુ પ્રશ્નોત્તરી કરી હેરાન કરવા માંગતો નહોતો.

આરતી ગેસ પર દૂધ ગરમ મૂકી ફરી ભૂતકાળમાં સરી પડી... બા એ કપરી કસોટીમાંથી કેમ પાર ઉતરવું એની સારી કેળવણી આપી હતી. કારણ પોતે ઘણાં કપરાં સંજોગોનો સામનો કર્યો હતો. પાણીની અછતમાં રાતે ૨ વાગે ઉઠીને કૂવેથી પાણી ભર્યા હતા. ભર ચોમાસે નળિયે-નળિયે ચૂવા થતા તો રાત આખી જાગીને વાસણો બદલતી રહેતી. ટાણે-કટાણે મહેમાન આવે તો

અડધો-શેર કે પા-શેર દૂધ લેવા ખુલ્લા પગે દોડી જતી અને મોટાભાઈની ચડ્ડીને થાગડ-થીગડ કરી સૌથી નાનાભાઈ સુધી ચલાવતી. પિતાજી તલાટી હતા તો ડિસ્ટ્રિક્ટમાં જવાનું થાય એટલે નાના - મોટા વ્યવહારો પણ સાચવી લેતી.

આજે બાની મૃત્યુ-તિથિએ આરતીનાં માતૃ હૃદયને ચોક્કસ ઢંઢોળ્યું હતું કારણ આરતી આજે બે સંતાનોની માતા બની ચૂકી હતી.

આદિત્યનું કુટુંબ બહુ પૈસાદાર ન કહી શકાય પરંતુ ખાધેપીધે સુખી અને ખાનદાન હતું. તે કુટુંબપ્રેમી માણસ હતો. સ્વભાવ સરળ ને શાંત. તેણે પણ આરતી સાથે બાની સેવા કરવામાં સારો સાથ આપ્યો હતો. બા ના ગયા પછી એક-એક પ્રસંગે તેણે આરતીને સંભાળી લીધી હતી. તે જમાઈ કરતાં દીકરો વધુ હતો એમ કહી શકાય. તન-મન-ધનથી ચાકરી કરી હતી.

આજે આરતીને ઉદાસ જોઈને આદિત્ય પણ એટલો ખુશ નહોતો. આદિત્ય ખુરશીમાં બેસતાં બોલ્યો : 'આરતી તું જ કહે છે ને અહિંયા કોઈ વસ્તુ કે વ્યક્તિ શાશ્વત નથી. પછી તું જ આમ...'

આરતીએ જવાબમાં આદિત્યના ખભે માથું ઢાળી દીધું અને કહ્યું, 'આદિ, તને નથી લાગતું કેટલીકવાર સ્વજનોની લાગણી સામે સહનશીલતા હારી જતી હોય છે?'

આરતી પિયરમાં સૌથી નાની અને લાડકી હોવા છતાં પિતાજીનાં અવસાન પછી સમજદારીમાં સૌથી મોટી બની ગઈ હતી. તેનાથી મોટા ચાર ભાઈઓ-ભાભીઓ હોવા છતાં ઘરની તેમજ બા ની ઘણીખરી જવાબદારી સંભાળી લીધી હતી. વાર-તહેવારે પિયર જઇ આવતી અને બાની ખબર-અંતર લઇ આવતી. બાની શારીરિક જરૂરિયાતની સાથે સાથે માનસિક જરૂરિયાતને પણ આરતી સારી રીતે સમજતી હતી.

બા પાસે બેસીને ભૂતકાળના પ્રસંગો વાગોળતી અને બા ને કહેતી : 'બા, તું દાદા સામે કેવી લાજ કાઢતી?' ત્યારે તું મને દુનિયામાંની સૌથી વધુ નિઃસહાય વ્યક્તિ લાગતી અને મારા મનમાં દાદા માટે છૂપો આક્રોશ પેદા થયા કરતો એ અણગમો હજુ પણ ભૂલી નથી. બપોરે તું થાકીપાકી જરાવાર આડી પડતી તો હું છાની-માની ચોર પગલે આવી તારા શ્વાસ તપાસી જતી. મારા બાળ માનસને થતું કે તું જીવે તો છે ને?!!!

બા ની ઊંડી આંખો સામે ભૂતકાળ તરવરતો અને સંજોગોની થપાટ તેમજ ઉંમરની અસરવાળા, એ કરચલીવાળા ચહેરા પર ખુશીની આછી લહેર દોડી જતી.

આમ લાગણીના સેતુથી બંધાયેલી એક યા બીજા પ્રકારે સંકળાયેલી રહી બા ને તેનાં અસ્તિત્વનાં અર્થને સમજાવવા પ્રયત્ન કરતી. આવી તો અનેક ઘટનાઓ થકી મા-દીકરી ભૂતકાળને તાજો કરી લેતા.

પરંતુ જ્યારે આરતી સાસરે આવવા પાછી ફરતી ત્યારે આખા રસ્તે એની આંખો બા ની છબીમાં જ રમતી અને ભીંજાયેલી આંખોને બારી બહાર જોઈને સૂકવતી...

ક્યારેક બા ની વિવશતા અને લાચાર કાયાને યાદ કરતી તો ક્યારેક કંપતા અવાજને... પછી તેના હૃદયમાં ડૂસકું ને ડૂમો જ રહી જતા...

આજ આરતીના દિલમાં દ્વંદ્વયુદ્ધ ચાલતું હતું. કેવી જર્જરીત અને દુર્બળ હતી બા. ઓરડાનાં ચારેય બાજુનાં શૂન્યાવકાશમાં પ્રેમ-હૂંફ ને મમતાના બે શબ્દો સાંભળવા ખાલી મથામણ કરતું તેનું ભોળું મન...

પાંચ પાંચ સંતાનોની એ મમતામયી બા અત્યંત સહનશીલ અને દુન્યવી ચક્રવ્યુહોથી મુક્ત, ભક્તિ-ભાવવાળી હતી. નાના ગામડાંઓમાં અનેક અભાવો વચ્ચે સંતાનોનો સારો ઉછેર કરી આજે દરેકને મોટી પદવી અપાવી હતી. મોટા બે દીકરા ભણવામાં હોંશિયાર હોવાથી કોલેજમાં પ્રોફેસર બની ગયા, નાના બે પણ સરકારી કચેરીમાં સારા હોદ્દા પર હતા. પોતપોતાના ઘરે બધા સુખી હતા.

**પરંતુ માતાની કઠિન જવાબદારીને દરેક ભાઈઓએ (સંતાનોએ) પોતાની મજબૂરીમાં ખપાવી હતી. પૈસાના ત્રાજવે તોલી હતી.** મોટાભાઈએ નિર્ણય જાહેર કર્યો કે બા ને ૨ મહિના દરેક ભાઈએ રાખવા...! આમ બા અને સામાનમાં કોઈ ફરક રહ્યો નહોતો. તેણે પણ ચૂપચાપ પોતાના સંતાનોની આ વ્યવસ્થાને સ્વિકારી લીધી હતી. પતિની છત્રછાયા તો તેણે ક્યારનીય ગુમાવી દીધી હતી. નહિં તો કદાચ તે આજે આટલી ટેકા વગરની વેલની જેમ ફસડાઈ પડી ન હોત...

આરતીનું મન આક્રોશ સાથે પશ્ચાતાપમાં સળગી રહ્યું હતું. મહિનાની ૧લી તારીખે પૈસા આપવા અને લોકલાજે મળવાનો પ્રોગ્રામ રાખવો એ જ સંતાનોની માત્ર ફરજ? પોતાપણાની ક્યાંય લાગણી નહીં? પારાવાર પ્રશ્નો પીછો કરતા હતા.

આરતીના આંખોમાં આંસુનું પારદર્શક પડ બાઝી ગયું. બાની વિદાય યાદ આવી!! તેને થયું સ્મશાનથી પાછા વળતા મારા પગ આગળ જતા હતા પરંતુ મન બેવડી ગતિથી પાછળ સ્મશાન તરફ... છલકાઈ આંસુ તેની ચિતાને ઠારવા પ્રયત્ન કરતા હતા પરંતુ મન પશ્ચાત્તાપની આગમાં ભડભડ બળતું હતું. મન પોકારી કહી રહ્યું હતું : **'દુનિયામાં આજે બધું જ છે, નથી એક ભાવ... પ્રેમભાવ... જે બુઢાપાને બેઠો કરે.'**

આરતી લાંબા નિઃશ્વાસ સાથે ઊભી થઇ અને બાલ્કનીમાંથી દેખાતા આકાશ સામે તાકી રહી. જાણે પ્રતિજ્ઞા કરતી હતી : ''આ ભવ દીકરી બની મારા ઘરે ન રાખી શકી પરંતુ આવતે ભવ જરૂર તારા ખોળે દીકરો બનીને અવતરીશ.''

*આર-૪૦૩, આરોહી ક્રેસ્ટ એપાર્ટમેન્ટ,*
*ગાલા જિમખાના રોડ, બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.*
*મો. ૯૪૨૬૮ ૬૭૬૭૧*



જનની

# મા બચ્ચોં કી જાન હોતી હૈ



ડૉ. સ્નેહલ એન. ત્રિવેદી
(અબુધાબી)

'મા' શબ્દ બોલતા જ મોં ભરાઈ જાય છે. મારા મમ્મી લગ્ન પહેલા એસ.એસ.સી. સુધી ભણ્યા હતા. લગ્ન પછી ૧૨ વરસે બારમાની પરીક્ષા આપી. પછી બી.એ., પછી એમ.એ. ગોલ્ડ મેડલ સાથે, પછી કોલેજમાં પ્રાધ્યાપક. પછી પીએચ.ડી. તથા પીએચ.ડી.ના ગાઈડ. આ બધી વાતો મેં ઘણાને કરી છે, સામયિકોમાં લખી છે. તેથી ઘણાના આદર્શ છે, તો મારા માટે તો હોય જ. પણ આજે સર્વસામાન્ય મા ની વાત કરવી છે.

થોડા સમય અગાઉ સમાચારમાં એક વીડિયો જોયો હતો. એક મહાશય ઢેલને તેના ઈંડા પરથી ઉડાડી ઈંડા લેવા જાય છે અને ઢેલ તેના પર ઘાત કરે છે, તે ઢેલ નથી પણ મા છે.

સિંહ કે સિંહણને સાવ નજીકથી ગીરમાં જોયા છે. પરંતુ જ્યારે સિંહણ બચ્ચા સાથે હોય છે, ત્યારે તેની નજીક તો ન જવાય, પણ બચ્ચા તમારા તરફ આવે તો પણ તમારી સલામતી નથી. આ પણ સિંહણ રૂપે મા જ છે.

સાસણ રેલવે સ્ટેશન પર વાંદરાઓ હોય છે. ખીજડિયા વેરાવળ ટ્રેન ઊભી હતી. કેટલાક મુસાફરો વાંદરાઓને ખાવાનું નાખે. તેમાં ટ્રેન ઉપડી. એક વાંદરીનું બચ્ચું પાટા પર બેસેલ. તેની પૂંછડી પૈડા નીચે આવી. તેણે ચીસ પાડી. તેની મા ને એમ થયું કે કોઈ મુસાફરે ઈજા પહોંચાડી. તેણે દરવાજા પર ઊભેલા પુરુષને પકડીને કેટલાક બટકાં ભરી દીધા. આ પણ મા છે. આ ઘટનાની હું સાક્ષી છું.

મા એટલે પ્રસુતિની પીડા ભોગવી હોય તે. તે નીના ગુપ્તા પણ હોઈ શકે. વાચકોને યાદ જ હોય કે નીના ગુપ્તા અને ક્રિકેટર વિવિયન રીચાર્ડના લગ્ન વગર થયેલ સંતાન માટે પણ નીના ગુપ્તા તો મા જ સાબિત થઈ. તેની દીકરીને સમાજમાં પ્રતિષ્ઠાપૂર્વક પ્રસ્થાપિત કરી. સંતાન માટે કોઈ પણ સાહસ કરી શકે છે.

અત્યારે ફર્ટિલિટી સેન્ટરોમાં કૃત્રિમ ગર્ભાધાન કરી સ્ત્રીને માતા બનાવવામાં આવે છે. બાળક માટે તો તે મા જ છે.

તેથી આગળ વધીને કહું તો જેમણે દત્તક લીધું છે તેવા બાળક માટે પણ દત્તક લેનાર માતા છે. જેમ સ્ત્રીએ પ્રસુતિની પીડા ભોગવી હોય છે, તેમ આ સ્ત્રીએ વાંઝિયામેણાની પીડા ભોગવી છે.

પુરુષ અને સ્ત્રીમાં મોટાભાગે આ ફરક છે. પુરુષનું અવસાન થાય તો સ્ત્રી તેના નાના બાળકોને ઉછેરીને વૈધવ્ય ઉજાળે છે તેમ કહેવા કરતા એમ કહીશ કે તેના માતૃત્વને પ્રાધાન્ય આપે છે. જ્યારે પુરુષ તેમ કરે, તો ક્વચિત હોય, તેવા કિસ્સાઓ દાખલારૂપ ટાંકવામાં આવે છે.

માતાનું સંસ્કૃત મૂળ "માતૃ" છે. સંસ્કૃતમાં માતા થાય છે, જ્યારે આપણી ગુજરાતીમાં દેવી માટે આ શબ્દ પ્રયોજીએ છીએ.

માતા જ્યારે નોકરી કરતી હોય ત્યારે તેને સતત બાળકની ચિંતા રહે છે. અત્યારે તો નોકરીના સ્થાન પર જ ઘોડિયાઘર તથા ફિડિંગ રૂમ રાખવા ફરજિયાત છે.

બાળકના ઉછેર માટે જ્યારે આયા રાખે અને માસિક દસ હજાર જેવી રકમ આપવી પડે ત્યારે તમામ ઘરકામ કરતી, ઘર સંભાળતી અને માતા થઈને બાળકને ઉછેરતી માતાને પ્રણામ જ કરવા જોઈએ.

માતાની સંતાન પ્રત્યેની ફરજ પણ ઋષિ મુનિઓએ દર્શાવી છે. સંતાન માટે મા પ્રથમ ગુરુ છે કારણકે બાળક સાથે સૌથી વધુ તે રહે છે. બાળકોને ભણાવતી નથી તેવી માતા (અને પિતા પણ) માટે આ શ્લોક જુઓ :

*माता शत्रुः पिता वैरयाभ्यां बाला न पाठिताः ।*
*सभामध्ये न शोभन्ते हंस मध्ये बको यथा ॥*

*– ચાણક્ય નીતિ ૨/૧૧*

"જે માતા-પિતા પોતાના સંતાનને ભણાવતા નથી તેઓ સંતાનના જ વેરી છે. આવા અભણ બાળકો સમાજમાં શોભતા નથી. જેવી રીતે હંસની વચ્ચે બગલો હોય તેવું લાગે છે."

**આમ, માતા તો તેની ફરજ બજાવે છે પરંતુ જ્યારે સંતાનો તેની ફરજ અદા નથી કરતા ત્યારે વૃદ્ધાશ્રમો તથા બિનસલામત સિનિયર સિટીઝનોની સમસ્યા ઊભી થાય છે.**

આમ ન બને તે માટે સંતાનો સંકલ્પ કરે તો 'માતૃદેવો ભવઃ'નો મંત્ર સાર્થક થાય.

*નિકુંજકુમાર ત્રિવેદી (યુ.એ.ઇ.)*
*"આશુતોષ", ૧૩, સુભાષનગર, અજયવાડી,*
*મુ. ભાવનગર-૩૬૪ ૦૦૨.*
*મો. ૯૪૨૭૨ ૩૦૨૫૪*



જનની

# "ઓઢણું"



વાસુદેવ સોઢા

નદીનો પટ વટીને એણે ગામના પાદરમાં પગ મૂક્યો. આજુબાજુ નજર દોડાવી. ગામના પાદરમાં ડાબે પડખે હનુમાનની દેરી હતી. ગામમાં જતા મુખ્ય રસ્તાની જમણી બાજુ મેલડીમાનો ઓટો હતો. ઓટા પર એક ઝાંખી અને ફાટેલી ધજા એક લાકડીમાં ખોસેલી હતી.

થોડે આગળ નજર નાખતા પાંચ-સાત ખાંભીઓ સિંદુરીયા રંગે રંગાયેલી દેખાતી હતી. ખાંભીઓની પડખે જ મોટો વડલો, તેની વડવાઈઓ જમીનમાં ધરબીને ઊભો હતો. કેટલીક ખાંભીઓ વડવાઈની ભીંસમાં ભીંસાયેલી દેખાતી હતી. આગળના ભાગમાં પીપર, લીમડાના છૂટાછવાયા ઝાડ હતા.



નદીના ગામ તરફના કાંઠે પાળો બાંધેલો હતો. જેથી ચોમાસામાં નદી ગામમાં ફરી ન વળે. પાળાથી થોડે આઘે, ગામ તરફ એક કૂવો હતો. કૂવા પર પાકું થાળું બાંધવામાં આવ્યું હતું. માથે ગરેડી મૂકવામાં આવેલી હતી. કૂવા નજીક અવેડો હતો. અવેડાને ઘસાઇને જ પાળો વળાંક લેતો હતો. પાળા પર એક નાનકડી છતાં ઘેઘૂર લીમડી હતી.

ત્યાં જોયું તો એક ડોશીમા હાથની છાજલી કરીને પશ્ચિમ દિશા ભણી તાકી રહ્યા હતા. ડોશીમાનો ચહેરો વૃદ્ધાવસ્થાના કારણે અનેક કરચલીઓના ઝાળાથી ઘેરાયેલો હતો. આંખો નિસ્તેજ અને ઊંડી ઉતરી ગયેલી હતી. હાથની ચામડી લબડતી હતી. માથા પરના ધોળા વાળ પાંખા પડી ગયા હતા.

ડોશીમા કેડેથી સહેજ નમી ગયા હતા. એક હાથે લાકડીનો ટેકો લીધો હતો. તેણે પહેરેલું કાપડું અને જીમી સાવ જૂના અને થીગડાવાળા હતા. માથે ઓઢેલું કાળું ઓઢણું સાવ જર્જરિત થઈ ગયું હતું.

ડોશીમા આથમણી દિશામાં એકધારી મીટ માંડીને જાણે કંઈ ખોળી રહ્યા હતા. એની નજર દૂર દૂર મંડાણી હોય એવું લાગતું હતું.

શું શોધી રહ્યા હશે? અત્યારે અહીં શા માટે ઉભા હશે?

'ભાઈ, આ માજી કોણ છે?' કુમુદે પાસે રહેલા એક ખેડૂતને પૂછ્યું. 'પેલા ડોશીમા કોણ છે?'

'ગામ હોય ત્યાં ડોશીયું તો હોય જ ને...!' ખેડૂતના આવા જવાબથી કુમુદ લાલ પીળો થઈ ગયો. પણ તે ગુસ્સો ગળી ગયો. ખેડૂતોની મજાક સહી લીધી હોય એમ ડોશીમા તરફ જોયું.

'એ પૂતળાની માફક કેમ ઊભા છે?'

'ગાંડાના ક્યાંય ગામ થોડા હોય!? એકાદ જ હોય...!' ખેડૂત ખુલાસો આપવાને બદલે કહેવત સમજાવવા લાગ્યો.

'સાચી વાત છે.' કુમુદે ખેડૂત સાથે સહમત થઇને પૂછ્યું. 'પણ કંઈક કારણ હશે ને?'

'ત્રણેક વર્ષ થયા. ત્યારથી આ ડોશી રોજ આમ જ ઊભા હોય છે...!'

કુમુદના દિલમાં ન જાણે કેમ અકળામણ થઇ આવી. તેના હૃદયમાં ખળભળાટ મચી ગયો. **કોઈ માણસ ગાંડું હોય, તેને સમાજ આટલી સહજતાથી કેમ તુચ્છકારી દેતો હશે! તેના પ્રત્યે જરા સરખી પણ અનુકંપા સમાજ કેમ નથી અનુભવતો?**

કુમુદની આંખો ભીંજાઇ. તરત જ જાત પર કાબૂ મેળવી લીધો. 'ભાઈ, આ માજી પહેલેથી જ ગાંડા છે?'

'રામ રામ... ક્યો ભાઈ! મારા ભાઈ...! ઇ તો ત્રણ વર્ષથી જ...!' ખેડૂતને માંડીને ડોશીની કથની કહેવામાં મોજ પડતી હોય એમ એ નજીકની પાળી ઉપર બેસી ગયો.

'કંઈક કારણ તો હશે ને?' કુમુદે ખેડૂત તરફ જોયું.

'હતા ત્યારે આ જવલમા જ હતા. જવલમા જેવું ગામમાં કોઈ ડાહ્યું માણસ નહોતું. એના જેવી સુઝબુઝ ગામની કોઈ બાયુમાં ન હતી. જબરી કોઠાસુઝ જવલમા મા હતી...!' ખેડૂતે આંખો પર હાથ ફેરવી આંખો કોરી કરી. 'ત્રણ વર્ષ પહેલા તેનો જુવાન દીકરો શહેરમાં હટાણું કરવા ગયો હતો. કહેતો ગયો હતો કે – બા...! હું સૂરજ ડૂબતા પહેલા આવી જઈશ. તારા સારું નવું ઓઢણું લેતો આવીશ...!' ખેડૂતનો અવાજ ધીમે ધીમે ડુમાવા લાગ્યો.

— તે દિ' એવા સમાચાર આવ્યા કે શહેરમાં હુલ્લડ ફાટી નીકળ્યું છે. અને આ ડોશીને ખબર પડી. એ લાકડીના ટેકે ટેકે આવીને આ લીમડી નીચે ઉભા રહ્યા. નેણે નેજવું નાખીને દૂર રસ્તા પર નજર પાથરીને જોવા લાગ્યા.

ડોશીમાએ સમાચાર સાંભળ્યા કે તેનો દીકરો હુલ્લડમાં હલાલ થઇ ગયો છે. કોઈ ગુંડાઓએ લૂંટી લીધો છે. ત્યારે ડોશી માથે આભ તૂટી પડ્યું. તેઓ ફાટી આંખે ચારેબાજુ જોવા લાગ્યા. જાણે આ વાતની ડોશી પર કશી જ અસર ન થઈ હોય એમ બધા સામે, બાઘાની જેમ, ટગર ટગર જોઈ રહ્યા.

— એકે આહુડું ન પાડ્યું. એમ કહેતા ખેડૂત હાથથી આંખ સાફ કરીને આગળ બોલ્યો, 'એક જ દીકરો હતો. એ દિ' ને આજની ઘડી...! માડી અહીં ઊભા રહે છે, નેણે નેજવું નાખીને...!!'

'કંઈ બોલે છે?'

'એટલું બોલે છે કે મારો વજો હાલ્યો આવે છે. **હમણાં જ મારો દીકરો આવશે. હમણા મારા સાટું નવું નકર ઓઢણું લાવશે..! નવું નક્કોર હોં...! તેનો આધાર ગયો.** એની પાછલી જિંદગીનું ઓઢણું એનો એકનો એક દીકરો વજુ હતો. ને અધૂરું હોય એમ આ ગાંડા થઈ ગયા...!'

કુમુદને પોતાની વૃદ્ધ મા સાંભરી આવી. એ પણ આટલી જ ઉંમરની હતી. બીમાર મા ખાટલામાં પડી પડી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી હતી. ડોક્ટરે લખી આપેલી દવા લેવા તે શહેરમાં આવ્યો હતો. દવાની દુકાને જઈને ડોક્ટરે આપેલી દવા માંગી. દવા ખૂબ જ મોંઘી હતી. એના ખિસ્સામાં એટલા રૂપિયા ન હતા. દવા લીધા વિના પાછો ફરે, તો મા બચે એમ ન હતી. એ લાચાર થઈને શહેરમાં નીકળ્યો હતો અને 'ભાગો... ભાગો...!'ની ચીસો સંભળાઈ. એ ભાગ્યો. આંખો મિંચીને ભાગ્યો. ટોળું દેકારો કરતું આવી રહ્યું હતું. એક ખૂણામાં લપાઈ ગયો હતો. ટોળું એક જુવાનિયાની પાછળ પડ્યું હતું. એ ભાગતો ભાગતો પોતાના તરફ આવી રહ્યો હતો. જીવ બચાવવા એ રઘવાયો થયો હતો.

પણ ત્યાં જ એ ટોળું આંબી ગયું ને પેલા જુવાનને કપડું વેતરે એમ વેતરી નાખ્યો. કુમુદની આંખો બંધ થઈ ગઈ. પેલા જુવાનિયાના હાથમાં થેલી હતી. થેલી ઉડીને તેના તરફ પડી.

કુમુદે ચૂપચાપ ઉઠાવી લીધી. થેલીમાં જોયું તો કેટલીક વસ્તુઓ સાથે એક નાનકડા બટવામાં રૂપિયા પડ્યા હતા. સાથે એક નવું નકોર ઓઢણું ગડી વાળીને સંકેલી રાખ્યું હતું.

કુમુદની આંખો રૂપિયા જોઈને ચમકી. તેને પોતાની મા ની માંદગીની યાદ આવી. દવાના પૈસા ન હતા, તે યાદ આવ્યું. ત્યાંથી ભાગ્યો. દવા લઈને સીધો ઘરે આવ્યો. તો... હાય રામ...! મા ક્યારની સ્વર્ગ સિધાવી ગઈ હતી. કુમુદ ખૂબ જ મોડો પડ્યો.

એ બધું જ અત્યારે કુમુદની આંખ સામે તરવરી રહ્યું હતું. એ યાદ આવતા તેનું હૃદય ચિત્કારી ઉઠ્યું. અરે ઓ...કુમુદ! ત્યારે તેં શું કર્યું હતું? એક માને બચાવવા તેં બીજી માની મરણમૂડી જેવા રૂપિયા લઇ લીધા હતા અને એ પણ એકના એક યુવાન છોકરાના મોત ઉપર...! ધિક્કાર છે, તને ધિક્કાર છે! ધિક્કા છે, તારી જાતને કુમુદ...! આ પણ એક મા છે! જે ત્રણ ત્રણ વર્ષથી તેના દીકરા પાછળ ગાંડી થઈ ગઈ છે. હજી પણ એવી આશામાં જીવી રહી છે કે મારો વજકો આવશે, ને એ મારું ઓઢણું લેતો આવશે..!

કુમુદની આંખો ભીંજાણી. એ ઉભો થયો. નદીના પટમાં ગયો. અને તેની પાસે થેલીમાં હજી પણ સાચવી રાખેલું ઓઢણું અકબંધ પડ્યું હતું. એ બહાર કાઢ્યું અને નદીના પટમાંથી જ તેણે જવલમા સામે જોયું. જાણે નેણે નેજવું નાખીને પોતાની જ મા ઊભી હોય એવું કુમુદને લાગ્યું.

કુમુદે દૂરથી જ સાદ દીધો : મા... મા...! અને કુમુદે હાથમાં રાખેલુ ઓઢણું પહોળું કર્યું. જવલમા તરફ દોડ્યો, મા... મા...! જુઓ, હું તમારા માટે શું લાવ્યો છું?

**પથ્થરની મૂર્તિમાં પ્રાણ આવે તેમ જવલમાના શરીરમાં કુમુદના અવાજથી ચેતન આવ્યું. 'કોણ? મારો વજો... અરે, દીકરા વજા... તું આવ્યો?'**

'હા મા હા...! જો તારું ઓઢણું લાવ્યો છું!'

કુમુદ છેક જવલમા સુધી પહોંચી ગયો.

જવલમાએ ધ્રૂજતા હાથમાં ઓઢણું લીધું. પહોળું કરીને માથે ઓઢ્યું અને પછી ડૂબતા સૂરજ સામે જોયું. હું જાણતી હતી કે સૂરજ ડૂબતા પહેલાં તું આવી જઈશ. હા, દીકરા, આવી ગયો! આવી ગયો...! મારા દીકરા...!!

જવલમાએ કુમુદને પોતાની બાથમાં લીધો. જવલમાની આંખો વરસવા લાગી. ત્રણ વર્ષથી ટકાવી રાખેલા આંસુ ધોધની જેમ પડવા લાગ્યા.

કુમુદે જવલમા ફરતા બંને હાથ ભીડી દીધા. જવલમાનો મમતાળો હાથ કુમુદની પીઠ પાછળ ફરવા લાગ્યો.

— અને એકાએક જવલમાના હાથ ફરતા અટકી ગયા. આંખમાં જોયું તો કુમુદથી ચીસ પડાઈ ગઈ. મા... મા...!

જવલમાનું માથું કુમુદના ખભા પર ઢળી પડ્યું.

**જવલમા જાણે આ ક્ષણ માટે જીવતા રહ્યા હતા. કુમુદે ફરીને જવલમાની આંખમાં જોયું. એ આંખમાં દીકરાના મિલનની ઘડીનો આનંદ છલકાઈ રહ્યો હતો.**

કુમુદે હળવે હાથે જવલમાની આંખો બંધ કરી.

*૨૪, આદર્શ નગર,*
*ચક્કરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧.*
***મો. ૯૯૨૫૯ ૮૬૮૪૬***



જનની

# પૃથ્વીની કવિતા "મા"



સુભાષ પટેલ 'એકાંત'

જીવનની અનુભવ યાત્રાના વિવિધ માંગલ્યોને હૃદય પ્રત્યક્ષ કરતા સર્વપ્રથમ સ્ફુરતી માતા ખરેખર જ્યોતિર્મય છે. માંહ્યલાને આનંદથી ઉભરાવતી મંગલમૂર્તિ 'મા' માટે કવિશ્રી ઉમાશંકર જોશી લખે છે :

*'અરે માડી મીઠી! જનકગિરી અંકે ધરી મને*
*ન જંપ્યા, પહેરાવ્યા રૂમઝુમ પગે ઝાંઝર ઝીણાં,*
*લટે કોટે ફૂલો મૃદુલ ધરિયા, સોબત દીધી*
*તટે વેલીની, ને ધીરી ઠમકતી ચાલ શીખવી,*
*સુણાવ્યા હાલેડા ખગકુલ તણાં ગીત પઢાવ્યા.'*

માતાનું ઋણ અનેકવિધ હોય છે. એને કોણ ચૂકવી શક્યું છે? ખરું જોતાં તો એ ઋણ નથી. ઋણ ગણીને એને રૂપિયા-પૈસામાં હિસાબ માંડવામાં આવે અને જગતની માતાઓના ઋણ ચૂકવવાનો હવાલો સ્વયં ભગવા લેતો પણ ભગવાનનું દેવાળું નીકળે. શંકારાચાર્યની પંક્તિઓનો ભાવાનુવાદ કરતાં કવિ શ્રી મકરંદ દવે લખે છે :

*'મા, તે દુઃસહ વેદના પ્રસવની જે ભોગવી ના ગણું*
*કાયા દીધ નિચોવી ના કર્યું ભલે તેં ધોઈ બાળોતિયા,*
*આ જે એક જ ભાર માસ નવ તેં વેઠ્યો, હું તેનું ઋણ*
*પામ્યો ઉન્નતિ તોય ના ભરી શકું, માથું નમે મા તને.'*

માતા એટલે સમર્પણની મૂર્તિ. પોતાના હાડમાંસથી દેહનું ઘડતર કર્યા પછી બાળકને જન્મ આપવા માટે માતાએ વેઠેલું કષ્ટ અને અસહ્ય પીડા એ માતાનું બાળક માટેનું સૌથી મોટું બલિદાન હોય છે. બાળકના જન્મ પછી તેના ઉછેર માટે નિજનું સુખ છોડી રાત-દિવસ ઉજાગરા વેઠી જતન કરે છે. માત્ર બાળપણમાં જ નહીં પરંતુ પુખ્ત થયેલા સંતાનની પણ માતાને ચિંતા હોય છે. હંમેશાં જાગૃત રહી સંતાનના વિકાસ માટે મથતી રહેતી માતાઓ માટે કવિ દુલાભાયા કાગની જેમ સંસ્કારી સંતાનો પણ કહેતા રહે છે :

*'મુખેથી બોલું 'મા' ત્યારે જ બચપણ સાંભરે,*
*પછી મોટપણાની મજા બધી કડવી લાગે, કાગડા!'*

બાળકના સંસ્કાર ઘડતરમાં સૌથી વિશેષ ફાળો માતાનો હોય છે. માતા નિઃસ્વાર્થપણે બાળકોનું ઘડતર કરે છે. ભલે બાળકો મોટા થાય 'મા' માટે હંમેશાં તે 'દિલના દુલારા' હોય છે. કદાચ સંતાનો મોટા થયા પછી માતાની ઉપેક્ષા કરે છે. પરંતુ માતા તેને ધ્યાનમાં લીધા સિવાય તેમના પર હૈયાના હેતની હેલી વરસાવતી જ રહે છે. કદાચ એટલે જ કવિશ્રી બોટાદકર ગાય છે :

*'વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ*
*માડીનો મેઘ બારે માસ રે,*
*જનનીની જોડ, સખી નહીં જડે રે લોલ.'*

મહાન સર્જક પ્રેમચંદજી કહે છે : 'જનનીનું માતૃસ્વરૂપ સંસારની સૌથી મોટી સાધના, સૌથી મોટી તપસ્યા, સૌથી મોટો ત્યાગ અને સૌથી મહાન વિજય છે.' બાળકને જન્મ આપ્યા પછી પોતાના અમૃત સમાન દૂધથી બાળકનું પાલન-પોષણ કરે છે. તેનું મૂલ્ય ક્યારેય ચૂકવી શકાતું નથી. માતા બાળકને બોલતા શીખવી જ્ઞાનના માર્ગ પ્રશસ્ત કરે છે. એટલે માતાને શિક્ષક અને પિતા કરતાં પણ મહાન માનવામાં આવે છે. માતા બાળકની સર્વશ્રેષ્ઠ ગુરુ છે. મહાન સર્જક કાલરિજ માતાનો મહિમા ગાતા કહે છે :

***"A Mother is a Mother***
***still The Holiest thing alive."***

*સ્કંદ પુરાણના ઋષિ માતાનું મહત્ત્વ સમજાવતા લખે છે:*

'બાળકની સુશ્રુષા કરતી હોવાથી માતાને શક્તિ તરીકેનું સન્માન આપવામાં આવે છે અને એટલે જ તેને માતા કહેવાય છે.' માતા બાળકને ધારે તેવો બનાવી શકવા સમર્થ છે. **માતાનું હૃદય એ બાળકની પાઠશાળા છે. માતાનો કોમળ ખોળો બાળકનું શાંતિ નિકેતન છે. માતાના મમત્વની એક બુંદ અમૃતના સાગરથી પણ મીઠી છે.** જીજાબાઈએ બાળપણથી જ પોતાના હાલરડાં દ્વારા શિવાજીને શૂરવીરતાના પાઠ ભણાવ્યા હતા. માતાના પ્રેમ થકી જ આ જગત ચાલે છે બાકી ભગવાનની ય શી તાકાત કે એ આ જગતને ટકાવી શકે. એટલે જ માતાને ઈશ્વર કરતા પણ મહાન ગણવામાં આવે છે. માતાની મહાનતા વર્ણવતા કવિશ્રી ન્હાનાલાલ કહે છે :


*'નથી આશા વિના આયુ, નથી ડાળી વિના ફૂલ,*
*નથી પૃથ્વી વિના પાયો, નથી માતા વિના કુલ.'*

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૮ ઉપર)



જનની

# એટલે મા મહાન છે



ઉમેશ જોષી

વત્સ એટલે વાછરડું. વત્સલ એટલે ગાય. વત્સલ પરથી વાત્સલ્ય શબ્દ આવ્યો. જ્યારે ગાય વાછરડાને ચાટે છે ત્યારે ગાયને જીભ ઉપર કડવાશનો અનુભવ થાય છે પણ અંતરમાં પ્રગટે છે વહાલ. દોષ મા પચાવે છે એટલે મા મહાન છે.



મહાભારતમાં શિશુપાલની જન્મ કથા કંઈક આ પ્રમાણે છે કે, શિશુપાલને જે પ્રથમ ખોળામાં લેશે તે જ તેનો વધ કરશે. સંજોગોવશાત્ ખોળામાં પ્રથમ કૃષ્ણ લે છે. એટલે શિશુપાલની માતા શિશુપાલનો વધ ન કરવા કૃષ્ણને સમજાવે છે. ત્યારે કૃષ્ણએ કહેલું કે હું શિશુપાલના નવ્વાણું અપરાધ ક્ષમા કરીશ, પણ સોમો અપરાધ માફ નહીં કરું. આથી શિશુપાલની માતા કૃષ્ણને કહે છે, 'તું ઈશ્વર છે એટલે ભૂલોને ગણે છે. જ્યારે માતા સંતાનના અપરાધ યાદ રાખતી નથી.' મહર્ષિ વેદવ્યાસે પણ ઈશ્વર કરતાં માતાનું સ્થાન ઊંચું ગણ્યું છે એટલે મા મહાન છે.

એક વખત જિજ્ઞાસુએ સ્વામી વિવેકાનંદને પૂછ્યું, 'આ સંસારમાં મા મહાન શા માટે છે?' સ્વામીજીએ આ પ્રશ્ન ઉપર હસતા હસતા તે વ્યક્તિને કહ્યું, 'પાંચ શેર વજનનો એક મોટો પથ્થર લઈ આવો.' જ્યારે એ વ્યક્તિ પથ્થર લઈને આવ્યો એટલે સ્વામીજીએ કહ્યું, 'આ પથ્થરને કપડામાં વીંટી પેટ પર બાંધી લ્યો અને ચોવીસ કલાક પછી મારી પાસે આવો. એટલે તમારા પ્રશ્નનો ઉત્તર આપીશ.' આ વ્યક્તિએ તે પ્રમાણે કર્યું. પણ થોડા કલાકમાં જ ખ્યાલ આવી ગયો કે આ કામ કઠિન છે. દિવસે તારા દેખાવા લાગ્યા. ખૂબ જ થાકી ગયો. છેવટે સ્વામીજી પાસે જઈ બોલ્યો, 'હવે હું આ વજન વધુ વખત નહીં ઉપાડી શકું. મારા એક સવાલની આવડી મોટી સજા કેમ આપો છો?'

સ્વામીજીએ કહ્યું, 'આ પથ્થરનું વજન થોડાં કલાકો પણ સહન ન કરી શક્યો. ત્યારે મા પૂરા નવ મહિના સુધી બાળકનું વજન ઉપાડે છે. વળી ક્યારેય દુ:ખ પણ વ્યક્ત કરતી નથી. **મા થી વધારે સહનશીલ બીજું કોણ છે? એટલે મા મહાન છે.'**

*૫, બ્રહ્મેશ્વર નગર, બ્રાહ્મણ સોસાયટી,*
*અમરેલી-૩૬૫ ૬૦૧.*
*મો. ૯૮૭૯૫ ૬૬૫૯૦*

*શરીરમાં લોહી એની મેળે ફરતું રહે છે, શ્વાસ એની મેળે લેવાતો રહે છે, ખોરાક એની મેળે પચતો રહે છે અને છતાં મને એમ લાગી રહ્યું છે કે આ શરીરને હું જ ટકાવી રહ્યો છું!*
*કોણ સમજાવે મારા મનને કે આ જગતમાં ફેંકી દેવા જેવી કોઈ એક જ મૂડી હોય તો એ મૂડીનું નામ છે, અહંકાર!*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે...

| | | |
|---|---|---|
| એકાઉન્ટ નામ | : | શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ |
| Account Name | : | Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad |
| બેંકનું નામ | : | કેનેરા બેંક – પાલડી બ્રાંચ, અમદાવાદ |
| Bank Name | : | Canara Bank, Paldi Branch, Ahmedabad. |
| A/C No. : | : | 70072010016032 • IFSC : CNRB0017007 |

*જ્યારે પણ રકમ મોકલાવવામાં આવે ત્યારે તેની જાણ મેનેજરને વૉટ્સએપ નંબર : ૯૯૨૪૦ ૮૭૬૫૪ પર કરવી જરૂરી છે.*



જનની

# 'મા...' – એકાક્ષરી મંત્ર



નયના ગોહિલ (મકવાણા)

ભારતીય સંસ્કૃતિએ માનું ગૌરવ કર્યું છે. 'માતૃદેવો ભવ' કહીને મા નો બેજોડ મહિમા ગાયો છે. આપણી આ મહાન સંસ્કૃતિએ ફક્ત સ્ત્રીમાં જ માતૃભાવ નથી જોયો પરંતુ સજીવમાં (નારી જાતિમાં) પણ માતૃભાવ પ્રસ્થાપિત કર્યો છે. ગાય, નદી, ધરતીને મા તરીકે પૂજવામાં આવે છે. **વિશ્વમાં ફક્ત ભારત જ એક એવો દેશ છે, જેને 'મા ભારતી' સંબોધન પ્રાપ્ત થયું છે.**



ઈશ્વરનું સૂક્ષ્મ પ્રગટીકરણ એટલે નારીનું માતૃ સ્વરૂપ. સ્ત્રીનું પૂર્ણ સ્વરૂપ. ઈશ્વરને જન્મ લેવા 'મા'ની કૂખમાં રહેવું પડ્યું છે. માના પાત્રમાં દુનિયાની તમામ સ્ત્રી સુંદર હોય છે. માતૃત્વની યાત્રા દેહથી શરૂ થઇ હૃદય સુધી પહોંચતી જીવનભર ચાલતી યાત્રા છે. એટલે જ મા ને તીર્થસ્થાન કહેવું અતિશયોક્તિ નથી. સ્ત્રી સંતાનને જન્મ આપે છે અને સંતાન 'મા'ને જન્મ આપે છે.

પૃથ્વી પર કેટલીય વિરલ ઘટનાઓ ઘટતી રહે છે. સ્ત્રીનું માતૃત્વ એવી જ એક ઘટના છે. માતૃત્વ ધારણ કરી એ પ્રક્રિયામાંથી પસાર થવું કેટલું મુશ્કેલ છે એ તો એક સ્ત્રી જ જાણતી હોય છે. પોતાના રક્ત, હાડ-માંસમાંથી આખો દેહ બનાવવો એ ક્યાં સહેલું હોય છે! પરંતુ એ પ્રક્રિયાતણી પીડામાં પણ તે અલૌકિક આનંદનો અહેસાસ કરે છે. પીંડ, એ નવસર્જન થવાની પ્રથમ શરત છે અને સ્ત્રી એ શરતનું ઉત્તમ ઉદાહરણ છે. સ્ત્રી પ્રસુતિની પીડા આનંદભેર વેઠે છે. એકમાત્ર સંતાનનું મુખ જોવા. **જગતમાં જેટલું વૈવિધ્ય એટલું જ આશ્ચર્ય છે અને મા અદ્‌ભુત આશ્ચર્ય છે.**

માનું દૂધ એ બાળકનાં પોષણ માટે કુદરતે કરેલી વ્યવસ્થા માત્ર નથી, મા નું દૂધ તો સંસ્કાર છે. તેના દૂધમાં શૌર્ય, વીરતા, સાહસ જેવા ગુણો ભરપૂર ભરેલ છે. એમ જ કંઈ વીર પુરુષો પેદા નથી થઈ જતા આ ભૂમિ ઉપર. મા પોષણકર્તા છે, અન્નપૂર્ણા છે. ધરતીનું માતૃત્વ નદી કે ઝરણું બનીને સજીવોનું પોષણ કરે છે ને!

માતૃત્વ દરેક નારીજાતિની ભીતરે ઉઠતો પ્રેમભાવ છે. માતૃત્વ દીક્ષા છે. પીંડ જ્યારે પ્રસુતા બને ત્યારે નવસર્જન થતું હોય છે. સિધ્ધિઓ ખરેખર બહુ મોંઘી હોય છે અને મા નામની સિધ્ધિ તો અમૂલ્ય છે. આ પ્રસુતિની વેદનાથી માંડીને બાલઉછેર કરવા માટે જે સંઘર્ષ કરે છે એ તો એમના અખૂટ પ્રેમનો એક ભાગ છે, નહીં કે ફરજ કે જવાબદારી!

માના ભાવ જગતને સાહિત્યમાંથી દૂર કરો તો ઘણુંખરું બાદ થઈ જાય. સાહિત્ય જગત પણ માની સંવેદનાથી સભર છે. મા એક એવી મીઠી વીરડી છે, એને જેટલી ઉલેચો તેટલી મીઠી સરવાળી ફૂટતી જ રહે. **મા નામની વીરડીમાં આખેઆખો પ્રેમસાગર સમાયેલો છે. મા ના પ્રેમને સમજવા એક જિંદગી ટૂંકી પડે. માના પ્રેમને વર્ણવવો અશક્ય છે.**

કેટલાક ઋણ હૈયે સંઘરી રાખવામાં ઋણનું ગૌરવ છે. માતૃઋણને એ કક્ષાએ મૂકી શકાય.

મા અને માતૃભાષાને નાભિનાળનો સંબંધ છે. જન્મતાવેંત કર્ણપટલ પર સૌપ્રથમ ઝીલાયેલ માના ઓષ્ઠનો ધ્વનિ એટલે માતૃભાષા.

દુનિયાની તમામ સ્ત્રીઓ માતૃસુખ પામે એ જ, મારી માતાને અપાયેલ સર્વશ્રેષ્ઠ શુભેચ્છા છે.

*મકવાણા સ્ટુડિયો,*
*હોસ્પિટલ રોડ, "નિજાનંદ",*
*મુ. બગસરા, જિ. અમરેલી.*
*મો. ૯૦૧૬૩ ૫૧૨૧૬*

*જીવનનાં આટલા વરસોનાં અનુભવોએ મને એક વાત બરાબર સમજાવી દીધી છે કે અનિષ્ટને કાલ કરતાં આજે છોડી દેવું વધારે સરળ છે અને ઈષ્ટને આજ કરતાં આવતીકાલે કરવું વધારે કઠિન છે. આમ છતાં કોણ જાણે કેમ, મન સતત એમ જ સમજાવતું રહે છે કે અનિષ્ટ હું આવતીકાલે છોડી જ દઈશ અને ઈષ્ટના સેવન માટે તો આખી જિંદગી પડી છે! શું કરવું, આ ચાલબાજ મનનું?*



જનની

# "મા"



મનીષા રાઠોડ

"મા" – એક અક્ષરનો શબ્દ... પણ આ એક અક્ષરમાં સમગ્ર વિશ્વ સમાઈ જાય. એના વહાલના દરિયામાં આખું બ્રહ્માંડ તણાઈ જાય. મા વિનાના વિશ્વની કલ્પના કરતાં પણ ધ્રૂજારી આવી જાય. બાળકના ચહેરાના ભાવ આરપાર જોઈ શકો એવી નજર માત્ર અને માત્ર ભગવાને મા ને જ આપી છે. એનો સ્પર્શ થર્મોમિટર કરતાં પણ વધારે પરફેક્ટ તાપમાન માપી શકે છે. એના પાલવની છાયા લીમડાની છાયાથી પણ વધારે હુંફાળી અને સ્વાસ્થ્યપ્રદ છે. **વિધાતાને પણ આ પૃથ્વી પર અવતરવું હોય તો તે માનો ખોળો શોધે છે. મા એક એવી ધરી છે જેની આસપાસ આખો સમાજ રચાય છે.** મા નામની ધરીને ખસેડી લઈએ તો પછી સમાજ નામે કશું બચતું નથી. કુટુંબના સભ્યોને માળાના મણકાની જેમ એકમેકમાં પરોવાયેલા રાખતી દોરી છે મા...

નાચતી કૂદતી અલકનંદાની જેમ ખળખળ વહેતી યુવતી જ્યારે મા બને છે ત્યારે તેના વ્યવહારમાં એકાએક સાગર જેવી ગંભીરતા આવી જાય છે. ગર્ભ ધારણ કરીને પ્રસવની પીડામાંથી પસાર થતા જ તેના અસ્તિત્વમાંથી માનો પણ જન્મ થાય છે. પોતાના સુખની ઉપેક્ષા કરીને સતત બાળકની પરવા કરતી માને જોવી એ ઈશ્વરના દર્શન કરવા બરાબર છે. **ઇશ્વર પછી સૌથી નિઃસ્વાર્થભાવે પ્રેમ આપનાર જો કોઈ તત્ત્વ આ પૃથ્વી પર હોય તો તે મા છે.** એ કોઈ ઍવોર્ડ કે નામ અકરામની મોહતાજ નથી. એ તો પ્રેમનો પર્યાય અને વહાલનું વહાણ છે, જે ગમે તેવા તોફાન અને તકલીફોમાં પણ સદાયે અડિખમ ઊભી રહી પોતાની ફરજ બજાવતી રહે છે.

મા બાળકના જીવનમાં કેવું પરિવર્તન લાવી શકે? તેનું ઉત્તમ ઉદાહરણ ડૉક્ટર બેન કાર્સન છે. હબસી કુટુંબમાં જન્મેલા અને અત્યંત ગરીબીમાં ઉછરેલા આ ડોક્ટર વિશ્વના શ્રેષ્ઠ પિડિયાટ્રિશિઅન (બાળ નિષ્ણાત) છે. સિયામિસ્ટ બાળકો, કે જેઓ મગજથી જોડાયેલા હતા તેમના મગજ છૂટા પાડીને સફળ ઑપરેશન કરનાર આ ડૉક્ટર જગતભરમાં વિખ્યાત બન્યા છે. તેમની સફળ કારકિર્દી પાછળ તેમની માતાનું બહુ મોટું યોગદાન છે. તેઓ એકવાર પોતાના ઈન્ટરવ્યૂ દરમિયાન કહેતા હતા કે જ્યારે તેઓ નાના હતા ત્યારે ખૂબ તોફાની હતા. તેમના માતા-પિતાના ડિવોર્સ થઇ ગયા હતા અને તે પોતાની માતા સાથે રહેતા હતા. અત્યંત ગરીબ પરિસ્થિતિ હોવાને કારણે ઘરના ભરણ પોષણ અર્થે મા અનેક ઘરના કામ કરતી. અને પોતે નિશાળમાં તોફાન મસ્તી કરતા. અનેકવાર નિશાળમાંથી ફરિયાદ આવતી. તેમના તોફાન એટલી હદે વધી ગયા હતા કે એકવાર તેમણે પોતાની સાથે ભણતા એક વિદ્યાર્થીને છરીથી ઘા પણ માર્યા હતા. તેમના તોફાનથી કંટાળીને એકવાર શાળાના પ્રિન્સિપાલ દ્વારા એક ચિઠ્ઠી આપીને તેમને શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. ઘરે આવીને તેમણે ચિઠ્ઠી માના હાથમાં આપી. માએ જરાય ઉશ્કેરાયા વિના શાંતિથી તે ચિઠ્ઠી પોતાની પાસે રાખી.

બીજા દિવસે સવારે તેમને પોતાની પાસે બોલાવ્યા અને વહાલથી તેમના માથા પર હાથ ફેરવીને બોલ્યા, 'બેટા, તારે ચપ્પુ ચલાવતા શીખવું છે? તને ખબર છે, **આપણા ઘરની બાજુમાં જે ડોક્ટર સાહેબ રહે છે તે પણ ચપ્પુ ચલાવે છે? પણ તે જે રીતે ચપ્પુ ચલાવે છે તેનાથી તે ઘણા બધા લોકોના જીવ બચાવે છે!** તારે પણ એમની જેમ ચપ્પુ ચલાવતા શીખવું છે?'

તેમને માતાની વાતોમાં રસ પડ્યો. નિશાળમાં તો ફરીથી તેમને અપનાવ્યા નહીં પરંતુ શહેરના એક પુસ્તકાલયમાં તેમની માતા અવારનવાર લઇ જતા. જુદા જુદા વિષયોના પુસ્તકો વાંચતા વાંચતા તેમને અભ્યાસમાં રસ પડ્યો અને તેમણે ભણવાનું શરૂ કર્યું. ત્યારબાદ ફરીથી અભ્યાસ શરૂ કર્યો અને એક પછી એક પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પરિણામ લાવીને તે ડૉક્ટર બન્યા. આજે પણ તે પોતાની સફળતાનો તમામ શ્રેય પોતાની માતાને આપે છે. એક મા ધારે તો શું ના કરી શકે! એક માતા સો શિક્ષકની ગરજ સારે છે, એ ઉક્તિ ડૉક્ટર બેન કાર્સનની માતાએ સાર્થક કરી બતાવી.

આપણા દેશના મહાન રાજા શિવાજી પણ પોતાની માતાને જ શૌર્ય અને વીરતાના પાઠ ભણાવનાર ગુરુ તરીકે પૂજે છે. આપણા દેશની માતાઓએ અનેક સપૂતોને જન્મ આપી આ ધરતીનું રક્ષણ કર્યું છે. મહારાણા પ્રતાપ, વીર સાવરકર, મહાત્મા ગાંધીજી અને બીજા અનેક મહાનુભાવો તેમની માતાને પોતાની સફળતા અર્પણ કરે છે. બચપણથી બાળકમાં સાહસ અને સંસ્કારના બીજ રોપી બાળકને મહાન બનાવનાર માતાઓને ધન્ય છે.

પોતે દસ કિલો વજન ઊંચકતા પણ થાકી જાય એ મા પોતાના બાળકનો જીવ બચાવવા આખી ટ્રકને પણ ઊંચી કરી શકે છે, એવી તાકાત તેનામાં છુપાયેલી છે. તેના અનેક ઉદાહરણો સમાજમાં જીવંત છે. **મા નામનું ઝરણું જ્યાં સુધી વહેતું રહે ત્યાં સુધી આ સમાજ સ્વસ્થ રહેશે. ઇશ્વર સુધી પહોંચવાનું પહેલું પગથિયું મા છે.** તેના ચરણોમાં જ કોટિ કોટિ દેવતાઓનો વાસ છે. એ પરમ પૂજનીય માતાના ચરણોમાં વંદન કરીને આપણે સૌ આ વિશ્વને ધન્ય બનાવીએ....

*બી-૨, શિલ્પ ગણેશ ટેનામેન્ટ, અક્ષરફાર્મ સામે,*
*આણંદ-૩૮૮ ૦૦૧. ● મો. ૯૯૦૪૨ ૩૭૮૪૭*



જનની

# વાત્સલ્યમૂર્તિ



કેતન જોષી

## વાત્સલ્યમૂર્તિ

*વિશ્વમાં 'મા'નો પર્યાય નથી બીજો,*
*માની કરુણાનો અધ્યાય નથી બીજો.*

*વાત્સલ્ય સરખું સૌ સંતાન પ્રત્યે,*
*કોઈનો આવો ન્યાય નથી બીજો.*

*માયા ઘટે ના અવિરત આંખમાંથી,*
*તોય મા જેવો વૈરાગ્ય નથી બીજો.*

*સકળ સમાધાન છે માના ચરણમાં,*
*પ્રભુ પ્રાપ્તિનો ઉપાય નથી બીજો.*

*જાત ઘસી, સંતાનને ઉજળા કરે,*
*મા જેવો અપરિગ્રહ નથી બીજો.*

*– ઉમેશ જોષી*

અનુભૂતિના વિષયને શબ્દદેહ આપવો એ સૌથી કઠિન કાર્ય છે. **મા, મમતા, મમત્વ એવા શબ્દો છે કે જે શબ્દોમાં સમાઈ શકતા નથી. એને પામવા શિશુતુલ્ય હૃદય અને સહજ નિર્દોષતા જોઈએ.** એવા બહુ ઓછા શબ્દો છે, જેને શબ્દ બ્રહ્મની ઉપમાથી સન્માનિત કરી શકાય અને 'મા' એ એક એવો શબ્દ છે, જે બોલવાથી આંખોમાં ચમક અને ચહેરા પર રોનક આવી જાય, મન પ્રફુલ્લિત થઈ જાય અને વેદના સો જોજન દૂર ચાલી જાય એવો મીઠડો શબ્દ 'મા' સિવાય બીજો કયો હોઈ શકે? કવિ ઉમેશ જોષીએ આવા સુંદર વિષયને કેન્દ્રમાં રાખી જાણે કે 'મા' પ્રત્યે ઋણ ચૂકવતા હોય તેવી સુંદર ગઝલ લખી છે. વહાલથી છલકાતું શીર્ષક 'વાત્સલ્યમૂર્તિ' પણ અહીં પૂર્ણપણે ગઝલ સાથે એક તાંતણે બંધાતું જોવા મળે છે.

*વિશ્વમાં 'મા'નો પર્યાય નથી બીજો,*
*માની કરુણાનો અધ્યાય નથી બીજો.*

કવિતા, કવિતા ત્યારે બને છે જ્યારે તેમાં સર્વસ્વીકૃત વાત રજૂ થાય, વૈશ્વિક સત્ય ઉજાગર થાય અને લોકોને પોતીકી વાત કર્યાનો અહેસાસ થાય. સીધી અને સરળ રીતે પ્રથમ શે'રમાં કવિ કહે છે કે, 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ'. કવિતાનું શીર્ષક અહીં ચરિતાર્થ થાય છે કે મા એ કરુણામૂર્તિ છે. એના જેવી બીજી નિઃસ્વાર્થ લાગણી બીજે ક્યાંયથી મળવી મુશ્કેલ છે.

*વાત્સલ્ય સરખું સૌ સંતાન પ્રત્યે*
*કોઈનો આવો ન્યાય નથી હોતો.*

અશક્ય વસ્તુને શક્ય બનાવે તે મા. મા પાસે કોઈ ત્રાજવું નથી પરંતુ તેની અમાપ લાગણી પણ સૌ માટે કાયમ સમાન હોય છે. મા પાસે રહેલ આ ન્યાયનું ત્રાજવું કાયમ એક સમાન અંતરે સ્થિર રહે છે. આમ, મા એ ન્યાયની સમાનાર્થી છે.

*માયા ઘટેના અવિરત આંખમાંથી*
*તોય મા જેવો વૈરાગ્ય નથી બીજો.*
*અમીની ભરેલ એની આંખડી રે લોલ*

આ પંક્તિ સૌના હોઠે રમતું સુવાક્ય બની ગયું છે. હેત અને હૂંફનું પ્રતિબિંબ મા ની આંખમાંથી સદૈવ જોવા મળે છે. અન્યની ખુશીમાં હરખાવું એ વૈરાગ્ય મા શીખવે છે. ત્યાગીને ભોગવવાની ફિલોસોફીની મંઝિલ મા જ હોઈ શકે. આમ, વૈરાગ્યની સહજ અને સરળ વ્યાખ્યામાં મા નિહાળી શકાય.

*સકળ સમાધાન છે મા ના ચરણમાં*
*પ્રભુ પ્રાપ્તિનો ઉપાય નથી બીજો.*

**મા એ સમસ્યાથી સમાધાન સુધીની યાત્રા છે.** મા બધી જ મુશ્કેલીનું નિદાન છે. જેના સ્મરણ માત્રથી હળવું થવાય એવા વ્યક્તિત્વને ઈશ્વરની સમકક્ષ જરૂર મૂકી શકાય. ઈશ્વરે પણ પોતાની અવેજીમાં મા ને એટલે જ મૂકી છે. "God could not reach everywhere so he had created a mother."

*જાત ઘસીને સંતાનને ઉજળા કરે*
*મા જેવો અપરિગ્રહ નથી બીજો.*


પોતા માટે જીવે તેને સ્વાર્થ કહેવાય. પણ જે બીજા માટે જીવે તેને પરમાર્થ કહેવાય. **માનવતાની મહેક ત્યારે જ ફેલાય જ્યારે માનવ પોતાની જાત અને જીવનને અન્ય જીવો માટે સમર્પિત કરી દે.** આમ, મા અહીં ખરા અર્થમાં સંતત્વની ઊંચાઈ પ્રાપ્ત કરે છે, જેનો અહેસાસ આપણને સૌને મનુષ્યના ઉત્પત્તિ કાળથી જ્ઞાત છે. કવિ ઉમેશ જોષી આ સુંદર વાતને ખૂબ જ સહજ રીતે રજૂ કરવામાં સફળ રહ્યા છે.

*૫૦, અવધ રેસિડેન્સી, ચીતલ રોડ,*
*અમરેલી-૩૬૫ ૬૦૧. ● મો. ૮૧૬૦૩ ૦૪૮૪૪*



જનની

# ખરી મા (લઘુ કથા)



હરીશ પંડ્યા

સવારનો સમય હતો. નાનો રાહુલ હમણાં જ જાગ્યો હતો અને રજત તેને ચા-નાસ્તો કરાવતો હતો. ગયા વરસે તેની પત્ની ગીતાનું અવસાન થયું ત્યારથી ત્રણ વરસનાં રાહુલની બધી જ જવાબદારી રજતે ઉપાડી લીધી હતી.

તેને પુનઃલગ્ન કરી લેવા માટે સમજાવતાં સગા-સંબંધીઓને તે એક જ વાક્ય સંભળાવતો : 'હું પુનઃલગ્ન કરું પણ રાહુલને નવી મા નો સાચો સ્નેહ મળશે ખરો?'

અને સગા-સંબંધીઓ ચૂપ થઈ જતા.

'રજત!' તેના કાને કાંતિકાકાનો અવાજ અથડાયો.

તેણે ઊભા થઈને બારણું ઉઘાડ્યું. કાંતિકાકાની સાથે એક યુવતી પણ હતી.

'અરે, રાહુલ દીકરો જાગી ગયો છે ને શું!' કાંતિકાકાએ રાહુલનાં માથે હાથ ફેરવતાં કહ્યું.

'હા, હમણાંથી એ વહેલો જાગી જાય છે' અને પછી પેલી યુવતી સામે જોઈ લઈને કહ્યું, 'તમે બેસો. હું પાણી લઈ આવું.'

પાણીનાં ગ્લાસ લઈને એ પાછો ફર્યો કે તેના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. પેલી યુવતી રાહુલ પાસે બેસીને તેને ચા પીવડાવી રહી હતી.

કાંતિકાકા રજતની મુંઝવણ સમજી જઈને બોલ્યા, 'બેટા! આ ઉષા છે. મારા દૂરના કાકાની દીકરી થાય. હું એને લઈને તારે ત્યાં...'

'બસ, કાકા! હું સમજી ગયો. પણ... રાહુલ ઓરમાયા વર્તનથી ભવિષ્યમાં દુઃખી થાય એવું હું ઇચ્છતો નથી.'

'રજત! ઉષાની બાબતમાં એવું નહીં બને એ વાતની તને ખાતરી આપું છું. કારણકે... ઉષાનાં જન્મ બાદ તુરત જ તેની માતાનું અવસાન થયું હતું. ઉષાનાં પિતાએ પછી પુનઃલગ્ન કર્યા અને ઉષાનો ઉછેર નવી મા...'

કાંતિકાકાને આગળ બોલતાં અટકાવીને ઉષા વચ્ચે જ બોલી ઊઠી, 'કાકા, મને 'નવી મા' સંબોધન પ્રત્યે નફરત છે. હા. કારણકે સ્નેહમાં આછો-પાતળો ભેદભાવ 'નવી મા'ના લેબલના કારણે જ ઊભો થતો હોય છે. બાકી, મા તો મા જ હોય છે. એનાં હૃદયમાં વહેતો સ્નેનો ઝરો અસીમ અને અખૂટ હોય છે. બાળકના નિર્દોષ, ભોળા માનસમાં ભેદભાવ જન્માવવા માટે આપણે જ જવાબદાર હોઈએ છીએ.'

'બસ. હવે આગળ ના બોલશો.' રજતે ઉષાને કહ્યું.

કાંતિકાકાને કંઈ સમજાયું નહીં. ઊભા થતા તે બોલ્યા, 'તો... પછી બેટા, અમે જઈએ...?'

'કાકા! ઉષાની સંમતિ હોય તો... હું તૈયાર છું.' ઉષાનો ખોળો ખૂંદી રહેલા રાહુલને જોઈ રજતે આછું હસતાં કહ્યું.

પછી રજતે ગીતાના સુખડનાં હાર પહેરેલા ફોટા પાસે જઈને બે હાથ જોડી વંદન કર્યા. પછી આંખો ખોલીને જોયું તો ઉષા પણ ગીતાના ફોટાને આંખો મીંચીને વંદન કરી રહી હતી.

*ડી-૧, ત્રિલોચન સોસાયટી,*
*ઘોઘા જકાત નાકા પાસે, રિંગ રોડ,*
*સુભાષનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.*
*મો. ૯૪૨૮૪ ૦૧૬૨૭*

***ક્રોધને શાંતિથી, દુર્જનને સૌજન્યથી, કંજૂસને દાનથી, અસત્યને સત્યથી, મા-બાપને સેવાથી, પત્નીને પ્રેમથી અને પતિને સ્વાદિષ્ટ ભોજનથી જીતવા.***



**9092848886**

**This is not a mobile number.**
**These are ages.**



જનની

# ઇશ્વરનું બીજું નામ – “મા”



કિશોર આર. ટંડેલ

*‘તે સ્વયં અવતાર લીધો*
*ધન્ય તે અવતાર કીધો*
*લાગણી નામ ઝંકૃત મોકલ્યું*
*મા રુપે તે અમૃત મોકલ્યું.’*
*– સંકલિત*

જન્મ આપે તે “મા.” પોતે ત્યાગ કરે, પ્રદાન કરે કશી અપેક્ષા વિના. માતા વિશે લખવું હોય તો શબ્દો ઘટે. સ્નેહનો સાગર, મમતાની મૂર્તિ, પ્રેમ, બલિદાન, પવિત્રતા જેવી ઉદાત્ત ભાવનાઓનું પ્રતીક તે માતા. ટૂંકમાં પૂજનીય અને વંદનીય વાત્સલ્યમૂર્તિ તે “મા”. જેના દ્વારા પૃથ્વી પર સ્વર્ગ ઉતરે.

ઈસોપનિષદમાં એક પંક્તિ છે : “તેન ત્યક્તેન ભુંજીથા” (ત્યાગ કરીને ભોગવ). માતાનું સમગ્ર જીવન સંતાનના ભલા માટે હોય ત્યાં સ્વાર્થ, અપેક્ષાને સ્થાન નથી.

ગુણવંત શાહના શબ્દો : ‘મા અને મૃગજળ સરખા છે.’ મૃગજળ હોતાં નથી છતાં દેખાય છે. મા સામે હોવા છતાં ઘણીવાર જોવાનું ચૂકી જવાય છે. **‘મા’ દેવતુલ્ય હોવા છતાં તેના પ્રતિ પ્રેમ, આદર, સન્માન અને પૂજ્યભાવ હોવો જરૂરી છે. પણ આજે તેમ દેખાતું નથી.** આજે માતાના નિર્મળ, નિઃસ્વાર્થ પ્રેમની વાત કરવી છે. માને મન દીકરા-દીકરી એક સમાન. માતા બાળકોમાં શ્રેષ્ઠ સંસ્કારોનું સિંચન કરે છે પણ કશી જ અપેક્ષા વિના.

ઉપનિષદ કહે છે : ‘માતાને ઈશ્વર માન, જે પવિત્ર છે.’ પણ.. આજે જ્યાં જુઓ ત્યાં પવિત્રતાનો છેદ ઉડતો જણાય છે. આજે આપણા સમાજમાં કેટલાક પ્રસંગો જોઈ દુઃખની લાગણી થાય એવું છે. કેટલીક માતાઓનું હૃદયસ્પર્શી પાત્ર સંવેદનાઓને હચમચાવી નાખે તેવું હોય છે. (અહીં સંતાનહીન સ્ત્રીની કથા-વ્યથા અલગ છે.) પણ... કુળનો મુક્તિદાયક તરીકે સત્કાર પામતો, જેના જન્મનો આનંદ વિશેષ ઉલ્લાસથી પ્રગટ થાય તેવા પુત્ર, લગ્ન પછી વહુઘેલો બની માતાને તિરસ્કૃત અને અપમાનિત જીવન જીવવા મજબૂર કરે તે દુઃખદ ઘટના કહેવાય. સ્ત્રી જીવનની ભૂમિકામાં વિધવા માતાનો રોલ માત્ર લાચારી, યાતના, મંથન અને હતાશાનો ભારો જ ગણાય. માતાના જીવનની કરુણ વાસ્તવિક્તા ત્યાં જોવા મળે છે. વાત્સલ્યસભર જનેતાને કહેવાતો ‘આપણો’ ‘મારો’ દીકરો નિર્માલ્ય, વિલાસી બની નીતિની લક્ષ્મણરેખા ઓળંગી જાય. માતાને બલા સમજે, ‘મા’નો ઉપહાસ કરે તે ક્યાંનો ન્યાય? માત્રને માત્ર અન્યાય. નૂતન સમાજ રચનામાં પણ માતા યાતના ભોગવે તે કેમ ચલાવી લેવાય?

માતા સંઘર્ષ કરે, પુત્ર કાજે દુઃખો વેઠે, દિનરાત કે ટાઢ તડકો જોયા વિના પરિશ્રમ કરે, પુત્રને મોટો કરે તે પુત્ર, જે માતાએ જન્મ આપ્યો તેના પ્રતિ ઋણ અદા કરી વંદન કરવા જોઈએ તેનાથી વિપરીત વર્તન કરે. માતાના માનર્હ સ્થાનને ધિક્કારે, તિરસ્કાર કરે ત્યારે માતા કહે – ‘દીકરો મારો પણ.. હવે મારો રહ્યો નથી.’ વહુઘેલા કુપુત્રને જાણ થાય કે **આજે પુત્રી જન્મને જાકારો નહીં પણ આવકારો અપાય છે કારણકે હવે દીકરી પણ કુળદીપિકા બનવા સક્ષમ બની છે** અને તું જે ‘માતૃછાયા’માં રહે છે તેનો તું ખ્યાલ રાખજે બેટા!

ટૂંકમાં, પુત્રના લગ્ન થતાં ‘ઘરમંદિર’માં શરૂ થતી વૈચારિક મતભેદોની હારમાળામાં જે પુત્ર ‘મા’નો હતો તે પત્નીનો થઈ જાય અને પુત્રનું અસ્તિત્વ મા અને પત્ની વચ્ચે વહેંચાતા દરેક કિસ્સામાં પુત્રનો મા તરફનો આદરભાવ, પૂજ્યભાવ દિન પ્રતિદિન ઘટતો જાય તે અયોગ્ય છે. માતાનો નિર્વ્યાજ પ્રેમ, વાત્સલ્યના ગુણગાન કરતો ‘કહેવાતો’ પુત્ર ‘વહુઘેલો’ બની જાય તે ન ચાલે. કહેવાતી પુત્રવધૂ ‘મા ઘેલો’ના ટોણા મારતી જ જાય. ભાવનાત્મક રીતે એક પુત્ર બે સ્ત્રીના અધિકાર ભાવનો જંગ બની જાય. અંતે માતા સહનશીલતાનું પ્રતીક છે તે માત્ર પ્રતીક બની બધું સહન કરે. પુત્ર મનમાની કરે, માતાનો અનાદર કરે. જે માતાએ પોતાના પુત્રના વિકાસ માટે ભગીરથ ફાળો આપ્યો તે બધું વિસરી જાય તે પુત્ર નહીં પણ કુપુત્ર જ ગણાય.


‘મા’ના પ્રેમ, મમતાને રૂપને કેમ ભૂલાય? કવિ સુરેશ દલાલ લખે છે : ‘જે દેહમાંથી દેહ આપે, જીવમાંથી જીવ આપે, દીવામાંથી દીવો પ્રગટાવે, અપેક્ષા વિના પારાવાર સ્નેહ આપે, જેના પ્રેમના લેખાજોખા થઈ ન શકે તે મા છે. **‘મા’નો અર્થ જોડણીકોશમાં જોવાનો નથી હોતો. એ જીવકોશમાં જોવાનો હોય છે.** માનો એક અર્થ હોય છે તે માનો ચહેરો. જે શક્તિ પ્રાણીમાત્રમાં ‘મા’ સ્વરૂપે બિરાજેલ છે તે સૌ માતાઓને વારંવાર કોટિ કોટિ વંદન કરીએ. ‘મા’ જ ઈશ્વરનું બીજું સ્વરૂપ છે.

*૬૧/એ, વનગંગા સોસાયટી, વીજલપોર,*
*નવસારી-૩૯૬ ૪૫૦. ● મો. ૯૫૩૭૯ ૭૫૬૬૬*



જનની

# લિ. તારી મા



રવજીભાઈ કાચા

પાંચ વર્ષના કિશનને વિધવા માએ નિશાળે બેસાડ્યો. એ આશાએ કે, 'મારો કિશન ભણી ગણીને મોટો સાહેબ, માણસ બનશે.' કિશન નિશાળે જવા લાગ્યો. કિશનની માને એક આંખ નહોતી. નિશાળમાં છોકરા કિશનને 'તારી મા કાણી' કહીને ચીડવતા. કિશન દુઃખી દુઃખી થઈ જતો. તે છોકરાને કે માને કાંઈ કહી શકતો નહીં. મનમાં મુંઝાયા કરતો. ઘણી વખત તો કિશન વિચારતો, આના કરતાં તો મા ન હોય તો જ સારું. એ મરી કેમ નથી જતી. પણ એ કહે કોને? નિશાળે જવું પણ કિશન માટે અઘરું થઇ જતું.

એક દિવસ તો છોકરાઓએ કિશનને ખૂબ પજવ્યો. નિશાળ છોડી, ઘેર આવી માને પૂછ્યું, 'મા તારે એક આંખ કેમ નથી? નિશાળે છોકરા મને ખૂબ ચીડવે છે.' મા મૌન રહી. કિશને મનમાં ગાંઠ વાળી લીધી કે હું મા થી દૂર ચાલ્યો જઇશ. મોટો પૈસાદાર માણસ બનીશ. મા ને જોવી નહીં, ને દાઝવું નહીં.



ગામ અને પછી શહેરની શાળામાં ભણી નોકરીએ લાગ્યો. લગ્ન કર્યા, બાળકો થયા. કિશન પોતાની દુનિયામાં ખુશ હતો. આ દરમિયાન કિશને ક્યારેય મા ને યાદ કરેલી નહીં, એમ ખબર અંતર પણ પૂછેલા નહીં.

એક રજાના દિવસે કિશન ઘેર હતો. પત્ની બાળકો બહાર ગયેલ હતા. બારણે ટકોરા પડ્યા. કિશને બારણું ખોલ્યું. જોયું તો સામે એકાક્ષી ચીંથરેહાલ મા ઊભી હતી. જોઈને કિશન બરાડ્યો, 'કોણ છે તું? કોનું કામ છે?'

'ભાઈ, મને લાગે છે કે હું ખોટા સરનામે આવી ગઈ છું.' કહી મા પાછી વળી ગઈ. કિશને આત્મસંતોષ માન્યો કે માએ મને ઓળખ્યો નથી.

ગામની શાળાનાં હેડમાસ્તરનો કિશનને પત્ર મળે છે. શાળામાં કાર્યક્રમ હોવાથી કિશનને નિમંત્રણ પાઠવ્યું હતું. કિશનને ઘડીભર આનંદ થયો. પણ તરત આનંદ બાષ્પ બની હવામાં ઓગળી ગયો. કારણકે એને લાગ્યું કે જો પોતે ગામમાં જશે તો મા પાસે જવું જ પડશે. પણ કિશને મનમાં દ્રઢ સંકલ્પ કર્યો કે ગામમાં જઇશ, પણ માને મળવા તો જઇશ જ નહીં.

કિશન ગામમાં પહોંચ્યો. ઘેર ન જવાનો દ્રઢ સંકલ્પ હોવા છતાં તેના પગ અનાયાસે ઘર ભણી ફંટાયા. ઘર બંધ હતું. પડોશીએ ચાવી આપી. કિશન અંદર ગયો. જોયું તો દીવાલ પર માનો ફોટો લટકતો હતો. ફોટા સાથે એક કાગળ ફરફરતો હતો. કિશને કાગળ લીધો ને વાંચવા લાગ્યો.

*"બેટા કિશન,*

*તું મારાથી નારાજ છે. તારી મા કાણી, બાડી છે એનું દુઃખ તને નહોતું પણ છોકરા ચીડવતા હતા તેનું દુઃખ હતું. મેં તો જિંદગી પૂરી કરી. હું હવે તારે ઘેર ક્યારેય આવવાની નથી. પણ મને આશા છે કે તું ક્યારેક તો મને મળવા આવીશ જ.* ***મને દુઃખ એ વાતનું છે કે મારી એક આંખ ન હોવાને કારણે તને શરમાવું પડ્યું. બેટા, જ્યારે તું નાનો હતો ત્યારે એક અકસ્માતમાં તારી એક આંખ ફૂટી ગઈ. મારાથી એ જોવાયું નહીં કે તું એક આંખે જિંદગી જીવ. એટલે મેં મારી એક આંખ તને આપી દીધી.*** *મને એ વાતનો ગર્વ હતો કે તું મારી આંખે દુનિયા નવા સ્વરૂપે જોઈ શકીશ. તું મારી જ દુનિયા હતો ને.*

*લિ. તારી મા."*

"મા કહી કિશન છાતીફાટ રડી પડ્યો. આજે પહેલી વખત કિશનને અહેસાસ થયો હતો કે માએ પોતાની જિંદગી મારા નામે કરી આપી હતી. મા, મેં તને ખૂબ દુભવી. આટલા વર્ષોમાં મેં ક્યારેય તને યાદ ન કરી. તું બારણે આવી ઊભી હતી છતાં મેં તને જાકારો આપ્યો હતો. છતાં તેં પત્રને અંતે "તારી મા..." લખ્યું. મા, મારા જેવા કૃતઘ્ની દીકરાને તને "મા" કહેવાનો કોઈ અધિકાર નથી."

**આઈ.ટી.આઈ. સામે, અમરેલી.**

**મો. ૯૪૦૮૧ ૫૭૦૯૨**

*વિનય અને વિવેક, અપયશનો તત્કાલ વિનાશ કરે છે.*



જનની

# માતૃ શક્તિ



પારૂલ દેસાઈ

*नास्ति मातृ समा छाया, नास्ति मातृ समा गतिः ।*
*नास्ति मातृ समा त्राण, नास्ति मातृ समा प्रिया ॥*

માતા સમાન કોઈ છાંયડો નથી. માતા તુલ્ય કોઈ આશરો નથી, માતા જેવું કોઈ રક્ષક નથી અને માતા સમાન કોઈ પ્રિય નથી.

એક જ ઝાટકે એક સાથે શરીરના ૨૦ હાડકા તૂટે અને જે પીડા થાય તેટલી બાળકને જન્મ આપે તે સમયે માતા પીડા ભોગવે છે. પરંતુ બાળકના રડવાનો અવાજ સાંભળતા જ તેણીની આંખમાં હર્ષાશ્રુ વહે છે. તે મા, મમ્મી, મોમ. મા સ્મિત કરે અને બાળક રડે એવો આ એકમાત્ર દિવસ હોય છે. અન્યથા બાળકનું એક આંસુ પણ મા ને વિચલીત કરી મૂકે છે.



૧૦-૧૨ વર્ષની ઉંમર સુધી બાળક માટે પોતાની મા એટલે જરૂરિયાત પૂરી કરનારી, લાડ લડાવનારી, વહાલ કરી પ્રોત્સાહન આપતી, ચોંટતી - ભેટતી તો ક્યારેક નાની નાની વાતમાં ઠપકો આપતી, ખીજાતી, રોકતી - ટોકતી વ્યક્તિ. માર્કસ ઓછા આવે તો લાંબું લેક્ચર આપતી વ્યક્તિ. ટીનેજર પર તીખી નજર રાખતી, મોબાઈલ - ટેબ્લેટમાં ઈન્ટરનેટ પર શું કરે છે? એવા પ્રશ્નથી અકળાવતી વ્યક્તિ. પણ સમય જતાં સમજ આવે કે આ એક જ છે જે માત્ર જન્મદાત્રી જ નહીં પરંતુ શ્રેષ્ઠ માર્ગદર્શક, હિતેચ્છુ, સંસ્કાર સિંચન કરનારી નારી છે. પોતાની વાણી - વર્તનથી સત્ય, સહનશીલતા અને ધીરજના ગુણો ખીલવે તે મા.

બાળકને દુનિયામાં લાવતા પહેલા જ તેની જવાબદારી સ્વિકારી લેવા તૈયાર થવું પડે. બાળક માના ઉદરમાંથી સંસ્કાર મેળવવાનું શરૂ કરે છે. માટે ગર્ભાવસ્થાના સમયથી જ ખાનપાન સાથે સારા પુસ્તકનું વાંચન જરૂરી છે. રામાયણ, ભાગવત જેવા મહાન ગ્રંથોનું વાંચન કરવાથી તેની શુભ અસર ગર્ભમાં રહેલા બાળક પર થશે કારણકે પોતાના આચાર વિચારની અસર બાળક પર પડતી હોય છે. મા ની જવાબદારી સંતાનને માત્ર બોલતા - ચાલતા જ શીખવવાની કે ભણાવીને 'મોટું' કરવા જેટલી જ નથી પરંતુ ક્યાં કેટલું બોલવું, કોની સાથે કેવું વર્તન કરવું અને કયા સંજોગોમાં કઈ રીતે વર્તવું તે સમજાવી તેનું ઘડતર કરવાનું અતિ અગત્યનું કાર્ય માતાએ કરવાનું હોય છે.

પાશ્ચાત્ય વસ્ત્રોનું આંધળું અનુકરણ કરી રેવ પાર્ટીમાં મોજ કરનારી યુવતીઓ કે પછી પાનના ગલ્લે સિગારેટના કસ લેતા કે ડ્રગ્સના રવાડે ચડેલા યુવાનોને જોઈને દુઃખ એ વાતનું થાય કે શું માતાએ માત્ર જન્મ જ આપ્યો? તેના ઘડતર માટે કોઈ ધ્યાન ન આપ્યું? નિઃસહાય યુવતી પર અત્યાચાર કે છેડતી કરતા યુવાનો પોતાની માતાની કૂખને લજવી રહ્યા છે. યુવતીઓ મોજશોખ પૂરા કરવા કે કેરિયરમાં પ્રગતિ કરવા 'શોર્ટ કટ' અપનાવે તે માતાનું અપમાન કરે છે.

માતા તો સાક્ષાત શક્તિ છે. તેણીએ પોતાની કૂખે જે બાળકને જન્મ આપ્યો **તેના ભાવિને ઉજ્જવળ બનાવવા પોતાના પ્રેમ સાથે ઠપકાની નજર પણ રાખવી જરૂરી બને. સંતાન ક્યાં, ક્યારે શું કરે છે, તે માટે ચાંપતી મીઠી નજર પણ રાખવી પડે.** અમુક નિયમો લાદીને પણ તેનામાં પૂરતા સંસ્કાર આપવાનું કપરું કાર્ય મા કરી શકે. આવનાર પેઢી દેશનું નામ રોશન ત્યારે જ કરી શકે જ્યારે મા એ સંતાનને ભણતર, ગણતર, ઘડતર કરી સર્વાંગી વિકાસ કરવા શક્તિમાન કર્યું હશે. સંતાનને સંસ્કાર - સમજણ આપતી માતૃશક્તિને વંદન.

*"નીલયમ", સહકાર નગર મેઇન રોડ, મહિલા કોલેજ પાછળ,*
*એસ.બી.એસ. સોસાયટી, રાજકોટ.*
*મો. ૯૪૨૯૫ ૦૨૧૮૦*

*પ્રભુના મંદિરમાં ૧૦ની નોટ મૂકવા હું તૈયાર તો થઈ ગયો. ખિસ્સામાં હાથ નાખ્યો. એક સાથે ૧૦ની બે નોટ બહાર આવી. એક નોટ ગંદી હતી, બીજી નોટ એકદમ નવી નક્કોર હતી.*

*પળનીય વાર લગાડ્યા વિના મેં ગંદી નોટ પ્રભુના મંદિરમાં મૂકી દીધી! એમ સમજીને કે 'અહીં તો બધું ય ચાલી જાય!' હું આટલો બધો નિર્લજ્જ?*



જનની

# મમતાની મૂરત 'મા'



મીનાક્ષી વખારિયા

*નમસ્કૃત્ય વદામિ ત્વામ, યદિ પુણ્યમ મયા કૃતમ્ ।*
*અન્યાસ્યામપિ જાત્યાં મે ત્વમેવ જનની ભવ ॥*

– નમસ્કાર કરીને તને કહું છું :

*હે માતા!*
*જો મેં પુણ્યકર્મો કર્યા હોય,*
*તો બીજા જન્મમાં પણ*
*તું જ મારી માતા થજે.*

– *અજ્ઞાત*

ખરેખર જેણે પણ આ કહ્યું તેમણે કેટલું સાચું કહ્યું...! આ જગતમાં જન્મીને 'મા'નો ખોળો ખુંદવા મળે તેનાથી મોટું કોઈ જ ઐશ્વર્ય નથી. સ્વર્ગમાં 'મા'ની ગોદ મળશે કે નહીં ખબર નથી પણ 'મા'ની ગોદમાં જ સ્વર્ગ સમાયેલું છે તે વાત નક્કી. એ જગજાહેર વાત છે કે આવા અનન્ય, અલૌકિક ઐશ્વર્યની અનુભૂતિ કરવા ઈશ્વર જેવા ઈશ્વરને પણ ધરતી પર અવતાર લેવો પડે છે કારણ 'મા'ની બરાબરીમાં તો સ્વર્ગલોકનું સુખ પણ વામણું પડે. ઈશ્વરે વાત્સલ્યને માણ્યું, નાણ્યું પછી એમને થયું હશે કે આટલી સુંદર, અદ્ભુત અનુભૂતિપ્રદ વાત્સલ્યને મારે એક ખાસ નક્કર સ્વરૂપ આપવું જોઈએ. માનવ માત્ર એ સુખની અનુભૂતિ કરી શકે એટલે જ એમણે 'મા'નું સર્જન કર્યું અને પ્રેમને, મમતાને, વાત્સલ્યને એક સર્વોત્કૃષ્ટ ઊંચાઈ મળે એવી અજરામર ઓળખ આપી. ખરેખર તો માતા એ ઈશ્વરનું બીજુ રૂપ છે. સ્ત્રીના અનેક રૂપો હોય છે. જીવનમાં ઉંમરના દરકે તબક્કે અન્ય રૂપોના વહેવારમાં બદલાવ આવતો હોય છે પણ 'મા'નું સ્વરૂપ હંમેશ માટે એનું એ જ રહે છે. સ્ત્રી જ્યારે એક બાળકને જન્મ આપે છે ત્યારે એક 'મા'નો જન્મ થાય છે. તેનામાં જન્મજાત છુપાયેલી અધધ શક્તિનો સંચાર થાય છે અને ભાવિમાં આવનારા પડકારો માટે તૈયાર થઈ જાય છે.



'જે કર ઝુલાવે પારણું, તે જગત પર શાસન કરે' – એ ઉક્તિને સાચી ઠરાવતા અનેક દાખલાઓ આપણા ઈતિહાસની તવારીખમાં નોંધાયેલા જ છે. તે યાદ કરાવવાની જરૂર ખરી? નવ નવ મહિના પોતાના ગર્ભમાંના પિંડને પોષનારી સ્ત્રી ઘડીકવાર માટે બે કિલો વજન ઉપાડવું પડે તો થાકીને ઠુસ થઈ જતી હોય છે. જ્યારે નવ નવ મહિનાની અવધિ સુધી ગર્ભમાંના ભારને ફૂલની જેમ હોંશે હોંશે સહી લેતી તે પોતે સુખની ચરમસીમાએ હોવાનો આનંદ અનુભવતી હોય છે. પ્રસવની આકરી પીડા સહીને નવજાતને જ્યારે છાતીએ વળગાડે છે ત્યારે પોતાનાં લોહીનાં કણકણને અમૃત બનાવી શિશુની નસનસમાં વહાવી દે છે. પોતાના પીંડ પર જાન ન્યોચ્છાવર કરી પોતાને ધન્ય ધન્ય સમજતી હોય છે. આ જગતમાં માતા બનવાનું સૌભાગ્ય માત્ર સ્ત્રી જાતિને જ પ્રાપ્ત થયું છે. પછી તે માનવજાતિ હોય કે પછી પશુ-પક્ષીની કે નાના મોટા કોઈ પણ જીવ હોય...!

પોતાના દેહમાંથી અન્ય દેહનું સર્જન કરીને પોતાનું ઓજ તેજ નવજાત પર ઓવારી જતી દરેક 'મા' ને મારા કોટિ કોટિ વંદન.

**શિશુ માટે માતાનો પ્રથમ સ્પર્શ એટલે વહેલી સવારના ઝાકળ બિંદુ સમ કોમળતાનો સ્પર્શ...!** એ આહ્લાદક, નિઃસ્વાર્થ સ્પર્શ મા અને બાળક વચ્ચેનું એક મુલાયમ પણ મજબૂત અનુસંધાન બને છે. 'મા' બને એટલે સ્ત્રીની જવાબદારીમાં આપોઆપ વધારો થઈ જતો હોય છે. માતૃત્વના સુખથી તરબતર તે સઘળી જવાબદારી સાવ સહજતાથી નિભાવે છે. ભલે પછી રાતોના ઉજાગરા કરવા પડે કે પોતે ભીનામાં સૂઈને બાળકને કોરામાં સુવાડવું પડે. આવા ગુણો 'મા' બનતાની સાથે જ એનામાં સહજ રીતે ભળી જતા હોય છે. બાળકના ખીલખીલ હાસ્ય પર પૂરી દુનિયા લુંટાવી શકતી હોય તો તે મા જ...! 'મા' એટલે જાણે બારેમાસ હરીભરી મમતાની મોસમ. જેની આગળ કુદરતની સઘળી મોસમ પાણી ભરતી થઈ જાય એવી તો હુંફાળી હોય છે આ 'મા'ની ગોદ...! તપ્ત જિંદગીમાં લીલાછમ, ઘટાદાર વૃક્ષની જેમ શીતળ છાંયો આપતી 'મા' તો નસીબદારને જ મળે.

જિંદગીનો પહેલો શ્વાસ દેનારી 'મા'નું ઋણ તો ક્યારેય, કોઈ કાળે ફેડી ન શકાય. મમતામયી 'મા' અમાપ વાત્સલ્યથી સંસ્કારદાયી, પ્રેરણામૂર્તિ બની પોતાના જણ્યામાં જીવન સિંચે છે. તેની આંખોમાંથી વરસતો પ્રેમનો ધોધ અને સ્નેહસંચિત ક્રોધ સંતાનને સંસ્કારી બનાવી, જીવનમાં આવતી દરેક ચડઉતરનો સામનો કરી જીવનને જીવવા લાયક બનાવે છે. બાળક ગોરું હોય કે કાળુ, અપંગ હોય કે ખામીગ્રસ્ત, પણ વિશ્વની કોઈ પણ 'મા' માટે પોતાનું સંતાન અદકેરું જ હોય. 'મા' જ એક એવી વ્યક્તિ છે, જે મુશ્કેલ પરિસ્થિતિમાં પણ અડગ રહી પોતાનાથી શક્ય તેટલું ઉત્તમ પોતાના સંતાનને આપવા આકાશ પાતાળ એક કરે છે. એ જ સંતાન જ્યારે 'મા'ને ગરજ પતી જતા હુકરાવે ત્યારે પણ માતા કમાવતાર નથી જ બની શકતી. તેના મુખેથી ભૂલથીયે અપશબ્દ નહીં નીકળે. જ્યારે કોઈ તકલીફમાં આવી પડીએ ત્યારે અનાયાસે જ આપણા મુખેથી પહેલો શબ્દ 'ઓ મા...' જ નીકળતો હોય છે. કારણ? આપણને ખાતરી છે કે મા પડતાને પડ તો નહીં જ કહે. ઉંમરનો કોઈ પણ તબક્કો હોય, તોયે સંતાનને 'મા' પાસે તો નાનું બાળક બની જવાનું મન થાય જ. માની ગોદમાં દુનિયાભરની શાંતિ જ મળવાની. તેની નિશ્રામાં જે હુંફ મળે તે બીજે ક્યાંય ન મળે. **વાત વાત્સલ્યની કરીએ ત્યારે આપણે પિતાના પ્રેમને પણ અવગણવો ન જોઈએ. વાત્સલ્યમૂર્તિ પિતા, સમય આવ્યે પોતે ફાટેલા કપડામાં પણ ચલાવી લેશે પણ પોતાના બાળકને તો હંમેશાં ઉત્તમ જ આપવાની કોશિશ કરશે.** જગતના દરેક સંતાન માટે તો માતા-પિતાની પ્રેમભરી, હુંફાળી છત્રછાયા હવામાંના ઓક્સિજનની જેટલી જ અનિવાર્ય છે. જે નસીબદારને પર્વતોથી ઊંચો પિતાનો પ્રેમ અને સમંદરથી ઊંડો માતાનો પ્રેમ મળે. 'ભાઈ ઉસકા તો ક્યા કહેના? વો તો સોને પે સુહાગા...!' કોઈએ સાચું જ કહ્યું છે કે 'માતા-પિતાના ચરણોમાં જ જગતનાં સર્વે તીર્થોનો સમાવેશ થાય છે. **ભગવાનને ભજવાથી 'મા' ન મળે પણ 'મા'ને ભજવાથી ભગવાન ચોક્કસ મળે.**

'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી' એટલે કે જનની અને જન્મભૂમિ સ્વર્ગથીયે અધિક મહાન છે. મનુષ્યના જીવન ઘડતરમાં આ બે માતાઓનું અમૂલ્ય અને સૌથી વિશેષ યોગદાન રહ્યું છે એટલે જ **'મા'ના દૂધનું કર્જ અને માભોમની માટી પ્રત્યેની ફરજ ક્યારેય વિસરવી ન જોઈએ.** તો આવો દોસ્તો, ઈશ્વરીય વરદાન સમી જગતની સઘળી માતાઓનો આદર કરીએ અને તેમના ચરણોમાં શિશ નમાવીએ. ફરજપરસ્ત થઈ માભોમનું ગૌરવ વધારીએ.

મને આજે પણ અનુભૂતિ થાય છે કે મારી આસપાસ, મારામાં મારી 'મા' અદૃશ્યપણે જીવી રહી છે. નિરાશાની કપરી અંધારી પળોમાં આકાશમાં ટમટમતા તારો બની માર્ગ દેખાડતી રહી છે. મને આ દુનિયામાં લાવવા માટે અને આવો અમૂલ્ય માનવ જન્મ આપવા માટે હું મારી 'મા'ની ભવોભવની ઋણી છું. તેમને મારા શત શત વંદન.

*ને છેલ્લે છેલ્લે...*

*ઉસકો નહીં દેખા હમને કભી*
*પર ઈસકી જરૂરત ક્યા હોગી?*
*ઐ 'મા' તેરી સૂરત સે અલગ*
*ભગવાન કી સૂરત ક્યા હોગી?*

***એલ/૩, બાલક્રિષ્ન કો.ઓ. હાઉસિંગ સો.,***
***સેવન બંગલો બસ ડિપોની સામે,***
***વરસોવા મેઈન મેટ્રો સ્ટેશનની નીચે,***
***અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૩.***
***મો. ૯૬૧૯૨ ૩૦૪૯૩***

**રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે "મંગલ મંદિર" અંગેની માહિતી ફોર્મ -૪, રૂલ - ૮**

**૧. પ્રકાશનનું સ્થળ :** અમદાવાદ

**૨. પ્રકાશનનો ગાળો :** માસિક

**૩. મુદ્રકનું નામ :**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
**મુદ્રકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**મુદ્રકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૪. પ્રકાશકનું નામ :**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
**પ્રકાશકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**પ્રકાશકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૫. સંપાદકનું નામ :**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
**સંપાદકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**સંપાદકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૬. અખબારની માલિકી :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
**સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

*હું, પ્રતાપ નારાણજી દંડ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.*

અમદાવાદ **પ્રતાપ નારાણજી દંડ**
માર્ચ ૨૦૨૨ પ્રકાશક અને મુદ્રક - "મંગલ મંદિર"



જનની

# મારી બા.... (લઘુ કથા)



ફિરોઝ હસ્નાણી

આજે બા ને પાછા થયાને એક વર્ષ પૂરું થયું. સવાર સવારમાં હું વહેલો ઊઠી ગયો હતો. હજુ મારી પત્ની રીમા સવારની મીઠી નિંદરની ચાદરમાં હતી. તેના પડખામાં રાહુલ, મારો દીકરો જે પાંચ વર્ષનો હતો, તે પણ સૂતો હતો. હું જલ્દી જલ્દી તૈયાર થઈ ગયો. જરા પણ અવાજ ન થાય તે રીતે મેઈન ડોર ખોલી ફરી પાછુ વાસી દીધું. ને હું બહાર નીકળી ગયો. થોડીવાર પછી હું ઘરે પરત ફર્યો. જોયું, મારી ગાડી જ્યાં પાર્ક કરી હતી ત્યાં ન હતી. રીમા બહાર ગઈ હતી, તે ખબર પડી ગઈ. ઘરને બહારથી લોક હતું. મારી પાસે ચાવી હતી. તેથી લોક ખોલી હું અંદર પ્રવેશ્યો. બા ના ફોટા પરથી જૂનો હાર કાઢીને નવો લાવેલ ફૂલોનો હાર બા ના ફોટા પર ચડાવ્યો. ત્યાં મારી આંખોમાં આંસુ ઉમટી પડ્યા. હું ભૂતકાળની ક્ષણોમાં સરી પડ્યો.

હું મારા માતા-પિતાનું એક જ સંતાન હતો. મારા પિતા સરકારી ઓફિસમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા. હું દસ વર્ષનો હતો ત્યાં મારા પિતાજીનું મૃત્યુ થયું. તેમની જ ઓફિસમાં મા ને પટાવાળા તરીકે નોકરી મળી ગઈ. ઉપરાંત પિતાજીનું પેન્શન પણ મારી બા ને મળતું. તેથી ઘરની આર્થિક પરિસ્થિતિ સારી રહી. પછી તો મને પણ ભણીગણીને નોકરી મળતા, બા ને નોકરી મૂકાવી દીધી. મને નોકરી મળતા જ બાને જટ મારા લગ્નની ઉતાવળ રહી. તેથી એક સંબંધીની છોકરી રીમા સાથે મારા લગ્નનું ગોઠવવામાં આવ્યું.

લગ્નના શરૂઆતના દિવસો તો ઝડપથી ખૂબ સારી રીતે પસાર થયા બાદ રીમાના સાચા સ્વભાવનો પરિચય થયો. તે સ્વતંત્ર સ્વભાવની જીદ્દી છોકરી હતી. તેમાંય રાહુલના જન્મ બાદ તેણે પોતાનું પોત પ્રકાશ્યું હતું. તેને સાસુની શિખામણ ન ગમી. એ પછી લાજવાને બદલે ગાજવા માંડી. **મને કહે, બા ને ઘરડાઘર મૂકો, નહીં તો હું મારા પિયરમાં જાઉં છું.** અંતે રોજના કકળાટને લીધે મારી બા એ મને કહ્યું, 'બેટા, મને તું વૃદ્ધાશ્રમમાં મૂકી આવ. આ રોજનો ઝઘડો સારો નહીં. તું શનિ-રવિની રજામાં આવીને મને મળી જજે.'

ઈચ્છા ન હોવા છતાં પણ આખરે નિર્ણય કર્યો. બા ને હું વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો.

ત્યાં જ નીચે ગાડીનું હોર્ન વાગ્યું ને મારી વિચારધારા તૂટી. ત્યાં જ રીમાએ ઘરમાં પ્રવેશ કર્યો. મને જોઈને બોલી, 'ક્યાં હતા તમે સવાર સવારમાં? જો તમને કાંઈ યાદ રહેતું નથી. ને મારે કેટલું બધું યાદ રાખવું?'

'પણ શું છે? આટલી ધાંધી શું કામ થઇ છે?'

'હા, હવે તમને હું ધાંધી દેખાઈશ. પછી ગાંડી પણ દેખાઉ કાં?' ને મારી સામું જોવા માંડી. પછી બોલી, 'હવે ઊભા છો શું, હાલો આપણે જવાનું છે, ચાલો.'

'હા, પણ કહે તો ખરી ક્યાં?'

'ભલા માણસ, તમને કોઈ વસ્તુ યાદ રહેતી નથી. બધું મારે જ કરવાનું. આજે બા ની વરસીનો દિવસ છે. તેથી ઘરડાઘરે સવારે નાસ્તો આપણા તરફથી દેવાનો હોવાથી હું કંદોઈની દુકાને ગઈ હતી. બાને ભાવતી ગરમાગરમ જલેબી તથા ગાંઠિયાની તૈયારી કરાવવા. હાલો હવે, બહાર નીકળો, આપણે ઘરડાઘરે જવાનું છે.' મારો હાથ પકડી મને બહાર ખેંચી લીધો.

મેં કહ્યું, 'રાહુલ ક્યાં?'

'એ નીચે ગાડીમાં બેઠો છે.' દરવાજાને લોક લગાવી બહાર નીકળી હું ગાડીમાં બેઠો. રાહુલને મારા ખોળામાં લઈને બેસાડ્યો.

રીમાએ ગાડી ઘરડાઘર તરફ લીધી. થોડીવારમાં ગાડી ''જીવનસંધ્યા ઘર'' વૃદ્ધાશ્રમના દરવાજા પાસે આવી.

ચોકીદારે દરવાજો ખોલ્યો. રીમાએ ગાડીને લીમડાના ઝાડ નીચે પાર્ક કરી. અમે ત્રણે જણા નીચે ઉતરી ગયા. મેનેજર કિશોરભાઈ જોશી ઓસરીની પાળી પાસે ઊભા હતા. રીમા તેમની પાસે પહોંચી. પેલો દુકાનવાળો આવ્યો છે કે નહીં તેની પૃચ્છા કરી. બાદમાં આશ્રમના દરેક સભ્યોને જમણવારવાળા રૂમમાં ભેગા કરી નાસ્તો તૈયાર કરી રીમા તથા રાહુલ બધાને પીરસવા માંડ્યા.

'હવે કોઈ બાકી તો નથી ને કિશોરભાઈ?' રીમા બોલી.

'એક માજી હજુ અઠવાડિયા પહેલા જ આવ્યા છે. એમને જરા અસુખ જેવું છે તેથી તે બહાર નથી આવ્યા. તેમને હું હમણાં ડિશ તૈયાર કરીને આપી આવીશ.'


'ના, તમે રહેવા દો. મને ડિશ તૈયાર કરીને આપો. હું દઈ આવું.' કહી રીમાએ નાસ્તાની ડિશ હાથમાં લઈ મને પણ સાથે લીધો. હું થોડો દૂર ઉભો રહ્યો. દૂરથી જ મેં એક માજીને પલંગ પર બેઠેલા જોયા. તેમની પીઠ મને દેખાતી હતી. રીમા છેક રૂમમાં ગઇ. ત્યાં તો 'બા... બા... તું અહીં...' રીમાની ચીસ નીકળી ગઈ.

*'ઇકરા' પેલેસ, બ્લોક નં.-૧૨, ખોડિયાર મંદિર સામે,*
*મણિનગર, અમરેલી - ૩૬૫ ૬૦૧.*
*મો. ૯૯૦૪૦ ૬૧૩૨૦*



જનની

# 'મૃત્યુ 'મા' જેવું મધુર હાસ્ય કરે!'



રમેશ પટેલ
રાષ્ટ્રીય શિક્ષક એવોર્ડ પ્રાપ્ત

કવિ શ્રી લાભશંકર ઠાકરના એક કાવ્યની પ્રથમ ત્રણ પંક્તિ છે :

*'મૃત્યુ*
*મા જેવું*
*મધુર હાસ્ય કરે.'*

કવિએ 'જીવન' અને 'મૃત્યુ'ની સંવેદના આ ત્રણ પંક્તિ અને છ અક્ષરોમાં છલોછલ ઠાલવી છે.

જીવન, એ માતાના અંધકારમાં અને મૃત્યુ ચિતાના અજવાળે પૂર્ણ થતું હોય છે. માતા જીવનના આરંભનું કેન્દ્ર છે અને મૃત્યુ એ જીવનનું અંતિમ વિરામ સ્થાન છે!

બાળકના જન્મ ટાણે માતા પ્રસન્નતા અને સ્મિત વેરે છે. મૃત્યુ ટાણે ચિતાના અજવાળે ઘરમાં અંધકાર વ્યાપી જતો જોવા મળે છે.

મૃત્યુ પણ મા ની જેમ દોડી આવે છે. જીવને પોતાના ખોળામાં સમાવી લેતાં જ આત્મા મધુર હાસ્ય કરે છે. આમ, મૃત્યુ કોમળ - રેશમ જેવું મૃસણ અને નજાકતથી રંગીન નાજુક નમણાં પતંગિયા જેવું છે!

જીવન ક્ષણભંગુર પરપોટા જેવું છે. માની ગોદમાં બાળક સ્તનપાન કરી ગાઢ નિદ્રામાં પોઢી જાય છે એમ મૃત્યુ ટાણે માનવી કાયમને માટે અનંત નિદ્રામાં પોઢી જતો હોય છે.

જન્મ જીવનનો ઉત્સવ છે, એમ મૃત્યુ પણ જીવનને અંતે મહોત્સવ બનવું જોઈએ!

**'મા' વાત્સલ્યની સંવેદનાસભર કવિતા છે તેમ મૃત્યુ પણ અનંત આકાશે વિહાર કરતું પંખી છે!**

કવિ શ્રી લાભશંકર ઠાકરનું 'પરબ'માં પ્રકટ 'મૃત્યુ' વિષયક કાવ્ય આ મુજબ છે :

*"મૃત્ય લપાઈને સૂતું છે*
*ઘસઘસાટ*
*ઊંઘતું મારી ઊંઘના પડખામાં*
*ના –*
*નથી જાગવું*
*એય ભલે ઊંઘતું ઘસઘસાટ!"*

જીવન યાત્રાને અંતે સૌએ અટકવાનું હોય છે : મૃત્યુ પાસે જ! **મૃત્યુ એ બીજા 'જીવન'ની શરૂઆત છે. માણસનું ફરી નહીં જાગવાનું નામ જ 'મૃત્યુ' છે!** 'મ' માતાનો 'મ' અને 'મૃત્યુ'ના 'મ'ની ત્રણ પંક્તિનું આ મહાકાવ્ય છે!

*પ્રાંજલ', ૩૦, આનંદ વાટીકા સોસાયટી,*
*સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫ ૦૦૯.*
*મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*

*આજ સુધી મને એમ લાગતું હતું કે શરીર કેન્સરગ્રસ્ત થઈ જાય એ મોટામાં મોટું દુઃખ, ધંધામાં દેવાળું નીકળી જાય એ મોટામાં મોટું દુઃખ, સ્વજનો બેવફા પાકે એ મોટામાં મોટું દુઃખ, સમાજમાં બે-આબરૂ થઈ જવું પડે એ મોટામાં મોટું દુઃખ. પણ અનુભવે એક વાત સમજાઈ ગઈ છે કે આ જગતમાં આપણા ખુદના અંતઃકરણને દુઃખ પહોંચાડતા રહેવું એના જેવું મોટું દુઃખ બીજું કોઈ જ નથી.*

## પડઘાય મા (ગઝલ)

રોજ મારા શ્વાસમાં ઘૂંટાય મા
ને હૃદય ખૂણે હજી પડઘાય મા.

ડગ ભરું કે હું તરત ગબડી પડું
બોખલા મોંઢે તરત હરખાય મા.

પેન-પાટી-ચોક ન્હોતા હાથમાં
તોય ના હિસાબમાં ગભરાય મા.

ઘરનો બોજો એકલી લઈને ફરે
તે છતાં નિભોર થઈ મલકાય મા.

કેટલા તેં સાચવ્યા ઘરના સહુને,
તોય ઘરડાઘર ઉભરાય મા.

પગ તળે તારા છે જન્નત, સત્ય છે;
કાશ! એ સંતાનને સમજાય મા.

*અઝીઝ ટંકારવી - ટંકારીયા (ભરૂચ)*
*મો. ૯૯૭૪૦ ૮૬૨૨૫*

# 'મા' વિષયક ગઝલ / કાવ્ય સૃષ્ટિ

## એક બાનો સાડલો

કેટલો મક્કમ છે જર્જર એક બાનો સાડલો,
કંઈક ઉકેલે છે અવસર એક બાનો સાડલો.

ને રસોડાની, પૂજાની છે અજબ ખુશ્બૂ ભર્યો,
આ જગતનો શ્રેષ્ઠ સુંદર - એક બાનો સાડલો.

પૂર્ણ પુરુષોત્તમ બની બાળક લપાઇ જાય જ્યાં,
ક્ષર અને અક્ષરથી અધ્ધર એક બાનો સાડલો.

પ્રેમનું ને હૂંફનું છે એ જ સરનામું અસલ,
હામ અને હિંમતનું બખ્તર એક બાનો સાડલો.

ભલભલા વૈભવ - અમીરી સાવ ઝાંખા લાગતા,
સાવ સાદો તોય સધ્ધર એક બાનો સાડલો.

ને એકલો અટુલો આજેય જ્યાં મૂંઝાઈ જઉં,
થાય બા - બાપુનું છત્તર એક બાનો સાડલો.

*રાજેશ વ્યાસ 'મિસ્કીન' - અમદાવાદ*
*મો. ૯૪૨૬૫ ૯૪૯૩૯*

## અવતાર મા

એક બીજો ઈશ્વરી અવતાર મા,
પ્રેમની અવિરત વરસતી ધાર મા!
કામ લાખો હોય અંબર મસ્તકે,
આચરે છે ઈશ્વરી કિરદાર મા!
ના ખરાબે જઈ ચડે ક્યારે કદી,
નાવડી નાજુક છે, પતવાર મા!
થાય છે ગાયબ પ્રસવની વેદના,
જોઈને સંતાન એકાકાર મા!
સાત જન્મે ચૂકતે ના થાય ઋણ,
એટલા મારા ઉપર ઉપકાર મા!
સ્હેજ તારો સ્પર્શ પણ મારણ બને,
લાખ મારા દર્દનો ઉપચાર મા!
હોય મનસૂબો જવા જન્નત તને,
સાવ ખુલ્લું સ્વર્ગનું છે દ્વાર મા!
હું તો અણસમજું અને અણઘડ હતો,
તેં પયોધરમાં ધર્યા સંસ્કાર મા!

*આબિદ ભટ્ટ - હિંમતનગર*
*મો. ૯૪૦૯૦ ૨૨૧૩૦*

## પાલનહાર મા

યાદ બહુ આવી રહી છે આજ વારંવાર મા,
મૂળમાં ઘરનો હતી સંપૂર્ણ જે આધાર મા.

સાવ નિરક્ષર હતી પણ હોશિયારીથી બધો,
આવડે એવો અહીં કરતી રહી વ્યવહાર મા.

બોજ લઈ ફરતી રહી મનનો અને ઘરનો સદા,
એક સાથે બેઉનો ઉઠાવતી'તી ભાર મા.

હુંય મનમાં ત્યારે ચિત્કારી ઊઠેલો એકદમ,
વેદનાથી જ્યાં થતી મેં જોઈ તારેતાર મા.

મેં કદી દુકાળ એકે ટંકનો જોયો નથી,
કે હતી ઘરમાં જ ઈશ્વરરૂપે પાલનહાર મા.

ભીંત પર તસ્વીર થઈ ગઈ તોય આંખોથી એની,
આજ પણ એવો જ વરસાવી રહી છે પ્યાર મા.

છે દુઆ એ જ 'હરીશ' કે આ જ મા ભવભવ મળે,
ને ધરા પર નિત નૂતન લઈ અવતરે અવતાર મા.

*હરીશ ધોબી - કાલોલ (પંચમહાલ)*
*મો. ૯૯૨૪૪ ૭૨૩૮૫*

## માતા નાથીબાઈના આત્માને અદબભેર અર્પણ

બધાયે ધર્મગ્રંથોમાં એ બાબતની ગવાહી છે,
જશે એ સ્વર્ગમાં નક્કી જ, જેણે માને ચાહી છે.

ચરણ હો એના, ચૂમું તો મને ચૂમે છે એ ભાલે,
ગુલામી મારી 'મા'ની, મારે મન તો બાદશાહી છે.

નથી જોયો અભાગી મેં જગે, એના સમું કોઈ – કે,
જેને કારણે માતા દુઃખી છે, ત્રાહિ ત્રાહિ છે.

ઉગામે હાથ માતા પર, નમાલો પુત્ર છે એ તો,
છે એના પગલે પગલે નર્ક, ભટકેલો જ રાહી છે.

દઝાડે માની આંતરડી સદા બળતો જ રે'શે એ,
નથી એની નસોમાં લોહી, પણ ગંદુ પ્રવાહી છે.

મળી છે સિદ્ધિઓ મોંઘી 'મુસાફિર' એની આશિષથી,
બધાંયે માન-સન્માના, બધીયે વાહવાહી છે.

*મુસાફિર પાલનપુરી - પાલનપુર (જિ. બનાસકાંઠા)*
*મો. ૮૮૬૬૨ ૩૬૪૨૧*

*(ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'ની પ્રેરણાથી સ્ફુરેલ ગઝલ.)*

ગઝલ / કાવ્ય સૃષ્ટિ

## બાનું રસોડું

ખૂલે છે આંખ બાની, ખૂલે છે રસોડું,
સદા બાની સાથે ઊઠે છે રસોડું.

ફળીથી લઈ છેક ઊભી બજારે,
ગ્રહી બાનો પાલવ ફરે છે રસોડું.

સવારે ને સાંજે સૂની બાની આંખે,
ધુમાડો બનીને રહે છે રસોડું.

જણ્યાં પેટનાં પેટ બસ ઠારવાને,
સતત બાની સાથે મથે છે રસોડું.

બધા ઓરડાઓને ઊંઘાડી, છેલ્લે;
અધૂરું - પધૂરું સુએ છે રસોડું.

*ડૉ. મનોજ એલ. જોષી 'મન' - જામનગર*
*મો. ૯૮૨૪૨ ૨૮૫૯૮*

## ઓઈ મા! બોલી જવાશે

એક અક્ષર બોલતાં ખીલી જવાશે,
'મા' કહું તો એકદમ મ્હેકી જવાશે.

ધ્યાનથી માનો ચહેરો જોઈ લેજો,
સાર ગીતાનો તરત સમજી જવાશે.

ત્યાં જ કાશી, ત્યાં જ કાબા, ત્યાં જ વૈકુંઠ,
એક ખોળામાં બધું પામી જવાશે.

ગોદડીમાં સાડલા જો હોય માના,
સોડ લેતાં સ્હેજમાં ઊંઘી જવાશે.

ઠેસ વાગે સાંઠ વર્ષે જો અચાનક,
તોય જોજો! 'ઓઈ મા!' બોલી જવાશે.

*ભરત ભટ્ટ 'પવન' - વડોદરા*
*મો. ૯૯૯૮૫ ૬૯૧૧૯*

## મારું જીવન બા

શબ્દ નાનો અર્થ ઊંડો ને ગહન, મા;
તું ધરા મારી અને છે તું ગગન, મા.

દેવ-દાનવ કે પછી માનવ બધામાં,
એક સરખું હોય છે વ્હાલું સ્વજન, મા.

સુખ ત્રણેત્રણ લોકનું હો એક બાજુ;
તોય પલ્લું નમતું જેનું તે વજન, મા.

હું તને પામ્યા પછી શું પામવાનો?
આરતી મારી તને કે કઉં ભજન, મા.

તારે ખોળે હોય છે શાતા અજબની,
ત્રસ્ત થૈને આવું છું તારી શરન, મા.

ઋણ તારું કોઈપણ ફેડી શકે ના,
દેવ પણ કરતા તને શતશત નમન, મા.

આહુતિ આપો છતાંયે લાગે ઓછી,
પ્રજવલે જે અંતલગ છે એ હવન, મા.

અંશ છું 'નાદાન' તારી નાળનો બસ,
તું ન હો તો શું હશે મારું જીવન, મા?

*દિનેશ ડોંગરે 'નાદાન' - વડોદરા*
*મો. ૯૮૯૮૩ ૪૬૮૭૭*

## ગીતા સમજાઈ ગઈ

રાત આંખોમાં ઉગી, લંબાઈ ગઈ,
બા ગઈને વારતા વિખરાઈ ગઈ.

આબરૂ ઘરની પછી ઢંકાઈ ગઈ
બાપુજી થઈ બા બધે ફેલાઈ ગઈ.

સૌને ભેગા રાખવાની જીદમાં
સૌમાં થોડી થોડી બા વહેંચાઈ ગઈ.

પૂજા માટે શંખ બા ક્યાંથી ફૂંકે?
બાની ફૂંકો ચૂલા પર વપરાઈ ગઈ.

મારું પહેરણ આખું હોવું જોઈએ
બાની સાડી થીંગડે વીંટાઈ ગઈ.

બા મને તુંકારથી બોલાવતી;
બા જતાં મોટાઈ પણ રોપાઈ ગઈ.

એક સરખી બા બધાની જોઉં છું
એમ લાગે દિવ્યતા પથરાઈ ગઈ.

બા તો કેવળ જિંદગી જીવતી હતી,
ને મને એમાં ગીતા સમજાઈ ગઈ.

*ગૌરાંગ ઠાકર (કવિ) - અડાજણ, સુરત*
*મો. ૯૮૨૫૭ ૯૯૮૪૭*

*ધીરજ, પુરુષાર્થ, પવિત્રતા, દયા, મધુરવાણી, મનોનિગ્રહ અને નિરોગી શરીર – આ સાત ગુણો હંમેશાં ધનસંપત્તિ વધારે છે.*

## બા

જો ગરલ આપો ગળી જાયે છે બા
તોય કેવી ઝળહળી જાયે છે બા.

ખોટું છે એ જાણતી હોવા છતાં
લાડ સામે પીગળી જાય છે બા.

બાળકોની ચૂપકીદીને સાંભળી
ગડમથલ મનની કળી જાયે છે બા.

કઈ ઘડીએ તે ઘડી એને પ્રભુ
પાનખરમાં પણ પળી જાયે છે બા.

બાળકોની ખુશીઓને ખુદની ગણી
સર્વ ઢાંચામાં ઢળી જાયે છે બા.

ભૂખ ભૂખ્યાં ભૂલકાંની ટાળવા
ઘંટૂલે ખુદને દળી જાયે છે બા.

ઘરમાં સાહિલ ઘરપણું રહેતું નથી
માટીમાં જ્યારે મળી જાયે છે બા.

*સાહિલ - રાજકોટ*
*મો. ૯૪૨૮૭ ૯૦૦૬૯*

ગઝલ / કાવ્ય સૃષ્ટિ

## મા તે મા...

મા તે મા! સાચ્ચે? મેં પૂછ્યું,
માનું ક્યારે? આંસુ લૂછ્યું?

કાયમ ખુદમાં મસ્ત રહે તું,
મારે પાલવ કાયમ કાં લૂ?

નાહક દેવ બનાવી મૂકી,
આખ્ખું જીવતર લીલું-સૂકું.

શબ્દોના નક્કામાં ચોખા,
મમતાએ જ્યાં ખાધું ગોથું.

બાગ હવે શું આંખો ઠારે?
પોતીકાં જ્યાં શોધે ઓછું,

મેં મૂરખીએ તળિયું આણ્યું,
મમતાનું તેં મૂલ ન દીઠું.

નૂર ગુમાવ્યું જન્મ દઈને,
કૂખ વગોવી, વાળી ઊંધું!

*બકુલેશ દેસાઈ - સુરત*
*મો. ૯૮૨૫૧ ૫૨૯૨૩*

## મા નો વિકલ્પ ક્યાં છે?

આકાશ કે ધરામાં મા નો વિકલ્પ ક્યાં છે?
કિલ્લા ને કાંગરામાં મા નો વિકલ્પ ક્યાં છે?

સાતેય રંગ ભેટે છે ભારમાં રહીને,
રંગીન આશરામાં મા નો વિકલ્પ ક્યાં છે?

ચાકર ખડેપગે છે ઊંચા મહેલમાં પણ,
સંગીન સરભરામાં મા નો વિકલ્પ ક્યાં છે?

પથ્થર બધાય પૂજ્યા, તીરથ ઘણાંય કીધા,
એકેય જાતરામાં મા નો વિકલ્પ ક્યાં છે?

હેતાળ હાથમાંથી અમરત સદા વરસતું,
ઘી-દૂધ-શર્કરામાં મા નો વિકલ્પ ક્યાં છે?

ધબકાર આથમ્યો છે આખાય આંગણાનો,
ઘરના જ ઊંબરામાં મા નો વિકલ્પ ક્યાં છે?

પોઢાડતાં જ અમને પોઢી ગઈ છે પોતે,
સોનાના ઘૂઘરામાં મા નો વિકલ્પ ક્યાં છે?

*નીતિન વડગામા - રાજકોટ*
*મો. ૯૮૭૯૪ ૦૦૪૨૪*

## મા બોલું ત્યાં તો...

આજે પણ મા બોલું ત્યાં તો બચપણ જીવંત થાતું,
યાદ આવતા માની અંતર આંખોમાં ઊભરાતું... આજે પણ...

સતત કાળજી મારી, ઘરના કામ ભલે હો કરતી,
એક ઉકારો મારો તારા કાળજે કરવત ફરતી,
મરકે મારું મુખ તો સાથે હૈયું તવ હરખાતું... આજે પણ...

ભરનિંદરથી ઝબકી જાગી પડખા જ્યાં ફંફોળે,
શિયાવિયા થઈ આમ તેમ જોતી ફાટેલા ડોળે,
સુવરાવ્યો'તો તેંજ ઘોડિયે તોયે ભૂલી જવાતું....આજે પણ...

'બેટા!' શબ્દે તારી આંખે અઢળક અમી ઊભરાતા,
દોડી આવી કંઠે તારા મારા કર વીંટળાતા,
'આઘો ખસ' હોઠે કહેતી, હૈયુ સમ્મત ના થાતું...આજે પણ...

મોંઘી મૂડી મારા બચપણની તો ગઈ લૂંટાઈ,
સાહ્યબી તારા ખોળાની પણ સાવ ગઈ ખોવાઈ,
એકવાર હાલરડું ગા મા, મૂકું ખોળે માથું....આજે પણ...

*ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા - ભાવનગર*
*મો. ૯૪૨૭૫ ૫૮૦૫૩*

## 'મા' (ગઝલ)

'મા' નથી,તો અભાવ 'મા' નો,
'મા' હતી, ક્યાં તનાવ 'મા' નો.

જિંદગીભર ખમીર ઇચ્છે,
મેઘ-શો રખ-રખાવ 'મા' નો.

આંખ સંતાન કાજ સરખી,
ક્યાં હતો, ભેદભાવ 'મા' નો.

'મા' કદી એકલી હતી ક્યાં?
લોક-લાજે પ્રભાવ 'મા' નો.

ઋણ ઉતારી શકે નહીં જગ,
છે અસલ પ્રેમ-ભાવ 'મા' નો.

હું અહીં આસપાસ સૌની,
મહેંકતો માતૃભાવ 'મા' નો.

સ્થાન ઈશ્વર ભણી સફળતા
પામતો સુખ પડાવ 'મા' નો.

હરઘડી ખુશ-ખુશાલ કવિની,
દમ-બ-દમ ધૂપ-છાંવ 'મા' નો.

*ભૂપેન્દ્ર શેઠ 'નીલમ' - જામનગર*
*મો. ૯૫૧૦૧ ૨૯૪૧૯*

## બા ગયા પછી

ખોલી જૂની પોટલી, પત્રો જૂના નીકળ્યા,
ઝાંખા વાંકા અક્ષરો, આંસુ ભીના નીકળ્યા.

યાદ કર્યા તહેવાર મેં, કેવા એ રંગો હતા?
ધુમ્મસ ઘેરી આંખમાં, દિવસ મજાના નીકળ્યા.

બા હતા ત્યારે બધા, ઘરમાં સૌ ખુશહાલ,
આજ ઉદાસી મનમહીં, શ્વાસો ઉના નીકળ્યા.

હજુએ ક્યારેક સાંભળું, પગરવ ટેકણ લાકડી,
બા ગયા, વૈભવ ગયો, પગલા સૂના નીકળ્યા.

ચાંદ સૂરજ સમ જ્યોત એ, વાટ વિનાની દીવડી,
કઇ દિશામાં ક્યાં ગઇ, એ સગડ ના નીકળ્યા.

બાની જૂની પોટલી, જાગીર સમ લાગી મને,
ફોટા મારા પત્રો વચ્ચે, બા સાથેના નીકળ્યા.

*જયેશ ઠક્કર - વડોદરા*
*મો. ૯૮૨૪૮ ૭૭૫૮૫*

ગઝલ / કાવ્ય સૃષ્ટિ

## ફળે છે મા (ગઝલ)

તું હજી પણ સ્વપ્નમાં આવી મળે છે મા
આયખાની હા, બધી પીડા ટળે છે મા.

તેજ આખા ઘરને આપે, જાત સળગાવી,
કોડિયાની શગ થઇ હરપળ બળે છે મા.

દૂર છે એ પણ કરે સંચાર મારામાં,
રોમરોમે તેજ થઇને ઝળહળે છે મા.

છે ઘણી અટકળ હજી પણ દીકરા વિશે,
પણ સદાયે દીકરાને તો ફળે છે મા.

રાખવાના દીકરા વારા કરે તેથી
ખૂબ સમૃદ્ધિ છતાં પણ ટળવળે છે મા.

*પીયૂષ ચાવડા - પાટણ • મો. ૯૮૨૪૯ ૧૬૦૦૬*

## મને તું યાદ આવે મા

જિંદગી જ્યારે હરાવે ને મને તું યાદ આવે મા,
ઘાવ ઊંડા જો સતાવે ને મને તું યાદ આવે મા.

આમ તો વેઠું બધાંયે દર્દ હું કાયમ હસીને પણ–
જો કદી કોઈ મનાવે ને મને તું યાદ આવે મા.

હું સદા મમતાથી ભીંજાતી રહું છું વ્હાલમાં તારાં,
લાડ કો' અમથા લડાવે ને મને તું યાદ આવે મા.

નાળથી ક્યાં હું કદી છૂટી શકી, તું શ્વાસ છે મારો,
આ તમસ કાળું ડરાવે ને મને તું યાદ આવે મા.

તારી છાયા છું, જરીયે ક્યાં અલગ છું હું, કહે લોકો,
કોઈ તુજ જેવી ઠરાવે ને મને તું યાદ આવે મા!

*કુસુમ કુંડારિયા - રાજકોટ • મો. ૯૪૦૯૧ ૫૧૨૧૨*

## જનેતાની હથેળી...

જનેતાની હથેળી પણ ગુલાબોની પથારી છે,
વિધાતાએ અલગ માટી બનાવીને મઠારી છે.
ચઢી જે લાગણીના ચાકડે, હરવા દરદ સૌનાં,
રચી રચના અનોખી, પ્રભુએ જગમાં ઉતારી છે.
નજર સામે બેસાડી શીખવ્યો પ્રેમનો કક્કો,
બની મારી ગુરુ પ્રથમ, ગરજ શિક્ષકની સારી છે.
સમજતી મૌન મારું, શબ્દ થઇને સૂર પુરાવે,
ઉતારું કેમ કરતા કર, ભવોભવની ઉધારી છે.
ઉંમર આખી મથીને, પામતી કાંઈ નહીં અંતે,
મરે ખુદ, ઘરના માટે, પણ પરિવારે બિચારી છે.

*શીતલ ગઢવી - અમદાવાદ*


# સંપુટ – ૨



યાદગીરી

# સુમિરે.... બલબીરા

## (સ્મૃતિપટ પર સંભારણાં)



સંપાદક :
બલવીરસિંહ જાડેજા

### મારી મમ્મી (સંભારણા)



સંધ્યા ભટ્ટ

મા એટલે મા. એના વિશે કહેવા જઈએ પણ પાછા જ પડીએ. એવી જ કોઈ પળે પેલી કહેવત સર્જાઇ હશે કે, 'મા એટલે મા, બીજા બધા વગડાના વા.'

મારી મા ગયાને સવા મહિનો થયો છે ત્યારે રોજેરોજ – મને અંદરથી તેની હાક સંભળાય છે. પહેલા મા બૂમ પાડી બોલાવતી ત્યારે સાંભળતા નહીં. ક્યારેક હસી કાઢતા કે બીજીવાર બોલાવશે જ અને ત્યારે જઈશું, અત્યારે આ કામ પતાવી દઉં. હવે માનો અવાજ ભીતરથી સંભળાય છે અને હૈયું હચમચી જાય છે.

મારી માનું જીવન સંઘર્ષથી ભરપૂર રહ્યું. કંઈ માનું નથી હોતું? મા બનવામાં નવ મહિના અને પ્રસૂતિ સમયે નવ કલાક જે સંઘર્ષ કરવો પડે છે તે તો જાણે તેના જીવનના સંઘર્ષોની લઘુકથા છે. માનું જીવન એક મહાનવલમાં પણ ન સમાય! 'હજાર ચુરાશિર મા' જેવી કોઈક નવલકથા માની વેદના કહી શકે!

મારી માએ તેની કિશોરાવસ્થામાં પોતાની માની સુવાવડ માટે પાણી ગરમ કરી આપ્યું. આઠ સંતાનોની માનું સૌથી મોટું સંતાન મારી મા. ભાંડરડા પ્રત્યે સહજ પ્રેમ વહેતો. ભાઈને હીંચોળતી મારી માનું સુભગ ચિત્ર મારી આંખ સામે અંકાય છે ત્યારે 'સ્નેહ' શબ્દ સજીવ થઈ ઊઠે છે. કાકા-કાકી, ફોઈ-ફુઆ, દાદા-દાદી – એમ સંયુક્ત કુટુંબની તેણે કરેલી વાતો સાથે અમારા બાળપણ - કિશોરાવસ્થા - તરુણાવસ્થાનાં મોસાળના સંસ્મરણોનો ગળચટ્ટો સ્વાદ આજે પણ હું મમળાવું છું.

નાસિકના મારા મોસાળના એ મસમોટા (ચાળીસ ઓરડાના) ઘરમાં અજબની સંસ્કારિતા હતી. મારી મા ભણવામાં હોંશિયાર પણ પૈસાનો વેંત નહીં. તેથી દસમા ધોરણ પછી જે સ્કૂલમાં ભણતી ત્યાં જ શિક્ષકની નોકરી લીધી. ૧૯૫૦નું એ વર્ષ. સવારની પાળીની કૉલેજ - એચ.પી.ટી. કૉલેજ. નાસિકમાં છ કિલોમીટર ચાલીને ભણવા જવાનું. બપોરની પાળીની સ્કૂલમાં ભણાવવાનું અને સાંજે સંગીતના વર્ગમાં સિતાર શીખવા જવાનું. સ્કૂલમાં નાની બહેન મનોરમા ભણે એટલે તે શાક-રોટલીનો ડબ્બો લઈ આવે તે ખાઈ લેવાનું. મોડી સાંજે ઘરે આવી રસોડે મદદ કરાવવાની અને રસોડું આટોપાઈ જાય ત્યારે વાંચવા - લખવા બેસવાનું. નાના ભાઈ-ભાંડુને સાચવવાનો કોઈ અલગ સમય ન હોય!

એ વખતે મારે મોસાળ માલિકીની જમીનો ખરી પણ તેની ખાસ કિંમત નહીં. ઘાસની ગંજી ખડકવા ભાડે આપેલી જમીનનું ભાડું લેવા ઘણીવાર મમ્મીને જવાનું આવતું. મમ્મી કહે કે, 'એ મુસલમાન ચાચા પાસે પૈસા લઈને બારોબાર હું બે કિલો ઘઉં લઈ આવું, ઘરે સાફ કરીને દળાવી લાવું અને તેની રોટલી બને, જે ખવાઈને સફાચટ.' નાના ભાઈને જમતી વખતે કેળુ બહુ ભાવે ત્યારે ત્રણ કેળામાંથી અડધું અડધું સૌને વહેંચી આપતી. દીકરીની મા બનવાની શરૂઆત નાનપણથી જ થઈ જાય છે. એ જમાનામાં સંયુક્ત કુટુંબમાં ભાંડરડાને ભાગે મા બહુ ન આવતી તેથી તે ભૂમિકા મોટી બહેનને ભાગે આવતી.

૧૯૫૫માં મારી મા બી.એ. (મુખ્ય વિષય અંગ્રેજી સાથે) થઈ. તેના લગ્ન સુરત થયા. નાસિકમાં તો અમારી જ્ઞાતિનાં ચાર કુટુંબ. મૂળે ગુજરાતી. અને હા, ગુજરાતીઓને જ એચ.પી.ટી. કૉલેજમાં શિષ્યવૃત્તિ મળતી અને તેના આધારે જ મમ્મી ભણી શકેલી. તે ગૌરવથી કહેતી કે અમે કવિ કુસુમાગ્રજ પાસે જ્ઞાનેશ્વરીની ગીતા ભણ્યા. આચાર્ય સાહેબ અને પાટણકર સાહેબ પાસે અંગ્રેજી સાહિત્ય ભણ્યા. ભણતરનાં એ મૂળિયાં એવા ઊંડા નખાયાં કે જેની મજબૂતાઈની જરૂર તેને પાછળથી પડવાની હતી. પિયરમાં મારી માના મોટા કાકા વકીલ હતા. તેઓ મારી માની પાત્રતા પારખી ગયેલા. કાકાના દીકરાઓ પણ વયમાં મમ્મીથી મોટા, જેમનો સહયોગ પણ ખરો. તે જમાનામાં નજીકના સંબંધના દીકરાઓને પણ ઘરે રાખીને ભણાવાતા. સાથે

રહીને ઊછેરવાને કારણે કેળવાતી એ નિકટતા અમે પણ થોડા દૂરનાં માસી-મામાઓ સાથે અનુભવી છે. **કુટુંબને વડ અને સંબંધની વડવાઈઓ એમ કંઈ અમસ્તું નથી કહેવાયું. આજે તો આમેય વડ અને વડવાઈઓ દુર્લભ થઇ ગયા છે,** પછી તેની શીળી-મીઠી છાયાની તો વાત જ શી કરવી?

આર્થિક રીતે નબળો અને સંઘર્ષમય છતાં સંસ્કારની રીતે સમૃદ્ધ ત્રેવીસ વર્ષનો વયતબક્કો પસાર કર્યા પછી ૧૯૫૫માં લગ્ન કરીને મા સુરત આવી ત્યારે અહીંનું કુટુંબ પ્રખર કર્મકાંડી હતું. મારા દાદા પાર્વતીશંકર ભટ્ટ પ્રકાંડ જ્યોતિષી અને વ્યવસાય કર્મકાંડનો. વિડંબના તો એવી કે તેમનો પુત્ર એટલે કે મારા પિતા નારાયણપ્રસાદ ભટ્ટ યુવાનીથી જ સામ્યવાદના વિચારે રંગાયેલા. તેઓ બી.એ., એલ.એલ.બી. થયેલા. ભણતરની ઉપાધિની રીતે મમ્મીનું પપ્પા સાથેનું લગ્ન બરાબર જ હતું. પણ આ વાતનું વિશ્લેષણ કરતા જણાય છે કે બે કુટુંબ વચ્ચે મોટી સાંસ્કૃતિક ખાઈ હતી, જે પૂરવા માટે મમ્મીને જબર પુરુષાર્થ કરવો પડ્યો. પરણીને આવ્યાના બે-ત્રણ દિવસમાં જ મમ્મીએ આ વાતનો આંચકો અનુભવ્યો. પણ હવે શું? અહીંના બાર-તેર જણના કુટુંબમાં મમ્મી તો એકલા જ હતા. દાદા પાર્વતીશંકર ક્રોધમાં દુર્વાસાના અવતાર સમા હતા. કદાચ તેથી જ ઋજુ સ્વભાવનાં રૂપાળાં દાદીએ બે નાનાં છોકરાં મૂકી કૂવામાં પડીને આપઘાત કરેલો. મારા પિતા ચાર વર્ષના અને કાકા બે વર્ષના હતા ત્યારે જ મા ગુમાવેલી અને કાકીના હાથે ઊછરીને મોટા થયેલા. તેથી મારી માએ આ કાકીસાસુ હેઠળ પણ રહેવાનું હતું. **પરણીને આવતી સ્ત્રીએ પોતાના ભૂતકાળનું સમર્પણ કરવાનું હોય છે અને પતિના ભૂતકાળને અપનાવવાનો હોય છે. તેણે પિયરઘરને વિસારે પાડવાનું હોય છે અને શ્વસુરગૃહને હરપળે ગળે લગાડવાનું હોય છે.**

મારી માને દરેક મોરચે ઝઝૂમવાનું હતું. પતિની વકીલાતની આકાશી રોજી હતી. ઘરના બીજા પુરુષો દ્વારા થતી કર્મકાંડની કમાણી પર નભવાનું હતું, પોતાને ભણાવવાનું કામકાજ મળે પણ તે ઉપર બંધી હતી. ઘરમાં સગવડની કમી નહીં અને પતિ પોતાની વિચારધારા મુજબ જીવી શકે પણ પત્નીના ભણતર માટે ગૌરવ અનુભવવાની છૂટ નહોતી. આ પરિસ્થિતિ સાથે મારી મા કામ પાડતી ગઈ. વચ્ચે તેના પિતા (મારા નાના)ને કેન્સર થયું, તેમની સેવા પણ નાસિક જઈને કરી. પણ એમને પોતાની પરિસ્થિતિ અંગે કશું જણાવા પણ ન દીધું. એ જમાનામાં સ્ત્રીઓ બધું એકલપંડે જ વેઠતી.

૧૯૫૯માં મારી મોટી બહેન મીરાનો જન્મ નાસિકમાં થયો. હાડે અત્યંત નબળી અને 'હમણાં મરું, હમણાં મરું' એવી. પણ ટકી ગઈ, આજે પણ ટકેલી છે. ૧૯૬૧માં મારી બીજી બહેન હેમાનો જન્મ. પહેલી સુવાવડ પિયરમાં હોય પણ બીજી તો સાસરે હોય. તેથી હેમા સુરતમાં જનમવાની હતી. પણ એ સુવાવડમાં મારી માને જે વીતી છે!!! હોસ્પિટલમાં એકલી એકલી ચાલતી ગઈ જે ટાણે વેણ ચાલુ હતી; પાછળ કાકીસાસુ આવે. હજી તો ટેબલ પર સૂતી ને હેમાનો જન્મ. સુવાવડીને ભૂખ લાગે તો કોઈ ખાવાનું આપવા ન આવે. માની બહેનપણી લીલાવતી શણમારે પાંઉ ને ચા લાવી આપે તે ખાઇને મા રહે અને હોસ્પિટલના રૂા. ૧૮ના બીલની પણ જાતે જ જોગવાઈ કરી ડિસ્ચાર્જ લીધો. આ અનુભવે મારા જન્મ વખતે સુવાવડ કરવા નાસિક ગઈ.

હું ચાર વર્ષની થઇ ત્યારે મારા પાર્વતીશંકર દાદા અવસાન પામ્યા. હવે મમ્મી તેમના સરમુખત્યારપણાથી મુક્ત થઇ. હું પહેલા ધોરણમાં આવી ત્યારે મને મોસાળ ભણવા મૂકી તેણે સુરતમાં વી.ટી. ચોક્સી કૉલેજ ઓફ એજ્યુકેશનમાં બી.એડ. માટે પ્રવેશ લીધો. અહીં માધ્યમ શું રાખવું તે પ્રશ્ન આવ્યો કારણકે ગુજરાતી લખવાનો મહાવરો નહોતો. અંગ્રેજી માધ્યમમાં ઉત્તરવહી લખવા માટે અધ્યાપક ડૉ. કુલીન પંડ્યાએ ઈન્ટરવ્યૂ લીધો. વચ્ચેના પંદર વર્ષના સૂક્કાભઠ્ઠ અવકાશ પછી મમ્મીએ અંગ્રેજી સાહિત્ય વિશેના જવાબો અંગ્રેજીમાં આપ્યા, જે સાંભળીને પંડ્યા સાહેબને મમ્મીના ભાષાકૌશલ્ય વિશે કોઈ અંદેશો ન રહ્યો. એકવાર તેઓ ઘેર આવેલા અને કુટુંબની પરિસ્થિતિ જોઈ પૂછેલું, 'પુષ્પાબહેન, તમારામાં આ તાકાત ક્યાંથી આવે છે?' સ્ત્રીની તાકાતનો સ્રોત સમજવાનું આમેય મુશ્કેલ જ છે.

બી.એડ.નું ભણતી વખતે ઘરના બીજા મોરચે ઝૂઝવાનું તો હતું જ. ઘરમાં છેલ્લી ઘડી સુધી કામ કરી બી.એડ.માં પાઠ આપવા જતી. **એ જમાનામાં સ્ત્રીઓને ભાગે જમવામાં શાક ન આવતું. અથાણા સાથે જ ભાખરી-રોટલી ખાવાની. વિટામિન, મિનરલ્સ – આ બધા શબ્દો તો સ્ત્રીઓ (ભણેલી સ્ત્રીઓ પણ) જાણતી જ નહીં.** પણ તે છતાં તેમનું ગાડું આજની ગાડી કરતાં પૂરપાટ દોડતું. અનુકૂલન, સમાયોજન, વ્યક્તિત્વ વિકાસ વગેરે માટે તે વખતે સ્ત્રીઓને ક્લાસમાં જવું ન પડતું. સંયુક્ત કુટુંબમાં જુદા જુદા સ્વભાવની અને જુદા જુદા બુદ્ધિ આંક તથા ભાવનાત્મક આંક ધરાવતી સ્ત્રીઓ એકબીજા સાથે મેળ પાડતી. હા, જેની સંવેદનશીલતા વધારે હોય તેને ભાગે વધુ પીડા વેઠવાની આવતી. અને જેની સમજદારી વધારે હોય તેને ભાગે ગુમાવવાનું વધારે આવતું. મારી મા સાથે આમ જ બનેલું. જેની જાણ સભાનપણે તો તેને ક્યારેય ન થઇ. બાથોડિયાં ભરતા ભરતા આ પ્રમાણે બી.એડ.નું વર્ષ પૂરું થયું એ દરમિયાન કેટલાક મિત્રો પણ થયા જેમને પણ પોતપોતાના સંઘર્ષો હતા જ. હોમાયબેન સતાઇ, સુધાબહેન યાર્દી, પરસીસ પટેલ વગેરે આ ગાળાનાં મિત્રો જેમની સાથે સુખદુઃખના સંબંધ આજીવન રહ્યા. બી.એડ.માં મારી મમ્મી પ્રથમ વર્ગ સાથે ત્રીજા ક્રમાંકે રહી.

સુરતની ધમણવાલા ગર્લ્સ હાઈસ્કૂલમાં માધ્યમિક

વિભાગમાં તે ૧૯૬૯માં શિક્ષક તરીકે જોડાઈ ગઈ ત્યારે તેની ઉંમર આડત્રીસ વર્ષની હતી. આચાર્ય સુમંતભાઈ ત્રિવેદી આ શાળાના સ્થાપક - આચાર્ય હતા. તેમની રાહબરી હેઠળ નોકરીનાં વર્ષો સરળતાથી જવા લાગ્યા. અમારી ત્રણ બહેનોનું ભણતર ચાલતું હતું. મમ્મીનો પગાર ઘર ચલાવવા પર્યાપ્ત હતો અને હવે સંયુક્ત કુટુંબ. પણ રસોડાં જુદા થયા હતા. પપ્પાની વકીલાત કામદારોના કેસ માટે ચાલતી, જેમાંથી આવક ન થતી પણ સદ્ભાવનું ભાથું આજીવન સિલકમાં રહ્યું. પૈસાની ખેંચ રહેતી એ જુદી વાત છે. મારી મોટીબહેન મીરાં અત્યંત તેજસ્વી કારકિર્દી ધરાવતી હોવા છતાં તબીબી લાઈનમાં ન જઈ શકી. મા-દીકરીને નૈતિક ટેકો આપવા માટે પણ કોઈ નહોતું. મારી બહેન ડિપ્લોમા ઈન કોમર્શિયલ પ્રેક્ટિસની બોર્ડની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે આવી, જે સ્થાન સામાન્ય રીતે અમદાવાદની છોકરીઓ જ મેળવતી. ટ્યુશન કરીને પોતાની ફી કાઢી તેણે છેલ્લું ડિગ્રીનું, બી.કોમ.નું વર્ષ પૂરું કર્યું જેમાં પણ અવ્વલ નંબરે રહી. BSRB ની પરીક્ષામાં તરત પાસ થઇ ને બેંકમાં નોકરી લીધી. બીજી બહેન હેમાને પ્રથમથી જ નર્સિંગની ધૂન હતી. તેને માટે મમ્મી બધી તપાસ કરી લાવી અને મુંબઈની હરકિસનદાસ હોસ્પિટલમાં તેને BPNA નું ભણવા મૂકી. નસીબદાર તો હું જ નીવડી કે એમ.એ. પ્રથમ વર્ગ સાથે અંગ્રેજીની અધ્યાપક બની.

અમારા માટે વર શોધવાનું કામ તેણે એકલે હાથે જ કર્યું. સુરતના નિમ્ન વિસ્તારની કાતરિયા જેવી જગ્યામાં મારી માના લગ્ન જીવનના પિસ્તાલીસ વર્ષો ગયા. છેવટે અમને પોષાય, અમારાં લગ્ન થઇ જાય ત્યાં સુધી હપ્તા પૂરા થઈ જાય તેવો એક નાનો ફ્લેટ અમે સામાન્ય વિસ્તારમાં લીધો. એ ઘરમાંથી લગ્ન કરીને હું વિદાય થઇ ત્યારે મારા મા-બાપ એકલા હતા. માનું પેન્શન આવતું હતું. નિવૃત્તિ પછી બાર વર્ષ તેણે ટ્યુશન કર્યા. પણ હવે તબિયત સાથ આપતી ન હતી. પથારીનો વ્યાધિ શરૂ થયો.

મને પહેલેથી માનો દીકરો બનવાની ભારે હોંશ હતી. મારી એ મહેચ્છા પાર પડી શકી મારા પતિ જયકર અને મારા સાસુ સુધાબાના સહયોગથી. ૨૦૦૩માં મમ્મી-પપ્પા સુરત છોડી બારડોલી અમારા ઘરે આવ્યા. મારા બે દીકરા રોહન-સૌરભ ત્યારે પાંચમા-બીજામાં ભણતા હતા. મમ્મી તેમને બધા જ વિષયો ભણાવતી. આ તેના છેલ્લા વિદ્યાર્થીઓ બની રહ્યા. ૧૯૫૦થી ભણાવવાની યાત્રા શરૂ થઇ તે ૨૦૦૯માં પૂરી થઈ. તે સાચા શિક્ષકનો જીવ હતી.

ત્રણેય જમાઇ અને ત્રણેય વેવાણો સાથે તેનો તાર સધાયેલો હતો. બારડોલીના અમારા ઘરમાં મમ્મી-પપ્પાને સહજ રીતે ગોઠી ગયું હતું. ૨૦૧૪માં પપ્પા મૃત્યુ પામ્યા, કોઈપણ નાની-મોટી માંદગી વગર. તેઓ આજીવન અકિંચન જ રહ્યા. પોતાની કોઈપણ કમાણી વગર તેમનું જીવન નભી ગયું. બારડોલીનાં તેર વર્ષો દરમિયાન મમ્મી બીજી તકલીફોથી મુક્ત હતી પણ પુષ્કળ શારીરિક તકલીફો આવી. આ બધા સામે પણ તેણે ઝઝુમવું પડ્યું. કેટલીયેવાર તેની હાલત ગંભીર થઈ જતી. મામા-માસી-દીકરીઓ-જમાઈઓ બધા દોડી આવતા. કુટુંબમેળાનું વાતાવરણ જામતું અને મમ્મી તેનો સ્વાદ લેતી, જેના માટે તે પૂરેપૂરી હક્કદાર હતી.

અંતે, તેના પગે ચાલવાની ના પાડી દીધી અને તે પથારીમાં પડી. આમ છતાં થોડીક શુશ્રુષાથી વ્હીલચેરમાં તો બેસતી જ. મીરાં અને હેમા એક ફોનથી બારડોલી દોડી આવતા, રજાઓ લઇ સાથે રહેતા અને સેવા કરતા. સાંવેદનિક રીતે મીરાં મમ્મીની સૌથી વધારે નજીક. મીરાંના મનની ઊંડી ઈચ્છા એવી ખરી કે મમ્મીની આખરી ક્ષણે તે તેની પાસે હોય. મમ્મીની માંદગી વખતે કેટલીયે વાર મેં તેને ઊંચે જીવે નોકરીને કારણે વડોદરા જતી જોઈ છે. **પણ ઇશ્વરના ધ્યાનમાં બધું જ હોય છે એવી પ્રતીતિ તો મને મમ્મીના મૃત્યુએ કરાવી.** મમ્મીની કથળેલી હાલતમાં પણ તે કોણ જાણે કેમ મીરાંના એક પ્રસ્તાવથી વડોદરા જવા તૈયાર થઇ. મીરાં અને મુકેશકુમાર સાથે ૧૨ ઓક્ટોબર, ૨૦૧૬ની સાંજે પાંચ વાગે તે વડોદરા ગઈ. રાત્રે નવ વાગે પહોંચ્યા અને ૪૮ કલાક પછી, ત્રીજા દિવસે રાત્રે નવ વાગે તેણે આંખો મીંચી ત્યારે મીરાં સામે જ હતી. 'દર્દ' શબ્દના અરથની અનુભૂતિ મને માની ગેરહાજરી કરાવે છે. માના ચાલી ગયા પછી મા વધારે સમજાતી હોય છે.

*'સ્નેહલ', પ્રજાપતિ વાડી સામે, ગાંધીરોડ,*
*બારડોલી, જિ. સુરત. ● મો. ૯૮૨૫૩ ૩૭૭૧૪*

## આનું નામ માતૃત્વ (સત્ય ઘટના)


ચંદ્રકાંત પટેલ 'સરલ'

મનુષ્યનું મનુષ્યત્વ સ્ત્રીને જ આભારી છે. સ્ત્રી આદર્શની પ્રતિમા અને ભારતીય સંસ્કૃતિની આધારશીલા રહી છે. ભારતીય આર્યનારીએ જો પોતાનો ધર્મ અને આદર્શ છોડ્યા હોત તો ભારતવર્ષની સંસ્કૃતિના પાયા ડગમગી ગયા હોત.

દીકરી, બહેન, માતા, પત્ની વગેરે જેવાં સ્ત્રીનાં અનેક નાનરૂપોમાં સ્ત્રીનું — માતાનું રૂપ અતિ ઉચ્ચ કોટિનું અને અમૂલ્ય છે. પ્રસુતિની પીડા, વેદના અને અસહ્ય દર્દ વેઠીને સ્ત્રી જ્યારે બાળકને જન્મ આપે છે, એ સમગ્ર પ્રક્રિયામાં ફક્ત બાળકનો જ જન્મ નથી થતો, પણ બાળકની સાથે જ એક જનેતાનો, એક માતાનો પણ જન્મ થાય છે.

જ્યારે સૃષ્ટિ - જગત - સૃષ્ટિના જીવોની દેખભાળ અને સંભાળ કરવામાં પોતે એકલા હાથે નહીં પહોંચી શકે એવું જ્યારે

ઈશ્વરને લાગ્યું ત્યારે તેણે જીવના જન્મની સાથે જ એક માતાને પણ જન્મ આપ્યો.

નારીનું સર્વોત્તમ સ્વરૂપ હોય તો તે તેની નખશિખ સુંદરતાનું જ નહીં, પરંતુ માતાનું જ હોય છે. માતૃત્વ અનન્ય છે, માનો પ્રેમ એથીયે અનન્ય છે. વિશ્વમાં માતાના પ્રેમનો વ્યવહારિક જોટો જડે તેમ નથી. મા એ કોરોકટ શબ્દ નથી.

દેવી ભાગવત લખે છે : 'માતામાં સાગર જેવું ગાંભીર્ય છે, વાયુ જેવી સુગંધવાહિતા છે, પૃથ્વી જેવી સહિષ્ણુતા છે, ચંદ્રમા જેવી શીતળતા છે અને આકાશ જેવી ઉદારતા છે...'

કવિ સુરેન ઠાકર 'મેહુલ' માતાની મીઠી અને મમતાભરી ગોદની વાત પોતાની ગઝલમાં આ રીતે વ્યક્ત કરે છે :

*જે મસ્તી હોય આંખોમાં તે સુરાલયમાં નથી હોતી,*
*અમીરી કોઈ અંતરની મહાલયમાં નથી હોતી.*
*શીતળતા પામવાને માનવી તું કાં દોટ મૂકે?*
*જે માની ગોદમાં છે – તે હિમાલયમાં નથી હોતી.*

પોતાના સંતાનો માટે થઇને મા પોતાની કાયાને નિચોવી નાખે છે. સંતાનોની દરેક ઇચ્છાઓ પૂર્ણ કરવા મા ખડેપગે ઊભી રહે છે. ઘરની આર્થિક સ્થિતિ નબળી હોય તો તે પોતાની વહાલી વસ્તુઓ વેચી-સાટીનેય સંતાનોની માંગણી- ઈચ્છા પૂરી કરે છે અને તેના બદલામાં તે કોઈ જાતની અપેક્ષા રાખતી નથી.

સ્ત્રીને દયાની દેવીની ઉપમા અપાઈ છે કારણકે સ્ત્રીના જેટલી દયા – કરુણા પુરુષોમાં નથી હોતા. પુરુષોમાં વીરતા છે, પ્રેમ નથી. આ વીરતા તેને તેના પિતાથી વારસામાં મળે છે. પરંતુ દૂરદર્શિતા તો મતાથી વારસામાં મળે છે. એટલે કહેવાયું છે કે મનુષ્યનું મનુષ્યત્વ માત્ર સ્ત્રીને જ આભારી છે.

**માતૃત્વ - માતૃભાવનો ન ભૂલી શકાય એવો એક સત્ય કિસ્સો**, જેને આપણે આદિવાસી-જંગલી પ્રજા કહીએ છીએ તે આદિવાસી સમાજની અભણ અજ્ઞાન એવી સ્ત્રીઓમાં બન્યો છે. આજથી ત્રીસ-પાંત્રીસ વર્ષ પૂર્વે મહારાષ્ટ્રના ધુલિયા તાબાના 'સોનગીર' ગામના આદિવાસી મજૂરોની પાંચ સ્ત્રીઓએ જંગલી શિયાળના પાંચ પાંચ ગલુડિયા જેવા બે-પાંચ દિવસના માસુમ નવજાત બચ્ચાંને સ્તનપાન કરાવી મોતનાં મુખમાં જતાં બચાવ્યા છે.

ખેડા જિલ્લાના નડિયાદ શહેરથી ૩૦ કિ.મી. અંતરે 'સારસા' નામે એક ગામ છે. આ ગામમાં મોટાભાગની વસતિ ખેડૂતોની. ગામના યુવાન છોકરાઓ ધંધા - બિઝનેસ માટે અન્ય મોટા શહેરોમાં સ્થાયી થયા હોવાથી પોતાના ખેતીધંધા ગામડાંમાં વસતા જૈફ વયના પુરુષો ન કરી શકે તે માટે યુવાનોએ ખેતીકામ માટે બહારથી મજૂરો તેડાવી પોતપોતાના ખેતરમાં વસાવ્યા હતા.

સારસા ગામમાં પાણીની સગવડતા હોવાથી મોટા ભાગના ખેડુ ખેતરમાં શેરડીનું વાવેતર વધારે કરે. ગામના એક પાટીદાર ખેડૂત મગનભાઈ ચતુરભાઈ પટેલ મોટા ખેડુ ગણાતા હતા. તેમણે પોતાના આખા ખેતરમાં શેરડીનું મોટા પાયે વાવેતર કર્યું હતું. શિયાળને શેરડી બહુ વહાલી! જો ખોરાકમાં તેને શેરડી મળે તો શિયાળ શિકાર પણ ન કરે.

મગનભાઈના શેરડીના વાઢમાં જંગલી શિયાળ માદાએ બખોલ કરી અને છ બચ્ચાંને જન્મ આપ્યો. બચ્ચાંના જન્મ પછી એ શિયાળ માદા કોઈ કારણ સબબ મૃત્યુ પામી. નાના નાના નવજાત બચ્ચાં નોંધારા થઇ ગયા. માતાનું દૂધ ન મળવાને કારણે બચ્ચાં ભૂખથી તરફડવા લાગ્યા. તેમાંનું એક બચ્ચું ભૂખથી મરણ પામ્યું. પાછળ રહેલા પાંચ બચ્ચાં પણ ભૂખના દુઃખથી તરફડતા વાઢમાં મરણ જેવી હાલતમાં પડ્યા હતા.

**જેમનું કોઈ ન હોય, તેના રખવાળાં કરવાનું ભગવાને પોતાના માથે લીધું છે.** ભગવાન કોઇને કોઈ વ્યવસ્થા અવશ્ય કરતો જ હોય છે. શેરડી પાકે ત્યારે તેને કાપવા માટે મગનભાઈએ મહારાષ્ટ્રના ધુલિયા તાબાના સોનગીર નામના ગામમાંથી મરાઠીભાષી આદિવાસી મજૂરોને તેડાવી પોતાના ખેતરમાં ઝુંપડાં બાંધી તેમાં રાખ્યા હતા. તેમના નાના નાના અને નાગાપૂગા છોકરાંઓ રમતાં રમતાં વાઢમાં જઇ ચડ્યા ને વાઢમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા એ પાંચેય બચ્ચાંઓને કેડમાં ઊંચકી પોતાના ઝુંપડા પાસે લઇ આવ્યા.

ઝુંપડા બહાર બેસી ડાંગર સાફ કરી રહેલી ધૂપાબહેન નામની મહિલા પાસે શિયાળવીના એ પાંચેય પહુડાઓને મૂક્યા. ધૂપાબહેનની અનુભવી નજરથી અછતું ન રહ્યું કે આ બચલા ભૂખના કારણે બેભાન જેવા થઈ ગયા છે. જો તેને તરત જ દૂધ નહીં મળે તો તે મરણ પામશે. તેણે પોતાના ઘરમાં જઇને જોયું તો ઘરમાં દૂધ ખલાસ થઇ ગયું હતું. બપોરવેળા કોઇ ખેડુના ઘરમાં પણ દૂધ રહ્યું ન હોય. ધૂપાબહેન મનોમન બબડ્યા 'કાય કરું વિચાર દેવા.' (હે દેવ! તું મને રસ્તો બતાવ. આ ભૂખ્યા બચ્ચાને હું કેમ ઉગારું?)

*માઝી નાહીં પશુચી યાતિ દેવા ।*
*કૈસી ઘડેલ પશુચી સેવા ॥*

હે મારા દેવા! મારી પશુની જાતિ નથી. તો હું આ બચ્ચાંની સેવા કેવી રીતે કરી શકીશ? તું હવે રસ્તો દેખાડ પ્રભુ!

આટલો વિચાર જ્યાં કર્યો ત્યાં જ તેના મગજમાં અજવાળું થયું. ને તેણે સાદ પાડી. આસપાસના ઝુંપડામાં રહેતા કલીબહેન, સુંદરબહેન, કમલબહેન અને લીલાબહેનને બોલાવી કહ્યું : "આ બચ્ચાં શિયાળના છે, ને તે દૂધ પીધા વગર બેભાન જેવા થઈ ગયા છે. જો તેને તરત જ દૂધ નહીં મળે તો આપણા આંગણામાં જ તે મરી જશે. બપોરના સમયે મારા કે તમારા ઘરમાં દૂધ ન હોય. માટે પળનોય વિલંબ કર્યા વિના તમે ચારેય બહેનો એક એક બચ્ચાંને અને એક બચ્ચાંને હું ધવરાવું. આ પહુડાઓને પંઢરીનાથે જ આપણા શરણે મોકલ્યા છે. તેને જીવતદાન આપવું એ આપણો વારકરી ધર્મ છે..."

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૯ ઉપર)**

ગુલશન

# "દિલની જબાન"

## વિદ્વાન સાક્ષર કવયિત્રી : ડૉ. કાલિન્દી પરીખ

મણકો-૧૬



ચંદ્રકાંત પટેલ 'સરલ'



**કવયિત્રી : ડૉ. કાલિન્દી પરીખ**
૦૩, દેના બેંક સોસાયટી,
અમરેલી - ૩૬૫ ૬૦૧.
મો. ૯૪૨૯૧ ૩૯૧૪૫

*અમરેલીનું અજવાળુ એટલે રમેશ પારેખ, ડૉ. વસંતભાઈ પરીખ અને મહાન વિદ્વાન સાક્ષર ડૉ. કાલિન્દી પરીખ. આ ત્રણે સર્જકોએ ઉત્કૃષ્ટ સાહિત્ય સર્જન દ્વારા અમરેલીને ઝગમગાવી, રળિયામણું બનાવ્યું છે.*

*સાહિત્ય જગતમાં જેમનું નામ ઘણા આદર સન્માન સાથે લેવાય છે એવા સાક્ષર વિદ્વાન ડૉ. કાલિન્દી પરીખે અમરેલીને ખરા અર્થમાં સાહિત્ય ક્ષેત્રે રોશન કર્યું છે. ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૬૦ના રોજ જન્મેલા કાલિન્દીબહેન વિદ્વાન સાક્ષર ડૉ. વસંતભાઈ પરીખનાં પુત્રી છે. તેઓએ **B.Sc., M.A., Ph.d.** સુધીનો અભ્યાસ કર્યો છે. આકાશવાણી, દૂરદર્શનના માન્ય સર્જક એવા કાલિન્દીબહેનના અનેક પુસ્તકો પ્રગટ થયા છે. જેમાં 'યજ્ઞશેષ', 'અંતર્દાહ', 'ગીરમંગલ' અને 'અપરીચિતા' એમ ચાર નવલકથા. તથા 'ઘર' નામે ટૂંકી વાર્તાસંગ્રહ તેમજ 'ઈસપની કથાઓ', 'વકીલ સાહેબ', 'દયાળુ રાજકુમાર' (બાળ સાહિત્ય), બાળસુલભ વાર્તાઓમાં 'કિશોર કથા' અને 'ભાગ્ય વિધાતા'નો સમાવેશ થાય છે.*

*તેમણે 'વિષ્ણુ સહસ્રનામ', 'શાંકરભાષ્ય', 'સૌહુરનંદ' (મહાકાવ્ય) વગેરેના અનુવાદો કર્યા છે. 'દલાઈલામા'ની પ્રસ્તાવના લખી છે તેમજ 'વેદોમાં પર્યાવરણ', 'સંસ્કૃત રૂપકો' તથા ગ્રીક ટ્રેજેડીનું નાટ્યશિલ્પ પુસ્તક રૂપે પ્રગટ કર્યા છે તથા 'મારો ભાઈ મારી બહેન', 'સમતાનો મેરુ – ડૉ. જીવરાજ મહેતા' તથા કવિ હંસનું હંસમાનસનું સંપાદન કરેલ છે.*

*'કબીરની વસંત' તથા 'મારો ઓસ્ટ્રેલિયા પ્રવાસ' એમ બે નિબંધ સંગ્રહ આપ્યા છે. 'યોગશિખાઓ' અને 'ભોજ પ્રબંધની કથાઓ' સંસ્કૃત ભાષામાં પુસ્તક રૂપે પ્રગટ કરી છે. 'વૈશ્વિક નારીસંતો' તથા મરાઠી નાટક 'ચોર રસ્તાઓ'નો અનુવાદ કર્યો છે તેમજ કવિ કલાપીના કાવ્યોનો રસાસ્વાદ કરાવતું પુસ્તક પણ પ્રકાશિત કર્યું છે. તેમનું છેલ્લું પુસ્તક 'ક્યાંક વચ્ચે દીવાલ' (ગઝલ સંગ્રહ) પ્રગટ થયું છે.*

*તેમનાં પુસ્તકો 'અંતર્દાહ' (નવલકથા), 'અપરીચિતા' (નવલકથા)ને ઈશ્વર પેટલીકર પ્રથમ પારિતોષિક એનાયત થયું છે તેમજ એની સરૈયા પારિતોષિક 'અપરીચિતા' નવલકથાને પ્રાપ્ત થયું છે. 'વેદોમાં પર્યાવરણ' પુસ્તકને સંસ્કૃત સાહિત્ય અકાદમી તરફથી પ્રથમ પારિતોષિક મળ્યું છે. બાલ સાહિત્ય અકાદમી તરફથી તેમનાં પુસ્તક 'ભાગ્ય વિધાતા'ને પણ પ્રથમ પારિતોષિક મળ્યું છે. આ સિવાય સાહિત્ય પરિષદ તથા નાનાલાલ હ. જેબલીયા પારિતોષિક - વિદ્યાગુરુ ફાઉન્ડેશન તરફથી આપવામાં આવ્યું છે.*

*આ સિવાય તેમનાં પુસ્તકો 'બાળસુલભ વાર્તાઓ', 'ચોર રસ્તાઓ', 'બુરાલોક', 'જીવનરસ' ના સર્જન બદલ તેમને ગુ.સા. એકેડેમિ તથા અંજુ નરસી વિશિષ્ટ સન્માન આપવામાં આવ્યું છે. આ સિવાય તેમને ઘણા એવોર્ડસ - સન્માનો મળ્યા છે.*

*આકાશવાણી તથા દૂરદર્શન પર તેમની મુલાકાતો, વાર્તાલાપો અને કવિ સંમેલનો થતા રહે છે. અનેક સંસ્થાઓ આ કવયિત્રીને પોતાના કાર્યક્રમોમાં પ્રવચન માટે બોલાવી રહ્યા છે. આ જ તેમની મોટી સિધ્ધિ છે.*

***– તંત્રી મંડળ***

પ્રથમ નજરે કવિતા ભલે સાવ જ સામાન્ય સ્વાંગમાં દેખાતી હોય છે, પરંતુ તે પરોક્ષ રીતે મહા-ઉપદેશ-જ્ઞાનમાં આવંટિત થઇ હોય છે. ગઝલ અને કવિતા. જેમાં ગઝલ સીધો ઉપદેશ કે બોધ નથી આપતી. તેમાં જે કાંઈ કહેવાયું હોય છે તે સાંકેતિક ભાષામાં અભિવ્યક્ત પામ્યું હોય છે. બોધ કવિતામાં અંતર્ભુત હોય છે.

મૂળ ભાવમાં કવિત્વ હોય ત્યારે જ તેને અભિવ્યક્ત કરનાર છંદ કે લયમાં એક પ્રકારની મનાર્ષક વિશેષતા નિર્માણ પામતી હોય છે. કવિમાં ભાવ અભિવ્યક્ત કરવાની સુઝ - શક્તિ પર કવિતાની સફળતા અવલંબિત રહેલી હોય છે.

કેટલાક કવિઓમાં તેમના સ્વભાવની છાંટ કે છાપ સ્વાનુભવ રસિક કવિતામાં વધારે ગહન અને વધારે સ્પષ્ટ હોય છે. પરિણામે તેમની કવિતા કે ગઝલો ભાવકોના મનનું ખેંચાણકેન્દ્ર બનતી હોય છે. જેને આપણે દેદીપ્યમાન એવું નામ આપીએ તો કંઈ ખોટું નથી.

કવિત્વ શક્તિ ઈશ્વરદત્ત છે અને તે મનુષ્ય પ્રયત્નથી સંપાદન કરાતી નથી. રાજેશ વ્યાસ 'મિસ્કીન' કહે છે તેમ કવિતા અંદરથી આવતી હોય છે ને તે જ્યારે આવે છે ત્યારે પોતાની સાથે છંદને પણ લઈ આવે છે. અર્થાત્ જે સ્ફુરે છે તે જ કવિતા અને તે પોતાની સાથે છંદ અને લય બંને સાથે લઈને પ્રગટતી હોય છે.

***હમ તો દરિયા હૈ, હમે અપના હુન્નર માલુમ હૈ,***
***હમ જહાં સે ગુજરેંગે વહી રાસ્તા ખુદ બના લેંગે.***

***– બશીર બદ્ર***

ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં જે રસ્તો કરી લે છે તે જ જીવનમાં આગળ વધી જગતમાં નામ કાઢે છે. શાયર બશીર બદ્ર કહે છે કે હું તો એક એવી નદી છું જેને પોતાનો કસબ બરાબર ખબર છે. હું જ્યાંથી નીકળીશ ત્યાં મારો માર્ગ બનાવી લઈશ.

આપણા વિદ્વાન કવયિત્રી કાલિન્દીબહેને પણ અનેક વિકટભર્યા પગથિયાં ચડી સાહિત્ય ક્ષેત્રે પોતાનો કસબ દેખાડી નામ રોશન કર્યું છે. તેમણે સાહિત્યની ચાદર ઓઢી છે. શબ્દોની શ્વેત કામળી પહેરી છે.

*કવયિત્રી કહે છે :*

***એક ચાદર એવી ઓઢી છે અમે;***
***કે બીજું પહેરણ હવે પહેરાય નહીં.***

કવયિત્રીએ કેવી ચાદર ઓઢી છે, તેની સ્પષ્ટતા નથી કરી. એ ચાદર કદાચ શ્વેત કામળી હોય. મીરાંબાઈએ પણ એવી જ ચાદર ઓઢી હતી. કાળી કામળી પહેરી હતી. કાળા રંગ ઉપર અન્ય રંગ ચઢતો નથી. મીરાંએ શ્રીકૃષ્ણના નામની કાળી કામળી ઓઢી હતી, તો આ કવયિત્રીએ સાહિત્યની શ્વેત ચાદર ઓઢી છે, શબ્દની કામળી પહેરી છે.

ચાદર ઓઢ્યા પછી પણ કવયિત્રી અવઢવમાં રહે છે ને કહે છે :

***જે મળે તે પહેરવું પડતું અહીં,***
***સુખી માણસનું પહેરણ ના મળે.***

તૃષ્ણા - ઈચ્છા જ માણસને ફસાવી માયામાં બાંધે છે. તૃષ્ણા અનેક પ્રકારની છે. તેમાં માણસ ક્યારે બંધાઈ જાય તેની ખબર પણ ન પડે. જેમ પંખી ઇંડામાંથી જન્મે છે અને ઇંડું પંખીમાંથી જન્મે છે તેમ મોહનું જન્મસ્થાન તૃષ્ણા - ઈચ્છાઓ છે અને તેમાંથી જ મોહ ઉત્પન્ન થાય છે અને આ મોહ માણસને ચકરાવે ચઢાવે છે.

અહીં કવયિત્રીની તમન્ના સુખ તરફ દોડવાની તો છે, પરંતુ સુખી માણસનું પહેરણ મળે તો જ સુખી થવાય એવી લઘુતાગ્રંથિ તેમનામાં ઘર કરી ગઈ છે. તેથી તે કહે છે કે જે મળે તે પહેરવું પડે છે.

આપણે કવયિત્રીને કહીશું કે સુખી માણસનું પહેરણ શોધવાનું માંડી વાળો અને સુખ વિશે કવિ મુસાફિર પાલનપુરી શું કહે છે તે જરા સાંભળો :

***એમાંય વ્યગ્રતા છે, તને નહીં ખબર પડે,***
***સુખ એટલે સજા છે, તને નહીં ખબર પડે.***

***– મુસાફિર પાલનપુરી***

સુખ આવે ત્યારે એકલું નથી આવતું. સાથે સાધન સંપત્તિને પણ ઢસડી લાવે છે. સાધન, સંપત્તિ આવ્યા પછી તેનાં રક્ષણ તરફ, તેની જાળવણી તરફ સતત મગ્ન રહેવું પડે છે. આ થઈ એક જાતની ગુલામી. ગુલામી એ સજા જ છે અને સજામાં સુખ નથી હોતું, વ્યગ્રતા જ હોય છે. માણસને એની ખબર નથી હોતી.

કવયિત્રીને પણ એ વાત સમજાઈ ગઈ કે સુખના ભારા માથે ચઢાવી હળવાં ફૂલ થઈને ના જીવાય. સુખની સાથે વળગેલા વળગણોને ઉતાર્યા વિના નિરાંતનો શ્વાસ ન લઈ શકાય. જિંદગીને હળવાં ફૂલ જેવી જોવી હોય તો એ બધાં વજનને દૂર કરવા પડે. કવયિત્રી કહે છે :

***તો હળવી-ફૂલ જેવી જિંદગાની લાગશે તમને,***
***વજનનું પોટલું નીચે ઉતારી બેસી તો જુઓ.***

કવિતા એ આત્મામાંથી ઉદ્‌ભવેલી એક કલા છે. એ માત્ર શ્રુતિ વિષય નથી. એ કલાને કેવું સ્વરૂપ આપવું તે કવિના હાથમાં છે. કવિમાં વિચારોનું કેટલું ઊંડાણ છે, કેટલી દીર્ઘદૃષ્ટિ છે અને ઉત્ક્રાંતિ તરફ ગતિ કરતી વિશૃંખલભરી સંવર્ધિત નજર છે, તેટલું પરિપક્વ કાવ્ય નીકળે છે.

કવયિત્રીએ દરેક શે'રને સરળતાથી અને સાહજિકતાથી અભિવ્યક્ત કર્યો છે અને તેમાં સુંદર ફૂલો ગોઠવી માળા બનાવી છે. વિચારરૂપી આ ફૂલહારનો એક સુંદર શે'ર જુઓ :

*કોઈ વખત આ મૌનની ભીનાશ માણી તો જુઓ,*
*નહીં વહેલા આંસુની ખારાશ ખાળી તો જુઓ.*

કવયિત્રીએ પોતાની કેટલીક પ્રગટ ગઝલોમાં અભિવ્યક્ત કરેલા વિચારો ચિત્તવર્ધક છે. તેમાં પરોક્ષ બોધ શોધક બની રહ્યો છે અને તે મનન કરવા યોગ્ય છે. ઘણા વિચારો એટલા બધા પ્રૌઢ ને ગૂઢ છે કે સહજમાં સમજાતા નથી. સાધારણ ભાવક સરળતાથી સમજી શકે નહીં તેવા છે.

આવો જ એક ગૂઢ વિચાર કવયિત્રીએ કેવી સિફતથી રજૂ કર્યો છે તે જુઓ :

*મને આપો રૂમાલ કોઈ,*
*ફરી યાદ ઘેરી વળી છે.*

અહીં કવયિત્રી રૂમાલ માંગે છે. પણ શા માટે માંગે છે? કોઈની યાદ ઘેરે ત્યારે રૂમાલની શી જરૂર પડે? આ શે'ર પ્રથમ નજરે સાવ જ સામાન્ય લાગે. પરંતુ એની ભીતર પ્રચંડ ભાવ ભરેલો છે.

પોતાની માનીતી - અંગત વ્યક્તિની યાદો જ્યારે વરસતા વરસાદની જેમ ઘેરી વળતી હોય ત્યારે આંખો કેમ ચૂપ રહે? આંખો પણ વરસવા લાગે છે. ને આંખોમાંથી પડતાં આંસુઓને લૂછવા રૂમાલની જરૂર પડે. પરંપરાગત ગઝલનો આ શે'ર અતિ ઉત્તમ છે.

કવિ - વિવેચક વેણીભાઈ પુરોહિતે શબ્દને બ્રહ્મ કહ્યો છે. શબ્દ એ અક્ષરનો બનેલો માત્ર દેહ નથી, શબ્દ એ ધ્વનિ છે. એ ધ્વનિમાં સંકેત છે. આપણા જે જે મંત્રો બન્યા છે, તે પણ શબ્દશક્તિ જ છે. શબ્દ માત્ર સંભળાતો જ નથી, શબ્દ સ્પર્શી પણ શકાય છે.

કોઈ પણ શબ્દ આપણને સુગંધિત કરી દે છે, તો કોઈ કડવો, કઠોર શબ્દ હૃદયમાં ઉઝરડા પાડી દેતો હોય છે. કવયિત્રીને આવો અનુભવ થયો હશે. એટલે જ તો તેણે લખ્યું છે :

*મળ્યા દિલોમાં ઘાવોના બારીક મિનારા,*
*નથી એમના જેવા બીજા ચિતારા.*

કવયિત્રીને વિરહ, વ્યથા કે કટુ શબ્દોનો અનુભવ થયો હશે. એ વિના આવો શે'ર ન નીપજે. આપણા લબ્ધ પ્રતિષ્ઠિત શાયર 'મરીઝ'ને પણ આવો અનુભવ થયો છે. 'મરીઝ' કહે છે :

*બહુ સુંદર છે નકશીકામ જખમોનું હૃદય ઉપર,*
*ઓ સંગાથી કલાકારો, તમારું કામ લાગે છે.*

*– મરીઝ*

ભારતીય સંસ્કૃતિ આતિથ્યને વરેલી સંસ્કૃતિ છે. જ્યાં ઘર હોય છે ત્યાં કોઈને કોઇ અતિથિ, માગણ આવતા જ હોય. એટલે ઘરની ગૃહિણી અતિથિ, માંગણને સત્કારવા એક રોટલો વધારે ઘડી, તાવડીમાં રાખે છે :

*આવશે તો કોક એવું ધારી, રોટલો એક તાવડીમાં રાખે,*
*ચોતરફ ફેલાય છે સુગંધ તો, ફૂલોને કાં છાબડીમાં રાખે?*

'એક રોટલો તાવડીમાં રાખે છે' અહીં કોઈના આગમનની પ્રતીક્ષા મિશ્રિત ભાવના છે. આતિથ્ય - સત્કાર માત્ર ભારતમાં જ છે. વિદેશની ધરતી પર એવું કંઈ જ નથી. ભારતમાં સંસ્કૃતિ છે, જ્યારે વિદેશમાં વિકૃતિ વધારે છે. ત્યાં મર્યાદા નથી. વડીલો પ્રત્યે ભાવના નથી. **માનવ તરીકેની સુવાસ એમના સંસ્કારરૂપી ફૂલોથી ફેલાતી હોય છે. આ વાત ભારતીય જ સમજી શકે.** ભારતીય નાગરિકે સંસ્કારોને મુક્ત વહેવા દીધા છે. પરદેશીઓએ સંસ્કારી ફૂલોને છાબડીમાં દબાવી દીધા છે. બંને વચ્ચે એવી ભિન્નતા છે.

ભારતીય ગૃહિણીઓએ પોતાના પુરુષપતિને ઊંચી ઉડાન આપી છે. 'નવનીત'માં પ્રગટ થયેલી મારી ગઝલનો એક શે'ર યાદ આવે છે :

*જેને મળી હો ભારતીય નારી જિંદગીમાં,*
*આકાશ એ પુરુષના ચરણમાં નમી ઊભે છે.*

***(નવનીત) – ચંદ્રકાંત પટેલ 'સરલ'***

ગઝલમાં રદીફની ગેરહાજરી હોય અને કેવળ કાફિયાથી જ કામ ચલાવ્યું હોય તેવા પ્રકારની 'મુકફ્ફા' સંજ્ઞાથી ઓળખાતી કેટલીક તામીરો કાલિન્દીબહેનના સંગ્રહમાં જોઈ શકાય છે.

*તેમની એક 'મુકફ્ફા' ગઝલનો શે'ર જુઓ :*

*માણસ રુંવે રુંવે વિષ, તે કરતાં સારો છે નાગ,*
*વીંધાઈને બંસી થઈ જા, તેઓ જેમ વગાડે વાગ.*

ગઝલના શે'રની ખૂબી મહાસિન છે. મહાસિન એટલે અર્થલાઘવ, ગતિ અને સંકેત. ભાવકના ચિત્તમાં અર્થલાઘવ સીધું ઊતરી જવું જોઈએ. ગુજરાતી ગઝલમાં આ અર્થલાઘવ ભાગ્યે જ કવિને સમજાયું છે. 'ગમી તે ગઝલ' એમ કહી સહુએ મન મનાવી લીધું છે. ગઝલના 'ઇલ્મા' અને 'મહાસિન'નો ખ્યાલ આજના નવોન્મેષ ગઝલકારોએ રાખ્યો નથી અને તેના કારણે ગઝલ પરિપક્વ નથી બનતી. ભાવકને સંતોષ આપતી નથી.

*ઉર્દૂ શાયર ગઝલમાં શું જોઈએ તેની વાત કરે છે :*

*'અસગર' ગઝલમેં ચાહીએ વો મૌજે જિંદગી,*
*જો હુશ્ન હૈ બૂતો મેં, જો મસ્તી શરાબ મેં.*

***– શાયર અસગર***

પરંતુ લખવું અઘરું પડે છે. સંવેદના કાંઈ એમને એમ જ

પ્રગટતી ન હોય. હૈયું વિંધવું પડે, ઝખ્મો સહેવા પડે અને જે કવિ આવું કરતાં શીખી જાય છે, તે સફળ કવિ બને જ છે.

મને ગમતા કેટલાક શે'રો અહીં ટાંકું છું. કવયિત્રીની આગવી કુનેહ તેમાં જોઈ શકાય છે.

*ના કહ્યું આવો, અને ના જાવ એવું પણ કહ્યું,*
*એમની આવી અનોખી મહેરબાની તો જુઓ.*

★

*ચલો તાપીએ દોસ્ત સાથે મળીને,*
*હજુ રાખમાં સળગતા છે તિખારા.*

★

*તારું ન હો તે છોડી દે, લાખો વખત કહ્યું હતું,*
*બેઠા બીજાની નાવમાં તો લાંગરી શક્યા નહીં.*

★

*હાથમાં પહેર્યા રદીફ ને કાફિયા,*
*ને સતત રણકે બની કંગન ગઝલ.*
*ફકીરી તો કેવળ છે કાયાની ઓળખ,*
*અમારે તો અંદરની જાહોજલાલી છે.*

**'સંસ્કૃતિ દર્શન' કાર્યાલય, "અનુરાગ", રતનપરા શેરી-૧, બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦. (જિ. જૂનાગઢ) મો. ૮૭૩૫ ૯૦ ૨૪૨૪**

## કવિ મિત્રો જોગ

*'મંગલ મંદિર'માં ચાલતી શ્રેણી "દિલની જબાન"એ વિક્રમ સર્જ્યો છે. અનેક વાચકોએ તેને વધાવી છે ને પ્રશંસાના પુષ્પો વેર્યા છે. આ શ્રેણીમાં મુસાફિર પાલનપુરી, આબિદ ભટ્ટ, અમર પાલનપુરી, રમેશ પટેલ, સંધ્યા ભટ્ટ, નટુભાઈ પંડ્યા, હરીશ પંડ્યા, પ્રજ્ઞા વશી, રમેશ પારેખ, ભૂપેન્દ્ર શેઠ 'નીલમ' વગેરે કવિઓ પરિચય પામ્યા છે. જો આપ આપનો પરિચય પ્રગટ કરાવવા ઈચ્છતા હો તો આપનો એક ગઝલ સંગ્રહ, સંપૂર્ણ પરિચય, પાસપોર્ટ સાઈઝના બે ફોટા – આ કોલમના કોલમિસ્ટના સરનામે મોકલાવી આપશો.*

**ચંદ્રકાંત પટેલ 'સરલ'**
*'સંસ્કૃતિ દર્શન' કાર્યાલય, "અનુરાગ" રતનપરા શેરી-૧, બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦. (જિ. જૂનાગઢ) મો. ૮૭૩૫ ૯૦ ૨૪૨૪*

## સુમિ રે.... બલબીરા

**(અનુસંધાન : પાના નં.– ૬૫ ઉપરથી ચાલુ)**

અહાહાહા...! **કેવી શુદ્ધ ભાવના? આ પરિવારને આપણે જંગલી જાતિ કેવી રીતે કહી શકીએ? નીચલી જાતિનો વર્ગ કેમ ગણાય? કોણ ઊંચું ને કોણ નીચું?** બધામાં ઈશ્વર સમાયો છે. જેમણે દયાનું દ્વાર ખોલી નાખ્યું છે તેને જંગલી-આદિવાસી કહેતાં આપણે સો વાર વિચાર કરવો પડે. **માત્ર આદર્શના મહોરાં પહેરવાથી કાંઈ આદર્શવાદી નથી બની જવાતું!**

ભગવાને માનવનું સર્જન કર્યું ત્યારે તેના શરીરમાં બે બે જોડકાં મૂક્યા છે. એક સુખ-દુઃખ અને બીજું દયા અને દુઃખ. આ બંનેના સંબંધ ખૂબ જ નિકટના છે. જ્યાં સુખ હોય ત્યાં તેની પાછળ દુઃખ આવે છે અને જ્યાં દુઃખ હોય ત્યાં દયા પહોંચી જાય છે.

માણસ આજે આપદ્ધર્મ જ ભૂલી ગયો છે ત્યારે હું તો આ પાંચેય આર્યનારીઓને દેવીસ્વરૂપ ગણું છું. પોતાના રોતા બાળકોને એકબાજુ મૂકી જેણે પશુઓને સ્તનપાન કરાવ્યા. આને દેવીજીવ ન કહેવાય તો શું કહેવાય?

મહત્ત્વની વાત તો એ છે કે, જ્યારે આ પાંચેય માતાઓએ એક એક બચ્ચું પોતાના ખોળામાં લઈ તેને સ્તનપાન કરાવવાનું શરૂ કર્યું ત્યારે પોતાના નાનકડાં બાળકો પણ માતાનું દૂધ પીવા માતાના બીજા સ્તને વળગ્યા, તો તેમણે પોતાના સંતાનોને દૂર કરી પ્રથમ શિયાળનાં બચ્ચાંઓને ભરપેટ દૂધ પાયું. પછી જ પોતાના બાળકોને થાનેલાંએ લગાડ્યા હતા.

બચ્ચાં થોડા મોટા થઈ શિકાર કરતા શીખ્યા ત્યાં સુધી આ માતાઓ તેને સ્તનપાન કરાવતી રહી.

*સુંદરબહેન તથા કલીબહેન કહે છે :*

*વેગળીક આમ્હા નાહીં ભેદાભેદ ।*
*તરી આવશ્યક આઈતી મજસાઠી ॥*

ધન્ય છે આ માતાઓને જેમના હૃદયમાં કોઈ જાતના જીવ વચ્ચે ભેદભાવ નથી. શિયાળના બચ્ચાંને પણ તે પોતાના બાળકો જેવા જ ગણે છે.

વધારે ધન્યવાદ તો આ પાંચેય સ્ત્રીઓના પતિને આપવા ઘટે. કારણકે પોતાની સ્ત્રીઓને તેમણે પ્રાણીના બચ્ચાંને સ્તનપાન કરાવતાં અટકાવી ન હતી. સ્ત્રીઓનો આ જ મોટો કરુણાભાવ છે. એટલે જ તો ધર્મશાસ્ત્રોએ સ્ત્રીઓને દેવીની ઉપમા આપી છે.

**"સંસ્કૃતિ દર્શન" કાર્યાલય, રતનપરા શેરી નં.-૧, 'અનુરાગ', બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦. (જિ. જુનાગઢ) મો. ૮૭૩૫ ૯૦ ૨૪૨૪**

**સંપાદકનું સરનામું : ૧૨, ઘરઆંગણ ફ્લેટ્સ, પ્રોફેસર્સ કોલોની સામે, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯. મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬**



નારી ગૌરવગાથા – ૧૨

# "નારી તું ના હારી : રક્ષાબેન ચોટલિયા"



ડૉ. શીલા વ્યાસ

સમાજ નિર્માણના પાયામાં સ્ત્રી-પુરુષ સરખા હિસ્સેદાર છે પણ પરિવાર ગતિશીલ - વિકાસશીલ હોય તો તેના મૂળમાં સ્ત્રીનું પ્રદાન વિશેષ હોય. કુટુંબની સુખ-શાંતિ-સમૃદ્ધિનું દોરી સંચાલન સમજદાર ગૃહિણીના હાથમાં રહેલું હોય છે. ભારતીય સમાજમાં નારીને શક્તિ સ્વરૂપા ગણવામાં આવી છે. એની અનેકવિધ ભૂમિકા છે. તેના મુખ્ય ત્રણ સ્વરૂપો : પુત્રી - પત્ની - માતા તરીકે છે. તેમાંય મા નું સ્થાન સૌથી ચઢિયાતું છે. તે માત્ર સંતાનોને જન્મ આપીને માતૃ કર્તવ્ય બજાવતી નથી, એથી અધિક પાલનપોષણ કરી, તેના અભ્યાસ - વ્યવસાય - વિવાહ સંપન્ન થાય ત્યાં સુધીની જવાબદારી વહન કરે છે. એમ જીવન પર્યંત સંતાનોને સુખે સુખી તથા દુઃખે દુઃખી રહે છે.



રક્ષાબેન ચોટલિયા

મિત્રો, આપણા જાણીતા સર્જક ચંદ્રકાંત પટેલ 'સરલ' રચિત વાર્તા "જુવાન દીકરાની ઘરડી મા" આ તકે યાદ આવે. જ્યારે જનેતાને તરછોડીને દીકરો - વહુ મુંબઇ ચાલ્યા જાય છે, ત્યારે તેના સુખના વિચારો કરતી માતા ગામથી જે કોઈ મુંબઈ જાય તેની સાથે દીકરાને ભાવતા ફળો મોકલે અને બોલે, "મારો પલ્લવ સુખી તો હું સુખી..." આમ વરસો વીતે... ને મોત નજીક આવતા પૂર્વે વિચારે કે, 'મારા પલ્લવના કોઈ વાવડ નથી. હું મરી જઈશ તો મારા દા'ડા-દફાડા કોણ કરશે? મારા દીકરાનું શું થયું હશે? પંદર-પંદર વરસથી એના કોઈ ખબર નથી, એ જીવે છે કે... કે...' ગમે તેવા કઠણ કાળજાના વાચકને રડાવી દે તેવી કરુણરસિક કૃતિનો મરાઠી મેગેઝિન 'માય'માં વાસુદેવ પદુકોણે કરેલો અનુવાદ પ્રકાશિત છે.

આ સંદર્ભ એટલા માટે નોંધવો ગમે કે રાજકોટની એક નારીની જીવનયાત્રા કંઈક આવી જ સંઘર્ષમય છે. જેનું સાહિત્યકાર તરીકે આદરથી નામ લેવાય છે તે શ્રીમતી રક્ષાબેન ચોટલિયા (કાચા). એમણે પી.ટી.સી. કર્યા પછી પડધરી અને તરઘડી પ્રાથમિક શાળામાં સર્જનશીલ - પ્રયોગશીલ તથા વિદ્યાર્થીપ્રિય શિક્ષિકા તરીકે સ્થાન - માન મેળવ્યું. નિવૃત્તિ બાદ હાલ રાજકોટમાં સ્થાયી થયા. દીકરી - દીકરાની માતા તરીકેની ખૂબ કપરી કસોટીમાંથી પસાર થઈ રહ્યા છે.

હા, આ વાત જરા વિચિત્ર જરૂર લાગશે. તેઓ એક મુગ્ધભાવની કવયિત્રી, વાર્તાકાર, ચિત્રકાર, બાળ નાટ્ય લેખક અને સારા વક્તા પણ છે. જો કે, એમનું લગ્નજીવન બહુ સુખરૂપ નથી રહ્યું. આ મહિલાએ પોતાના પરિવારમાં મોટેભાગે ઉપેક્ષા અને અપમાન જ સહન કર્યા છે કેમકે પતિ ઘનશ્યામ કાચાનો જડ સ્વભાવ અને સંકુચિત મનોવૃત્તિની વચ્ચે નોકરી, બાળ ઉછેર અને ગૃહ વ્યવસ્થાની જવાબદારી નિભાવતી હોવા છતાં એમના દુર્વ્યવહારનો ભોગ બની ચૂપચાપ સઘળું સહેતી રહી.

આપણે જાણીએ છીએ કે અયોધ્યાના ધોબીએ સીતાજીના ચારિત્ર્ય અંગે શંકા - નિંદા કરી, તો શારીરિક રોગ-પીડાનો ભોગ બનવું પડ્યું. તેવી રીતે આ પવિત્ર સ્ત્રીની અવહેલના કરનાર એના પતિને પણ લકવાએ પથારીવશ કરી મૂક્યા. ત્યારે પોતાના ગૃહિણી ધર્મને ન ચૂકનાર આ નારીએ વધુ એક જવાબદારી ઉઠાવી — પતિ સેવાની. જે એમના મૃત્યુ સુધી એકલા હાથે પ્રેમથી નિભાવી જાણી. કેમકે પતિના કુટુંબમાં કોઈ સાથે મનમેળ નહીં. મિત્રો કે સગા-સ્નેહીનો નાતો નહીં. અરે, પડોશીઓ સાથે પણ સામાન્ય માનવીય વ્યવહાર ન રાખ્યો. આવા પિતાની છીછરી માનસિકતાનો ભોગ એના બંને સંતાનો બન્યા.

૩૮ વર્ષનો પર્વ અને ૩૪ વર્ષની લીઝા જાણે સંસારથી અલિપ્ત, દુનિયાદારીથી વિમુખ જ બની ગયા. તેમનામાં કોઈ જાતની નિયમિતતા નહીં, ન સમયસર ઊઠવા કે સૂવાનું ભાન, ન સારું પહેરવા - ઓઢવાની કે ખાવાપીવાની સમજ. પિતાની બીમારી અને માતાની અવદશા પ્રત્યે કોઈ પ્રકારની સંવેદના જ નહીં. આવા અબુધ - આળસુ સંતાનોની દેખભાળ, સારવાર હસતા મુખે કરતા રક્ષાબેનની સહનશક્તિને દાદ દેવી પડે!! છતાં કાળ એમની કપરી કસોટી કર્યે જ જાય. એના સ્થાને કોઈ પણ હોય, હારી - થાકી જાય, પણ આ નારીનો માતૃધર્મ તો જુઓ. માનસિક રીતે નબળા - વયસ્ક સંતાનો કદી તોફાને ચડે, લડે - ઝઘડે, કોઈ બાબતે ગુસ્સે થઇ માને મારઝૂડ પણ કરી બેસે, તે બધા આઘાતો સહન કરીને આ બહેન પોતાની વિશિષ્ટ બુદ્ધિ

અને આગવી સમજદારીથી વિકટ પરિસ્થિતિને સંભાળતા આવ્યા છે.

સંતાનોના સ્વાસ્થ્ય - સુવિધા - સુખાકારીની કાયમ ચિંતા - વ્યવસ્થા કરતા આ મહિલાએ વિવિધ શહેરના મનોચિકિત્સક પાસે સારવાર કરાવી છે. પણ એ લોકોમાં હજુ ખાસ ફરક પડ્યો નથી. જો વધુ પરેશાન કરે તો ૧૦૮ ઇમરજન્સી કે ૧૮૧ મહિલા અભયમ્ હેલ્પ લાઇનની મદદથી સંતાનોને શાંત પાડે, ફોસલાવે, સમજાવે. એમને ભાવતા ભોજન - નાસ્તા બનાવી જમાડે. રોજબરોજ આવી દશામાં જીવન પસાર કરવાનું થાય તો કોઈપણ વ્યક્તિ તન-મનથી ભાંગી પડે કે પછી આ બમણી જવાબદારી છોડી ભાગી જાય યા તો આત્મહત્યા વહોરી લે. પરંતુ આ મા કેવી રીતે ભાગી કે છૂટી શકે? એમની જ ગઝલનો શે'ર ટાંકુ તો –

*"છે જીવનતણી નાવ હાલક ને ડોલક*
*આ મઝધાર છોડું, કિનારો મળે જો."*

આ રીતે એમણે પોતાની ઊર્મિ, સંવેદના - વેદનાને કવિતા, હાઈકુ, ગઝલ, લઘુકથા, નવલિકા, તાન્કા જેવા વિવિધ સ્વરૂપોમાં અભિવ્યક્ત કરી છે. એ બાબત સાબિત કરે કે **જ્યારે સ્ત્રી પોતાની માનસિક - સામાજિક સ્થિતિના વળગણો - બંધનો તોડીને ફિનિક્સ પક્ષીની જેમ રાખમાંથી ઊભી થાય છે ત્યારે આખું જગત એની દૈવી શક્તિના પ્રકાશની સામે ઝાંખુ પડી જાય છે.** પોતાના જીવતરમાં વ્યાપેલા અસુખ - અશાંતિમાં મૂક રહી, નિરાંતનો ત્યાગ કરવો એ કાંઈ એમની કાયરતા નથી પણ કલ્યાણમયી ભાવનાશીલતા સાથેની ઊંચી ઉડાન છે. રક્ષાબેનને સંસ્કાર મંડિત વારસામાં મળેલું દિવ્ય આભૂષણ છે.

એ તો સ્વાભાવિક છે કે માના કૂખે બાળક જન્મે પછી પ્રથમ ઉચ્ચારણ 'મા' હોય. એ ચાલતા શીખે, પડે, ઠોકર વાગે તો 'ઓય... મા...' શબ્દ નીકળે છે. દરેક માતાનો સંતાનો પ્રત્યેનો આ સનાતન પ્રેમ છે. એ મમતાનું ઝરણું છે, દયાની દેવી છે. પોતાના સંતાનો કાળજાના કટકા સમાન છે. એને મા કઈ રીતે તરછોડે? એનું હૈયું તો સદા ગાતું હોય –

*"ચંદા હૈ તું મેરા સૂરજ હૈ તું*
*મેરી આંખો કા તારા હૈ તું*
*જીતી હું મૈં બસ તુજે દેખકર,*
*ઈસ મા કે દિલકા સહારા હૈ તું..."*

આમ, માતાનો મહિમા કરીએ એટલો ઓછો છે. એની મમતા, એનો પ્રેમ હંમેશાં નિઃસ્વાર્થ - નિર્વ્યાજ હોય. એથી વિશેષ આ વિશ્વમાં કોઈ નથી. માનું સર્જન કરનાર પરમાત્માને અવતાર લેવા માતા કૂખે ખુદ બાળક બનવું પડે છે ને?! આપણા મહાન વેદ શાસ્ત્રોમાં સૌપ્રથમ "માતૃ દેવો ભવઃ" કહ્યું છે, તે યોગ્ય જ છે.

**દોસ્તો, ખરા સમયે, સાચો નિર્ણય ન લઇ શકવાની મજબૂરી અનેક નારીઓની આંતરિક શક્તિને હણી નાંખતી હશે ને? એવો પ્રશ્ન જરૂર થાય.** જેના ઉત્તરમાં રક્ષાબહેને રાજકોટ આકાશવાણી કેન્દ્રના સહિયર કાર્યક્રમ અંતર્ગત 'આધુનિક યુગમાં બાળ ઉછેરની સમસ્યા અને ઉકેલ' વિષય પર મનનીય વાર્તાલાપ રજૂ કરેલો. તેમજ 'મન કે હારે હાર, મન કે જીતે જીત' વિશે હિંદીમાં પ્રવચન કરેલું. ઉપરંત વર્ષ ૨૦૧૪માં **'ઘંટાલય'** ગઝલ સંગ્રહ અને વર્ષ ૨૦૧૬માં **'લાગણીના લીલાછમ દેશમાં'** વાર્તા સંગ્રહ આપ્યો.

***એમને પ્રાપ્ત થયેલા સન્માનો :***

★ સાહિત્ય લેખન સન્માન, અચૂક સામયિક, રાજકોટ, ૨૦૧૫.

★ નારી ગૌરવ સન્માન, જસરાજ સેના ટ્રસ્ટ, સાવરકુંડલા, ૨૦૧૬.

★ સરસ્વતી શબ્દ સૂર સન્માન, લય-પ્રલય સંસ્થાન, આણંદ, ૨૦૧૭.

★ મહિલા ગૌરવ એવોર્ડ, માનવ કલ્યાણ મંડળ, સુરક્ષા સેતુ, રાજકોટ, ૨૦૧૭.

★ ચંદ્રકાંત બક્ષી સન્માન, અરસ પરસ યોજિત ટૂંકી વાર્તા સ્પર્ધા, રાજકોટ, ૨૦૧૯.

ધોરાજીના વતની, શિક્ષિત ચોટલિયા પરિવારના આ દીકરી ખુદ એવું જીવંત અને ખમતીધર વ્યક્તિત્વ ધરાવે છે કે મનોરોગી સંતાનોનું પોષણ મક્કમ મનોબળથી કરી એમનું સુરક્ષા કવચ બની રહ્યા છે. એમના માટે પ્રાર્થના કરીએ, કુદરત એમને વિશેષ શક્તિ - હિંમત બક્ષે. એમને અનેક અભિનંદન આપતા કહેવાનું મન થાય કે – "નારી તું નારાયણી, નારી તું ના હારી..."

**રક્ષા ચોટલિયા**
*"શાલીગ્રામ", ૪-એ, ગાંધીગ્રામ, સ્ટર્લિંગ હોસ્પિટલ સામે,*
*૧૫૦ ફૂટ રિંગ રોડ, એસ.કે. ચોક નજીક, નવા દેરાસરની બાજુમાં,*
*રાજકોટ-૩૬૦ ૦૦૭. ● મો. ૯૭૩૭૩ ૦૭૦૫૨*

***લેખિકા : આર્ટસ - કોમર્સ - સાયન્સ કોલેજ,***
***બોરસદ, જિ. આણંદ. ● મો. ૮૨૩૮૩ ૩૨૨૭૧***

## વખાણ

*પત્ની :* લગ્ન પહેલા તો તમે મારા બહુ વખાણ કરતા હતા. હવે મારા વખાણ કેમ નથી કરતા?

*પતિ :* રૂબી, મતદાન થઇ ગયા પછી તેં ક્યારેય ચૂંટણી પ્રચાર થયો હોય એવું જોયું છે ખરું?



સ્વાસ્થ્ય

# મારા હૃદયના ધબકારા વારંવાર વધી જાય છે : PANIC DISORDER





ડૉ. મણિલાલ ગડા (સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

● **કેસ સ્ટડી**

૪૮ વર્ષના નવીનભાઈએ (નામ બદલ્યું છે) કન્સલ્ટિંગ રૂમમાં દાખલ થતાં જ કહ્યું, 'ડોક્ટર સાહેબ, મને છેલ્લા અઢી વર્ષથી તકલીફ થાય છે. મારા હૃદયના ધબકારા વારંવાર વધી જાય છે. ઘણા ડોક્ટરો - સ્પેશિયાલિસ્ટ્સને બતાડ્યું, પરંતુ ફરક પડતો નથી.

બે ફિઝિશિયનને બતાડ્યું છે, બે કાર્ડિયોલોજિસ્ટને કન્સલ્ટ કર્યા છે. હોસ્પિટલમાં દાખલ થઇ ડોક્ટર્સના અભિપ્રાય મુજબ બધી તપાસ કરાવી છે. લોહીની તપાસ, એક્સ-રે, કાર્ડિયોગ્રામ, સ્ટ્રેસ ટેસ્ટ, ૨-ડી ઈકો વગેરે બધું જ નોર્મલ આવ્યું છે. દવાઓ પણ ચાલુ છે છતાં પણ વારંવાર હૃદયના ધબકારા વધી જાય છે. બહારગામ રહેતા મારા એક સંબંધીએ ભારપૂર્વક સલાહ આપી છે કે આપનો અભિપ્રાય લઈ, આપની સલાહ પ્રમાણે સારવાર કરો.'

ઊંડાણમાં મનોવૈજ્ઞાનિક તપાસમાં (Psychiatric history taking and Mental Status Examination – M.S.E.) નીચેની મહત્ત્વની માહિતી મળી. જેના પરથી મનોવૈજ્ઞાનિક નિદાન કર્યું.

નવીનભાઈના હૃદયના ધબકારા વારંવાર વધી જતા હતા. ધબકારા ઓચિંતા, અણધાર્યા વધી જતા હતા. ધભકારા ટૂંક સમય માટે વધી જતા હતા. એ જ વખતે છાતીમાં દુઃખાવો થતો હતો, શ્વાસ લેવામાં તકલીફ થતી હતી, ચક્કર આવતા હતા, પરસેવો ખૂબ જ થતો. મૂંઝવણ થતી તથા હમણાં જ મરી જવાશે એવું લાગતું હતું.

ઉપરોક્ત બધી તકલીફ ટૂંક સમય (અડધા કલાક જેટલા સમય) માટે થતી હતી. થોડા સમય બાદ કોઈપણ સારવાર વગર નવીનભાઈની તકલીફ દૂર થઈ જતી. પરંતુ ફરી પાછા ધબકારા વધી જતા. ધબકારા ક્યારે વધી જશે એ કહેવું નવીનભાઈ તથા કુટુંબીજનો માટે મુશ્કેલ હતું.

વચ્ચેના સમયમાં નવીનભાઈને કોઈપણ તકલીફ ન હતી. ફક્ત ધબકારા વધી જવાનો ડર સતત રહેતો હતો.

● **નવીનભાઈને બીમારી તરફ લઈ જનારા મહત્ત્વના નકારાત્મક પ્રસંગો :**

૧. **ભાગીદારને હાર્ટ એટેક :** અઢી વર્ષ પહેલા ધંધાકીય ભાગીદારને હાર્ટ એટેક નવીનભાઈની હાજરીમાં ઓફિસમાં આવ્યો હતો. નવીનભાઈએ જ એમને હોસ્પિટલમાં દાખલ કરેલ તથા તાત્કાલિક સારવાર કરાવેલ. ભાગીદારની પત્ની તથા અન્ય પરિવારજનો પછીથી હોસ્પિટલમાં પહોંચ્યા હતા. સમયસરની તાત્કાલિક સારવારથી ભાગીદારની તબિયત સુધરી.

બંને ભાગીદારો વચ્ચે સગા ભાઈઓથી પણ વિશેષ સંબંધ હતો. આ પ્રસંગની નવીનભાઈના લાગણીસીલ મન પર ઊંડી નકારાત્મક અસર થઇ હતી. આ પ્રસંગના બે મહિના બાદ ઉપરોક્ત લક્ષણો શરૂ થયા હતા.

૨. **મમ્મીનું અવસાન :** દોઢેક વર્ષ પહેલાં નવીનભાઈની મમ્મીનું અવસાન થયું હતું. ઉર્મિશીલ નવીનભાઈના મન પર ઊંડો આઘાત લાગ્યો હતો. ત્યારબાદ નવીનભાઈની બીમારીનું પ્રમાણ વધ્યું હતું. હૃદયના ધબકારાની માત્રા વધી હતી.

૩. **દીકરીનું વેવિશાળ તૂટી ગયું :** આઠેક મહિના પહેલા દીકરીનું વેવિશાળ થયું હતું. દીકરી તથા ભાવિ જમાઈ વચ્ચે નજીવી બાબતમાં મતભેદ થયો. મતભેદને લીધે ઝઘડો થયો. વેવિશાળ તૂટી ગયું.

આ નકારાત્મક પ્રસંગ બાદ નવીનભાઈની બીમારીનું પ્રમાણ ખૂબ જ વધી ગયું. ધબકારા દરરોજ જ વધી જતા હતા. ધંધા પર જવાનું લગભગ બંધ જ હતું. અશક્ય થયું. નવીનભાઈ આખો દિવસ ઘરે જ રહેવા લાગ્યા.

● **બીમારીની નવીનભાઈની જીવનશૈલી પર નકારાત્મક અસરો :**

૧. **કામ ધંધા પર જવાનું બંધ :** છેલ્લા છએક મહિનાથી નવીનભાઈ ધંધા પર અનિયમિત જતા હતા. હાર્ટ એટેક તથા 'મને ગંભીર બીમારી છે' એ ડરથી ઘરથી બહાર

નીકળવાનું લગભગ બંધ થઈ ગયું હતું. આથી ધંધા પર નકારાત્મક અસર થતી હતી (ધંધાકીય તેમજ નાણાંકીય નકારાત્મક અસર).

૨. નવીનભાઈના તથા પરિવારજનોના મનમાં બીમારીનો ડર હતો. આથી સામાજિક પ્રસંગોમાં જવાનું બંધ કર્યું (રખેને બધાની વચ્ચે એટેક આવે તો...) (સામાજિક નકારાત્મક અસર)

૩. બીમારીની ડરને લીધે મુસાફરી કરવાનો ડર રહેતો હતો. દોઢ વર્ષથી બહારગામ કે દેશમાં વેકેશન માટે ગયા ન હતા. ધંધા માટે પણ બહારગામ જવાનું બંધ થઈ ગયું.

૪. પત્નીના મન પર નકારાત્મક અસર થઈ હતી. પત્ની સ્ટ્રેસમાં જીવતી હતી. બ્લડ પ્રેશરની બીમારી થઈ આવી તથા એની દવાઓ ચાલુ હતી.

શરૂઆતના સમયમાં બીમારીનું યોગ્ય નિદાન થતાં સારવાર થઈ હોત તો જીવનશૈલી પર ઉપરોક્ત અસરો ન થાત. નકારાત્મક અસરો અટકાવી શકાત.

- **નિદાન :**

આ એક પેનિક ડિસઓર્ડરનો કેસ છે જેમાં –

૧. શારીરિક તથા માનસિક લક્ષણો હતા.

૨. લક્ષણો ટૂંક સમય માટે રહેતા હતા.

૩. ટૂંક સમય બાદ નવીનભાઈ સારવાર વગર પણ નોર્મલ થઈ જતા હતા.

૪. વૈદ્યકીય તથા શારીરિક તપાસ અને લેબોરેટરી તપાસ બધી જ નોર્મલ હતી.

- **સારવાર :**

નવીનભાઈના કેસમાં પેનિક પ્રતિકારક દવાઓ શરૂ કરી. બે અઠવાડિયાની સારવારમાં નવીનભાઈને સારું લાગવા માંડ્યું. ડર ઓછો થયો.

ચાર અઠવાડિયાની સારવારમાં ધબકારા નોર્મલ થયા. ધબકારા વધી જતાં બંધ થયા. આત્મવિશ્વાસમાં વધારો થયો. ધંધા પર રેગ્યુલર જવા લાગ્યા.

- **કાઉન્સેલિંગ :**

કાઉન્સેલિંગ સેશન્સ શરૂ કર્યા. જીવનશૈલીમાં, અભિગમમાં, લાગણીશિલતામાં, અપેક્ષામાં બદલાવ લાવવા માટે સહાનુભૂતિપૂર્વક (Empathy) ચર્ચા કરી. બદલાવ માટેની જરૂરત સમજાવી.

લાગણીથી વિચારવાને બદલે તર્કબુદ્ધિથી વિચારી હકીકતનો બુદ્ધિથી સ્વીકાર કરવા ચર્ચા કરી.

ત્રણ મહિનાની સારવારમાં નવીનભાઈ પૂર્વવત પ્રમાણે જીવવા લાગ્યા. ધંધા પર નિયમિત જતા થયા. સામાજિક પ્રસંગમાં હાજરી આપી. ધંધા માટે બહારગામ જવાનું આયોજન કર્યું.

છેલ્લા એક વર્ષમાં નવીનભાઈના હૃદયના ધબકારા નોર્મલ રહ્યા છે. પેનિકનો એટેક આવ્યો નથી.

- **સારાંશ :**

૧. શારીરિક તકલીફ / લક્ષણો હોય,

૨. વૈદ્યકીય શારીરિક તપાસ નોર્મલ હોય

૩. લેબોરેટરી તપાસ, એક્સ-રે, સી.ટી. સ્કેન, MRI સ્કેન નોર્મલ હોય ત્યારે

મનોચિકિત્સકનો અભિપ્રાય લઈ નિદાન કરાવી યોગ્ય સારવાર આપવી અગત્યની છે.

***(ક્રમશઃ)***

## રાષ્ટ્રીય પ્રતીક : અશોક સ્તંભ

ચલણી નોટો, સિક્કા, રાષ્ટ્રીય દસ્તાવેજો અને રાષ્ટ્રીય સાહિત્યમાં અશોક સ્તંભનું ચિત્ર જાણીતું છે. અશોક સ્તંભ બૌધ્ધિ શિલ્પ છે. તેમાં ચાર દિશા તરફ મોં રાખીને બેઠેલા ચાર સિંહ છે. દરેક સિંહની નીચે ૨૪ આરાવાળું અશોક ચક્ર છે. ચાર ચક્રની વચ્ચેની જગ્યાએ વૃષભ, અશ્વ, હાથી અને સિંહ – એમ ચાર શિલ્પો છે. ભગવાન બુધ્ધનો જન્મ થયો ત્યારે તેમની માતાને સ્વપ્નમાં હાથી દેખાયેલો એટલે હાથી, બુધ્ધનો જન્મ વૃષભ રાશિમાં થયેલો એટલે વૃષભ, બુધ્ધે ગૃહત્યાર વખતે કંથક નામના ઘોડા ઉપર સવારી કરેલી એટલે અશ્વ. આમ ત્રણ પ્રતીકો ભગવાન બુધ્ધના જીવન સાથે સંકળાયેલા છે. ચોથું શિલ્પ સિંહ જ્ઞાન અને શક્તિનું પ્રતીક છે. **જ્ઞાન અને શક્તિના પ્રતીક સમા આ પ્રાચીન શિલ્પને રાષ્ટ્રીય પ્રતીક બનાવાયું છે.** તેનો ઈતિહાસ પણ જાણવા જેવો છે.

ભારતમાં થઈ ગયેલા મૌર્ય વંશના સમ્રાટ અશોકે ઈસવીસન પૂર્વે ૩જી સદીમાં ભારતમાં ઘણા સ્થળોએ અશોક સ્તંભ બંધાવેલા. ૪૦થી ૫૦ ફૂટ ઊંચા અને લગભગ ૧૦ ટન વજનના આ સ્તંભો હતા. નવાઈની વાત એ છે કે ૧૦ ટન વજનના આ સ્તંભોને બનાવ્યા પછી સેંકડો કિલોમીટર દૂર લઈ જઈ સ્થાપવામાં આવેલા. **હાલમાં ભારતમાં ૧૯ અશોક સ્તંભ બચ્યા છે.** આ સ્તંભો વારાણસી નજીક ચુનાર ખાતે બન્યા હોવાનું મનાય છે. ઉત્તર પ્રદેશના સ્વરનાથમાં આવેલા અશોક સ્તંભ અકબંધ અને સારી સ્થિતિમાં છે. દરેક સ્તંભ ઉપર બ્રાહ્મી લિપિમાં લખાણ કોતરેલું છે. મોટાભાગના સ્તંભો બિહારના સાંચી, છપરા, ચંપારણ ખાતે છે. એક સ્તંભ પાકિસ્તાનના ખૈબર વિસ્તારના રાણીગેટમાં છે.

# SOME GOLDEN THOUGHTS....

*Presentation : Dinesh R. Mehta*

*We don't talk about trees getting older*
*we say they are "growing."*
*Let's use the same term*
*for ourselves.*
*We are not getting older,*
*we are just growing...!!*
*That is the spirit of living...!!*

*Ego and Love are the branches*
*of the same tree*
*just the difference is –*
*Love always want to say sorry*
*and Ego always want to hear sorry.*

*Rivers never go reverse*
*So try to live like a river.*
*forget past & focus on future.*
*Always be positive...*

*As cold water and warm iron*
*take away the wrinkles of clothes,*
*a cool mind and warm heart*
*takes out the worries of life.*

*Every situation in life is temporary.*
*So, when life is good,*
*make sure you enjoy*
*and receive it fully.*
*And when life is not so good,*
*remember that it will not last*
*forever and better days are on the way.*

*Mathematics may not teach us*
*how to add happiness or*
*how to minus sadness*
*but it teach us one important thing,*
*Every problem has a solution.*

*I don't need my life to be perfect.*
*I just want to be happy*
*with a few close friends*
*who love me just the way I am.*

***Have faith...***
*God knows when to*
*send you exactly what you need.*
***Be patient...***
*Prepare for what you are*
*praying for... it's coming!!*

## 'પુસ્તક' વિષયક શબ્દોનો વૈભવ માત્ર એક વાક્યમાં....

- પુસ્તક એટલે સમયના વિશાળ સાગરમાં ઉભી કરવામાં આવેલી દીવાદાંડી.
- પુસ્તક સાથે મૈત્રી રાખનાર માનવીને કદી એકલપણું સાલતું નથી.
- અજ્ઞાનથી જ્ઞાન તરફ જવાનો સેતુ પુસ્તક છે.
- માનવીના અસહ્ય દુઃખોને હળવા બનાવવાની તાકાત પુસ્તકોમાં છે.
- પુસ્તક પ્રેમી સૌથી વધુ ધનવાન અને સુખી છે.

## WORK FROM HOME

***Husband :*** You have gone to your mother's home. Why are you fighting with me from there?

***Wife :*** Work from home...!!

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ગુજરાતી ભાષાને સૌથી વધુ મહત્ત્વ આપવા સરકારનો આદેશ ગુજરાતમાં સરકારી - ખાનગી સ્થળોએ ગુજરાતીમાં લખાણ લખવું ફરજિયાત

મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાં પ્રાદેશિક ભાષાને મહત્ત્વ આપવામાં આવે છે, તેમ હવે ગુજરાતમાં તમામ સરકારી અને ખાનગી સ્થળોએ અંગ્રેજી અને હિંદીની સાથે ગુજરાતી લખવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આદેશમાં જણાવવામાં આવ્યું છે કે, કોઈપણ સાઈનબોર્ડ, સંસ્થા, બેંક, સ્કૂલ, કોલેજ, હોસ્પિટલ, દુકાન કે મોલના નામમાં ગુજરાતી લખવાનું રહેશે.

રાજ્યના સાંસ્કૃતિક વિભાગે તાજેતરમાં તેના આદેશમાં જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યની રચના થયા પછી સરકારે પ્રથમ અધિનિયમ રાજભાષા અંગે પસાર કરીને રાજભાષા ગુજરાતી અને દેવનાગરી લિપિમાં હિંદી રાખવાનું નક્કી કર્યું હતું તે પ્રમાણે તબક્કાવાર કાર્યક્રમ નક્કી કરી ગુજરાતી ભાષાનો ઉપયોગ દિન-પ્રતિદિન વધતો રહે તે જોવામાં આવ્યું છે. તદ્નુસાર ૧લી મે, ૧૯૬૫થી સચિવાલયના સર્વે વિભાગો તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાએથી ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવાની સૂચના આપવામાં આવી છે. સાંસ્કૃતિક વિભાગ તરફથી એવો આદેશ કરવામાં આવ્યો છે કે ગુજરાતી ભાષા, એ ફક્ત એક ભાષા નથી પરંતુ એક બહોળો ગૌરવશાળી ઈતિહાસ અને સમૃદ્ધ સાહિત્ય ધરાવતી સંસ્કૃતિ છે. ગુજરાતી ભાષાનો ઉપયોગ ગ્રામ્ય વિસ્તારમાં બહોળા પ્રમાણમાં થાય છે પરંતુ વધતા જતા શહેરીકરણના કારણે શહેરોમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ થતો નથી. તેથી પ્રથમ તબક્કે રાજ્યની આઠ મહાનગર પાલિકા જેવી કે અમદાવાદ, સુરત, વડોદરા, જામનગર, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગરમાં વિભાગ તરફથી સૂચનાઓ આપવામાં આવી છે.

**ગુજરાતી માટે આઠ શહેરોમાં સૂચના અપાઈ :**

★ સરકારી કાર્યાલયો, પરિસરો અને સાર્વજનિક સ્થળોએ જ્યાં પણ સાઈનબોર્ડ કે સૂચના, માહિતી હોય તે તમામ લખાણોમાં અંગ્રેજી અને હિંદી સાથે ગુજરાતી ભાષાનો ફરજિયાત ઉપયોગ કરવાનો રહેશે.

★ ખાનગી માલિકીના સાર્વજનિક સ્થળો જેવા કે સિનેમાગૃહ, નાટ્ય ગૃહ, બેન્કવેટ હોલ, સ્કૂલ, કોલેજ, સુપર માર્કેટ, શોપિંગ મોલ્સ, હોસ્પિટલ, હોટલ અને રેસ્ટોરન્ટ, કેફે, બેંક, પુસ્તકાલય, બગીચા જેવી જગ્યાએ લગાવેલા બોર્ડમાં અન્ય ભાષા સાથે ગુજરાતી ફરજિયાત રહેશે.

★ વિભાગના આદેશનું પાલન કરવાની જવાબદારી જે તે સરકારી કચેરીના ખાતાના વડાની રહેશે. એ ઉપરાંત જે તે મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તા મંડળોની કચેરી અને તેમના હસ્તકના મકાનો કે તેમના દ્વારા સંચાલિત બાગ-બગીચામાં સાઈનબોર્ડ, સૂચના, માહિતી વિ. ફરજિયાત ગુજરાતીમાં જ હોય તે માટે મ્યુનિસિપલ કમિશનર અને મુખ્ય કારોબારી અધિકારીએ કામગીરી કરવાની રહેશે.

## TMC સાંસદ મહુવા મોઇત્રાની ટીપ્પણીથી જૈન સમાજ નારાજ

લોકસભા સત્ર દરમિયાન ટી.એમ.સી.ના મહિલા સાંસદ મહુઆ મોઈત્રાએ જૈન યુવાઓ વિશે કરેલી ટીપ્પણીથી દેશ-વિદેશમાં વસતા જૈન સમાજમાં ભારે નારાજગી વ્યાપી છે. આ અંગે સાણંદ ખાતે પ્રખર પ્રવચનકાર જૈનાચાર્ય પૂજ્ય નયપદ્મસાગરજી મ.સા.એ પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે સંસદની પવિત્રતાને કલંકિત કરવાનો અધિકાર પ્રજાએ કોઈ સંસદસભ્યને આપ્યો નથી. જૈન ધર્મ વિશે ટીપ્પણી આપતા પહેલાં સાંસદે જૈન ધર્મના અહિંસાના સિદ્ધાંતોનું અધ્યયન કરવાની જરૂર હતી. આ ઉપરાંત પદ્મવિભૂષણ જૈનાચાર્ય વિજય રત્નસુંદરસૂરીજી મહારાજ સાહેબે જણાવ્યું હતું કે જેમ ગંગાની ઓળખ તેની પવિત્રતા માટે છે તેમ જૈન ધર્મની ઓળખ તેના અહિંસાના સિદ્ધાંતો માટે છે. તેથી જૈન અગ્રણીઓ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી માંગણી કરવામાં આવી છે કે સાંસદની અભદ્ર ટીપ્પણી લોકસભાના રેકર્ડમાં દૂર કરવામાં આવે અને સાંસદ મહુઆ મોઈત્રા દ્વારા માફી માંગવામાં આવે.

## જૈન લગ્નોત્સુક યુવક-યુવતીઓની માહિતી...

વર્તમાન સમયમાં વિભક્ત કુટુંબ, શહેરીકરણ, શિક્ષણ તથા અર્થોપાર્જન માટે પરદેશગમન વગેરે જેવા અનેક વિપરીત પરિબળોને ધ્યાને લઈને જૈન લગ્નોત્સુક યુવક-યુવતીઓના મા-બાપને પોતાના સંતાનોના વિવાહ કરાવવામાં સરળતા રહે તે હેતુથી 'જીતો' અમદાવાદ ચેપ્ટર દ્વારા "જીતો ગ્લોબલ મેટ્રિમોની એપ" લોન્ચ કરવામાં આવેલ છે.

વધુ માહિતી માટે : Wa.me/+91 75750 76500 ઉપર 'Hi' ટાઈપ કરો. રજિસ્ટ્રેશન કરવા માટે.... Android & IOS App Link : https://tinyurl.com/jitoMatrimony2021

વિશ્વના કોઈપણ ખૂણેથી જૈન લગ્નોત્સુક યુવક-યુવતીઓ આ એપ પર રજિસ્ટર થઈ, પોતાના માટે સુયોગ્ય જીવનસાથી પસંદ કરી શકે છે, એમ જીતોની એક યાદીમાં જણાવાયું છે.

## આઝાદીનો અમૃત મહોત્સવ
## નેશનલ હેલ્પલાઇન ફોર સિનિયર સિટીઝન

રાજ્યના વરિષ્ઠ નાગરિકોની સહાનુભૂતિપૂર્વકની સેવા તેમના સુખી અને સ્વસ્થ વૃદ્ધત્વ માટે સુવિધા તમામ માહિતી અને મદદ માટેની હેલ્પલાઈન : ટોલ ફ્રી નંબર : ૧૪૫૬૭ *(અઠવાડિયામાં ૭ દિવસ ● સવારના ૮ થી રાત્રીના ૮ વાગ્યા સુધી)*

★ **માહિતી :** વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય જાગૃતિ, નિદાન, સારવાર, વૃદ્ધાશ્રમ, ડે કેર સેન્ટર.

★ **માર્ગદર્શન :** કાનૂની સલાહ તથા વૃદ્ધોની સમસ્યાઓનું નિરાકરણ.

★ **યોજનાકીય લાભો :** વયસ્કો માટેની વિવિધ યોજનાઓ હેઠળ મળતા લાભોનું માર્ગદર્શન.

★ **ભાવનાત્મક ટેકો :** પીડિત, ગૂમ થયેલા, ત્યજી દેવાયેલા વૃદ્ધોની સંભાળ, ઘરવિહોણા અને વરિષ્ઠ નાગરિકોના બચાવની કામગીરીનું સંકલન.

## હેમરાજ શાહ સંબંધી પુસ્તકનું વિમોચન થયું

સૂચિતા બોઘાણી કનર લિખિત હેમરાજ શાહની આત્મકથાનું મરાઠી પુસ્તક 'હેમરાજ શાહ : સંઘર્ષમય જીવનાચી સફર' અને અંગ્રેજી પુસ્તક 'લાઈફ જર્ની ઓફ હેમરાજ શાહ' પુસ્તકનું વિમોચન મહારાષ્ટ્રના પર્યાવરણ મંત્રી આદિત્ય ઠાકરેએ મુંબઈમાં વર્ષા બંગલા ખાતે તાજેતરમાં કર્યું હતું. થોડા દિવસ પહેલાં ગુજરાતી પુસ્તક 'હેમરાજ શાહ : જીવન એક સફર' પુસ્તકનું વિમોચન દિલીપ જોશીએ કર્યું હતું.

## રાજકોટ ખાતે સાહિત્ય સેતુ દ્વારા જાણીતા સર્જકોનું સન્માન
## જે સર્જકોની કૃતિઓ 'મંગલ મંદિર'માં પણ પ્રકાશિત થાય છે...

સાહિત્ય સેતુ સંસ્થા - રાજકોટ દ્વારા તાજેતરમાં "માતૃભાષા દિવસ" નિમિત્તે એક વિશેષ કાર્યક્રમનું આયોજન થયું હતું.

આપણી માતૃભાષા ગુજરાતી માટે જાગરૂકતા વધે, આજના સમયે ઘર, ઓફિસ વગેરે સ્થળોએ જે રીતે અંગ્રેજી કે ગુજરાતી સિવાયની ભાષામાં વાતચીત કરવાનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે અન્ય ભાષાનું જ્ઞાન જરૂરી છે તેમ ગુજરાતી ભાષાનું મહત્ત્વ જળવાઈ રહે તે પણ ખૂબ જ જરૂરી છે. આ પ્રકારના હેતુસર ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન થયું હતું. કાર્યક્રમ દરમિયાન ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત ત્રણ સર્જક – પત્રકાર-લેખક બાલેન્દુશેખર જાની; કવિ-લેખક નટવર આહલપરા; તથા કવયિત્રી હર્ષિદા ત્રિવેદીનું ખાસ અભિવાદન કરવામાં આવ્યું હતું. અત્રે નોંધનીય છે કે, આ સર્જકોની કૃતિઓ સામયિક 'મંગલ મંદિર'માં પ્રસંગોપાત પ્રકાશિત થતી હોય છે. ■

# આંજો કાગર

### આંખ તથા મનને પરિતોષ આપી રહે તેવી વાંચન સામગ્રી એટલે 'મંગલ મંદિર'

'મંગલ મંદિર'ના એક એકથી ચડિયાતું સાહિત્ય પીરસતા અંકો મળે છે. મુખપૃષ્ઠથી શરૂ કરીને અંત સુધીની વાંચન સામગ્રી આંખ તથા મનને પરિતોષ આપી રહે છે.

સામાજિક તથા રાષ્ટ્રીય તહેવારો વિષયક મુખપૃષ્ઠ તથા લેખો, ચિંતન, કાવ્યો વગેરે 'મંગલ મંદિર'નું વિશેષ નજરાણું બની રહે છે, એમ કહીએ તો ખોટું નથી જ.

ઉપરાંત સિધ્ધહસ્ત સર્જકોનાં લેખો, રચનાઓ તો સામેલ હોય જ છે. સાથે સાથે નવા ઉગતા કલમ-સર્જકો અને કવયિત્રી સર્જકોનો પણ 'મંગલ મંદિર'માં સમાવેશ : આ આપની સાહિત્ય - સર્જન - સતર્કતાનો અનુપમ પરિચય આપી રહે છે. દરેક સર્જકોનો નામોલ્લેખ કરવા બેસું તો પત્ર લાંબો થઈ જાય. પણ એ સૌ અભિનંદનના અધિકારી તો છે જ કારણકે એમના સર્જનમાં ઉંડાણ સાથે મંગલકારી સંદેશ પણ સમાયેલો હોય છે.

કંઈક નવું, પ્રેરણાદાયી અને પૌરાણિક પાત્રો વિષયક સાહિત્ય પીરસવાનું આપનું દૃષ્ટિબિંદુ દાદ માંગી લે એવું છે. જેના કારણે સર્જકો તથા વાચકોમાં નવી રસવૃત્તિ કેળવાય છે અને અનભિજ્ઞ પાસાંઓ વિશે જાણવા મળે છે.

ફરી એકવાર આપશ્રીઓને મારા હાર્દિક અભિનંદન તથા અંતરની શુભેચ્છાઓ પાઠવી વિરમું છું.

*હરીશ પંડ્યા - ભાવનગર*
*મો. ૯૪૨૮૪ ૦૧૬૨૭*

★

### રોચક અને માહિતીસભર લેખો : 'મંગલ મંદિર'

સમસ્યાને પણ પડકાર માની ઝીલી લીધી અને 'મંગલ મંદિર'ના અંક અખંડપણે ચાલુ રાખ્યા તે ગૌરવની વાત છે. કોરોના મહામારીને લીધે પ્રિન્ટ મીડિયાના નિભાવ સાથે દ્રઢપણે સ્થાન જાળવી રાખ્યું હોય એને એક વાચક તરીકે સન્માનવું ઘટે. અમને રોચક અને માહિતીસભર લેખો પીરસવા બદલ 'મંગલ મંદિર' મેગેઝિન પરિવારનો ખૂબ ખૂબ આભાર.

*ડૉ. પૂર્વી ગોસ્વામી - ભુજ, કચ્છ*
*મો. ૯૮૨૫૭ ૯૨૦૪૮*

*સત્યથી ધર્મનું, સતત અભ્યાસથી વિદ્યાનું, સાદગી અને સુઘડતાથી સૌંદર્યનું અને સદ્‌ગુણોથી કુળનું રક્ષણ થાય છે.*

# કચ્છ દર્શન — સમાચાર સંક્ષિપ્તમાં

- **મુમુક્ષુ કરિશ્માબેનના દીક્ષા મહોત્સવનું શ્રીગણેશ :** બાડમેર નિવાસી લીલાદેવી માંગીલાલજી બોહરાના સુપુત્રી મુમુક્ષારત્ના કુમારી કરિશ્માબેનની દીક્ષા તા. ૩૦-૦૩-૨૦૨૨ના રોજ માંડવી મુકામે નક્કી થઈ છે. અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.ના વરદ્ હસ્તે પ્રવજ્યાનાં દાન (દીક્ષા) આપવામાં આવશે. માંડવી ખાતે અચલગચ્છ સંઘમાં તા. ૨૧-૨-૨૦૨૨ના દીક્ષા મહોત્સવનું શ્રીગણેશ થયું હતું.

- **શ્રી વિશા ઓસવાળ જૈન ગૂર્જર જ્ઞાતિ, ભુજ — કોરોના વેક્સિનેશન કેમ્પ :** શ્રી વિશા ઓસવાળ જૈન ગૂર્જર જ્ઞાતિ - ભુજ દ્વારા સમસ્ત જૈન સમાજ માટે સતત છઠ્ઠી વખત જૈન વંડામાં કોરોના વેક્સિનેશન કેમ્પનું આયોજન તા. ૧૬-૧-૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ વર્ષથી ઉપરના લોકો માટે બુસ્ટર ડોઝ, અન્ય માટે પ્રથમ કે બીજા ડોઝનું આયોજન થયું હતું. સમસ્ત સમાજમાંથી આશરે ૨૫૦ જેટલા લોકોએ આ કેમ્પમાં વેક્સિનેશન કરાવ્યું હતું.

- **ભુજ ખાતે શ્રી વિશા ઓસવાળ જૈન ગૂર્જર જ્ઞાતિની મહિલાઓ માટે નિઃશુલ્ક મેમોગ્રાફી તથા સોનોગ્રાફી કેમ્પનું આયોજન થયું :** ભુજમાં શ્રી વિશા ઓસવાળ જૈન ગૂર્જર જ્ઞાતિ હેઠળના મહિલા મંડળના ઉપક્રમે દાતાશ્રીઓના આર્થિક યોગદાનથી તાજેતરમાં મહિલાઓ માટે મેમોગ્રાફી તથા સોનોગ્રાફી કેમ્પનું આયોજન થયું હતું. જેમાં ૧૬૬ મહિલાઓએ લાભ લીધો હતો. ૧૬ દિવસના આ કેમ્પના અગાઉ પ્રશ્નોત્તરી અને વાર્તાલાપનું પણ આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં મહિલાઓએ સ્વાસ્થ્ય અને બ્રેસ્ટ કેન્સર સંબંધી પોતાના પ્રશ્નોનું ડોક્ટર પાસે નિરાકરણ કર્યું હતું. સ્વ. પ્રભાબેન હરિલાલ માવજી શાહ તથા ડૉ. ધીરજ હરિલાલ શાહના આર્થિક યોગદાનથી ઉપરોક્ત કેમ્પનું આયોજન થયું હતું. મહિલા મંડળના પ્રમુખ રેશમા મૂકેશભાઈ ઝવેરીએ કેમ્પમાં ઉપસ્થિત સર્વેનું ભાવભીનું સ્વાગત કર્યું હતું.

- **કચ્છ - સામખિયારીની ફેક્ટરીમાં છુપાયેલ... :** બેંક ઓફ ઇન્ડિયા સાથે ૬૩૨ કરોડ રૂપિયાનું કૌભાંડ આચરવાના કેસમાં સી.બી.આઈ.એ એક કંપનીના માલિકના બંગલામાં તાજેતરમાં દરોડો પાડ્યો હતો. સર્ચ દરમિયાન દારૂની બોટલો, રદ થયેલી જૂની ચલણી નોટો મળી આવતા વસ્ત્રાપુર પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી. ગુના આચરીને છુપાઈ જવાની શાહમૃગ નીતિ અખત્યાર કરનાર એક મહિના સુધી કચ્છના સામખિયારી ખાતે આવેલી પોતાની કંપનીમાં જ છુપાઈ ગયેલ, તેમ પોલીસનું કહેવું છે. જો કે, પોલીસની ભીંસ વધતાં છુપાયેલ વ્યક્તિ પોલીસ સ્ટેશનમાં જાતે હાજર થયેલ.

- **વિમાને મુંબઈથી એન્જિન કવર વિના ભુજ માટે ટેક ઓફ કર્યું :** તા. ૦૯-૦૨-૨૦૨૨ના રોજ મુંબઈથી ભુજ જતું એલાયન્સ એરલાઈન્સનું વિમાન તેનાં એન્જિન કવર વિના જ ટેક ઓફ કરી ગયું હતું. આ કવર એરપોર્ટના રનવે પરથી મળી આવ્યું હતું. વિમાનમાં ૭૦ પ્રવાસીઓ હતા. એરલાઈન્સ દ્વારા દાખવાયેલી બેદરકારી બદલ ડીજીસીઆઈએ તપાસનો આદેશ આપ્યો હતો. એલાયન્સના વિમાને જો કે ભુજમાં સુરક્ષિત ઉતરાણ કર્યું હતું.

- **શક્તિસિંહ ગોહિલની રાજ્યસભામાં રજૂઆત : કચ્છી ભાષાને સંવિધાનની આઠમી સૂચિમાં સમાવેશ કરો :** સાંસદ શક્તિસિંહ ગોહિલે તાજેતરમાં રાજ્યસભામાં ઝીરો અવર્સમાં એવો મુદ્દો ઉઠાવ્યો હતો કે, કચ્છી ભાષા એ એવી ઈન્ડો આર્યન ભાષા છે જે કચ્છ સિવાય અમેરિકા, ઈંગ્લેન્ડ, સાઉથ આફ્રિકા, કોંગો સહિતના અન્ય દેશોમાં બોલાય છે. ભારત સહિત વિશ્વમાં જ્યાં કચ્છીઓ વસ્યા છે ત્યાં કચ્છી ભાષા લાખો લોકો દ્વારા બોલાય છે. કચ્છ, એ એવો પ્રદેશ છે જ્યાં સફેદ રણ ઉપરાંત ધોળાવીરા - હડપ્પન વિરાસત જોવા માટે હજારો પ્રવાસીઓ આવે છે. કચ્છવાસીઓની ભાવના છે કે, કચ્છી ભાષાને સંવિધાનની આઠમી સૂચિમાં સમાવાય. આ મામલે અનેકવાર રજૂઆતો પણ કરવામાં આવી છે. સાંસદ શક્તિસિંહ ગોહિલે આ રજૂઆત કરતાં રાજ્યસભાના સ્પીકર વૈંકેયા નાયડુએ એવી હળવી ટકોર કરી હતી કે, 'હાઉ આર યુ?'ને કચ્છી ભાષામાં બોલો... ત્યારે શક્તિસિંહ બોલ્યા કે, 'કીં અયો?' આ સંવાદને પગલે સંસદમાં હળવું હાસ્ય સર્જાયું હતું.

- **બીએસએફ કમાન્ડોની ટીમનું કચ્છમાં સર્ચ ઓપરેશન :** કચ્છના ક્રીક વિસ્તારમાં આવેલા હરામી નાળામાં પાકિસ્તાનના ઘૂસણખોરો તથા બી.એસ.એફ. વચ્ચે છેલ્લા કેટલાક સમયથી જબરદસ્ત ઓપરેશન ચાલતું હોવાના

કારણે બી.એસ.એફ.ના ગુજરાતના વડા આઈ.જી.એસ. મલિક તાજેતરમાં ગાંધીનગરથી સીધા હરામીનાળાના ઓપરેશન સ્થળે પહોંચી ગયા હતા. જ્યાં પાકિસ્તાનની માછીમારો સાથે બોટ મોટા પાયે પકડાઈ છે. એટલું જ નહીં, બી.એસ.એફ. દ્વારા ભારતીય એરફોર્સના હેલિકોપ્ટરની મદદ વડે સશસ્ત્ર કમાન્ડોની જુદી જુદી ત્રણ ટીમો પણ હરામીનાળાના વિસ્તારમાં ઉતારવામાં આવી હતી. ગાંધીનગર બી.એસ.એફ. વડામથકે પણ એલર્ટ જારી કરી દેવામાં આવેલ છે.

- **કચ્છમાં ભેદી ધડાકાથી ફફડાટ :**
  કચ્છની ધરતી તાજેતરમાં ફરી વધુ ધરતીકંપના આંચકાના પગલે ધ્રુજી ઉઠી હતી. તે દરમિયાન વાગડના રાપરથી ૧૬ કિલોમીટર દૂર કેન્દ્રબિંદુ ધરાવતા ૩.૧ની તીવ્રતાનો આફટરશોક અનુભવાયો હતો. જો કે આ વિસ્તારમાં આવતા વારંવાર આફટરશોકના આંચકાના કારણે લોકોએ ખાસ ગંભીરતા લીધી ન હતી પરંતુ ત્યારબાદ એક જોરદાર અવાજ સાથે ધડાકો સંભળાયો હતો. તેથી લોકોને ૨૦૦૧નો ભૂકંપ યાદ આવી ગયો હતો. ગાંધીધામથી લઈને અંજાર સુધી એ ધડાકો સંભળાયો હતો.

- **કચ્છમાં પ્રાચીન પરંપરા જીવિત : રાજ્યપાલ :**
  ગુજરાત રાજ્યના રાજ્યપાલ દેવવ્રત આચાર્યએ પાંચ હજાર વર્ષ જૂની સિંધુ ખીણની સંસ્કૃતિના જીવંત ઉદાહરણ સમાન કચ્છમાં ધોળાવીરા ઉત્ખનન સાઈટ અને મ્યુઝિયમની તાજેતરમાં મુલાકાત લીધી હતી. ભારત - પાકિસ્તાન સરહદ ઉપર ભચાઉના છેવાડાના ગામોની પણ મુલાકાત લઈને ત્યાંના લોકોને મળ્યા હતા. તેમણે કહ્યું હતું કે આ ગામડાંઓમાં આજે પણ વિશ્વની પ્રાચીન પરંપરા જીવિત છે. ધોરડો અને ધોળાવીરાને જોડતો નવો વિકાસ માર્ગ તૈયાર થઈ રહ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. ધોળાવીરા સાઈટને યુનેસ્કો દ્વારા વૈશ્વિક ધરોહર જાહેર કરાઈ છે.

- **ડ્રગ્સનો જથ્થો કચ્છ મોકલવામાં આવી રહ્યો હોવાની પ્રાથમિક વિગતો :**
  ઈન્ડિયન નેવી અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની ટીમે ૭૬૩ કિલો ડ્રગ્સ કે જેની કિંમત અંદાજે ૨૦૦૦ કરોડ રૂપિયા થવા જાય છે, તેનું કન્સાઈનમેન્ટ તાજેતરમાં પોરબંદર પાસે મધદરિયે વેસલમાંથી પકડી પાડ્યું હતું. ડ્રગ્સનો જથ્થો કચ્છ તરફ મોકલવામાં આવી રહ્યો હોવાની પ્રાથમિક વિગતો વચ્ચે આ જથ્થો ભારતમાં જ ઠાલવવાનો હતો કે ટ્રાન્ઝિટ પોઈન્ટ તરીકે ઉપયોગ કરવાનો હતો તે અંગે તપાસ ચાલુ હોવાનું જાણવા મળ્યું હતું.

- **સાણંદ પાસે રૂા. ૧૨.૬૫ લાખની લૂંટ કરનાર ભુજની ગેંગ ઝડપાઈ :**
  રાજસ્થાનના કિશનગઢના સોનીને સસ્તામાં સોનું આપવાની લાલચ આપીને અમદાવાદ બોલાવ્યા બાદ કારમાં જ બેસાડીને, માર મારીને રૂા. ૧૨.૬૫ લાખની રોકડની લૂંટ ચલાવનાર ગેંગના પાંચ સાગરિતોને અમદાવાદ ગ્રામ્યની એસ.ઓ.જી.એ રૂા. ૨૫.૪૭ લાખના મુદ્દામાલ સાથે તાજેતરમાં ઝડપી લીધા હતા. ઝડપાયેલા તમામ આરોપીઓ ભુજના રહેવાસી છે, તેવું તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું.

*(વર્તમાનપત્રોના આધારે)*




Impact of Digitalization and automation... Lollll






નોલેજ બેંક

# ગુજરાતી સાહિત્ય નોલેજ બેંક – (૧૦)

**(વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી)**



રમેશ પટેલ, લેખક-કવિશ્રી

- 'બિચારો બરજોર' અને 'કૂતરાની પૂંછડી વાંકી' નાટકના લેખક કોણ? (ડૉ. રતન રૂસ્તમજી માર્શલ)
- 'વ વાર્તાનો વ' અને 'કૂકડે.. કૂક' બાળ વાર્તાના સર્જક કોણ છે? (રક્ષાબહેન દવે)
- 'ગ્રામલક્ષ્મી', 'કોકિલા', 'ભારેલો અગ્નિ' અને 'દિવ્યચક્ષુ' નવલકથાના લેખક કોણ? (રમણલાલ વસંતલાલ દેસાઇ)
- 'ગૂર્જર સાહિત્યનો ઝરૂખો' પુસ્તકના સંપાદક કોણ છે? (નિરંજન હરિશંકર પંડ્યા)
- 'જનનીની જોડ સખી, નહીં જડે રે લોલ' કાવ્ય પંક્તિ કયા કવિની છે? (દામોદર બોટાદકર)
- 'પહાડ ઓગળતા રહ્યા' કાવ્ય સંગ્રહના કવિ કોણ છે? (ભાગ્યેશ જહા)
- 'સૂર્યનો દસ્તાવેજ' અને 'શબાબ' ગઝલ મુક્તક - સંગ્રહના કવિ કોણ છે? (બેન્યાઝ ધ્રોલવી)
- 'આભને આંબવાની મથામણ' — ગ્રંથના સર્જક કોણ છે? (બકુલા ઘાસવાલા)
- 'વનાંચલ' આત્મકથાના લેખક - કવિ કોણ છે? (જયંત પાઠક)
- 'નામરૂપ' નિબંધ સંગ્રહ કોનો છે? (અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ)
- 'નખશિખ' અને 'દિશા' ગઝલ સંગ્રહ કોના છે? (જવાહર બક્ષી)
- 'છ અક્ષરનું નામ' કાવ્ય સંગ્રહના અમરેલીના કવિ કોણ છે? (રમેશ પારેખ)
- 'ગુલબંકી' કાવ્યસંગ્રહ કયા કવિનો છે? (સુરેશચંદ્ર પંડિત)
- એસ. એસ. રાહીનું મૂળ નામ કયું છે? (શફક્કત સૈફુદ્દીન વર્ધાવાળા)
- ઇતિહાસ વિષય ગ્રંથોની સમીક્ષાઓ : 'ઇતિ-વૃત્ત'ના લેખક કોણ? (નરોત્તમ પલાણ)
- 'ગ્રંથની કેડીએ' વિવેચન સંગ્રહના લેખક કોણ છે? (રમેશ પટેલ)
- 'ચંપા અને કેળ' અને 'ઘૂઘવતા પૂર' વાર્તા સંગ્રહોના લેખક કોણ? (ચુનીલાલ મડિયા)
- સુરતથી પ્રગટ થતું માસિક 'હિંદુ મિલન મંદિર'ના તંત્રી કોણ છે? (સ્વામીશ્રી અંબરિશાનંદજી)
- ધાર્મિક માસિક 'પ્રજ્ઞાન નિર્ઝર'ના તંત્રી - સંપાદક કોણ છે? (ડૉ. બિપિન પટેલ - બારડોલી)
- 'વાંસને આવ્યા ફૂલ' નાટકના સર્જક કોણ? (ડૉ. દિનેશ ભટ્ટ)
- 'વતન વછોયા', 'ભીના સંગ્રહ' નવલકથાઓના લેખક કોણ? (દિગંત ઓઝા)
- 'અન્વય', 'તદ્‌ભવ', 'મીરાં', 'ક્ષણો ચિરંજીવી...' વિવેચન સંગ્રહોના લેખક કોણ? (હસિત બૂચ - વડોદરા)
- 'જાપાનની શિક્ષણ વ્યવસ્થા', 'અમેરિકાની શિક્ષણ વ્યવસ્થા'ના લેખક કોણ? (ઇશ્વરભાઈ પટેલ)
- 'ઝાકળમાં સૂરજ ઊગે', 'વિકલ્પ', '૯૯ લઘુકથાઓ'ના લેખક કોણ? (મોહનભાઈ બા. પટેલ)
- 'કેલિડોસ્કોપ ભાગ : ૧ થી ૪'ના લેખક કોણ? (મોહમ્મદ માંકડ)
- 'મોરપીંછ', 'આંબે આવ્યા મોર' — બાળ કાવ્ય સંગ્રહોના કવિ કોણ? (રાજેન્દ્ર શાહ)
- 'છેલ્લો કટોરો...' કાવ્ય ઝવેરચંદ મેઘાણીએ કોને ઉદ્દેશી લખ્યું હતું? (પૂ. ગાંધીજી)
- ગુજરાતી ભાષા કઈ ભાષામાંથી જન્મી છે? (સંસ્કૃત)
- જૈન સાહિત્યનો સમયગાળો કેટલો છે? (ઇ.સ. ૧૧૮૫થી ૧૪૧૪)
- 'ગરબા'ના સર્જક તરીકે કોણ કોણ છે? (વલ્લભ ભટ્ટ અને ધોળા ભટ્ટ)

*પ્રાંજલ', ૩૦, આનંદ વાટિકા સોસાયટી, સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫ ૦૦૯. ● મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*

## લઘુ કાવ્યો

કૂંડામાં
મન વાવ્યું કવિએ—
ઊગી ગઈઃ કવિતા!

રોજ સવારે ફૂલો
ગગનના ગાલ ઉપર
ટપલી મારી
પંખીઓને જગાડે.

*રમેશ પટેલ - સુરત ● મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*



કારકિર્દી

# સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ડિપ્રેશનથી બચવા શું કરશો?



હીરેન દવે

સ્પર્ધાત્મક પરીક્ષાના વિદ્યાર્થીઓ ખૂબ જ મોટા પાયે ડિપ્રેશનની સમસ્યાઓનો સામનો કરતાં જોવા મળ્યા છે. જ્યારે જૂજ બેઠકો માટે લાખો ઉમેદવારોની સ્પર્ધા હોય છે ત્યારે ખૂબ જ માનસિક દબાણ હેઠળ કામ કરવાનું થાય છે. ક્યારેક ધારી સફળતા મળતી ન હોય કે કુટુંબમાં માનસિક દબાણ હોય તો 'ડિપ્રેશન' જેવી સમસ્યાઓનો શિકાર બની શકાય છે. આવા સમયને કેવી રીતે સાચવી લેવો અને તેમાંથી બહાર નીકળી ફરી 'નોર્મલ' જીવનની શરૂઆત કરવી તેની ચર્ચા આપણે કરીશું.

ડિપ્રેશન એક એવી પરિસ્થિતિ છે કે જેમાંથી અનેક લોકો પસાર થાય છે. ૯૦% લોકો તેમાંથી રિકવર થઇને સાધારણ જીવન ટૂંકમાં શરૂ કરી શકે છે. પણ કેટલાક લોકો આ સમસ્યામાંથી સહેલાઇથી નીકળી શકતા નથી અને આલ્કોહોલ, વ્યસનો, ડ્રગ્સ જેવા રવાડે ચડી જાય છે. **'ડિપ્રેશન'નું મુખ્ય લક્ષણ 'નિષ્ક્રિયતા' છે. કોઈ પણ કામમાં રસ ન પડે.** અરૂચિ કે અભાવ આવી જાય અને નિષ્ક્રિય બેસી રહેવાય. આ પરિસ્થિતિ એકચક્રિય સ્થિતિનું નિર્માણ કરે છે. ડિપ્રેશન નિષ્ક્રિયતા પ્રેરે છે અને નિષ્ક્રિયતા વધુ ડિપ્રેશન લાવે છે. આ પરિસ્થિતિ નિવારવા સૌપ્રથમ એકલતામાંથી બહાર આવો. એકલતામાં મનુષ્યને અનેક નકારાત્મક વિચારો આવે છે અને તે વધુ નિરાશ થાય છે. આથી તમારા પરિવારના લોકોને મળો. જો હોસ્ટેલમાં કે દૂર રહેતા હોવ તો ફોન પર વાત કરો. મિત્રો સાથે વાત કરો. નકારાત્મક વિચારોમાંથી બહાર આવો.

ડિપ્રેશનમાંથી બહાર આવવાનો બીજો સરળ અને શ્રેષ્ઠ ઉપાય છે સૂર્યપ્રકાશ મેળવવો. **અભ્યાસથી એવું પુરવાર થાય છે કે સૂર્યપ્રકાશ ડિપ્રેશન દૂર કરવાની ક્ષમતા ધરાવે છે.** જે દેશોમાં સૂર્યપ્રકાશ ઓછો મળે છે તેમાં ડિપ્રેશન વધુ આવે છે. તમે તમારી જાતને દિલ પર હાથ મૂકી એક સવાલ પૂછો કે છેલ્લે સૂર્યોદય કે સૂર્યાસ્ત ક્યારે જોયો હતો? આપણે મોટાભાગે આપણા પોતાનામાં એટલા ઉલઝાયેલા હોઈએ છીએ કે વર્ષમાં ક્યારેક એકાદવાર પણ સૂર્યોદય કે સૂર્યાસ્ત જોતા હોતા નથી.

**ત્રીજો સરળ ઉપાય છે કે તમારી ગમતી પ્રવૃત્તિમાં મન પરોવો.** મૂવી જોવું, મ્યુઝિક સાંભળવું, ડાયરી લખવી, ચિત્ર દોરવું, પુસ્તક વાંચવું, લોંગ ડ્રાઈવ પર જવું વગેરે. ચાલવું એ પણ ડિપ્રેશન નિવારવાનો સારો વિકલ્પ માનવામાં આવે છે. અભ્યાસથી એવું પુરવાર થયેલ છે કે ચાલવાથી ડિપ્રેશનમાંથી આપોઆપ બહાર આવી શકાય છે અને નકારાત્મક વિચારો દૂર કરી શકાય છે.

ડિપ્રેશનથી બચવા આરોગ્યનું ધ્યાન રાખો. મોટાભાગના ડિપ્રેશનથી પીડાતા લોકોની ઊંઘ પૂરી હોતી નથી. સમયસર સૂવા ન મળે, **અનિંદ્રાથી પીડાતા લોકો ડિપ્રેશનનો શિકાર બને છે.** જો ૮ કલાક જેટલી નિયમિત ઊંઘ લેવામાં આવે તો ડિપ્રેશનથી બચી શકાય છે. ખોરાકમાં જંકફૂડ એવોઇડ કરવું જોઈએ. આપણે ત્યાં વિદ્યાર્થીઓમાં જંકફૂડનું પ્રમાણ ચિંતાજનક રીતે વધુ છે! ડિપ્રેશનના સમયમાં વધુ ગળી-ખાંડવાળી વસ્તુઓ ખાવાથી સુગરકીક મળે છે અને સારું લાગે છે. કોક પીવી કે કેડબરી કે ચોકલેટ ખાવી જોઈએ. વિટામિન-બી૧૨ની ઉણપથી પણ ડિપ્રેશન આવે છે. આથી બી-૧૨ વાળો ખોરાક ખાવો જોઈએ.

નેગેટિવ વિચારો છોડી પોઝિટિવ એપ્રોચ વિકસાવો. તમને જ્યારે અંદરથી ખૂબ જ નેગેટિવ વિચારો આવે ત્યારે તેને સ્થાને તમે જે કંઇ સારું કામ કર્યું છે તેને યાદ કરો. તમને સારું લાગશે. મારાથી પાસ નહીં થવાય તેવું ન વિચારો. ઘણી બધી તૈયારી બાકી છે, હું તો આ કામ ક્યારેય ન કરી શકું એવું ન વિચારો. તેને સ્થાને નાની નાની તૈયારીથી શરૂઆત કરો. નાના નાના કામ કરો તે પૂરા કરવાનો આનંદ અને સંતોષ થશે. જે વિષય ટફ લાગે છે તે પૂરો કરતાં તો ૬ મહિનામાં પણ નહીં થાય એવું ન વિચારો. આજે શું થઈ શકે તે વિચારો. જેમકે આજના દિવસમાં પ્રથમ કામ એ વિષયનું એક પુસ્તક તો ખરીદી શકાય! આમ કરવાથી ઘણું સારું લાગશે. નિષ્ક્રિયતામાંથી બહાર આવશો અને ડિપ્રેશનમાંથી રિકવર થઈ શકાશે!

આ ઉપરાંત યોગા, મેડિટેશનનો પ્રયોગ કરી શકાય. પરંતુ વ્યસનો, દારૂ કે ડ્રગ્ઝના રવાડે ક્યારેય પણ ચડવું નહીં! અનેક લોકો ડિપ્રેશનથી બચવા વ્યસનોને રવાડે ચડી નવી સમસ્યાઓ પેદા કરે છે! પણ જો આ બધું કર્યા બાદ પણ ડિપ્રેશનમાંથી બહાર ન આવી શકાય તો ડોક્ટરની સલાહ લઇ તરત જ દવા ચાલુ કરવી જોઈએ. અહીં ધ્યાન રાખવું કે પોતાની રીતે દવા ક્યારેય ન લેવી. ડોક્ટરની સલાહ લેવી અનિવાર્ય છે. **જોકે આપણે ત્યાં મોટાભાગના લોકો મનોચિકિત્સકની સલાહ લેવાનું પસંદ કરતા નથી. આ અભિગમ બદલવાની જરૂર છે.** અમેરિકામાં આખા દેશની વસતિના ૧૦% લોકો ડિપ્રેશન વિરોધી દવાઓનો ઉપયોગ કરે છે. ડિપ્રેશન આવવું એ નોર્મલ છે. બી કૂલ! દરેકને જીવનમાં ક્યારેક તો તેનો સામનો કરવો જ પડે છે. પરંતુ આવા સમયને યોગ્ય રીતે સાચવી ન લેવાય તો વ્યસનોનો ભોગ લોકો બને છે. આત્મહત્યાના પ્રયત્નો કરે છે. આ પરિસ્થિતિ નિવારવા પાણી આવે તે પહેલા પાળ બાંધી ડિપ્રેશન મેનેજ કરવું. ■

## NanoNine® શબ્દ રમત-૧૮૦

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | | ૫ | ૬ | | | | ૭ |
| ૮ | | | | | | ૯ | | | ૧૦ | | |
| ૧૧ | | | | | ૧૨ | | | | | | |
| | ૧૩ | | ૧૪ | ૧૫ | | | ૧૬ | | | ૧૭ | |
| ૧૮ | | | ૧૯ | | | | | | ૨૦ | | ૨૧ |
| | | ૨૨ | | | | ૨૩ | | | | ૨૪ | |
| | ૨૫ | | | | ૨૬ | | | | ૨૭ | | |
| ૨૮ | | ૨૯ | | ૩૦ | | | | ૩૧ | | | ૩૨ |
| | | ૩૩ | ૩૪ | | | | ૩૫ | | | ૩૬ | |
| ૩૭ | | | ૩૮ | | | ૩૯ | | ૪૦ | ૪૧ | | |
| | | ૪૨ | | | ૪૩ | | | | ૪૪ | | |
| | ૪૫ | | | ૪૬ | | | | ૪૭ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________________

સરનામું : ______________________________

______________________________ ફોન/મો. ______________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૩-૨૦૨૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. ઝેરી અધાર, ગલ મર્મ (૨)
૩. વસંત, હોળીના શૃંગારી ગીતો વખતે બોલાતા બોલ (૨)
૫. વાંસળી, મુરલી (૩)
૮. ગધેડો, લંબકર્ણ, વૈશાખ નંદન (૩)
૯. જગત, દુનિયા, વિશ્વ (૨)
૧૦. ગિરિજા, પાર્વતી (૩)
૧૧. સર્વ, બધું (હિંદી શબ્દ) (૨)
૧૨. દાણ ઉઘરાવનારો જકાત અધિકારી (૨)
૧૩. પાણીની સપાટી નીચે ચાલતી બોટ (૫)
૧૬. મહેક, ખુશ્બૂ (૪)
૧૯. લડાઈ (૩)
૨૦. સીતાજીના પિતા (૩)
૨૨. ભેદ, જાત (૩)
૨૩. આકૃતિ, ઘાટ (૩)
૨૪. ટપકવાનો અવાજ (૨)
૨૬. ઘટતી કિંમત કરવી તે (૩)
૨૭. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૨૮. ખાટું (૩)
૩૦. _____ તેવી અસર (૩)
૩૧. શાંતિ, સંયમ, ક્ષમા (૨)
૩૩. મિત્ર, ભાઈબંધ (૨)
૩૫. મડદું (૨)
૩૬. બંધી, નિષેધ (૨)
૩૭. આગલા દિવસનું રાંધેલું (૨)
૩૮. ઝાડ (૨)
૪૦. ગુસ્સો, રીસાવું તે (૨)
૪૨. પતિ, વરદાન (૨)
૪૩. વિદ્યા _____ થી શોભે (૩)
૪૪. શત્રુની છૂપી રીતે બાતમી જાણી લાવનાર (૩)
૪૫. કુંતિનો સૂર્યથી થયેલો પુત્ર (૨)
૪૬. અનિલ, વહેતો વાયુ (૩)
૪૭. વાટ, રાહ, ઘરડ (૩)

### ઊભી ચાવીઓ

૧. ગામનું રક્ષણ કરવાના બદલામાં આપેલી જમીન અથવા ઉચ્ચક રકમ (૩)
૨. રસથી પરિપૂર્ણ (૪)
૪. હાથી, માતંગ (૨)
૫. જમીનની માપણી (૩)
૬. નસ, વલણ, ધાબળો (૨)
૭. નિભાવ, નિર્વાહ (૩)
૧૦. પર્વતોનો રાજા (૪)
૧૨. મનનું વલણ, વૃત્તિ (૩)
૧૪. મંદ સ્મિત (૪)
૧૫. અંગ્રેજી વાંચનમાળાનું પાઠ્ય પુસ્તક (૩)
૧૬. વર્તુળ દોરવાનો કંપાસ (૪)
૧૭. નાના છોકરાની ગાડી, ઘંટનો અવાજ (૪)
૧૮. તાળવું (૨)
૨૧. રકાબી સાથે વપરાય (૨)
૨૩. _____ સે મજબૂર (૩)
૨૫. હિંમત (૨)
૨૬. મડદું દાટી, ઉપર કરેલું ચણતર (૩)
૨૭. ઈટાલીનું એક જાણીતું શહેર, રૂવું (૨)
૨૮. રવિવાર (૪)
૨૯. અનિમેષ નજર, મીટ, ટગર ટગર (૨)
૩૧. રામની પરમ ભક્ત સ્ત્રી (૩)
૩૨. વારાણસી (૪)
૩૪. જમીનને ફળદ્રુપ કરવા વપરાય, ચોરી (૩)
૩૯. ચિંતન, તર્ક-વિતર્ક (૩)
૪૧. જાગ્રત, સાવધાન (૩)
૪૨. રંગ, અક્ષર. (૨)

*આજે સ્વપ્નમાં પ્રભુ પધાર્યા અને એમણે મારા હાથમાં કારણદર્શક નોટીસ પકડાવી દીધી.*

*"આ જનમમાં મેં તને આંખ-કાન-જીભ-મન-સંપત્તિ-હૃદય વગેરે જે કાંઈ આપ્યું છે એ બધું મારે તને આવતા જનમમાં પણ શા માટે આપવું?"*

*મારું શરીર પસીનાથી રેબઝેબ છે. નોટીસનો શું જવાબ આપવો? – કશું જ સમજાતું નથી.*



ગેમ્સ ગેલેરી

# રંગો સે ભરે રંગીલે ગીતોં કી ગેમ



ભાવના એ. ઝવેરી

હોળીની ધમાલ-મસ્તી ચાલતી હોય, રંગ-ભાંગનો નશો હોય... મનભરીને માણતા હોઈએ... તેમાં પણ જો ગીત-સંગીત અને નાચ-ગાન થઈ જાય તો.. તો... તો... કેવી મજા પડી જાય... કેમ???

તમને બધાને ગમે તેવી ગીતોની મહેફિલની ગેમ છે.

રમનારની સંખ્યા પ્રમાણે... ૬, ૮, ૧૦ના ગ્રુપ બનાવી નાખો. બધાને થોડા થોડા અંતરે બેસાડી, ઢોલ... રંગ... તૈયાર રાખજો.

**કલુ :** એવા ગીતો... હોળીના નહીં... પણ જે ગીતની કડીમાં રંગ-કલરનું નામ આવે તેવા ગીત ગાવાના છે.

★ જે ગ્રુપ ગીત પ્રોપર ગાય તેને ૧ પોઇન્ટ.

★ રિપીટ ગીત ગાય તેનો ૧ પોઇન્ટ માઇનસ.

★ ખોટું ગીત ગાય તો ૧ પોઇન્ટ માઇનસ.

જ્યાં સુધી ગીતનો સ્ટોક પૂરો ન થાય ત્યાં સુધી ચાલુ રાખો...

તમારા માટે ગીતો આપેલ છે.

કિટી ગ્રુપમાં રમવા માટે : આ બધા ગીતની કડી લખીને રંગની જગ્યા ખાલી રાખો. બધાને તેની ઝેરોક્ષ અને પેન આપો. ટાઈમ લિમિટમાં તેમાં રંગના નામ લખવાના રહેશે. જે સૌથી વધારે લખશે તે વિનર.

આમ, આ ગેમ તમે બે રીતે રમી શકશો.

- **ગીતોના ઉદાહરણ :**

૧. **નીલે નીલે** અંબર પર ચાંદ જબ છા જાયે...
૨. **લાલ લાલ** હોઠોં પે ગોરી કિસકા નામ હૈ...
૩. **ગુલાબી** આંખે જો તેરી દેખી... શરાબી યે દિલ હો ગયા.
૪. એ **નીલે** ગગન કે તલે, ધરતી કા પ્યાર પલે...
૫. હમ **કાલે** હૈં તો ક્યા હુઆ, દિલવાલે હૈ...
૬. **નીલા** આસમાન સો ગયા...
૭. પાન **લીલું** જોયું ને તમે યાદ આવ્યા...
૮. મેરા જૂતા હૈ જાપાની, સર પે **લાલ** ટોપી રૂસી, ફિર ભી દિલ હૈ હિંદુસ્તાની...
૯. યે **લાલ** રંગ... કબ મુઝે છોડેગા...
૧૦. યે **કાલી કાલી** આંખે, યે ગોરે ગોરે ગાલ...
૧૧. **લાલ** દુપટ્ટા ઉડ ગયા રે હવા કે ઝોંકે સે...
૧૨. હમ પે યે કિસને **હરા** રંગ ડાલા...
૧૩. સરપે ટોપી **લાલ,** હાથમેં રેશમ કા રૂમાલ...
૧૪. હંસતા હુઆ નૂરાની ચહેરા, **કાલી** ઝુલ્ફે રંગ **સુનહરા** મેરી જવાની...
૧૫. રંગ દે તું મોહે **ગેરૂઆ...**
૧૬. દુલ્હેકી સાલીયોં... **હરે** દુપટ્ટે વાલીયોં...
૧૭. ગોરી હૈ કલાઈયાં... તું લા દે મુઝે **હરી હરી** ચૂડિયાં...
૧૮. ગોરે ગોરે મુખડે પે **કાલા કાલા** ચશ્મા...
૧૯. **કાલી** તેરી ચોટી હૈ પરાંબી તેરા **લાલ**...
૨૦. ઓ **લાલ** દુપટ્ટેવાલી તેરા નામ તો બતા...
૨૧. **લાલ** છડી મૈદાન ખડી, ક્યા ખૂબ લડી ક્યા ખૂબ લડી...

## NanoNine® શબ્દ રમત-૧૭૯નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિ | મા | ન | | સ | હ | વા | સ | | ત | સ | |
| ષ | | દી | પ | | વા | | જા | જ | ર | મા | ન |
| મ | હ | | ય | જ | મા | ન | | હાં | | ર | સી |
| | જ | લ | | | ન | મ | ણું | | ખો | | બ |
| ત | મ | | સ | | | ક | | મ | ફ | ત | |
| ર | | મ | ત | દા | ન | | શો | ક | | ક | વિ |
| ત | પ | | લ | બ | | ફુ | ર | સ | દ | | રા |
| | દ | હે | જ | | મા | | | દ | | ગ | મ |
| સ | | ત | | મ | ત | લ | બ | | ઢો | ર | |
| લા | જ | | રો | | મ | સ | લ | ત | | ક | દી |
| મ | હા | સા | ગ | ર | | બ | | જ | સ | | પ |
| | જ | ત | | વ | ર | સ | વું | | મ | જા | ક |

જેની પાસે પૈસા નથી એ દરિદ્ર તો જેની પાસે ઉદારતા નથી એ?

જેના શરીરમાં રોગો છે એ બીમાર તો જેના મનમાં દોષો છે એ?

જેની સમાજમાં કોઈ ખ્યાતિ નથી એ પછાત તો જેના જીવનમાં શુદ્ધિ નથી એ?

જેની પાસે દૃષ્ટિ નથી એ અંધ તો જેની આંખો વિકારી છે એ?

જેની પાસે સમજ ઓછી છે એ મંદબુદ્ધિ તો જેની સમજ વિકૃત છે એ?

જે નિયંત્રણોનો આગ્રહી છે એ રૂઢિવાદી તો જે નિયંત્રણોને ફગાવી જ બેઠો છે એ?

કશું જ સમજાતું નથી.

★

એમ તો મીઠાઈ વેચનારો પણ પૈસા કમાય છે અને ગુટખા વેચનારો પણ પૈસા કમાય છે. પરંતુ એ બંને વચ્ચે ફર્ક એટલો છે કે એક લોકોનું મોઢું મીઠું કરે છે જ્યારે બીજો લોકોને મોતની ભેટ ધરી દે છે.

મેં નક્કી કર્યું છે કે જીવન હું એવું તો નહીં જ જીવું કે જે બીજાને ગલત આલંબન આપનારું બની રહે. ભલે પછી એ જીવન કદાચ પ્રસન્નતાસભર હોય કે મસ્તીસભર હોય!

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૩૮અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૩-૨૦૨૨ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૩૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | | 2 | | 7 | 3 | | 9 |
| | | 2 | 1 | | | | | |
| 7 | 6 | | 8 | | | | 1 | 2 |
| | | 8 | | 1 | | | 2 | 4 |
| 2 | | 6 | | 3 | | | | 1 |
| | 5 | | | 2 | 8 | 6 | | |
| 9 | | 3 | | | 1 | | 4 | 5 |
| | 1 | | | 8 | 2 | 7 | 9 | |
| 6 | | 7 | 5 | | 4 | | 3 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 5 | | 7 | | | | | 4 |
| | 4 | | 3 | 1 | 9 | | | 8 |
| | | 2 | | | | 3 | 6 | |
| | | | 5 | | 2 | | | 1 |
| | 1 | 4 | | | | 9 | 8 | |
| 9 | | | 8 | | 1 | | 5 | |
| | 6 | 1 | | 3 | | 8 | | |
| 2 | | | 9 | 8 | 7 | | 1 | |
| 7 | | | | 6 | 4 | | 3 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | 4 | 5 | | 6 | | | 1 |
| | | | | 1 | | | 7 | 4 |
| 5 | | 2 | 7 | | | 8 | | |
| | 4 | | 8 | | | 2 | | 5 |
| | 5 | | | 6 | | | 4 | |
| 6 | | 1 | 4 | | 2 | | 3 | |
| | | 7 | | | 3 | 9 | | 2 |
| 4 | 3 | | | 2 | | | | |
| | | 9 | 6 | | 5 | 4 | | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | | 2 | | | 9 | | 6 | |
| | 1 | | | 6 | 2 | 5 | 9 | |
| 6 | | 9 | | | 5 | | | 1 |
| | | 1 | 2 | 3 | | | 8 | |
| 9 | | 7 | | | | | | 6 |
| | 4 | | | 9 | 7 | 1 | 5 | |
| 1 | | | 9 | | | 8 | | 5 |
| | 9 | 5 | 4 | 7 | | | 1 | |
| | 3 | | 8 | | | 6 | | 9 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૩૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 1 | 9 | 8 | 6 | 5 | 2 | 4 | 3 |
| 3 | 8 | 5 | 4 | 1 | 2 | 6 | 7 | 9 |
| 4 | 2 | 6 | 9 | 7 | 3 | 5 | 1 | 8 |
| 2 | 3 | 7 | 1 | 5 | 6 | 9 | 8 | 4 |
| 8 | 5 | 1 | 3 | 4 | 9 | 7 | 2 | 6 |
| 9 | 6 | 4 | 7 | 2 | 8 | 1 | 3 | 5 |
| 1 | 9 | 3 | 6 | 8 | 7 | 4 | 5 | 2 |
| 5 | 4 | 8 | 2 | 9 | 1 | 3 | 6 | 7 |
| 6 | 7 | 2 | 5 | 3 | 4 | 8 | 9 | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 8 | 6 | 3 | 1 | 7 | 5 | 9 | 4 |
| 7 | 5 | 1 | 8 | 4 | 9 | 3 | 6 | 2 |
| 3 | 4 | 9 | 6 | 5 | 2 | 1 | 7 | 8 |
| 1 | 9 | 8 | 5 | 7 | 6 | 2 | 4 | 3 |
| 4 | 6 | 2 | 9 | 3 | 1 | 8 | 5 | 7 |
| 5 | 7 | 3 | 2 | 8 | 4 | 9 | 1 | 6 |
| 9 | 1 | 4 | 7 | 2 | 3 | 6 | 8 | 5 |
| 6 | 2 | 5 | 4 | 9 | 8 | 7 | 3 | 1 |
| 8 | 3 | 7 | 1 | 6 | 5 | 4 | 2 | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 7 | 8 | 6 | 3 | 5 | 1 | 4 | 2 |
| 3 | 6 | 2 | 9 | 4 | 1 | 5 | 8 | 7 |
| 1 | 5 | 4 | 2 | 7 | 8 | 6 | 3 | 9 |
| 4 | 9 | 6 | 3 | 1 | 2 | 7 | 5 | 8 |
| 5 | 8 | 3 | 7 | 9 | 6 | 2 | 1 | 4 |
| 2 | 1 | 7 | 5 | 8 | 4 | 9 | 6 | 3 |
| 7 | 3 | 1 | 8 | 5 | 9 | 4 | 2 | 6 |
| 8 | 2 | 5 | 4 | 6 | 7 | 3 | 9 | 1 |
| 6 | 4 | 9 | 1 | 2 | 3 | 8 | 7 | 5 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 8 | 3 | 1 | 5 | 6 | 9 | 2 | 7 |
| 5 | 9 | 1 | 2 | 7 | 4 | 3 | 6 | 8 |
| 7 | 2 | 6 | 3 | 8 | 9 | 4 | 5 | 1 |
| 6 | 1 | 2 | 9 | 3 | 7 | 8 | 4 | 5 |
| 3 | 7 | 9 | 5 | 4 | 8 | 2 | 1 | 6 |
| 8 | 4 | 5 | 6 | 2 | 1 | 7 | 3 | 9 |
| 2 | 5 | 8 | 7 | 6 | 3 | 1 | 9 | 4 |
| 1 | 6 | 4 | 8 | 9 | 2 | 5 | 7 | 3 |
| 9 | 3 | 7 | 4 | 1 | 5 | 6 | 8 | 2 |

Nano 9® kitchenware in new avatar

NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!

Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# માહિતી

## પ્રાણવાયુ : ઓક્સિજન

ઓક્સિજન રંગ અને ગંધ વિનાનો વાયુ છે. સજીવ સૃષ્ટિ શ્વાસ દ્વારા હવામાંથી ઓક્સિજન મેળવીને જીવે છે. આ ઉપરાંત ઘણા ઉદ્યોગો, વિજ્ઞાનના સાધનોમાં તે ઉપયોગી છે. સ્ટીલ બનાવવાની ભઠ્ઠીમાં, વેલ્ડિંગની જ્યોતમાં તેનો ઉપયોગ જાણીતો છે. ઓક્સિજન માઇનસ ૧૮૩ ડિગ્રીએ ઠરીને ભૂરા રંગનું પ્રવાહી બને છે. તેનો ઉપયોગ રોકેટના ઇંધણ તરીકે થાય છે.

ઓક્સિજન પૃથ્વી પર પુષ્કળ માત્રામાં છે. પૃથ્વીના ઉત્પત્તિકાળથી તેનું અસ્તિત્વ છે. પરંતુ તેની ઓળખ ઇ.સ. ૧૭૭૪ જોસેફ પ્રિસ્ટલી નામના વિજ્ઞાનીએ કરાવેલી. લેવોઇઝિયટ નામના વિજ્ઞાનીએ તેનું નામ 'ઓક્સિજન' રાખેલું. ગ્રીક ભાષામાં 'ઓક્સિ' એટલે ખાટું કે એસિડ અને 'જીનસ' એટલે પેદા કરવું. વિજ્ઞાનીઓ માનતા હતા કે દરેક એસિડ પેદા કરવામાં ઓક્સિજન જરૂરી છે. તેથી તેનું આ નામ પડ્યું. ૧૯૦૧માં વેલ્ડિંગની શોધ થઇ. ૧૯૨૩માં અમેરિકાના રોબર્ટ ગોડાર્ડે પ્રથમવાર ઓક્સિજનનો ઉપયોગ કરી રોકેટ ઉડાવેલું. હવામાંથી ક્રાયોજેનિક ડિસ્ટિલેશન પદ્ધતિથી ઓક્સિજન છૂટો પાડી શકાય છે. આ ઓક્સિજન હોસ્પિટલોમાં ઉપયોગમાં આવે છે.

પૃથ્વીના વાતાવરણની સૂકી હવામાં ૨૧ ટકા ઓક્સિજન હોય છે. ઓક્સિજન જ્વલનશીલ વાયુ નથી પરંતુ તેની હાજરી અન્ય જ્વલનશીલ પદાર્થોને ઉત્તેજન આપે છે. સળગવાની ક્રિયામાં ઓક્સિજનની હાજરી જરૂરી છે. પૃથ્વીના પેટાળમાં સિલિકોન, એલ્યુમિનિયમ, લોખંડ, કેલ્શિયમ અને ઓક્સિજનનો સૌથી વધુ જથ્થો છે.

## સબમરીનની ડૂબકી

સબમરીન દરિયાના તળિયે ચાલતું વાહન છે. આગળ પાછળ ગતિ કરવા માટે તેમાં અણુશક્તિ કે ડિઝલના એન્જિનનો ઉપયોગ થાય છે અને જહાજની જેમ પ્રોપેલરથી જ ચાલે છે. સબમરીનને વધારાનું એક કામ પણ કરવાનું હોય છે. જરૂર પડે ત્યારે દરિયાની સપાટી પર આવવાનું અને જરૂર પડ્યે ડૂબકી મારવાનું. આ કામ માટે તેમાં વધારાની પણ સાદી રચના હોય છે. સબમરીનમાં વિશાળ કદની ટાંકીઓ હોય છે. તેમાં હવા હોય છે. ટાંકી ખાલી હોય ત્યારે સબમરીન સપાટી પર તરે છે. જેમ જેમ પાણી ભરાય તેમ સબમરીનનું વજન વધે અને તે ડૂબવા લાગે. ઇચ્છિત ઊંડાઈએ પહોંચ્યા પછી પાણી ભરાવાનું બંધ કરાય છે. ટાંકીમાં કેટલું પાણી ભરવાથી કેટલી ઊંડાઈએ જવાય તેની ગણતરી કરી ચાર્ટ તૈયાર કરાય છે અને તેના આધારે સંચાલન થાય છે. ■

---

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## "Saksham" – A KJSS Counselling Centre

વર્ષ ૨૦૧૯-૨૦૨૧ દરમિયાન ધોરણ ૯ થી ૧૨માં ભણી રહેલાં બાળકોને માટે લીડરશીપ વર્કશોપનું બે વાર આયોજન કરેલ હતું. 'સક્ષમ-૧'ના વિદ્યાર્થી મિત્રોએ તેમને જે ફાયદા થયા, તે વર્ણવવા માટે તા. ૧૩-૦૨-૨૦૨૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાખેલ એક નાનકડી મીટિંગમાં નીચે મુજબ રજૂઆત કરેલ હતી.

★ **દેવ દીપભાઈ શાહ** : મારી યાદ શક્તિ વધી છે. વાંચવાનું યાદ રાખવું સરળ બન્યું છે.

★ **અક્ષીતા અજયભાઈ હેણિયા** : મારી વક્તૃત્વ કળા ખીલવવાનો ઘણો જ ફાયદો મળ્યો છે.

★ **માન્યતા મૂકેશભાઈ શાહ** : મારા અક્ષર સુધરી ગયા છે. હવે મારા પેપર, નોટ સરસ લખાય છે.

★ **તનિષ્ક નીરવભાઈ સંઘવી** : મને તો બોલવાનો અને અક્ષર સુધારવાનો ડબલ લાભ થયો.

★ **વરુણ નરેશભાઈ શાહ** : "Read, Write, Review" પદ્ધતિ શીખવાડી. તેનાથી મારી યાદ શક્તિમાં ખૂબ ફાયદો થયો છે.

★ **હેમાંગી નરેશકુમાર શાહ** : સી.એ. ફાઉન્ડેશનનો કોર્સ કરવામાં મને સક્ષમના ઘમા ફાયદા થયા છે. તેનો હું ભરપૂર ઉપયોગ કરી રહી છું. પ્રોબ્લેમ સોલ્વિંગથી માંડીને ઘણું બધું ગાઇડન્સ મળેલ છે, જે આગળ પણ ઉપયોગી છે.

★ **પૂજન અલ્કેશભાઈ શાહ** : મારો સ્ટેજ ફિયર તો સાવ જ ગૂમ થઈ ગયો. હવે હું ખૂબ સારી રજૂઆત કરી શકું છું.

*કન્વીનર, ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી સમિતિ*

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **પ્રભુલાલ રાજપાર જીવરાજ દોશી**
  કે-૧૮, કોમલ એન્કલેવ, પી.ટી. કૉલેજ રોડ,
  શાંતિવન, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
  મો. ૭૦૧૬૦ ૮૦૩૦૦, ૯૪૨૬૦ ૬૬૧૮૯
- **રસિકલાલ ખીમજી પ્રેમજી મહેતા**
  ૩૦૨, મનોર ગ્રીન્સ, એલિસબ્રિજ જિમખાના પાછળ,
  હરીશ પાન પાર્લર સામે, લૉ ગાર્ડન,
  અમદાવાદ-૩૮૦ ૦૦૬. મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯
- **આનંદ દિલીપ લક્ષ્મીચંદ દોશી**
  ડી-૧૦૧, રાજયશ રેઈન્સ, જી.બી. શાહ કોલેજની પાછળ,
  અ.મ્યુ.કો. પાર્ટી પ્લોટની સામે,
  ન્યુ વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૭૧૨૭ ૪૯૭૯૨
- **ડૉ. ધવલ અરવિંદ અમૃતલાલ દોશી**
  એ-૩૦૩, સ્કારલેટ હાઈટ્સ, ગોપી રેસ્ટોરન્ટની પાછળ,
  આનંદનગર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૯૦૯૯ ૧૦૪૩૫
- **વિજય સ્વરુપચંદ છગનલાલ કોરડિયા (શાહ)**
  બી-૨૦૧, સાંઈ સ્ટેટ્સ રેસિડેન્સી,
  એન.આઈ.ડી. વિશ્વકુંજ ચાર રસ્તા પાસે,
  રીવર ફ્રન્ટ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૯૨૫૬ ૦૯૬૨૫, ૯૪૨૮૪ ૦૫૬૭૩

## અવસાન નોંધ – પુષ્પાંજલિ

- **મંગળવાર, તા. ૦૮-૦૨-૨૦૨૨**
  **હસુમતીબેન ધીરજલાલ કરશનજી સંઘવી (ઉં.વ. ૮૨)**
  **(મુંદ્રા - અમદાવાદ)**

*સદ્‌ગતશ્રીના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## અભિનંદન

અમદાવાદ સ્થિત **મોક્ષિલ ધવિશ પૂનમભાઈ વોરાએ** આંતરરાષ્ટ્રીય ધોરણે ઓનલાઈન ગ્લોબલ મેથ્સ ચેલેન્જ - ૨૦૨૨ની તાજેતરમાં લેવાયેલ પરીક્ષામાં પ્રથમ ક્રમાંકે સફળતા મેળવેલ છે. તેણે આઠ મિનિટમાં બધા જ એટલે કે ૨૨ પ્રશ્નોના જવાબો આપીને ૧૦૦ ટકા માર્કસ મેળવ્યા છે.

*ભવિષ્યમાં વધુ ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા.*

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

## વૈયાવચ્ચ ફંડ

રૂા. ૨,૦૦૦/- સ્વ. ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા (ગોધરા)ની પુણ્યતિથિ નિમિત્તે. (હા. ચૌલાબેન ઉમરશી કુરુવા)
રૂા. ૧,૧૦૦/- સ્વ. મહેન્દ્ર દેવજી ખોના હા. વિજ્યાબેન મહેન્દ્ર ખોના
રૂા. ૯૫૦/- કેતન મોતા
રૂા. ૨૦૦/- રમેશ ગુલાબચંદ સંઘવી

## મેડિકલ સહાય યોજના

રૂા. ૫,૦૦૦/- પ્રજ્ઞેશ મહેશભાઈ સોની
રૂા. ૫૦૦/- શ્રીમતી કાંતાબેન કાનજી મુનવર
રૂા. ૫૦૦/- કાનજી નરશી મુનવર
રૂા. ૨૦૦/- ગૌતમ શાંતિલાલ પૂજ

## જલારામ અન્નક્ષેત્ર યોજના

રૂા. ૯૦૦/- લોકેન્દ્ર સોની
રૂા. ૫૦૦/- શ્રીમતી કાંતાબેન કાનજી મુનવર
રૂા. ૫૦૦/- કાનજી નરશી મુનવર
રૂા. ૫૦૦/- ઘનશ્યામભાઈ પી. ઠક્કર

## આયુર્વેદિક વિભાગ

રૂા. ૨૫,૦૦૦/- શ્રીમતી નેહલ દીપેન દેઢિયા

## કેળવણી સહાય ફંડ

રૂા. ૩,૦૦૦/- સ્વ. ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા (ગોધરા)ની પુણ્યતિથિ નિમિત્તે. (હા. ચૌલાબેન ઉમરશી કુરુવા)

## સાધર્મિક સહાય ફંડ

રૂા. ૫,૦૦/- સ્વ. ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા (ગોધરા)ની પુણ્યતિથિ નિમિત્તે. (હા. ચૌલાબેન ઉમરશી કુરુવા)

## જનરલ ડોનેશન

રૂા. ૪૫૦/- વંદના ગડા

## ડાયાલિસિસ ફંડ

રૂા. ૫,૦૦૦/- સુમિત્રાબેન રમેશચંદ્ર પટેલ
રૂા. ૫,૦૦૦/- પ્રતાપ સાબુમલ નરસિંઘાની
રૂા. ૫૦૦/- રમેશભાઈ પટેલ

## સાભાર સ્વીકાર

રૂા. ૭,૦૦૦/- : ઘાટલોડિયા - અમદાવાદ સ્થિત વિપુલભાઈ સી. ઠક્કર (એસ.વી. ટ્રેડર્સ)એ તાજેતરમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના મેડિકલ સેન્ટરની મુલાકાત દરમિયાન જરૂરતમંદ એક દર્દીને આંખના મોતિયાના ઓપરેશન માટે રૂા. ૭,૦૦૦/-ની સહાય કરી હતી.

*સંસ્થા ઉપરોક્ત દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## દાખલારૂપ પ્રામાણિકતાનો કિસ્સો


તાજેતરમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના તબીબી સેવા કેન્દ્રમાં આવેલા કોઈ મહિલાનું એક પર્સ, જેમાં રોકડ રકમ સાથે પેપર્સ વગેરે હતા, તે પર્સ સંસ્થાના કાર પાર્કિંગ વિસ્તારમાંથી ફરજ પરના સિક્યુરિટી કર્મી શ્રી નરેન્દ્રભાઈને મળ્યું હતું. તેઓએ સંસ્થા કાર્યાલયના મેનેજરશ્રીનો તાત્કાલિક સંપર્ક કરીને તે પર્સ સુપ્રત કર્યું હતું. તે દરમિયાન જે મહિલાનું પર્સ હતું તેઓ શોધખોળ કરતા કરતા મેનેજરશ્રી પાસે આવ્યા હતા. તે સમયે જરૂરી વાતચીત કર્યા બાદ તેમજ યોગ્ય સાબિતીના આધારે નરેન્દ્રભાઈની હાજરીમાં તે પર્સ સંબંધિત મહિલાને સુપ્રત કરવામાં આવ્યું હતું.




ઉપરોક્ત ઘટનાના અનુસંધાનમાં સિક્યુરિટી કર્મીની દાખલારૂપ પ્રામાણિકતાને સંસ્થાના પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડે રોકડ રકમ સાથે શ્રી નરેન્દ્રભાઈ (જમણી તરફ)નું ઉચિત સન્માન કર્યું હતું. તે અવસરની તસવીરમાં (ડાબી તરફથી) રમણિકલાલ ગોસર, પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડ, કે.ડી. શાહ તથા રજનીકાંત પારેખ નજરે પડે છે.



*શ્રી કચ્છી જૈન ભવન, પાલડી - અમદાવાદ ખાતે એક અનૌપચારિક બેઠકમાં (ડાબેથી) પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડ, ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર, કે.ડી. શાહ, દિનેશ આર. મહેતા તથા રમણિકલાલ ગોસર નજરે પડે છે. બેઠક દરમિયાન હીરેન કે. શાહ પણ ઉપસ્થિત હતા (તસવીરમાં નથી.)*



*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી શ્રી નીરવ સતિષચંદ્ર સંઘવી (જમણી તરફ)ને નવનીત ભવનમાં એક આવાસ - ફ્લેટની ફાળવણી કરવામાં આવી તે અવસરની તસવીરમાં (ડાબી તરફથી) પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડ, માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ તથા ખજાનચી શ્રી કે.ડી. શાહ*

**ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ**
**“Saksham” – A KJSS Counselling Centre**
(સમાચાર માટે જુઓ : પાના નં.-૮૪)

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## મેરેજ બ્યુરો સમિતિ

**સમસ્ત જૈન લગ્નોત્સુક યુવક / યુવતીઓની પસંદગી માટે**
**વોટ્સએપ ગ્રુપ**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સમસ્ત જૈન લગ્નોત્સુક યુવાવર્ગ માટે સમાજની મેરેજ બ્યુરો સમિતિ દ્વારા એક વોટ્સએપ ગ્રુપ ચલાવવામાં આવે છે. જેમાં દર ૧૫ દિવસે (શુક્રવારે) યુવતીઓ માટે યુવકોના બાયોડેટા અને દર ૧૫ દિવસે (શનિવારે) યુવકો માટે યુવતીઓના બાયોડેટા નિયમિત રીતે પોસ્ટ કરવામાં આવે છે.

સંબંધિત દરેકને ઉપરોક્ત વોટ્સએપ ગ્રુપનો લાભ લઈ જરૂરી વિગત પ્રાપ્ત કરવા અનુરોધ છે. વધુ વિગત માટે મો. ૯૩૨૦૩ ૧૯૮૯૮ પર સંપર્ક કરશો.

તે સિવાય લગ્નોત્સુક યુવક/યુવતીઓની સંપૂર્ણ માહિતી તસવીર સાથે અગર ‘મંગલ મંદિર’ કાર્યાલયમાં મોકલાવવામાં આવશે તો અનુકૂળતાએ ‘મંગલ મંદિર’ સામાયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

***કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ***



વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
Jammu Kashmir
Himachal Pradesh
Jalandhar
Ludhiana
Chandigarh
Punjab
Dehradun
Uttara khand
Meerut
Delhi
Ghaziabad
Noida
Aligarh
Faridabad
Bikaner
Gurgaon
Jaipur
Rajasthan
Jodhpur
Ajmer
Udaipur
Kota
Uttar Pradesh
Lucknow
Kanpur
Allahabad
Varanasi
Patna
Bihar
Siliguri
Guwahati
Assam
Ahmedabad
Gandhidham
Gujarat
Rajkot
Jamnagar
Bhavnagar
Vadodara
Ankleshwar
Surat
Vapi
Madhya Pradesh
Ujjain
Bhopal
Jabalpur
Indore
Jharkhand
Durgapur
Ranchi
West Bengal
Kolkata
Chhattisgarh
Raipur
Rourkela
Cuttack
Odisha
Amravati
Nagpur
Nashik
Maharashtra
Vasai
Bhiwandi
Aurangabad
Mumbai
Pune
Solapur
Sangli
Kolhapur
Telangana
Warangal
Hyderabad
Visakhapatnam
Kakinada
Rajahmundry
Vijayawada
Guntur
Belgaum
Hubli
Goa
Karnataka
Mangalore
Andhra Pradesh
Nellore
Tirupati
Bangalore
Mysore
Chennai
Pondicherry
Salem
Coimbatore
Erode
Kerala
Tiruppur
Madurai
Thrissur
Tamil Nadu
Kochi
Kollam
V-TRANS
Driving Excellence
TOOL BOX
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
• VT/VX ની ૬૫૦+ શાખાઓ
• ISO 9001:2015 પ્રમાણિત કંપની
• Robust Systems & Processes પર કાર્યરત
• Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ નેટવર્ક
• બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
• ૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
• ૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
• Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
• રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
• વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS®
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660, 09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-380 015
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ :
gurjarprakashan@gmail.com
વેબસાઇટ :
www.gspbooksmall.com

# વિવિધ યુદ્ધો, ભારત-વિભાજન અને રાષ્ટ્રીય સંદર્ભોની રોમાંચક માહિતી આપતાં વિવિધ સ્વરૂપનાં પુસ્તકો










| | | |
|---|---|---|
| ટ્રેન ટુ પાકિસ્તાન (પુરસ્કૃત નવલકથા) | ખુશવંતસિંહ, અનુ. જય મકવાણા | 350 |
| વિભાજનની વ્યથા (પુરસ્કૃત લેખસંગ્રહ) | શરીફા વીજળીવાળા | 300 |
| વિભાજનની ગુજરાતી વાર્તાઓ | સંપા. શરીફા વીજળીવાળા | 175 |
| વિભાજનની વાર્તાઓ (વિવિધ ભાષાઓમાંથી) | અનુ. શરીફા વીજળીવાળા | 270 |
| સઆદત હસન મન્ટો : કેટલીક વાર્તાઓ (ઉર્દૂ) | અનુ. શરીફા વીજળીવાળા | 250 |
| મોગલોનો આંતરિક હિંસા-કલહ | સ્વામી સચ્ચિદાનંદ | 230 |
| વીરતા પરમો ધર્મઃ | સ્વામી સચ્ચિદાનંદ | 150 |
| તનોટમાતા અને લોંગોવાલનું યુદ્ધ | સ્વામી સચ્ચિદાનંદ | 60 |
| ભારતીય યુદ્ધોનો સંક્ષિપ્ત ઇતિહાસ | સ્વામી સચ્ચિદાનંદ | 200 |
| ભારતમાં અંગ્રેજોનાં યુદ્ધો | સ્વામી સચ્ચિદાનંદ | 170 |
| રાષ્ટ્રના સળગતા પ્રશ્નો | સ્વામી સચ્ચિદાનંદ | 150 |
| યુદ્ધ અને યુદ્ધનેતા | સ્વામી સચ્ચિદાનંદ | 150 |
| ઈઝરાયલનાં ચમત્કરિક પરાક્રમો | સ્વામી સચ્ચિદનંદ | 50 |
| સૌરાષ્ટ્રની સ્વાતંત્ર્ય ઝંખના | ડૉ. મહેબૂબ દેસાઈ | 60 |
| આતંકવાદ : પડકાર અને સંઘર્ષ | મનોહર બાથમ, શિવચરણ વિશ્વકર્મા | 160 |
| અમારું રક્તરંજિત વતન (કાશ્મીરી પંડિતો) | રાહુલ પંડિતા, અનુ. જેલમ વ્હોરા | 250 |

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**